ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૭-૧૧-૨૦૨૧ બુધવાર AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ	
US.ડોલર	૭૪.૪૦
પાઉન્ડ	૯૯.૯૪
યુરો	૮૪.૩૬
સઉદી રિયાલ	૧૯.૮૫
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૫૧,૦૫૦
ચાંદી (૧ કિલો)	૬૬,૮૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૧૦૮ ● ૧૧ રબીઉલ આખર હિજરી ૧૪૪૩ ● 17 NOVEMBER- 2021 ● PAGES 12 ● ₹ ૬.૦૦

વિશ્વની બે મહાસત્તાના નેતાઓ બાઈડેન-જિનપિંગ વચ્ચે મહત્ત્વની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

તાઈવાન મામલે અમેરિકા આગ સાથે ના રમે : જિનપિંગની ચીમકી

અમારા દેશની સુરક્ષા અને સાર્વભૌમત્વ સાથે કોઈ બાંધછોડ નહીં થાય, જો કોઈ તાઈવાનની આઝાદીનું સમર્થન કરશે તો આગ સાથે રમવા બરાબર ગણાશે : જિનપિંગ

અમેરિકા-ચીન વચ્ચે ઊભા થયેલા સંઘર્ષને રોકવાની જરૂર, આપણે સાથે મળીને ક્ષેત્રમાં વિકાસની નવી ઊંચાઈ સર કરી શકીએ, આશા છે કે બંને અર્થવ્યવસ્થા વચ્ચે સ્પષ્ટ ચર્ચા થાય : જો બાઈડેન

વધતી અસહમતી વચ્ચે અમેરિકા અને ચીન સંઘર્ષ ટાળવા પર સહમત, સાડા ત્રણ કલાક ચાલેલી વર્ચ્યુઅલ બેઠક દરમિયાન જિનપિંગે બાઈડેનને મિત્ર ગણાવ્યા પરંતુ બેઠકમાં ફળદ્રુપ સફળતા મળી નહીં

(એજન્સી) બેઈજિંગ, તા. ૧૬

તાઈવાનની આઝાદીનું સમર્થન કરી રહેલા અમેરિકાને ચીને મંગળવારે ફરી ધમકાવ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે વ્હાઈટ હાઉસમાં ચાલી રહેલી વર્ચ્યુઅલ શિખર બેઠકમાં અમેરિકાને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, તાઈવાનની આઝાદીનું સમર્થન કરવું અમેરિકા માટે આગ સાથે રમવા બરાબર છે જે આગ સાથે રમે છે તે બળી જાય છે. તાઈવાન મુદ્દે ચાલી રહેલા શિખર સંમેલનનો હેતુ બે મહાશક્તિઓ વચ્ચે ઊભા થયેલા સંઘર્ષને સમાપ્ત કરવાનો હતો પરંતુ ચીને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સામે પોતાનું વલણ સ્પષ્ટ રીતે રજૂ કરી દીધું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું કે, અમેરિકાના કેટલાક લોકો ચીનને નિયંત્રિત કરવા માટે તાઈવાનનો ઉપયોગ કરવા માગે છે પણ આ ઘણું ખતરનાક છે અને આગ સાથે રમવા જેવું છે. સાડા ત્રણ કલાક ચાલેલી બેઠક દરમિયાન બંને મહાસત્તાઓના નેતાઓએ અનેક મુદ્દે વાતચીત કરી હતી અને કેટલાક મુદ્દાઓ પર સહમતી પણ વ્યક્ત કરી હતી. ચીનના યુદ્ધ વિમાનોની તાઈવાનમાં ઘૂસણખોરી અંગે તાઈવાને અમેરિકાની મદદ માગી હતી અને તેમની સ્વતંત્રતા બચાવવા અપીલ કરી હતી. આ દરમિયાન ચીને સ્પષ્ટપણે જણાવી દીધું છે કે, ચીન સતત તેની સાર્વભૌમત્વ, સુરક્ષા અને વિકાસના હિતોને બચાવતું રહેશે. તેમણે એવું પણ કહ્યું કે, બંને દેશો વચ્ચે અંતર ઘટાડવા માટે તટસ્થ રહેવું પડશે.

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ દરમિયાન બંને દેશોના પ્રમુખોએ સોમવારે વર્ચ્યુઅલ મીટિંગ કરી. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે યુએસ-ચીને સંઘર્ષ રોકવા માટે પગલાં લેવાની જરૂર છે ત્યાં ચાઈનીઝ પ્રેસિડેન્ટ શી જિનપિંગે બંને દેશો વચ્ચે સંચાર મજબૂત કરવા પર ભાર મૂક્યો. આ વર્ચ્યુઅલ બેઠકમાં બંને દેશ પરસ્પર સંઘર્ષ ઓછો કરવા પર ભાર મૂકતા જોવા મળ્યા. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે આપણે સંઘર્ષથી બચવાની કોશિશ કરવી જોઈએ. બેઠકની શરૂઆતમાં તેમણે કહ્યું કે તેમને આશા છે કે બે સૌથી મોટી અર્થવ્યવસ્થાના નેતાઓ વચ્ચે સ્પષ્ટ અને ખુલ્લી ચર્ચા થશે. બેઠક દરમિયાન જિનપિંગે બાઈડેનને પોતાના મિત્ર ગણાવતા કહ્યું કે તેઓ અમેરિકા સાથે કામ કરવા માટે તૈયાર છે. સામાન્ય રીતે આક્રમક કાર્યશૈલી અપનાવનારા શી જિનપિંગે કહ્યું કે, ચીન હવે અમેરિકા સાથે વ્યાપક ચર્ચા માટે તત્પર છે. બંને દેશોએ એકબીજાનું સન્માન કરવું જોઈએ. હું રાષ્ટ્રપતિ બાઈડેનની સાથે ઊભો છું. જિનપિંગે એમ પણ કહ્યું કે આપણે વૈશ્વિક શાંતિ માટે કામ કરવું જોઈએ. અમેરિકા અને ચીન વચ્ચે એક મજબૂત સંબંધ સ્થાપિત થાય તેની જરૂર છે.

વિશ્વની બે મોટી અર્થવ્યવસ્થાઓ અને મહાશક્તિઓ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંબંધોમાં ખટાશ આવતી દેખાઈ રહી છે. પહેલાં કોવિડ મહામારીને કારણે અમેરિકના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ચીનના સંબંધો ખરાબ થયા ત્યારબાદ તાઈવાન પર વધતાં દબાણથી જો બાઈડેન તંત્ર ચીન સામે બેહું થયું છે. તાઈવાન પર ચીનના વધતા દબાણ અંગે અમેરિકા જાહેરમાં આવી ગયું છે. ત્યારબાદ ચીને પણ પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. ચીને કેટલાક દિવસ પહેલાં તાઈવાનની સરહદમાં ઘૂસણખોરી કરી હતી. આશરે બે ડઝનથી વધુ ચીનના લડાકુ વિમાન તાઈવાનના હવાઈ ક્ષેત્રમાં ઘૂસી ગયા હતા ત્યારબાદ બંને દેશો વચ્ચે સંબંધોમાં તિરાડ પડી હતી. આ ઘટના બાદ અમેરિકાએ તાઈવાનનું સમર્થન કર્યું હતું જેનાથી ચીન વધુ આક્રમક થઈ ગયું છે. વર્ચ્યુઅલ શિખર બેઠક દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને શિનજિયાંગ, તિબેટ અને હોંગકોંગમાં ચીનની ગતિવિધિઓ પર ચિંતા વ્યક્ત કરી હતી. બાઈડેને કહ્યું કે, અમેરિકી શ્રમિકોને ચીનના બેજવાબદાર વ્યવહાર અને આર્થિક પ્રથાઓથી બચાવવાની આવશ્યકતા છે. આ ઉપરાંત તેમણે એક સ્વતંત્ર હિંદ-પ્રશાંત ક્ષેત્રના મહત્ત્વ અંગે પણ ચર્ચા કરી હતી. આ ક્ષેત્ર માટે અમેરિકી કટિબદ્ધતા વિશે પણ ચીનને માહિતી અપાઈ હતી.

શ્રીનગરના હૈદરપુરામાં એન્કાઉન્ટરમાં આતંકવાદીઓ માર્યા ગયાનો પોલીસનો દાવો

જમ્મુ-કાશ્મીરમાં ગોળીબારમાં મોતને ભેટેલા અલ્તાફના પરિવારે આતંકવાદીઓ સાથે સંબંધ હોવાનો પોલીસનો દાવો ફગાવ્યો

'મારા કાકા મોહમ્મદ અલ્તાફ બટની પોલીસે ઠંડા કલેજે હત્યા કરી છે, તેમને બનાવટી એન્કાઉન્ટરમાં માનવ ઢાળ બનાવાયા છે, ઘટનાસ્થળે કોઈ અથડામણ થઈ જ નથી, તેમની લાશ પણ સોંપી રહ્યા નથી' : અલ્તાફની ભત્રીજી સાઈમા બટનો દાવો, સાઈમાના દાવાની તપાસ કરવા સ્થાનિક પાર્ટીઓની ઉગ્ર માંગ

(એજન્સી) શ્રીનગર, તા.૧૬

સોમવારે શ્રીનગરમાં એક ગોળીબાર દરમિયાન મોતને ભેટેલા નાગરિકના પરિવારે આતંકવાદીઓ સાથે સંબંધ હોવાનો પોલીસનો દાવો ફગાવી દીધો છે તેમ સ્થાનિક અખબારે જણાવ્યું હતું. શહેરના હૈદરપુરા વિસ્તારમાં ગોળીબારની ઘટના નજીક હાર્ડવેરની દુકાન ચલાવી રહેલા મોહમ્મદ અલ્તાફ બટનું ગોળીબારમાં મોત થયું હતું. અલ્તાફની ભત્રીજી સાઈમા બટે આરોપ મૂક્યો છે કે, તેમની પોલીસ દ્વારા હત્યા કરવામાં આવી છે. સાઈમા બટે આરોપ મૂક્યો છે કે, 'એક ઘડી કાઢેલા એન્કાઉન્ટરમાં તેમને માનવ ઢાળ બનાવાયા હતા. તેઓ જે કોમ્પલેક્સમાં હાર્ડવેરની દુકાન ચલાવે છે તે પોતાનું જ છે જ્યાં સુરક્ષાદળો આવીને તપાસ કરી રહ્યા હતા. કોમ્પલેક્સમાં કોઈ અથડામણ નથી થઈ. તેમને ચેકિંગ માટે ત્રણ વખત માનવ ઢાળ બનાવાયા છે અને તેમને ત્યાંથી કાંઈ ના મળ્યું ત્યારે તેમની હત્યા કરી દેવાઈ.' સોમવારે પોલીસ અને સુરક્ષાદળો દ્વારા હૈદરપુરામાં એક આતંકવાદ વિરોધી ઓપરેશન હાથ ધરાયું હતું તેમ અહેવાલોમાં જણાવાયું હતું. એક ટ્વિટમાં કાશ્મીર ઝોન પોલીસે દાવો કર્યો હતો કે, આતંકવાદીઓ બટની માલિકીની ઈમારતમાં છૂપાયેલા હતા. પોલીસે કહ્યું કે, 'ઘરનો માલિક આતંકવાદીઓના ગોળીબારમાં ઘાયલ થયો હતો અને ગંભીર રીતે ઘાયલ થતાં મોતને ભેટ્યો. સૂત્રો અને ડિજિટલ પુરાવા અનુસાર તે આતંકવાદીઓનો સાથી હતો.'

પરંતુ બીજી તરફ કાશ્મીરના આઈજીપી વિજયકુમારે પત્રકાર પરિષદમાં બટને આતંકવાદી તરીકે ગણાવ્યો ન હતો અને માત્ર ઈમારતનો માલિક ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, બટ ક્રોસ ફાયરિંગમાં મોતને ભેટ્યો અને આતંકવાદીઓના ફાયરિંગમા મોતને ભેટ્યો હોવાની પોલીસની દલીલ કરતાં પણ જુદું નિવેદન આપ્યું હતું. કુમારે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, એ નક્કી નથી કે, બટને

આતંકવાદીઓ અથવા સુરક્ષાદળોની ગોળી વાગી. આતંકવાદીઓ પાસે પિસ્તોલો હતી અને ગોળી મળ્યા બાદ જ જાણ થશે કે કોની ગોળી વાગી હતી. પોલીસે કહ્યું કે, બટ ઉપરાંત નીચે કામ કરતાં એક કામદારનું ગનફાઈટમાં મોત થયું હતું. ઘટનામાં મોતને ભેટેલા બટની ભત્રીજી સાઈમાએ કહ્યું કે, પોલીસ તેમના પરિવારને લાશ સોંપી રહી નથી. તેમણે શ્રીનગરના બારાઝુલ્લા બ્રિજ ખાતે આખી રાત વિરોધ પ્રદર્શન કર્યું હતું. પણ કોઈ અમારી તરફ ધ્યાન આપી રહ્યું નથી. એક ટ્વિટમાં સાઈમાએ કહ્યું કે, 'પોલીસે મારા નિર્દોષ કાકા મોહમ્મદ અલ્તાફની ઠંડા કલેજે હત્યા કરી. હૈદરપુરામાં પોલીસે તેમને માનવ ઢાળ બનાવ્યા અને હવે ઓવર ગ્રાઉન્ડ વર્કર ગણાવે છે, તેમનો મૃતદેહ પરત આપો.' આ ટ્વિટની પ્રતિક્રિયા આપતાં પીડીપીએ કહ્યું કે, બટના પરિવારે ગંભીર આરોપો લગાવ્યા છે અને તેની ઝડપી તપાસ થવી જોઈએ. પાર્ટીએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીર પોલીસે તેમની લાશ પરિવારને દફનાવવા માટે પરત સોંપવી જોઈએ. શું મૃત્યુ પામેલા લોકો પણ ખતરો છે ? પત્રકાર પરિષદમાં કુમારે કહ્યું કે, કાયદો અને વ્યવસ્થાને જોતાં બટના પરિવારને લાશ સોંપાઈ નથી. કુમારે દાવો કર્યો છે કે, માર્યા ગયેલા ઉગ્રવાદીઓમાં એક વિદેશી અને એક સ્થાનિક જમ્મુના બનિહાલનો હોઈ શકે છે. અમે બનિહાલના પરિવારને લાશ ઓળખવા માટે બોલાવ્યો છે. કુમારે એવું પણ કહ્યું કે, ચોથી વ્યક્તિ મુદસ્સિર એહમદ હૈદર અને તેના સાથીઓને શરણ આપી હતી. તેમણે દાવો કર્યો કે, અહમદ બહારથી કામ કરતો હતો અને તે આ ઈમારતમાં રહેતો હતો. જો કે, અહેવાલોમાં દાવો કરાયો છે કે, અહમદ ઉન્ટલ સર્જન હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા અહમદનું મંગળવારે સવારે મૃત્યુ થયું હતું. મોતને ભેટેલો ચોથો મુદસ્સિર કોલ સેન્ટર ચલાવતો હતો, તેથી તે બહારથી કામ કરતો હતો અને તે આતંકવાદીઓને ભેગા કરવા માટે સીધો સામેલ હતો. પોલીસે દાવો કર્યો કે, તેમણે ઘટનાસ્થળેથી તેમણે બે પિસ્તોલ, બે મેગેઝિન, છ મોબાઈલ ફોન અને કેટલાક કોમ્પ્યુટર મળી આવ્યા છે.

બે દાયકામાં વિશ્વની સંપત્તિમાં ત્રણ ગણો વધારો થયો

અમેરિકાને પાછળ રાખી ચીન વિશ્વનો સૌથી ધનિક દેશ

૨૦૦૦ની સાલમાં ચીનની સંપત્તિ ૧૫૬ ટ્રિલિયન ડોલર હતી અને જે હવે વધીને ૫૧૪ ટ્રિલિયન ડોલર થઈ ગઈ

અત્યાર સુધી દુનિયાના સૌથી ધનિક દેશનો તાજ અમેરિકા પાસે હતો પણ હવે ચીને આ તાજ અમેરિકા પાસેથી છીનવી લીધો છે. સંપત્તિના મામલામાં ચીન હવે દુનિયાનો નંબર વન દેશ બની ગયો છે.બે દાયકામાં વિશ્વની સંપત્તિમાં ત્રણ ગણો વધારો થયો છે અને તેમાં ચીન સૌથી આગળ છે.આ અંગે જાહેર થયેલા એક અહેવાલ પ્રમાણે દુનિયાની ત્રીજા ભાગની સંપત્તિ ચીન પાસે છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં સામેલ થતા પહેલા ૨૦૦૦ની સાલમાં ચીનની સંપત્તિ ૧૫૬ ટ્રિલિયન ડોલર હતી.જે હવે વધીને ૫૧૪ ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે.ચીનની ઈકોનોમીમાં સતત તેજી આવી રહી છે અને તેના પગલે હવે ૨૦ વર્ષમાં દુનિયાએ જે સંપત્તિ ઉભી કરી છે તેમાંથી ત્રીજા ભાગનો હિસ્સો ચીનનો એકલાનો છે. દુનિયામાં ૬૦ ટકા આવક માટે જવાબદાર ૧૦ દેશો પર નજર રાખતી મેનેજમેન્ટ ફર્મ મેકિન્સે એન્ડ કંપનીના રિપોર્ટમાં કહેવાયું છે કે, ૨૦૨૦માં દુનિયાની કુલ સંપત્તિ ૫૧૪ ખરબ ડોલર થઈ છે. અમેરિકાની સંપત્તિમાં પણ વધારો થયો છે.જોકે અમેરિકામાં પ્રોપર્ટીના ભાવોમાં એટલો વધારો નહીં થયો હોવાથી ચીનની સરખામણીમાં અમેરિકાની સંપત્તિ ઓછી થઈ છે.

IBના પૂર્વ સ્પેશિયલ ડાયરેક્ટરે કહ્યું કે, સરકાર ED, CBIના વડાઓ સાથે કરાર આધારિત મજૂરની જેમ વર્તન કરી રહી છે

(એજન્સી) તા.૧૬

સીબીઆઈ અને ઈડીના ડાયરેક્ટરોની મુદ્દત પાંચ વર્ષ સુધી લંબાવવાના સરકારના નિર્ણયથી દર વર્ષે નવીનીકરણ થઈ શકે છે, જેના કારણે રાજકીય, કાયદાકીય અને અમલદારશાહી વર્તુળોમાં ફફડાટ ફેલાયો છે. સંસદની બેઠક મળવાના પખવાડિયા પહેલાં બે વટહુકમ બહાર પાડવાના નિર્ણયથી સંસદ સભ્યો રોષે ભરાયા છે. રવિવારે પહેલો વટહુકમ જાહેર કર્યા પછી સરકાર બીજા દિવસે ઝડપથી મૂળભૂત નિયમો ૧૯૨૨માં સુધારો કરવા માટે તેમને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એક્ટ અને ED અને CBIને સંચાલિત કરતા દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશિંગ એક્ટના સુધારા સાથે સુમેળમાં લાવવા માટે આગળ વધી હતી. દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાની નિમણૂકમાં સરકારને કાનૂની મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, જેમને નિવૃત્ત થવાના હતા તે પહેલાં એક વર્ષનો વધુ સમયગાળો આપવામાં આવ્યો હતો. સરકાર આ વખતે કાયદાકીય મુશ્કેલીઓનો સામનો ન કરે તે માટે આ પગલાં લઈ રહી છે. એવું વ્યાપકપણે માનવામાં આવે છે કે, વટહુકમનો માર્ગ જરૂરી બન્યો હતો. કારણ કે, વર્તમાન ED ડિરેક્ટર સંજયકુમાર મિશ્રાનો કાર્યકાળ આવતીકાલે ૧૭ નવેમ્બરે સમાપ્ત થાય છે. સરકારે ગયા વર્ષે ૨૦૧૮માં જારી કરાયેલા નિમણૂકના નિયમોમાં સુધારો કર્યો હતો અને તેમને બે વર્ષનું એક્સ્ટેન્શન આપ્યું હતું, જેથી તેમને ત્રીજા વર્ષનું વધુ એક્સ્ટેન્શન આપવામાં આવ્યું હતું. કોમન કોઝ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં આ નિર્ણયને પડકારવામાં આવ્યો હતો, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધો હતો અને મિશ્રાની મુદ્દત વધુ લંબાવવામાં ન આવે તેવો નિર્દેશ આપ્યો હતો. ઈન્ટેલિજન્સ બ્યૂરોના ભૂતપૂર્વ સ્પેશિયલ ડાયરેક્ટર અને ભૂતપૂર્વ કેન્દ્રીય માહિતી કમિશનર યશોવર્ધન આઝાદે સોમવારે ટ્વિટર પર આ વિશે તેમની નારાજગી વ્યક્ત કરી હતી. નેશનલ હેરાલ્ડને આપેલા

ઈન્ટેલિજન્સ બ્યૂરોના પૂર્વ સ્પેશિયલ ડાયરેક્ટર યશોવર્ધન આઝાદ જણાવે છે કે, IB, RAW, CBI અને ED વગેરેના ચીફને એક્સટેન્શન પર રાખવાથી તેમનું મનોબળ ઓછું થાય છે અને તેને ટાળી શકાય છે

એક વિશિષ્ટ ઈન્ટરવ્યૂમાં આઝાદે જે ૧૯૭૬ બેચના IPS અધિકારી છે, તેઓએ અમિતાભ શ્રીવાસ્તવ સાથે વાત કરતા જણાવ્યું કે, શા માટે તેઓ માને છે કે, તાજેતરના ફેરફારો અપમાનજનક અને મનસ્વી છે. તેમની વાતચીતના અંશો અહીં આપવામાં આવ્યા છે.

પ્રશ્ન : શું તમને લાગે છે કે, નવો વટહુકમ સુપ્રીમ કોર્ટને બાયપાસ કરવા અથવા તેની અવગણના કરવા માટે બહાર પાડવામાં આવ્યો છે ?

ઉત્તર : એવું નથી કે આ નિયમો અપમાન છે. છેલ્લા કેટલાક સમયથી આવા ફેરફારો અંગે પ્રયાસ થઈ રહ્યા છે. પરંતુ મારી સમસ્યા એ છે કે, તે સેવા નિયમોની ભાવનાથી ખલેલ પહોંચાડે છે જે ભારતીય અમલદારશાહીમાં આ અત્યંત સંવેદનશીલ હોદ્દાઓ માટેનું માળખું છે, તે આ હોદ્દા ધરાવતા અધિકારીઓના મનોબળને નષ્ટ કરે છે અને એક દર વર્ષે એક્સ્ટેન્શનની જોગવાઈ એ તેમને કરાર આધારિત મજૂર જેવા બનાવે છે. એક નિશ્ચિત કાર્યકાળ જાહેર કરવામાં આવે તો તે નવા આવનાર અધિકારીને તેમના વિચારોને અમલમાં મૂકવા માટે યોજના બનાવવા અને વ્યૂહરચના ઘડવા માટે સમય આપે છે.

પ્રશ્ન : વર્તમાન સરકાર પાસે સંસદમાં જંગી બહુમતી છે. સંસદના સત્રના પખવાડિયા પહેલાં આ ફેરફારો લાવવાનો અર્થ શું હતો ? શું તેઓ ચર્ચાથી ડરે છે ?

ઉત્તર : તેઓ જાણે છે કે, વિરોધ પક્ષ તેઓને આ મુદ્દા પર સંસદને કામ કરવા દેશે નહીં. પરંતુ આ એક પ્રણાલીગત સમસ્યા છે. વિપક્ષના વિશ્વાસ અને શાસક પક્ષના હેતુને સંતુલિત કરતી સિસ્ટમ આપણે કેવી રીતે બનાવી શકીએ ? જો તેમની પાસે આ વડાઓની પસંદગીની સિસ્ટમ હોય, જેમાં વિપક્ષના નેતા પણ તેના વડાની પસંદગીની પ્રક્રિયામાં સમાન રીતે સામેલ હોય, તો તે લોકશાહી સેટઅપની ભાવના અને પારદર્શિતા સ્થાપિત કરવામાં મદદ કરશે.

પ્રશ્ન : શું આ તેમના પોતાના મનપસંદ લોકોને પદ પર બેસાડવાનો પ્રયાસ છે ?

ઉત્તર : અલબત્ત તમામ સરકારો આવું કરે છે. તેઓએ શીલવર્ધનને આગામી આઈબી ચીફ ન બનાવીને તેમનો એક કે બે મહિના પહેલાં તેઓ એક્સ્ટેન્શનની જાહેરાત કરે છે જે સિસ્ટમની મજાક ઉડાવવા જેવું છે. આ બધું મારા માટે ખૂબ જ નિરાશાજનક છે. લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકાર તરીકે તેમણે સંસદને વિશ્વાસમાં લેવી જોઈએ અને લોકોને જણાવવું જોઈએ કે આ તેમનો નિર્ણય છે અને તેઓ આવું શા માટે કરી રહ્યા છે.

પ્રશ્ન : શું તમને લાગે છે કે, કાયદાનું શાસન સ્થાપિત કરવા અને લોકોનો વિશ્વાસ જીતવા માટે સરકારે ૧૮૬૧ના ભારતીય પોલીસ અધિનિયમમાં સુધારા કરવા જોઈએ, જે લાંબા સમયથી પેન્ડિંગ છે. આજે તેઓ રાજદ્રોહ અને અન્ય કૃત્યો જેવા આરોપો લાદી રહ્યા છે તે કાઢી નાખવા જોઈએ ?

ઉત્તર : આ એક બીજો વિષય કે મુદ્દો છે. પોલીસ સુધારણા એ ચાર કે પાંચ મુદ્દાઓથી આગળ વધવું જોઈએ જે સુપ્રીમ કોર્ટે સૂચવ્યું હતું, તે મહત્ત્વપૂર્ણ છે પરંતુ આપણે એ પણ જોવું પડશે કે પોલીસ લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરે, તે વધુ અત્યાધુનિક, તકનિકી રીતે અદ્યતન બને, ફોરેન્સિક કુશળતા ધરાવે અને મજબૂત સાયબર કાઈમ એકમો ધરાવે. રાજ્યો પોલીસ સુધારામાં રોકાણ કરવામાં અચકાય છે કારણ કે, તેમની પાસે તેના માટે ભંડોળ નથી અને તેઓ કેન્દ્ર પર નિર્ભર છે.

અમેરિકી ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારત-પાક. બોર્ડર પર મુસાફરી ન કરવા અને આતંકવાદને કારણે સાવચેત રહેવા માટે નાગરિકોને સલાહ આપવામાં આવી

(એજન્સી) તા.૧૬

અમેરિકાએ ભારત અને પાકિસ્તાન માટે લેવલ બે અને ત્રણ મુબ ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે, જેમાં જણાવ્યું છે કે આતંકવાદ અને સાંપ્રદાયિક હિંસાને કારણે અમેરિકન નાગરિકોને પાકિસ્તાનની મુસાફરી પર પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવે છે, જ્યારે ભારત જનારાઓએ ગુના અને આતંકવાદને કારણે વધુ સાવચેતી રાખવી જોઈએ. ભારત માટે સોમવારે જારી કરવામાં આવેલી તેની એડવાઈઝરીમાં, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે અમેરિકી નાગરિકોને આતંકવાદ અને નાગરિક અશાંતિના કારણે જમ્મુ અને કાશ્મીરની મુસાફરી ન કરવા અને સશસ્ત્ર સંઘર્ષની સંભાવનાને કારણે ભારત-પાકિસ્તાન સરહદની ૧૦ કિલોમીટરની અંદર ન જવા માટે વિનંતી કરી છે. તેમાં જણાવ્યું છે કે, ભારતીય સત્તાવાળાઓએ અહેવાલ આપ્યો છે કે બળાત્કાર એ ભારતમાં સૌથી ઝડપથી વિકસતા ગુનાઓ પૈકી એક છે. જાતિય હુમલા જેવા હિંસક ગુનાઓ, પ્રવાસન સ્થળો અને અન્ય સ્થળોએ થઈ રહ્યા છે.

આતંકવાદીઓ પ્રવાસન સ્થળો, પરિવહન કેન્દ્રો, બજારો/શોપિંગ મોલ્સ અને સરકારી સુવિધાઓને નિશાન બનાવીને કોઈ પણ ચેતવણી વિના હુમલો કરી શકે છે. આ નોટિસમાં જણાવાયું છે કે યુએસ સરકાર પાસે પૂર્વ મહારાષ્ટ્ર અને ઉત્તર તેલંગાણાથી પશ્ચિમ બંગાળના ગ્રામીણ વિસ્તારોમાં અમેરિકી નાગરિકોને ઈમરજન્સી સેવાઓ પૂરી પાડવાની મર્યાદિત ક્ષમતા છે કારણ કે યુએસ સરકારના કર્મચારીઓએ આ વિસ્તારોમાં મુસાફરી કરવા માટે વિશેષ અધિકૃતતા મેળવવી આવશ્યક છે. આ વિભાગે પાકિસ્તાન માટે તેની એડવાઈઝરીમાં અમેરિકી નાગરિકોને આતંકવાદ અને અપહરણને કારણે ભૂતપૂર્વ ફેડરલ એડમિનિસ્ટર્ડ ટ્રાઈબલ એરિયાઝ (FATA) સહિત બલૂચિસ્તાન પ્રાંત અને ખૈબર પખ્તુનખ્વા (KPK) પ્રાંતમાં મુસાફરી ન કરવા વિનંતી કરી છે અને તે આતંકવાદ અને સશસ્ત્ર સંઘર્ષની સંભાવનાને કારણે નિયંત્રણ રેખાની નજીકના વિસ્તારોમાં પણ ન જવા માટે વિનંતી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આતંકવાદી જૂથો પાકિસ્તાનમાં હુમલાઓનું કાવતરૂં ઘડવાનું ચાલુ રાખ્યું છે. આતંકવાદનો સ્થાનિક ઈતિહાસ અને ઉગ્રવાદી તત્વો દ્વારા હિંસાની ચાલી રહેલી વૈચારિક આકાંક્ષાઓને કારણે નાગરિકો તેમજ સ્થાનિક સૈન્ય અને પોલીસ લક્ષ્યાંકો પર હુમલા થયા છે. આતંકવાદીઓ કોઈપણ ચેતવણી વિના હુમલો કરી શકે છે, તેઓ પરિવહન કેન્દ્રો, બજારો, શોપિંગ મોલ્સ, લશ્કરી સ્થાપનો, એરપોર્ટ, યુનિવર્સિટીઓ, પ્રવાસી સ્થળો, શાળાઓ, હોસ્પિટલો, પૂજા સ્થાનો અને સરકારી સુવિધાઓને નિશાન બનાવી શકે છે. આતંકવાદીઓએ ભૂતકાળમાં અમેરિકી રાજદ્વારીઓ અને રાજદ્વારી સુવિધાઓને નિશાન બનાવી છે.

૨૦૧૪થી પાકિસ્તાનના સુરક્ષા વાતાવરણમાં સુધારો થયો છે જ્યારે પાકિસ્તાની સુરક્ષા દળોએ આતંકવાદ વિરોધી અને આતંકવાદી વિરોધી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં મુખ્ય શહેરો, ખાસ કરીને ઈસ્લામાબાદમાં સુરક્ષાના વધુ સંસાધનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે અને આ વિસ્તારોમાં સુરક્ષા દળો દેશના અન્ય વિસ્તારોની સરખામણીમાં કટોકટીને પ્રતિસાદ આપવા માટે વધુ સક્ષમ હોઈ શકે છે. જ્યારે ધમકીઓ હજી પણ છે, પણ ઈસ્લામાબાદમાં આતંકવાદી હુમલાઓ ભાગ્યે જ થાય છે. સુરક્ષા વાતાવરણને કારણે અમેરિકી સરકાર પાકિસ્તાનમાં અમેરિકી નાગરિકોને ઈમરજન્સી સેવાઓ પૂરી પાડવાની મર્યાદિત ક્ષમતા ધરાવે છે. ઓગસ્ટ ૨૦૧૯માં ભારતે જમ્મુ અને કાશ્મીરની વિશેષ સત્તાઓ પાછી ખેંચી લેવાની અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવાની જાહેરાત કર્યા પછી ભારત-પાકિસ્તાનના સંબંધો બગડ્યા છે. આ પગલાથી પાકિસ્તાન નારાજ થયું છે, જેણે ભારત સાથે રાજદ્વારી સંબંધોને ડાઉનગ્રેડ કર્યા હતા અને ઈસ્લામાબાદમાંથી ભારતીય હાઈ કમિશનરને હાંકી કાઢવામાં આવ્યા હતા.

વાનખેડે અને કાશિફખાન રશિયન ડ્રગ્સ માફિયા સાથે સંબંધો ધરાવે છે : નવાબ મલિક

કાશિફખાન વાનખેડેની અંગત સેનાનો ભાગ છે : એનસીપી નેતા

(એજન્સી) તા.૧૬

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા નવાબ મલિકે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)ના ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડે અને એફટીવીના વડા કાશિફખાન ગોવામાં સક્રિય રશિયન ડ્રગ્સ માફિયા સાથે કથિત સંબંધો ધરાવે છે. મલિકે આ અંગે એનસીબીને ખુલાસો કરવા કહ્યું હતું. મીડિયાને સંબોધતા મલિકે કહ્યું હતું કે ગોવા એનસીબી મુંબઈના કાર્યક્ષેત્રમાં આવે છે અને વિશ્વભરમાં આ વાત જાણીતી છે કે તે 'ડ્રગ્સ ટુરિઝમ'નું કેન્દ્ર છે. પરંતુ ત્યાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. મલિકે કહ્યું હતું કે 'રશિયન ડ્રગ્સ માફિયા ગોવામાં નશીલા પદાર્થોનું વેચાણ કરે છે. ગોવામાં ડ્રગ્સનો વ્યાપાર કાશિફખાનના નિયંત્રણમાં છે. પરંતુ તે વાનખેડેની ખાનગી સેનાનો હિસ્સો છે અને તેને રક્ષણ આપવામાં આવી રહ્યું છે. તેના વિરૂદ્ધ અનેક કેસો દાખલ થયેલા છે અને કોર્ટે તેને 'ભાગેડું' જાહેર કર્યો છે.' મલિકે કહ્યું હતું કે ૨ ઓક્ટોબરે એનસીબીએ કોર્ડેલિઆ ક્રૂઝ પર દરોડો પાડ્યો તે પહેલા નવી દિલ્હી સ્થિત એક બાતમીદારે કાશિફખાન સહિત કેટલાક લોકોના ફોટા અને વિગતો મોકલી હતી. મલિકે આગળ કહ્યું હતું કે આ ફોટા કિરણ પી.ગોસાવી અને વાનખેડેને મોકલવામાં આવ્યા હતા. કાશિફખાન અને અન્ય કેટલાક લોકો પણ ક્રૂઝ પર પાર્ટી માણી રહ્યા હતા, પરંતુ તે વખતે તેમની અટકાયત કરવામાં આવી ન હતી. શા માટે કાશિફખાનને પકડી તેની પૂછપરછ કરવામાં આવી નથી. એનસીબીએ આનો જવાબ આપવો જ જોઈએ. એનસીપી નેતાએ આ પણ કહ્યું હતું કે 'વ્હાઈટ દુબઈ' નામનો એક અન્ય વ્યક્તિ દુબઈથી વ્યવહાર ચલાવી રહ્યો છે. કાશિફખાન અને ગોસાવી બંનેની વ્હોટ્સએપ ચેટમાં તેનો ઉલ્લેખ છે અને આ વ્યક્તિ અંગે ટૂંક સમયમાં વધુ વિગતો આપવામાં આવશે.

યુપીમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વેને ખુલ્લો મૂકવામાં આવ્યો

પાછલી સરકારોએ પૂર્વ યુપી પર ધ્યાન નથી આપ્યું : વડાપ્રધાન

આ ૩૪૨ કિમીનો એક્સપ્રેસ-વે લખનૌથી થઈને બારાબંકી, આંબેડકરનગર, ફૈજાબાદ, અમેઠી, સુલ્તાનપુર, આજમગઢ, મઉ અને ગાજીપુરથી પસાર થશે

લખનૌ, તા.૧૬

વડાપ્રધાન મોદીએ આજે યુપીને પૂર્વાંચલ એક્સપ્રેસ વેની ભેટ આપતાં ૩૪૨ કિમી લાંબા આ એક્સપ્રેસવેને ખુલ્લો મૂક્યો હતો. આ એક્સપ્રેસ વેને જાહેર જનતા માટે ખુલ્લો મૂકવા માટે પીએમ મોદી વાયુસેનાના કદાવર પ્લેન હરક્યુલિસમાં આવ્યા હતા અને તેમનું પ્લેન આ જ એક્સપ્રેસ વે પર લેન્ડ થયું હતું. આ સાથે જ ૪૫ મિનિટનો એર શો પણ યોજાયો હતો જેમાં ભારતીય વાયુસેનાએ પોતાનું શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ એક્સપ્રેસ વે લખનૌથી થઈને બારાબંકી, ફૈજાબાદ, આંબેડકરનગર, અમેઠી, સુલ્તાનપુર, આજમગઢ, મઉ અને ગાજીપુરથી પસાર થશે. આ એક્સપ્રેસ વે મારફત દિલ્લીથી યૂપીની પૂર્વ સરહદ સુધી માત્ર ૧૦ કલાકની અંદર પહોંચી શકાય છે. યુપી સરકારના ગૃહ વિભાગના એડિ. મુખ્ય સચિવ અવનીશ અવસ્થીના જણાવ્યા પ્રમાણે જુલાઈ ૨૦૧૮માં શિલાન્યાસ કરવામાં આવ્યાબાદ પૂર્વાંચલ એક્સપ્રેસ વેનું કામ ૩૬ મહિનામાં પૂરું કરવામાં આવ્યું છે. મહત્વું છે કે આ દરમિયાન કોરોના મહામારી આવવા છતાં એક્સપ્રેસ વે બનાવવાનો સમય અને બજેટમાં વધારો કરવાની જરુર નહોતી પડી. આ એક્સપ્રેસ વે પર ૩.૨ કિમી લાંબી એર સ્ટ્રિપનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જે સ્ટ્રેટજીક રીતે પણ ખૂબ જ મહત્વની છે કેમ કે અહીથી ચીનની સરહદ માત્ર ૬૦૦ કિમી દૂર છે. આ તકે પોતાના ભાષમાં રાજ્યના સીએમ યોગી આદીત્ય નાથે કહ્યું કે રાજ્યમાં ૯ એરપોર્ટ પૂર્ણ રીતે ફંક્શનલ છે અને ૧૧ નવા એરપોર્ટ્સ બની રહ્યા છે. આ નવા ભારતનું ઉત્તર પ્રદેશ છે. સીએમ યોગીએ પોતાના ભાષણમાં પૂર્વાંચલ સહિત સમગ્ર વિસ્તારની દુર્દશાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે આ એક્સપ્રેસ વે ફક્ત વાહનવ્યવહારનું સાધન નથી પરંતુ આઝાદી બાદથી જ રાજ્ય ભૌતિક વિકાસના જે માપદંડો પર પાછળ છૂટી ગયું છે તેની રેખા પર પુન: સ્થાપિત કરવામાં આવ્યું હોવાનું પ્રતિક છે. જ્યારે પીએમ મોદીએ સ્થાનીક ભાષામાં સુલ્તાનપુરની જનતાનું અભિવાદન કરીને પોતાના વક્તવ્યની શરુઆત કરી હતી. તેમણે પૂર્વાંચલની ભાષામાં કહ્યું કે જે જગ્યા પર હનુમાનજીએ કાલનેમી જેવા રાક્ષસનો વધ કર્યો તે ધરતીના લોકોને મારા પ્રણામ. અહીંના લોકોએ ૧૮૫૭માં અંગ્રેજોને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું હતું. રાજ્યની પાછલી સરકારોએ ક્યારેય પૂર્વ યૂપી પર ધ્યાન આપ્યું નથી. પાછલી સરકારોએ અહીંના લોકોને માફિયાવાદ અને ગરીબીના હવાલે કરી દીધા. ગરીબોને પાક્કા મકાનો હોય કે પછી મહિલાઓને જાહેરમાં શૌચાદી ક્રિયા માટે જવાની મજબૂરી હોય અનેક કામ અહી કરવાના હતા જોકે મને ખેદ છે કે તે સમયની સરકારે ક્યારેય મને પૂરો સાથ આપ્યો નથી. પીએમ મોદીએ પોતાના ભાષણમાં વધુમાં કહ્યું કે યોગીરાજમાં પરિવારવાદ કે જાતીવાદ નથી. આ સરકારમાં સબકા સાથ સબકા વિકાસની નીતિ છે. પહેલા યુપીથી દિલ્હી સુધી પરિવારવાદની સરકારો હતી. તેમણે અખિલેશ યાદવ પર નિશાનો સાધતા કહ્યું કે પહેલા તો મારી સાથે ઉભા રહેતા પણ ડરતા હતા. પીએમ મોદીએ અંતમાં કહ્યું કે પહેલાની સરકારોએ કનેક્ટિવિટીની દરકાર કર્યા વગર જ ઔદ્યોગિકરણનું ફુલ ગુલાબી ચિત્ર દેખાડ્યું પરિણામ એ આવ્યું કે થોડા સમયમાં જ શરુ થયેલા કારખાનાઓ બંધ થવા લાગ્યા. આપણે ઘર બનાવીએ તો જમીનની માટીથી લઈને મટેરિયલ દરેક વસ્તુની તપાસ કરીએ છીએ તો આ તો રાજ્યના વિકાસની વાત છે. લાખો લોકોના જીવન સાથે જોડાયેલી વાત છે કઈ રીતે નજરઅંદાજ કરી શકાય. પીએમ મોદીએ અંતમાં કહ્યું કે અહી અંતે એર શો પણ યોજવામાં આવશે. આ વિમાનોની ગુંજ તે લોકો માટે છે જેમણે આઝાદીના આટલા વર્ષો થયા દેશના ડિફેન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નજર અંદાજ કર્યું છે. મહત્વનું છે કે આ કાર્યક્રમના અંતે ૪૫ મિનિટનો એર શો યોજવામાં આવશે. જેમાં વાયુ સેનાના વિવિધ વિમાનો દ્વારા અદમ્ય સાહસ અને શૌર્યને દર્શાવાશે. આ એર શોમાં ૧૩૦ જે હરક્યુલિસ, રાફેલ, સુખોઈ અને મિરાજ સહિતના ફાઈટર જેટ સામેલ રહેશે.

૨૦૨૫ સુધીમાં કર્મચારીઓ ઓફિસમાં ૨૫ ટકા જેટલો જ સમય વિતાવશે : TCS

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) એ તેના કર્મચારીઓને આઈટી મેજર મોડલ ૨૫/૨૫ના ભાગરૂપે ઓફિસમાં પાછા ફરવા કહ્યું છે જે ૨૦૨૫ સુધીમાં લાગુ થવાનું અનુમાન છે. નવા મોડલ ૨૦૨૫ હેઠળ ૨૫ ટકાથી વધુ કર્મચારીઓને કોઈપણ સમયે ઓફિસમાંથી કામ કરવાની જરૂર પડશે અને તેઓએ ૨૫ ટકાથી વધુ સમય ઓફિસમાં કામ માટે પસાર કરવાની જરૂર રહેશે નહીં તેવું ટીસીએસ પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું.

હાલમાં અમારી પાસે અમારા લગભગ ૫ ટકા સહયોગીઓ ઓફિસમાંથી કામ કરે છે. સિવાય'૨૧ (કેલેન્ડર વર્ષ ૨૦૨૧)ના અંતમાં અમે અમારા સહયોગીઓને ઓફિસમાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરીશું, શક્ય બને ત્યાં સુધી ૨૫/૨૫ મોડલનું અનુસરણ કરવામાં આવશે તેવું કંપનીએ જણાવ્યું હતું. આ અંગે પસંદગી તબક્કાવાર અને ફ્લેક્સીબ્લીટીના આધારે કરવામાં આવશે તેવું પ્રવક્તાએ ઉમેર્યું.

અગાઉ ટીસીએસએ તેના કામદારોને ૧૫ નવેમ્બર સુધીમાં તેમના નિયુક્ત સ્થાન (તેમની આધાર શાખા) પર પાછા ફરવા કહ્યું હતું. વિશ્વભરમાં કોવિડ-૧૯ કેસમાં તીવ્ર ઘટાડા વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કંપનીએ ઉલ્લેખ કર્યો છે કે ૨૫/૨૫ મોડેલ એ એક મહત્ત્વપૂર્ણ ડિઝાઈન ઘટક છે અને તે મોડલને પરિપક્વ થવામાં બે વર્ષનો સમય લેશે.

ટીસીએસે જણાવ્યું હતું કે કામના હાઈબ્રિડ મોડલ અહીં રહેવા માટે છે અને નવા ફ્યુચર ઓફ વર્કમા ઓફિસમાં હાજરી અને રિમોટ વર્કિંગ બંને મુખ્ય રહેશે.

ટીસીએસ એમ પણ જણાવ્યું કે તેણે તેના સહયોગીઓ અને આશ્રિતો માટે દેશમાં સૌથી મોટી કોર્પોરેટ રસીકરણ ડ્રાઈવ પહેલની શરૂઆત કરી છે. હાલમાં ભારતમાં અમારા ૭૦ ટકાથી વધુ કર્મચારીઓને સંપૂર્ણ રસી આપવામાં આવે છે અને ૯૫ ટકાથી વધુ લોકોએ કોવિડ રસીનો ઓછામાં ઓછો એક ડોઝ પ્રાપ્ત કર્યો છે. આઈટી મેજરે ઉમેર્યું.

રોગચાળા દરમ્યાન અમે અમારી ટીમો સાથે વર્ચ્યુઅલ રીતે જોડાયેલા રહ્યા છીએ અને અમારી મુખ્ય પ્રાથમિકતાઓ પૂરી પાડી છે. અમે હવે અમારા સહયોગીઓ સાથે વ્યક્તિગત રીતે જોડાવા માટે ઉત્સાહિત છીએ. ટીસીએસે વધુમાં જણાવ્યું હતું.

સુશાંતસિંહ રાજપૂતના પરિવારના ઓછામાં ઓછા પાંચ સભ્યોનું માર્ગ અકસ્માતમાં મોત : અહેવાલ

(એજન્સી) પટના, તા.૧૬

દિવંગત અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના પરિવારના લોકો અંતિમ સંસ્કાર માટે બહાર ગયા હતા ત્યા તેમને અકસ્માત નડ્યો હતો જેમાં બિહારના જુમઈમાં આજે સવારે થયેલા માર્ગ અકસ્માતમાં ૬ લોકોનાં મોત થયા છે અને મીડિયા રિપોર્ટ પ્રમાણે આ પૈકીના પાંચ લોકો સુશાંતસિંહ રાજપૂતના સગા છે. આ તમામ લોકો પટણામાં એક અંતિમ સંસ્કારમાં સામેલ થયા બાદ ઘરે પરત ફરી રહ્યા હતા અને તે દરમિયાન ટ્રક અને કાર વચ્ચે થયેલા એક્સિડન્ટ થયો હતો, જેમાં ૬ લોકોનાં મોત થયા હતા અને બીજા ચાર લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે, જેમના મોત થયા છે તે હરિયાણાના એડિશનલ ડીજીપી ઓ.પી. સિંહના બનેવી, ભાણિયા થાય છે. પોલીસનું કહેવું છે કે, ટક્કર એટલી જોરદાર હતી કે, ૬ લોકોના સ્થળ પર જ મોત થઈ ગયા હતા. આ ઘટના અંગે મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.

૨૦ ટકા અસંગઠિત ક્ષેત્રના કામદારો શ્રમ મંત્રાલયના ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા છે : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સમગ્ર દેશમાં અંદાજે ૩૮.૩૭ કરોડ અસંગઠિત ક્ષેત્રના કામદારોમાંથી ૨૦ ટકા કામદારોએ સોમવારે ૧૫ નવેમ્બર સુધીમાં ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવી હોવાનો અહેવાલ ઈન્ડિયન એક્સપ્રેસે પોતાના રિપોર્ટમાં આપ્યો. ઈ-શ્રમ પોર્ટલ દેશભરમાં અસંગઠિત કામદારોનો પ્રથમ કેન્દ્રિય ડેટાબેઝ છે જે આધાર સાથે સંકળાયેલ છે. લક્ષ્યાંકિત નોંધણીઓમાં ૮૭ ટકાની સિદ્ધિ સાથે ઓડિશા ટોચ પર નજરે પડે છે, ત્યારબાદ પશ્ચિમ બંગાળ (૬૫%), છત્તીસગઢ (૩૩%), ઝારખંડ (૩૧%) અને બિહાર (૨૫%) છે. આ રાજ્યોમાં ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી માટે જોવા મળેલ હકારાત્મક પ્રતિસાદ કોવિડ-૧૯ને કારણ લોકડાઉન અને પ્રતિબંધો પછી અસંગઠિત ક્ષેત્ર અને સ્થળાંતરિત કામદારોને ભોગવવી પડેલ હાલાકી અને વેદનાનો સંકેત હોઈ શકે છે. ઈ-શ્રમ પોર્ટલ સાથે પ્રથમ વખત કેન્દ્ર સરકાર પાસે સ્થળાંતરિત કામદારો, ગીગ વર્કર્સ, કૃષિ કામદારો, આંગણવાડી કાર્યકરો, શેરી વિક્રેતાઓ, ઘરેલુ કામદારો અને અન્ય અસંગઠિત ક્ષેત્રના કામદારોના આધાર નંબર સાથેનો કેન્દ્રિય ડેટાબેઝ હશે. અત્યાર સુધી અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે આવો કોઈ ડેટાબેઝ નથી. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા માત્ર સંગઠિત ક્ષેત્રના કામદારોનો ડેટા જ ઉપલબ્ધ છે. ઈ-શ્રમ પોર્ટલની કલ્પના સાથે સરકાર દાવો કરે છે કે, તે અસંગઠિત કામદારોને સાર્વત્રિક એકાઉન્ટ નંબર અને ઈ-શ્રમ કાર્ડ પ્રદાન કરવાની નજીક હશે. ભવિષ્યમાં આ નંબરને સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડવાના પ્રયાસો ચાલુ છે એમ તેણે જણાવ્યું છે. હમણાં માટે, સરકારે આકસ્મિક વીમાને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી સાથે લિંક કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ મુજબ, જો કોઈ રજિસ્ટર્ડ વર્કર અકસ્માતનો ભોગ બને છે તો તેણી મૃત્યુ અથવા કાયમી વિકલાંગતા પર ૨ લાખ રૂપિયા અને આંશિક વિકલાંગતા પર ૧ લાખ રૂપિયા માટે પાત્ર બનશે. નોંધણીની વાત કરીએ તો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત અને આંધ્રપ્રદેશમાં સંપૂર્ણ સંખ્યાના સંદર્ભમાં વધુ લક્ષ્યાંક છે. પરંતુ ૧૧ નવેમ્બરના ડેટા મુજબ લક્ષ્ય સિદ્ધિ દર લગભગ ૧૦ ટકા અથવા તેનાથી નીચે આ રાજ્યોમાં નોંધણીઓએ હજુ ગતિ પકડી નથી. સરકારે માર્ચ ૨૦૨૨ સુધીમાં દેશભરમાં ૩૮.૩૭ કરોડ અનૌપચારિક ક્ષેત્રના કામદારોની નોંધણી પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરી છે. નવેમ્બર ૧૫ સુધીમાં પોર્ટલ પર કુલ ૭.૭૩ કરોડ નોંધણીઓ પૂર્ણ થઈ હતી જેમાં છેલ્લા અઠવાડિયે દૈનિક સરેરાશ ૧૨ લાખથી વધુ નોંધણીઓ થઈ હતી. ડિસેમ્બર ૨૦૨૦માં શ્રમ મંત્રાલયે અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે નવા ડેટાબેઝની રચનામાં અન્ય મંત્રાલયો અને વિભાગો પાસેથી મદદ માંગી હતી જે આ વર્ષે જૂન સુધીમાં તેને કાર્યરત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. તેણે પોર્ટલની ડિઝાઈન અને બિલ્ડિંગ માટે નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (એનઆઈસી)ની મદદ માંગી હતી. મંત્રાલયે જૂનની સમયમર્યાદા ગુમાવી દેતા સુપ્રીમે કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતા રાષ્ટ્રીય પોર્ટલ શરૂ કરવા માટે ૩૧ જુલાઈની નવી સમય મર્યાદા નક્કી કરી છે. આખરે ઈ-શ્રમ પોર્ટલ, ઘણી અડચણો પછી ૨૬ ઓગસ્ટે લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં વ્યવસાય મુજબની નોંધણીની દ્રષ્ટિએ, કૃષિ ક્ષેત્રના કામદારો ૫૩.૮ ટકા સાથે યાદીમાં ટોચ પર છે ત્યારબાદ બાંધકામ ક્ષેત્રના ૧૨.૨ ટકા ઘરેલું અને ઘરગથ્થુ ક્ષેત્રના ૮.૭ ટકા અને એપેરલ ક્ષેત્રના ૬.૨ ટકા કામદારોએ નોંધણી કરાવેલ છે.

દારૂબંધી પછી બિહારમાં ગુનાનો દર ઓછો થયો છે : નીતિશકુમાર

તેજસ્વી યાદવે તાજેતરમાં સરકાર પર ગુનેગારોને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો

(એજન્સી) તા.૧૬

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે સોમવારે દાવો કર્યો હતો કે રાજ્યમાં દારૂબંધી પછીથી ગુનાનો દર નીચે આવ્યો છે અને કહ્યું હતું કે જ્યારે પણ ગુનો નોંધાય છે ત્યારે સત્તાધિકારીઓ દ્વારા ન્યાયને સુનિશ્ચિત કરવા માટે ઝડપી કાર્યવાહી કરવામાં આવે છે. રવિવારે રાજદના નેતા તેજસ્વી યાદવે નીતિશકુમારની સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે છેલ્લા થોડાક દિવસોમાં રાજ્યમાં થયેલી હાઈ પ્રોફાઈલ હત્યાઓની ઘટનાઓમાંથી બે હત્યાના કથિત અપરાધીઓને સુરક્ષા આપવામાં આવી રહી છે તેમણે માંગ કરી હતી કે સરકારને આરટીઆઈ કાર્યકરની હત્યા, મધુબનીમાં ફ્રી લેન્સ પત્રકારની હત્યા અને પુરનિયામાં જિલ્લા કાઉન્સિલરના પતિની હત્યા અંગે પકડમાં લેવી જોઈએ. સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર, મુખ્યમંત્રીએ કહ્યું હતું કે એક સ્થળેથી નકસલવાદની ઘટના નોંધવામાં આવી છે. તપાસ ચાલુ છે. આ એક જુદો મુદ્દો છે પરંતુ સામાન્ય ગુનાની ઘટનાઓમાં ઘટાડો થયો છે. હું ઉમરવા માંગુ છું કે દારૂબંધી પછી ખાસ કરીને ગુનાનો દર નીચે જતો રહ્યો છે. રાજદના નેતાએ એમ પણ કહ્યું હતું કે સરકાર પર લઠ્ઠાકાંડ માટે દોષરોપણ કરવું જોઈએ જેમાં બિહારમાં પશ્ચિમ ચંપારણ, ગોપાલગંજ, સમસ્તીપુર અને મુઝફ્ફરપુર જિલ્લાઓમાં ૪૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અને આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં ગેરકાયદેસર દારૂનો વેપાર ધમધમી રહ્યો છે કે જે તે શાસક ગઠબંધન અને વહીવટી તંત્રના રાજકીય નેતાઓનું પુરૂં સમર્થન મળે છે. યાદવે કહ્યું હતું કે આ પ્રકારના તમામ ગુનાઓમાં બિન આંશિક તપાસ કરવાથી શાસક એનડીએના તમામ ધારાસભ્યો સળિયા પાછળ ધકેલાઈ જશે. અને ભવનના સત્રોમાં ઉપસ્થિત રહેવા માટે તેમને જેલની ગાડીઓમાં લાવવામાં આવશે એમ તેજસ્વી યાદવે જણાવ્યું હતું.

પ્રથમ ઓડિટ દિવસે વડાપ્રધાનનું સંબોધન

કેગ વિરૂદ્ધ સરકારની માન્યતા બદલાઈ છે : મોદી

અમે ઈમાનદારી સાથે ગત સરકારોનું સત્ય સામે લાવ્યા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેગના કાર્યાલયમાં આજે પ્રથમ ઓડિટ દિવસે સંબોધન કરતા સરકારી વિભાગોને કહ્યું કે કેગ જે પણ દસ્તાવેજ, આંકડા અને ફાઈલ માંગે તે તેમને ઉપલબ્ધ કરાવવા જોઈએ. તેમણે કહ્યું કે આજે આપણને દેશની અખંડિતતાના નાયકસરદાર પટેલની પ્રતિમાના અનાવરણની તક મળી છે. ગાંધીજી હોય, સરદાર પટેલ હોય કે બાબા સાહેબ આંબેડકર રાષ્ટ્ર નિર્માણમાં આ બધાનું યોગદાન સીએજી માટે, આપણા બધા માટે, કોટિ કોટિ દેશવાસીઓ માટે ખુબ મોટી પ્રેરણા છે. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે દેશમાં ઓડિટને એક આશંકા, ભય સાથે જોવામાં આવતો હતો. 'કેગવિરૂદ્ધ સરકાર' એ આપણી વ્યવસ્થાની સામાન્ય સોચ બની ગઈ હતી. પરંતુ આજે તે માનસિકતાને બદલવામાં આવી છે. આજે ઓડિટને વેલ્યૂ એડિશનનો મહત્વનો ભાગ માનવામાં આવે છે. અમે પૂરી ઈમાનદારી સાથે ગત સરકારોનું સત્ય, પછી ભલે તે ગમે તે સ્થિતિ હતી, તેને દેશની સામે રાખી છે. આપણે સમસ્યાઓને ઓળખીશું, તો જ સમાધાન શોધી શકીશું. પીએમ મોદીએ કહ્યું કે આજે ભારત સમગ્ર દુનિયામાં ત્રીજુ સૌથી મોટુ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ચૂક્યું છે. આજે ૫૦થી વધુ આપણા ભારતીય યુનિકોર્ન ઊભા થઈ ચૂક્યા છે. ભારતીય આઈઆઈટીઆજે ચૌથી સૌથી મોટી યુનિકોર્ન પ્રોડ્યુસર બનીને ઊભરી છે. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે રાજકોષીય ખાધ અને સરકારી ખર્ચ પર તમારી ચિંતાઓને સકારાત્મક લીધી છે. કેગે મહામારી સમયે અપનાવવામાં આવેલા ઉત્તમ ઉપાયો અને ક્રમબદ્ધ શીખામણોનો અભ્યાસ કરવો જોઈએ અને વૈજ્ઞાનિક તથા સશક્ત લેખા પરીક્ષણથી વ્યવસ્થા મજબૂત અને પારદર્શક બનશે. પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે ડેટા જ સૂચના છે અને આવનારા સમયમાં આપણો ઈતિહાસ પણ ડેટા દ્વારા જોયો અને જાણ્યો જશે. આ અવસરે પ્રધાનમંત્રીએ કેગ કાર્યાલયમાં સરદાર વલ્લભભાઈ પટેલની એક પ્રતિમાનું અનાવરણ પણ કર્યું. કાર્યક્રમમાં કેગગિરીશચંદ્ર મૂર્મૂ પણ હાજર રહ્યા હતા.

મહારાષ્ટ્રની અત્યંત કમનસીબ ઘટના

સફળ ડિલિવરી કરાવતી નર્સનું તેના બાળકના જન્મ સમયે મોત

મહારાષ્ટ્રના હિંગોલીમાં આવેલી સરકારી હોસ્પિટલની નર્સ જ્યોતિ ગવલી હોસ્પિટલમાં તમામની ફેવરિટ હતી

મુંબઈ, તા.૧૬

પાંચ હજાર મહિલાઓની સફળતાપૂર્વક ડિલિવરી કરાવનાર મહિલા નર્સનુ પોતાના જ બાળકને જન્મ આપતી વખતે મોત નિપજ્યુ હોવાની ઘટનાએ લોકોને દુખમાં ગરકાવ કરી દીધા છે. મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લામાં આવેલી સરકારી હોસ્પિટલની નર્સ જ્યોતિ ગવલી હોસ્પિટલમાં તમામની ફેવરિટ હતી.તેણે અત્યાર સુધીમાં પાંચ હજાર મહિલાઓની સફળ ડિલિવરી કરાવી હતી. જોકે સગર્ભા બનેલી નર્સ જ્યોતિની સિઝેરિયન વડે રવિવારે ડિલિવરી કરાઈ હતી.જોકે એ પછી તેની હાલત લથડી હતી.જ્યોતિનુ બ્લિડિંગ રોકાઈ રહ્યુ નહોતુ અને તેની બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરાઈ હતી.૩૮ વર્ષીય જ્યોતિને જોકે બચાવી શકાઈ નહોતી. ડોકટરોના કહેવા પ્રમાણે તેને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી હતી.એ પછી નક્કી કરાયુ હતુ કે, તેન બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવી પણ તે પહેલા જ તેનુ મોત થયુ હતુ. નર્સ જ્યોતિ હિંગોલી હોસ્પિટલ પહેલા ગોરેગાંવની સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતી હતી.જ્યોતિના મોતથી તેના સાથી કર્મચારીઓ પણ આઘાતમાં સરી પડ્યા છે.

શીના બોરા હત્યા કેસ : હાઈકોર્ટે ઈન્દ્રાણી મુખરજીની જામીન અરજી ફગાવી

(એજન્સી) તા.૧૬

બોમ્બે હાઈકોર્ટે મંગળવારે પોતાની જ દીકરી શીના બોરાની હત્યાની આરોપી ઈન્દ્રાણી મુખરજીની જામીન અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ નીતિન સાંબરેની સિંગલ જજ બેંચે ઓક્ટોબર ૨૦૨૦માં મુખરજી દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી પર સુનાવણી કરી હતી. ઓગસ્ટ ૨૦૧૫માં ઈન્દ્રાણીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારેથી તે મુંબઈની બાયકુલ્લા જેલમાં કેદ છે. ઉલ્લેખનીય છે કે, ૨૪ એપ્રિલ ૨૦૧૨ના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાંથી શીના બોરાનો મૃતદેહ અર્ધબળેલી અવસ્થામાં મળી આવ્યો હતો. ૨ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ વિશેષ સીબીઆઈ કોર્ટે ઈન્દ્રાણીના જામીન ફગાવતા નોંધ્યું હતું કે, 'આરોપી ઈન્દ્રાણી મુખરજી એક પ્રભુત્વશાળી અને શ્રીમંત વ્યક્તિ છે. તે ફરિયાદી પક્ષના સાક્ષીઓને પ્રભાવિત કરશે તેવી શક્યતાને અવગણી ન શકાય. ૨૦૧૫માં આ કેસ મુંબઈ પોલીસ પાસેથી લઈ સીબીઆઈને સોંપી દેવામાં આવ્યો હતો. સીબીઆઈએ ૧૯ નવેમ્બર ૨૦૧૫ના રોજ આ કેસની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી.

સુપ્રીમના કોલેજિયમે જજની નિમણૂકને મંજૂરી આપી

સૌરભ કૃપાલ દેશના પહેલાં સમલૈંગિક જજ બની શકે છે

દિલ્હી હાઈકોર્ટના જજ તરીકે કૃપાલની પ્રસ્તાવિત નિયુક્તિ તેમની કથિત યૌન અભિરૂચિના કારણે વિવાદનો વિષય

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન વી રમનાની અધ્યક્ષતાવાળા સુપ્રીમ કોર્ટના કોલેજીયમે સૌરભ કૃપાલને દિલ્હી હાઈકોર્ટના જજ નિયુક્ત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સૌથી મોટી વાત એ છે કે તેઓ દેશના પહેલા સમલૈંગિક જજ હોઈ શકે છે. દિલ્હી હાઈકોર્ટના જજ તરીકે કૃપાલની પ્રસ્તાવિત નિયુક્તિ તેમની કથિત યૌન અભિરૂચિના કારણે વિવાદનો વિષય હતી. અત્રે જણાવવાનું કે કૃપાલને ૧૩ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ તત્કાલિન કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ ગીતા મિત્તલના નેતૃત્વમાં દિલ્હી હાઈકોર્ટના કોલેજિયમ દ્વારા પ્રમોટ કરવાની ભલામણ કરાઈ હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટના કોલેજિયમે પણ આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી. જો કે ત્યારે કેન્દ્રની સરકારે કૃપાલની કથિત યૌન અભિરૂચિનો હવાલો આપતા તેમની ભલામણ વિરુદ્ધ આપત્તિ જતાવી હતી. ભલામણ પર વિવાદ અને કેન્દ્ર દ્વારા કથિત આપત્તિને લઈને છેલ્લા ચાર વર્ષથી અનેક અટકળો લગાવવામાં આવી રહી હતી. આ અગાઉ જ્યારે કૃપાલને હાઈકોર્ટના જજ બનાવવાની ભલામણ કરાઈ હતી ત્યારે કેન્દ્ર સરકારે તેમના સાથી અને સ્વિટ્ઝરલેન્ડના માનવાધિકાર કાર્યકર્તા નિકોલસ જર્મન સાથે તેમની નીકટતાને લઈને આપત્તિ જતાવી હતી. અત્રે જણાવવાનું કે સુપ્રીમ કોર્ટના આ કોલેજિયમમાં સીજેઆઈ એનવી રમના ઉપરાંત જસ્ટિસ યુ યુ લલિત અને જસ્ટિસ એ એમ ખાનવિલકર હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિયુક્તિ અને બદલી સંબંધિત મામલાઓ પર ધ્યાન આપનારા ત્રણ સભ્યોની કોલેજિયમનો ભાગ છે. સૌરભ કૃપાલ પોતાને સાર્વજનિક રીતે સમલૈંગિક ગણાવે છે અને સમલૈંગિકો સંલગ્ન મુદ્દાઓને મુખ્ય રીતે ઉઠાવતા આવ્યા છે. સૌરભ કૃપાલ પૂર્વ સીજેઆઈ બી એન કૃપાલના પુત્ર છે જેમણે દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજથી ગ્રેજ્યુએશન કર્યું છે. તેમણે ગ્રેજ્યુએશન માં લોની ડિગ્રી ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી કરી છે. તેમણે પોસ્ટગ્રેજ્યુએશન (લો) કેમ્બ્રિજ યુનિવર્સિટીથી કર્યું છે. સુપ્રીમ કોર્ટમાં તેમણે બે દાયકા સુધી પ્રેક્ટિસ કરી છે. સૌરભની લોકપ્રિયતા નવજોત સિંહ જોહર વિરૂદ્ધ ભારત સંઘ કેસને લઈને જાણીતી છે.. હકીકતમાં તેઓ કલમ ૩૭૭ હટાવવા મામલે અરજીકર્તાના વકીલ હતા. સપ્ટેમ્બર ૨૦૧૮માં કલમ ૩૭૭ અંગે જે કાયદો હતો, તે સુપ્રીમ કોર્ટે રદ કર્યો હતો.

IREOના વાઈસ ચેરમેન લલિત ગોયલની ED દ્વારા ધરપકડ

ગોયલને ચંદીગઢમાં ED દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને રિમાન્ડ મેળવવા માટે સ્થાનિક કોર્ટ સમક્ષ તેને રજૂ કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ રિયલ એસ્ટેટ જૂથ આઈઆરઈઓના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર લલિત ગોયલની મની લોન્ડરિંગ તપાસના સંબંધમાં ધરપકડ કરી છે, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ આ વેપારીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. ચંદીગઢમાં સ્થિત ફેડરલ તપાસ એજન્સી દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેના રિમાન્ડ માંગવા માટે સ્થાનિક કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ગોયલને ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા ગયા ગુરૂવારે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય (આઈજીઆઈ) એરપોર્ટ પર ઈડીના લૂકઆઉટ પરિપત્રના અધારે રોકવામાં આવ્યો હતો, તે અમેરિકા જવા માટે ફ્લાઈટ લેવાનો હતો. ગોયલની એરપોર્ટ ખાતે પૂછપરછ થઈ હતી અને એજન્સી દ્વારા અટકાયત કરાઈ હતી. જેના પગલે તેની ચંદીગઢમાં પૂછપરછ કરવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે, તપાસકર્તાઓના પ્રશ્નોના જવાબ આપતી વખતે અવગણના કરવાના કારણે તેની ધરપકડ થઈ હતી. ગોયલનું નામ પાન્ડોરા પેપર્સ ઓફશોર ફંડ્સના વૈશ્વિક લીકમાં પણ સામે આવ્યું હતું. આ વેપારી અને તેની કાયદાકીય ટુકડીએ અગાઉ તેમના તરફથી કોઈપણ ગેરકાયદેસરતાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, કાયદાના ઉલ્લંઘનમાં વિદેશમાં કોઈ ભંડોળમાં ડાયવર્ટ કરવામાં આવ્યું નથી. આ વેપારી જેની બહેન ભાજપના નેતા સુધાંશુ મિત્તલ સાથે પરિણીત છે તેની મની લોન્ડરિંગ કેસમાં તપાસ થઈ રહી છે જેમાં આરોપ છે કે, આશરે ૭૭ મિલિયન ડોલર્સનો કથિત ડાયવર્ઝન હોમ બાયર્સ ફંડ, રોકાણ અને શેર હોલ્ડિંગની કેટલીક ઓફશોર એન્ટિટમાં કરવામાં આવ્યો છે.

૨૦૨૨ ગોવા ચૂંટણી માટે કોંગ્રેસ એનસીપી, એમજીપી અને જીએફપીની સાથે ગઠબંધન પર ચર્ચા કરી રહી છે

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસ આગામી વર્ષની શરૂઆતમાં યોજાનારી ગોવા વિધાનસભા ચૂંટણી માટે એનસીપી, ગોવા ફોરવર્ડ પાર્ટી અને મહારાષ્ટ્રવાદી પાર્ટીની સાથે સંભવિત ગઠબંધન માટે વાતચીત કરી રહી છે. એઆઈસીસી ગોવા ડેસ્ક પ્રભારી દિનેશ ગુંડુ રાવે પત્રકારોને જણાવ્યું કે આ તમામ પાર્ટીઓનો વિચાર છે કે ગોવાને ભાજપના નેતૃત્વવાળી ભ્રષ્ટ અને સાંપ્રદાયિક સરકારથી છુટકારો મેળવવાની જરૂરત છે. તેમણે જણાવ્યું કે આ ગઠબંધનનો મુખ્ય ઉદ્દેશ જો આ સાકાર થાય છે તો ગોવામાં પાંચ વર્ષ માટે સ્થિર સરકાર આપીશું. ગોવામાં આગામી વર્ષે ફેબ્રુઆરીમાં મતદાન થશે. જીએફપી અને એમજીપી પાછલા પાંચ વર્ષમાં થોડાક સમય માટે ભાજપના નેતૃત્વવાળી સરકારનો ભાગ હતો. ચૂંટણી માટે કોંગ્રેસની રણનીતિને રેખાંકિત કરતા રાવે જણાવ્યું કે તેમની પાર્ટી તે લોકોની સાથે ગઠબંધન માટે તૈયાર છે. જે ગોવાને સમજે છે. માટીના છે અને ગોવાની સંસ્કૃતિ અને સમુદાયને સમજે છે. ૨૦૧૭ની ગોવા વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ૪૦ સભ્યસદને સૌથી વધુ ૧૭ બેઠકો જીતી હતી અને ભાજપને ૧૩ પર સિમિત કરી દીધી હતી. જો કે ભાજપે સ્વર્ગવાસી મનોહર પાર્રિકરના નેતૃત્વમાં ગઠબંધન સરકાર બનાવવા માટે ક્ષેત્રીય દળોની સાથે ગઠબંધન કર્યું. પાછલા પાંચ વર્ષમાં કોંગ્રેસે વિપક્ષી દળોના ૧૩ ધારાસભ્યોને ગુમાવ્યા જેમાં વધુ પડતા ભાજપના હતા.

ગાયો માટે દેશમાં પ્રથમ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવા યુ.પી. તૈયાર

આ યોજના જે ડિસેમ્બર સુધીમાં શરૂ થનાર છે, તેમાં લખનૌ ખાતે ફરિયાદો લેવા માટે એક કોલ સેન્ટરની સ્થાપના કરાશે એમ પશુપાલન અને મત્સ્ય મંત્રાલયના મંત્રી લક્ષ્મી નારાયણ ચૌધરીએ કહ્યું હતું

(એજન્સી) તા.૧૬

ઉત્તરપ્રદેશની સરકાર ગંભીર રોગોથી પીડાતી ગાયો માટે એક એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવા જઈ રહી છે એમ રાજ્ય ડેરી વિકાસ, પશુપાલન અને મત્સ્યક્ષેત્રના મંત્રી લક્ષ્મી નારાયણ ચૌધરીએ રવિવારે કહ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે આ નવી યોજના માટે ૫૧૫ જેટલી એમ્બ્યુલન્સ તૈયાર છે, જે આ પ્રકારની દેશમાં પ્રથમ યોજના છે. આપાતકાલીન સેવા નંબર ૧૧૨ સાથે આ નવી સેવા ગંભીર રીતે બીમાર ગાયોની ઝડપી સારવાર માટેનો માર્ગ મોકળો કરશે. મથુરામાં તેમણે પત્રકારને આમ જણાવ્યું હતું. તેમણે આગળ જણાવ્યું હતું કે સેવા મેળવવા માટે વિનંતી કર્યાના ૧૫થી ૨૦ મિનિટના સમયગાળામાં પશુ ચિકિત્સા અને બે સહયોગી તબીબો આવી પહોંચશે ડિસેમ્બર સુધીમાં નિર્ધારીત આ યોજના હેઠળ લખનૌ ખાતે ફરિયાદ સાંભળવા માટે એક કોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. રાજયના આઠ જિલ્લાઓમાં આ યોજના વાયરલ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવશે. આના કારણે રખડતા ઢોરની સમસ્યાઓનું પણ સમાધાન આવી જશે. એમ તેમણે જણાવ્યું હતું.

પંજાબમાં ચૂંટણીઓ પહેલાં શીખ સમુદાયને ખુશ કરવાનો પ્રયાસ

કરતારપુર કોરિડોરને આજે ફરી ખોલવામાં આવશે : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે જણાવ્યું હતું કે, કરતારપુર સાહિબ ગુરૂદ્વારા કોરિડોરને બુધવારે ફરીવાર ખોલવામાં આવશે. શુક્રવારે આવનારી શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકની જન્મ જયંતિ અગાઉ આ જાહેરાત કરવામાં આવી છે. આ કોરિડોરનું ઉદઘાટન ૨૦૧૯માં કરવામાં આવ્યું હતું જે બે મહત્વના ધર્મસ્થાનોને જોડે છે જેમાં પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ડેરા બાબા નાનક અને પાકિસ્તાનના કરતારપુરમાં ગુરૂદ્વારા દરબાર સાહિબને જોડે છે અને યાત્રાળુઓને વીઝામુક્ત પ્રવાસક કરવાની પરવાનગી આપી હતી. ગૃહ મંત્રાલયના નિવેદનમાં જણાવ્યું છે કે, મહામારીને કારણે ૧૬ માર્ચ ૨૦૨૦થી આ યાત્રાને સ્થગિત કરવામાં આવી હતી. અમિત શાહે ટ્વિટમાં જણાવ્યું કે, એક મોટા નિર્ણયમાં શીખ યાત્રાળુઓની મોટી સંખ્યામાં લાભ આપનાર વડાપ્રધાન મોદી સરકાર દ્વારા નિર્ણય રાયો છે કે, ૧૭મી નવેમ્બરથી કરતારપુર સાહિબ કોરિડોરને ફરી ખોલવામાં આવશે. આ નિર્ણય શ્રી ગુરૂનાનક દેવજી અને અમારા શીખ



સમાજ પ્રત્યે મોદી સરકારનો અપાર આદર દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, દેશ ૧૯મી નવેમ્બરના રોજ ગુરૂ નાનકના પ્રકાશ ઉત્સવની ઉજવણી કરવા માટે તૈયાર છે અને મને ખાતરી છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના કરતારપુર સાહિબ કોરિડોરને ફરી ખોલવાનો નિર્ણયથી સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગમાં વધારો કરશે. આ અંગે અમિત શાહે અધિકારીઓ સાથે બેઠકનો દોર ચલાવ્યો હતો. મંત્રાલયે જણાવ્યું કે, આ યાત્રામાં કોરોનાના નિયમોનું પાલન કરવું પડશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૪મી ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ડેરા બાબા નાનક ખાતેની આંતરરાષ્ટ્રીય સરહદ પર ઝીરો પોઈન્ટ કોરિડોરના સંચાલન માટે કરાર કર્યો હતો.

UKમાં વૃદ્ધ મહિલાને બચાવતાં મૃત્યુ પામેલા યુવાન મુસ્લિમ હીરોને શ્રદ્ધાંજલિ

(એજન્સી) લંડન, તા.૧૬

લંડનમાં ૮૨ વર્ષીય બ્રિટિશ મહિલાની હત્યાના પ્રયાસ ને રોકવાનો પ્રયાસ કરતા મૃત્યુ પામેલા એક યુવાન સોમાલી માણસને હીરો તરીકે બિરદાવવામાં આવ્યો છે. અલી અબુકાર અલી, ૨૦ બ્રેન્ટફોર્ડમાં ગયા શુક્રવારે હુમલાખોર દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો કારણ કે તેણે તેને બેટી વોલ્શ પર હુમલો કરતા રોકવાનો પ્રયાસ કર્યો હતો જે આ ઘટના દરમ્યાન છરો માર્યો હતો અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પોલીસ નિવેદન અનુસાર વોલ્શ જીવલેણ હાલતમાં હોસ્પિટલમાં ગંભીર સ્થિતિમાં રહે છે. યુકેમાં ધિક્કાર અપરાધની નોંધણી કરનાર જૂથ ટેલ મામાએ સોમવારે એક નિવેદનમાં અમે અલી અબુકાર અલીના કુટુંબીજનો, મિત્રો અને પ્રિયજનો પ્રત્યે અમારી સૌથી ઊંડી, નિષ્ઠાવાન સંવેદનાઓ વ્યકત કરી હતી. તેમની વીરતા અને કરુણા ખરેખર નોંધપાત્ર છે. તે ગહન અને દુઃખદ ખોટ છે. મેરી અને જેમ્સ વોલ્શે અલી માટે



ગોફન્ડમી પેજ પર લખ્યું હતું કે તે હીરો હતો - તે અમારી માતા/સાસુને બચાવવા માટે મૃત્યુ પામ્યો. નોરિસ હેનરીની, ૩૭, અલીની હત્યા અને વોલ્શની હત્યાના પ્રયાસની શંકાના આધારે ઘટના બાદ ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં બંને પર આરોપ મૂકવામાં આવ્યો હતો. કવરેજના અભાવ માટે પ્રતિક્રિયા દરમ્યાન બ્રિટિશ મુખ્ય પ્રવાહના મીડિયા દ્વારા ઘટનાના કવરેજ ખાસ કરીને હીરો પીડિતાના સોમાલિયન મૂળની અવગણના કરીને મુખ્યત્વે સોશિયલ મીડિયા પર ટીકા કરવામાં આવી છે. જ્યારે ડેવિડ એમેસની હત્યા થઈ ત્યારે તમામ સમાચાર અહેવાલોમાં સોમાલી શબ્દ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો, કરીમ ડેનિસ તેમના સ્ટેજનું નામ લોકોથી વધુ જાણીતા હતા. એક મહિના કરતાં પણ ઓછા સમય પછી અલી અબુકાર અલી ૮૪ વર્ષની મહિલાને બચાવે છે અને આ પ્રક્રિયામાં તેનું મૃત્યુ થયું હતું. સોમાલી શબ્દનો ઉલ્લેખ કયાંય પણ કરવામાં આવતો નથી, લંડન સ્થિત સંગીતકાર અને શાંતિ કાર્યકર્તાએ લખ્યું. ખાલેદ બેદૌન એક અગ્રણી શૈક્ષણિક જેમના સંશોધનમાં ઈસ્લામોફોબિયાનો સમાવેશ થાય છે. તે પણ મુખ્ય પ્રવાહના મીડિયા દ્વારા કવરેજના અભાવની ટીકામાં જોડાયા હતા. યુવાન મુસ્લિમ માણસ હીરો છે. હું ઇચ્છું છું કે મીડિયા અલી જેવા મુસ્લિમ નાયકોની વાર્તાઓને કવર કરવા માટે તેટલા જ ઉત્સુક હોય જેટલા તેઓ આતંકવાદીઓને કવર કરવા માટે આતુર છે, તેમણે ટ્વિટર પર લખ્યું.

બંધારણીય અદાલતો મંદિરની ધાર્મિક વિધિઓમાં દખલ ન કરી શકે : સુપ્રીમ કોર્ટ

તા.૧૬

તિરૂમાલા તિરૂપતિ મંદિરમાં ધાર્મિક વિધિઓની સુનાવણી કરતી વખતે બેન્ચે અવલોકન કર્યું. સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે બંધારણીય અદાલતો જાહેર હિત અરજીઓના આધારે મંદિરોમાં થતી રોજબરોજની ધાર્મિક વિધિઓ અને સેવામાં દખલ કરી શકે નહીં. ધાર્મિક વિદ્વાનો અને પૂજારીઓ એ પ્રશ્ન માટે સજ્જ હતા કે શું મંદિરમાં ધાર્મિક વિધિઓ રિવાજો અને પરંપરાઓ અનુસાર કરવામાં આવી રહી છે. કલમ ૨૨૬ અને ૩૨ હેઠળ બંધારણીય અદાલતનો રિટ અધિકારક્ષેત્ર મર્યાદિત હતો. શું કોઈ ચોક્કસ ધાર્મિક વિધિ યોગ્ય રીતે કરવામાં આવી રહી હતી કે નહીં તે તથ્યનો વિવાદિત પ્રશ્ન હતો, કોર્ટે સમજાવ્યું. વધુમાં તે ગૌણ અદાલતમાં સિવિલ દાવો દાખલ કરવાનો વિષય હોઈ શકે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ એન.વી.રમણાએ જણાવ્યું હતું કે, મંદિરમાં નાળિયેર કેવી રીતે ફોડવું અથવા પૂજા કરવી જોઈએ કે કેમ તે બંધારણીય અદાલતે જોવાની બાબત નથી. આ બેંચમાં જસ્ટિસ એ.એસ.

બોપન્ના અને હિમા કોહલી, શ્રીવરી દાદા દ્વારા દાખલ કરાયેલી એક રિટ પિટિશનની સુનાવણી કરી રહ્યા હતા જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પ્રખ્યાત તિરૂમાલા તિરૂપતિ મંદિરમાં પરંપરાઓ અનુસાર ધાર્મિક વિધિઓ કરવામાં આવી રહી નથી. તેમણે દર્શન માટેની પ્રક્રિયા અંગે પણ ફરિયાદ કરી હતી. જસ્ટિસ બોપન્ના અને કોહલી સંમત થયા હતા કે સુપ્રીમ કોર્ટ રિટ પિટિશનના આધારે મંદિરમાં ધાર્મિક વિધિઓના રોજિંદા આચરણમાં દખલ ન કરી શકે. કોર્ટે કહ્યું કે જો ભકતો ભેદભાવની ફરિયાદ કરે તો વધુમાં વધુ તે મંદિર પ્રશાસનને સ્પષ્ટતા કરવા માટે કહી શકે છે. જો કે વર્તમાન સમયમાં જાહેર આરોગ્ય સંકટને ધ્યાનમાં રાખીને દર્શનની મંજૂરી આપવામાં આવી નથી. કેસનો નિકાલ કરતાં કોર્ટે તેના આદેશમાં તિરુપતિ વહીવટીતંત્રને દર્શન પ્રક્રિયાઓ અને અન્ય વહીવટી મુદ્દાઓ અંગે શ્રી દાદાની ફરિયાદોનો આઠ અઠવાડિયામાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે શ્રીમાન દાદા ધાર્મિક વિધિઓના મુદ્દે વિવાદ બાબતે નીચલી અદાલતમાં સિવિલ દાવો દાખલ કરી શકે છે.

એક જ દિવસમાં ૧૯૭ લોકોનાં મોત થયા

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮,૮૬૫ નવા કેસ સામે આવ્યા

નવી દિલ્હી, તા.૧૬

દેશમાં કોરોનાના કેસમાં ધીરે ધીરે ઓછા થઈ રહેલા દેખાય છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮,૮૬૫ નવા કેસ સામે આવ્યા છે જે છેલ્લા ૨૮૭ દિવસોમાં સૌથી ઓછા છે. જ્યારે એક જ દિવસમાં ૧૯૭ લોકોના મોત થયા છે. જ્યારે રિકવરી રેટ ૯૮.૨૭% છે જે ગયા માર્ચ ૨૦૨૦માં સૌથી વધુ છે. કોરોનાના સક્રિય કેસની વાત કરો તો ૧,૩૦,૭૯૩ છે જે છેલ્લા ૫૨૫ દિવસોમાં સૌથી વધુ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૧,૯૭૧ લોકો સ્વસ્થ થયા છે. હવે સુધી કોરોનાથી કુલ ૩, ૩૮,૬૧,૭૫૬ લોકો સાજા થયા છે. ડેઈલી પોજિટિવિટી રેટ ૦.૮૦ ટકા છે જે છેલ્લા ૪૩ દિવસોથી ૨ ટકાથી નીચે છે. વીકલી પોજિટિવિટી રેટ ૦.૯૭ ટકા છે જે છેલ્લા ૫૩ દિવસોથી ૨ ટકાથી નીચે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૯,૭૫,૪૬૯ વેક્સિનેશન થયું. અત્યાર સુધી કુલ ૧,૧૨,૯૭,૮૪,૦૪૫ વેક્સિનેશન થયુ છે. સોમવારે, મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ચેપના ૬૮૬ નવા કેસ નોંધાયા હતા, જ્યારે ૧૯ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ રાજ્યમાં ચેપગ્રસ્ત અને મૃત્યુ પામેલા લોકોની સંખ્યા અનુક્રમે ૬૬,૨૪,૯૮૬ અને ૧,૪૦,૬૦૨ થઈ ગઈ છે. અધિકારીએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં

નવેમ્બરની શરૂઆતથી, ચેપના દૈનિક કેસોની સંખ્યા ૭૦૦થી ઓછી છે. તેમણે માહિતી આપી હતી કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૧૨ દર્દીઓ ચેપ મુક્ત થયા છે, ત્યારબાદ રાજ્યમાં સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૬૪,૬૮,૭૯૧ થઈ ગઈ છે. અધિકારીએ જણાવ્યું કે રાજ્યમાં ૧૧,૯૪૩ કેસ સારવાર હેઠળ છે. બીજી તરફ દિલ્હીની વાત કરીએ તો, સોમવારે અહીં ૧૬ નવા કોવિડ કેસ સામે આવ્યા છે, જ્યારે એક દર્દીનું મોત થયું છે. તે જ સમયે, ચેપ દર ૦.૦૪ ટકા છે. સ્વાસ્થ્ય વિભાગના બુલેટિનમાં જણાવવામાં આવ્યું હતું કે, નવેમ્બરમાં અત્યાર સુધીમાં ચાર લોકોના સંક્રમણને કારણે મોત થયા છે. તે જ સમયે ચેપને કારણે ઓક્ટોબરમાં ચાર અને સપ્ટેમ્બરમાં પાંચ લોકોના મોત થયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ સંબંધિત અધિકારીઓ દ્વારા ૩૭,૪૯૫ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હાલમાં, દિલ્હીમાં ૩૩૭ લોકો કોરોના વાયરસના ચેપની સારવાર હેઠળ છે, જેમાંથી ૧૬૪ લોકો આઈસોલેશનમાં છે. શહેરમાં હાલમાં ૧૨૪ કન્ટેઈનમેન્ટ ઝોન છે. રવિવારે દિલ્હીમાં ચેપના ૩૬ કેસ નોંધાયા હતા અને એક દર્દીનું મોત થયું હતું. તે જ સમયે, શનિવારે કોવિડ -૧૯ ના ૫૬ નવા કેસ અને શુક્રવારે ૬૨ નવા કેસ નોંધાયા હતા.સરકારી ડેટા અનુસાર, દિલ્હીમાં ૨.૧૩ કરોડથી વધુ લોકોને કોવિડ -૧૯ વિરોધી રસીના ડોઝ આપવામાં આવ્યા છે, જેમાંથી વધુ ૮૦ લાખથી વધુ લોકોને બંને ડોઝ આપવામાં આવ્યા છે.

૫૦૦ વર્ષ બાદ પ્રથમ વખત સૌથી લાંબું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ જોવા મળશે

૧૯ નવે.એ છ કલાક લાંબી ચાલનારી આ અલૌકિક ઘટનાને વિશ્વભરમાંથી નિહાળી શકાશે

(એજન્સી) તા.૧૬

૧૯, નવે. ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ૧૫મી સદી બાદ સૌથી લાંબામાં લાંબું ચંદ્રગ્રહણ હશે જે છ કલાક સુધી દેખાશે. ૨૦૨૧નું આ આખરી ચંદ્રગ્રહણ ભારત સહિત ઉત્તર અમેરિકા, દ.અમેરિકા, યુરોપ અને એશિયાના કેટલાક ભાગોમાં દેખાશે. છેલ્લે સૌથી લાંબું ચંદ્રગ્રણ ૧૮, ફેબ્રુ. ૧૪૪૦માં થયું હતું. ટાઈમ એન્ડ ડેઈટ ડોટકોમના જણાવ્યા અનુસાર આ ચંદ્રગ્રહણ ભારતીય સમય પ્રમાણે સવારે ૧૧.૩૨ વાગ્યે શરૂ થશે અને ૫.૩૩ કલાકે અંત આવશે. જ્યારે આ ચંદ્રગ્રહણમાં સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એકબીજા સાથે જોડાશે અને જેના કારણે આંશિક ચંદ્રગ્રહણ રચાશે. ચંદ્ર અને સૂર્ય



વચ્ચે જ્યારે પૃથ્વી આવે છે ત્યારે આવે છે ત્યારે ચંદ્રગ્રહણ સંપન્ન થાય છે. સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર સંપૂર્ણપણે જોડાતાં નથી ત્યારે પૃથ્વી ચંદ્ર પર સૂર્યના કિરણોને પહોંચતા અટકાવે છે જેના કારણે ચંદ્રમાં સહેજ કાળાશ જોવા મળે છે. ખગ્રાસ ચંદ્રગ્રહણ ત્યારે થાય છે જ્યારે ચંદ્ર અને સૂર્ય પૃથ્વીની સામસામી બાજુએ આવી જાય અને ખંડગ્રાસ ચંદ્રગ્રહણ થવા માટે સંપૂર્ણ ચંદ્ર પૃથ્વી અને સૂર્યની સીધી લાઈનમાં આવે ત્યારે થાય છે. જો કે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ દર પૂનમે થતું નથી. ૧૯,નવે.નું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ સૌથી લાંબા ચંદ્રગ્રહણનો રેકોર્ડ તોડશે. આ અલૌકિક ઘટના સૌથી લાંબી હશે તેનું કારણ એ છે કે ચંદ્ર સૌથી દૂરમાં દૂર પોઈન્ટ પર પહોંચ્યાં બાદ ૪૧ કલાક બાદ આવશે. ચંદ્ર જેટલો દૂર તેટલો તેને પૃથ્વી પર આવતાં સમય લાગશે. ભારતમાં પૂર્વોત્તર રાજ્યના લોકો આંશિક ચંદ્રગ્રહણને આખરી તબક્કામાં નિહાળી શકશે. અરૂણાચલ પ્રદેશ, આસામ અને પડોશના દેશોના કેટલાક ભાગોમાં ચંદ્રગ્રહણ દેખાશે.

આ વ્યક્તિએ ઓટોરિક્ષાને જ આલીશાન મકાન બનાવી દીધું, સોલર પેનલથી લઈને વોશરૂમ અને બેડરૂમની પણ સુવિધા, આનંદ મહિન્દ્રાએ પ્રભાવિત થઈ ઓફર આપી

(એજન્સી) તા.૧૬

મિત્રો, દરેક મનુષ્યમાં કેટલીક કુશળતા હોય છે અને જ્યારે આ કુશળતા જુસ્સો બની જાય છે, ત્યારે તે વ્યક્તિને આગળ વધતા કોઈ રોકી શકતું નથી અને જ્યારે ત્રણ વસ્તુ મળીને મનમાં કંઈક કરવાની ઉત્કટતા, ક્ષમતા અને બુદ્ધિ મળે છે. વ્યક્તિ પોતાના મનથી એવી વસ્તુઓ બનાવે છે, જે આપણી કલ્પના બહારની હોય છે. તમિલનાડુના નમક્કલ જિલ્લામાં રહેતા અરૂણ પ્રભુએ પણ કંઈક આવું જ કર્યું છે. અરૂણ વ્યવસાયે આર્કિટેક્ટ છે. તેણે પોતાના સપનાનું અદ્ભૂત ઘર બનાવ્યું છે તે દરેક માટે આશ્ચર્યથી ઓછું નથી. આજે દરેક વ્યક્તિ અરૂણના આ કાર્યની પ્રશંસા કરી રહ્યા છે. ચેન્નઈનો ૨૩ વર્ષીય યુવાન અરૂણ પ્રભુ એક એવું મકાન બનાવવા માંગતો હતો કે, જે માત્ર મુલાકાત જ ન લઈ શકે પરંતુ તેમાં રહેતો પણ હતો. તેણે પોતાની કુશળતાથી આ વિચારને મૂર્તિમંત કર્યો અને તેના ઓટોને એક સુંદર ઘરમાં રૂપાંતરિત કર્યું. જેમાં તેમના દ્વારા જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. તેઓ જ્યાં પણ જાય છે, તેઓ તે ઘરને તેમની સાથે લઈ જાય છે. તેમણે આ ઘરની જાતે ડિઝાઈન કરી હતી અને તેને 'સોલો ૦.૧' નામ આપ્યું હતું. તમામ સુવિધાઓથી લેસ ઘરને જોયા બાદ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ચેરમેન આનંદ મહિન્દ્રાએ પણ તેની પ્રતિભાના પ્રશંસક બની ગયા છે. તેમણે તેની સાથે કામ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. અરૂણનું આ મોબાઈલ ઘર ચોક્કસપણે નાનું છે, પરંતુ તેમાં તમામ સુવિધાઓ છે, જે એક સામાન્ય માણસના ઘરમાં છે. તેમના ઘરમાં બેડરૂમ, મોડ્યુલર કિચન અને બાથરૂમ છે. તમને જણાવી દઈએ કે આ આખું ઘર મોંઘા પ્લોટ પર નહીં, પણ થ્રી વ્હીલર ઓટો પર બનાવવામાં આવ્યું છે. એક અહેવાલ અનુસાર, અરૂણે જણાવ્યું કે તેને ચેન્નઈમાં તેના મોબાઈલ ઘર માટે પ્રેરણા મળી. વાસ્તવમાં તેણે

ગ્રેજ્યુએશન ચેન્નાઈમાં જ પૂર્ણ કર્યું હતું. વર્ષ ૨૦૧૯ દરમિયાન, જ્યારે તેણે ચેન્નાઈ અને મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાં પોતાનો સમય વિતાવ્યો, ત્યારે તેને સમજાયું કે એક ઝુગ્ગી-ઝોપરીની કિંમત પણ ઓછામાં ઓછી ૪-૫ લાખ રૂપિયા છે અને હજુ પણ તેની પાસે તમામ સુવિધાઓ નથી. ઘર આ વિચારને કારણે અરૂણને ત્રણ પૈડા પર બનેલા મોબાઈલ હોમનો વિચાર આવ્યો અને તેણે ઓટો રિક્ષાને ઘરમાં રૂપાંતરિત કરી. ખાસ વાત એ છે કે અરૂણ બહુ ભણેલા પરિવારનો નથી, તે તેના પરિવારમાં પ્રથમ વ્યક્તિ છે જેણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. અરૂણના પરિવારમાં દરેક વ્યક્તિ ધંધો કરે છે. અરૂણ સમજાવે છે કે 'દરેક વ્યક્તિ ઝૂંપડપટ્ટીમાં ગંદકીમાં રહે છે. અહીં કોઈ સ્વચ્છતા નથી. આવા અસ્વચ્છ વાતાવરણમાં ખોરાક રાંધવામાં આવે છે અને ખાવામાં આવે છે. આ બધું જોઈને, હું કોઈ એવી રીત વિશે વિચારતો હતો, જે આ તમામ ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે. આ નાની વસાહતોના મોટાભાગના પરિવારો માત્ર ૫૦-૧૦૦ ચોરસ ફૂટના મકાનોમાં રહેવા મજબૂર છે. સ્વચ્છ વાતાવરણને કારણે અહીંના લોકોને આરોગ્ય સંબંધિત સમસ્યાઓ છે. અરૂણે કહ્યું કે, જોકે ચેન્નઈમાં રહેતા, તેમણે ઘરમાં ઓટો બદલતા જોયા હતા, પરંતુ લોકો ઘણી વખત ઓટોમાં જ રાત પસાર કરતા હતા. આ બધું જોઈને તેણે પોતાની ક્ષમતાથી ત્રણ પૈડા પર ઘર બનાવ્યું. તેઓ તેમના થ્રી વ્હીલર કાફલાને પેટન્ટ કરાવવા પણ ઈચ્છે છે. જેના માટે તેઓએ અરજી કરી છે. અરૂણે કહ્યું કે તેણે આ ઘર ૬×૬ના લેઆઉટ પર ડિઝાઈન કર્યું છે. તેણે તેમાં વેન્ટિલેશનની પણ કાળજી લીધી છે. એટલું જ નહીં, આ ચોક્કસ ઘરમાં, સૌર ઉર્જા દ્વારા વીજળીની જરૂરિયાત પૂરી થાય છે, કારણ કે અરૂણે તેમાં ૬૦૦ વોટની સોલાર પેનલ લગાવી છે. આ સિવાય ૨૫૦ લિટર પાણીની ટાંકી પણ લગાવવામાં આવી છે. રસોડું અને બાથરૂમ માટે પ્લમ્બિંગ પણ કરવામાં આવ્યું છે. આ ઓટો બિલ્ટ હાઉસમાં ૭૦ લિટરનું કન્ટેનર પણ છે, જેમાં કચરો સંગ્રહિત થાય છે. પછી તે પોતે જ ખાલી થઈ જાય છે. આ થ્રી વ્હીલર હાઉસ બનાવવા માટે અરૂણને માત્ર ૧ લાખ રૂપિયા ખર્ચવા પડ્યા હતા. તેને બનાવવા માટે, તેઓએ મોટે ભાગે રિસાયકલ વસ્તુઓનો ઉપયોગ કર્યો છે. અરૂણે કહ્યું કે તેને આ ઘર તૈયાર કરવામાં ૫ થી ૬ મહિના લાગ્યા. અરૂણે બનાવેલા આ ઘરની તસવીરો સોશિયલ મીડિયા પર છવાયેલી છે અને તેને દરેક જગ્યાએ તાળીઓ મળી રહી છે.

વડોદરાના વેક્સિન ગ્રાઉન્ડમાં

સામુહિક દુષ્કર્મ કેસમાં ટ્રેનમાં યુવતીનો પીછો કરનાર એક શકમંદ સુરતથી ઝડપાયો

શકમંદને અમદાવાદ લાવી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પૂછપરછ : શંકાસ્પદ માણસ પીછો કરતો હોવાના ડરથી યુવતીએ આત્મહત્યા કરી હોવાનું પોલીસનું અનુમાન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરામાં સ્વૈચ્છીક સંસ્થામાં કામ કરતી યુવતી પર વડોદરામાં સામુહિક દુષ્કર્મ થયા પછી યુવતીએ ગુજરાત ક્વિનમાં વલસાડ પાસે આત્મહત્યા કરી હતી. આ મામલે વડોદરા પોલીસ સહિત રેલવે પોલીસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સંયુક્ત રીતે કામ કરી રહી છે. ત્રણ-ત્રણ એજન્સીઓ એક સાથે કામ કરવા છતાં આરોપી હજુ પોલીસની પકડથી બહાર છે. પરંતું બનાવના ૧૧ દિવસ બાદ પોલીસને એક નાની સફળતા મળી છે. જેમાં ટ્રેનમાં યુવતીનો પીછો કરનાર એક શંકાસ્પદને ક્રાઈમ બ્રાન્ચે સોમવારે રાત્રે સુરતમાંથી ઝડપી લીધો હોવાની માહિતિ મળી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આત્મહત્યા પહેલા યુવતી ટ્રેનના વોશરૂમમાંથી કોઇ પોતાનો પીછો કરી રહ્યો હોવાનો મેસેજ કર્યો હતો. સામુહિક દુષ્કર્મનો ભોગ બનેલી યુવતી ડરેલી હતી ત્યાં ફરી તેનો કોઇ પીછો કરતું હોવાની ખબર પડતા તેણે ડરમાં આત્મહત્યા કરી લીધી હતી. જો કે આ શકમંદ અને વડોદરાનાં દુષ્કર્મી વચ્ચે કોઇ સંબંધ નથી તેમ રેલવે પોલીસનાં સૂત્રોએ જણાવ્યું છે.

નોંધનીય છે કે, દુષ્કર્મ અને આત્મહત્યાની ઘટના પાછળ એક જ આરોપી છે કે બન્ને ઘટના અલગ છે તેની તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચની ટીમ સુરત પહોંચી હતી. જેમાં અનેક સીસીટીવી જોયા પછી એક શંકાસ્પદ વ્યક્તિને અલગ તારવ્યો હતો. જે રેલવે સ્ટેશન ઉપર હતો તે યુવતીનો પીછો કરી રહ્યો હતો અને તે શંકાસ્પદ પછી ભાગતો દેખાય છે. ક્રાઇમ બ્રાન્ચે આ શંકાસ્પદને સુરતમાંથી શોધી કાઢ્યો હતો. જેણે રેલવે સ્ટેશન ઉપર એકલી યુવતી જોઇ તેનો પીછો શરૂ કર્યો હતો. હાલમાં તેને અમદાવાદ લાવી પૂછપરછ કરવામાં આવી રહી છે. આ શંકાસ્પદ માણસનાં જ ડરમાં યુવતીએ આત્મહત્યા કરી હોવાનું પોલીસ માની રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પોલીસે અત્યાર સુધી ૪૦૦થી વધુ અલગ અલગ સીસીટીવી ફૂટેજીસ તપાસ્યા છે અને હાલ પણ કામગીરી ચાલી રહી છે. તો બીજી તરફ પોલીસની વિવિધ ટીમો અલગ અલગ લોકેશન પર બનાવ સંદર્ભે આરોપીઓ સુધી પહોંચવાની કડી મેળવવાના પ્રયાસો કરી રહી છે.

યુવતીનો છેલ્લો વ્હોટ્સએપ મેસેજ

હું ટ્રબલમાં છું, બાથરૂમમાંથી મેસેજ કરૂં છું, પ્લીઝ સેવ મી...

વડોદરામાં બળાત્કારનો ભોગ બનેલી યુવતીએ ગુજરાત ક્વિન ટ્રેનમાં આપઘાત કરતા પહેલાં ઓએસિસ સંસ્થાના મેન્ટરને એક વ્હોટ્સએપ મેસેજ પણ કર્યો હતો જેમાં તેણે પ્લીઝ સેવ મી લખ્યું હતું. ઉલ્લેખનીય છે કે, નવસારીથી યુવતી મરોલી જવાનું કહીને તેના ભાઇનો મોબાઇલ લઇને નીકળી હતી. તેના આપઘાત બાદ તેની પાસેથી મળેલા મોબાઇલના ડેટા પોલીસે ચેક કરતા કેટલીક વિગતો પ્રકાશમાં આવી છે જેના આધારે પણ પોલીસ તપાસ કરી રહી છે. યુવતીએ આપઘાત કરતા પહેલા ટ્રેનમાં રાત્રે ૧૧ વાગે એક વ્હોટ્સએપ મેસેજ કર્યો હતો. ઓએસિસ સંસ્થાના મુખ્ય કર્તા હર્તા સંજીવભાઇને ઉદ્દેશીને સંસ્થાના મેન્ટર શૈલેષભાઇને કરેલા વ્હોટ્સએપ મેસેજમાં યુવતીએ જણાવ્યું હતું કે સોરી, સંજીવભાઇ હું ટ્રબલમાં છું, હું બાથરૂમમાંથી મેસેજ કરૂં છું પ્લીઝ સેવ મી... ઉપરોક્ત મેસેજ અંગ્રેજી ભાષામાં લખાયેલો હતો. આ મેસેજ બાદ યુવતીનું અપહરણ કરાયું હોવાની આશંકા સાથે પણ વલસાડ રેલવે સ્ટેશન પર તપાસ કરી હતી. કોચમાં બેઠેલા અન્ય પ્રવાસીઓને શોધીને પોલીસે પૂછપરછ કરતા યુવતી પોતાની સીટ પર સામાન્ય પ્રવાસીની જેમ જ બેઠેલી જણાઇ હતી. એક મહિલા પ્રવાસીએ તો યુવતીને વલસાડ રેલવે સ્ટેશન પર ઉતરતી પણ જોઇ હોવાનું કહ્યું હતું.

કેસની વિગતો તૈયાર, પરંતુ ફરિયાદ દાખલ ન થઈ

ઉચ્ચ અધિકારીઓના દબાણના કારણે ફરિયાદમાં વિલંબ થતો હોવાની ચર્ચા

વડોદરામાં સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી નવસારીની યુવતીના આપઘાત કેસમાં પોલીસ હજી સુધી ફરિયાદ કેમ નોંધતી નથી તે અંગે લોકોમાં ચર્ચા થવા લાગી છે. ઉચ્ચ અધિકારીઓના દબાણના કારણે ફરિયાદ નોંધવામાં વિલંબ થતો હોવાની ચર્ચા થઇ રહી છે.

ઉલ્લેખનીય છે કે યુવતીના આપઘાત બાદ તેના પર બળાત્કાર થયો હોવાની વાતનો ઘટસ્ફોટ થતાંની સાથે જ રેલવેના તમામ અધિકારીઓની દિવાળીની રજા રદ કરી દેવામાં આવી હતી અને તમામને ફરજ પર હાજર કરીને તપાસનો ધમધમાટ શરૂ કરી દેવાયો હતો. યુવતી પર વેક્સિન ગ્રાઉન્ડ પર બળાત્કાર થયો હોવાની વાત બહાર આવતા પોલીસે સંસ્થામાં કામ કરતા લોકોની પૂછપરછ કરવાનું શરૂ કર્યુ હતું.

એક તબક્કે બળાત્કારની ફરિયાદ દાખલ કરવા માટે વિગતો તૈયાર પણ કરી દેવામાં આવી હતી પરંતુ ઉચ્ચ અધિકારીઓના દબાણના કારણે આ ફરિયાદ નોંધવામાં આવી ન હતી. ઉચ્ચ અધિકારીઓએ હાલમાં રેલવેમાં નોંધાયેલી અકસ્માત મોતની નોંધની તપાસમાં જ બળાત્કારના બનાવની તપાસ શરૂ કરવાની સૂચના આપતા રેલવે પોલીસ દ્વારા તપાસ કરાઇ રહી છે.

વરસાદની આગાહીને પગલે

હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે મગફળી, લસણ અને મરચાની આવક બંધ કરાઈ

જામનગર, તા.૧૬

હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહીને લઈને જામનગર માર્કેટીંગ યાર્ડ હાપા ખાતે મગફળી લસણ અને મરચાની આવક બંધ કરાઈ હોવાની જાહેરાત યાર્ડના સેક્રેટરી હિતેષ પટેલ દ્વારા કરાઈ છે. જામનગર માર્કેટીંગ યાર્ડ હાપાના સેક્રેટરી હિતેષ પટેલ એ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે હવામાન ખાતા દ્વારા વરસાદની આગાહીના પગલે તાકીદે મગફળી, લસણ અને મરચાની આવક બંધ કરવામાં આવી છે. નવી જાહેરાત ન થાય ત્યાં સુધી ખેડૂતો તેમજ વેપારીઓ કમિશન એજન્ટોને માટે વિશેષ એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે હવામાન ખાતાની વરસાદની આગાહીને ધ્યાને લઈ મગફળીના પાલ વાહનની અંદર માલ રાખવો હરાજી પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહન ઊભું રાખવું પડશે. મગફળીના પાલની હરાજી વાહનમાં થશે. મગફળી ભરેલ વાહન સાથે તાડપત્રી સાથે રાખવા પણ સૂચના સેક્રેટરી હિતેષ પટેલ દ્વારા આપવામાં આવી છે.

કોડીનારના ગીરદેવળી ગામનો બનાવ

PGVCLના વાયરોમાંથી તણખા ઝરતાં શેરડીનો પાક બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૧૬

PGVCLના જર્જરિત વાયરો ખેડૂતોના વેરી બન્યા હોઈ તેમ આજે કોડીનારના ગીરદેવળી ગામે એક ખેડૂતના ચાર વિઘાના શેરડીના ઊભા પાકમાં ઈલે.વાયરોમાંથી તણખા ઝરતા આગ લાગતા રૂા.૩,૪૦,૦૦૦ની શેરડી બળી જતાં ખેડૂતને નુકસાન થયા અંગે PGVCL સામે કોડીનાર પોલીસમાં ફરિયાદ કરી છે. કોડીનારના ગીરદેવળી ગામના ભાવસિંહભાઈ મીઠાભાઈ ચૌહાણના રામણીના થા. તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ વાડીમાં ઊભેલી શેરડી અંદાજે ૧૨૦ ટન જેની કિંમત રૂા.ત્રણ લાખ તથા ચારો રૂા.૩૦ હજારના ઉપર-ખેતર ઉપરથી પસાર થતા PGVCLના જર્જરિત વાયરોના તણખા ઝરતાં વાડમાં આગ લાગી હતી. શેરડી વાવતા ખેડૂતોની આખા વર્ષની મહેનત બાદ



મોંએ આવેલો કોળિયો ઝૂંટવાઈ જતાં આર્થિક મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. ત્યારે અન્ય જગ્યાએ આવી દુર્ઘટના ન બને તે માટે તંત્ર ઘટતા પગલાં ભરે અને નુકસાન પામેલા ખેડૂતને સહાય મળે તેવી ખેડૂત એકતા સમિતિએ માગણી કરી છે.

ભાવનગર : CNG રિક્ષાચાલકોની હડતાળને સીટુ દ્વારા ટેકો કોરોના કાળમાં થયેલી કફોડી સ્થિતિની સહાય ચૂકવવા માંગ

ભાવનગર, તા.૧૬

ગુજરાતના રિક્ષાચાલકો દ્વારા આંદોલન જાહેર કરાયું છે. ગુજરાતમાં CNG ગેસના દરોમાં કરવામાં આવેલ દર વધારો તથા કોરોના કાળ દરમિયાન રિક્ષાચાલકોની થયેલી કફોડી સ્થિતિમાં સરકાર દ્વારા કોઇ સહાય ચૂકવાઇ નહીં હોય ને સહાય ચૂકવવાની માગણીઓ સાથે સરકાર સમક્ષ અનેકવાર રજૂઆત કરી હતી કોઇ પરિણામ નહીં આવતા રિક્ષાચાલકો દ્વારા આપવામાં આવેલ તદ્દન ન્યાયી અને વ્યાજબી હડતાળને સીટુ તથા તેના સાથી સંગઠનોએ સંપૂર્ણ સમર્થન જાહેર કરેલ છે તથા મુખ્યમંત્રીને ફેક્સપત્ર દ્વારા રિક્ષાચાલકોની માગણીનો ઉકેલ તાત્કાલિક લાવવા માગણી કરેલ છે. CNG ગેસના ભાવ વધારાને કારણે જનતાને પણ હાડમારી ભોગવવાનો સમય આવ્યો છે અને તમામ પ્રકારની સેવાઓમાં પણ દર વધારો થાય તેમ છે તેથી જનતાએ પણ આ રિક્ષા હડતાળને સમર્થન કરવું જોઇએ તેવી અપીલ સીટુના મહામંત્રી અરૂણ મહેતા, પ્રમુખ સતિષભાઇ પરમાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

આરોપીઓ પોલીસની પકડથી દૂર

નડિયાદમાં વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કેસમાં આગોતરા જામીન અરજી ફગાવાઈ

નડિયાદ, તા.૧૬

નડિયાદમાં અઢી મહિના અગાઉ ચાર વ્યાજખોરોએ ભેગા મળી એક યુવાનને વ્યાજ તેમજ ઉઘરાણી મુદ્દે માનસિક ત્રાસ આપતા આ ત્રાસથી કંટાળી ગયેલા યુવાને ગળે ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી લીધી હતી. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસમાં ચાર વ્યાજખોરો સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ ફરિયાદ થયા બાદ પોલીસની ધરપકડથી બચવા નાસતા-ફરતા આરોપીએ આગોતરા જામીન મેળવવા માટે કોર્ટમાં આગોતરા જામીન અરજી મૂકી હતી જે અરજીને નડિયાદ કોર્ટે ફગાવી દીધી છે.

મળતી માહિતી મુજબ નડિયાદ શહેરના મિશન રોડ પર આવેલ નવરંગ ટાઉનશીપમાં રહેતા ૩૫ વર્ષીય કલ્પેશ જયંતિભાઈ મકવાણા નામના યુવકે ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સવારે પોતાના ઘરમાં પંખા સાથે લટકી જઈ ગળાફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો હતો. આ અંગે તેની બહેન રેખાબેને નડિયાદ પશ્ચિમ પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. દરમિયાન મૃતકના ચડ્ડાના ખિસ્સામાંથી એક સ્યૂસાઈડ નોટ મળી આવી હતી. જેમાં મૃતક કલ્પેશે પોતાની આપવીતી જણાવી તેના મિત્રોથી કંટાળી આપઘાત કરી રહ્યાનું દર્શાવ્યું હતું.

આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે રેખાબેન મકવાણાની ફરિયાદના આધારે સચીન ઉર્ફે ડીગો ધીરૂભાઈ મકવાણા, આશીષ મહેન્દ્ર પરમાર, અર્પિત ઉર્ફે અપ્પુ તલાટી રમણભાઈ પરેરા અને જયદીપ ઉર્ફે જેડી શશીકાંત ગોહિલ વિરૂદ્ધ આઈપીસી ૩૦૬, ૩૮૪, ૩૮૬, ૫૦૬(૨) અને ૧૧૪ હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી દીધી હતી.

નડિયાદ પશ્ચિમ પોલીસ આ ચાર આરોપીને પકડી પાડવા માટે કામે લાગી છે ત્યારે બીજી બાજુ પોલીસની ધરપકડથી બચવા માટે અર્પિત ઉર્ફે અપ્પુ તલાટી રમણભાઈ પરેરા આગોતરા જામીન અરજી નડિયાદ કોર્ટમાં મૂકી હતી આ જામીન અરજી ડિસ્ટ્રિક્ટ જજ એલ એસ.પીરજાદાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલો ધ્યાનમાં રાખી કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. અત્રે નોંધનીય છે કે યુવાનને મરવા મજબૂર કરનાર આરોપીઓ હાલમાં પોલીસ પકડથી દૂર છે ત્યારે પોલીસ આરોપીઓને પકડી પાડે તેવી સમયની માંગ છે.

વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા

કુરચણથી કોઠી વાતરશા થઈ કબોલી તરફ જતો માર્ગ બિસમાર

પાલેજ, તા.૧૬

પાલેજ નજીક આમોદ તાલુકાના કુરચણ ગામથી કોઠી વાતરશા થઈ કબોલી તરફ જવાનો માર્ગ બિસ્માર બનતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રોડ ઘણા લાંબા સમયથી સમાર કામ કે નવો બનાવાયો ન હોવાથી સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. રોડ એટલી હદે બિસ્માર થઈ ચૂક્યો છે કે સમગ્ર રોડ પર પથ્થરો વેરવિખેર પથરાયેલા પડ્યા છે. જે વાહનોના ટાયરોમાં આવી જતા ગોળીની જેમ છૂટે છે. વાહનો અહીં ખખડધજ થઈ રહ્યા છે. અહીં રોડ પર પડેલાં ખાડાઓ બચાવવા જતાં વાહનચાલકોની સામાન્ય ભૂલ પણ અકસ્માત સર્જી શકે છે. રોડ ડબલ લેવલ પોહળો કરી ડામર કાંક્રેટ બનાવવા લોકોની માંગ છે. રોડ નહિ તો વોટ નહિ નો લોકોમાં ચર્ચા ચાલી રહી છે. પાલેજ ટંકારીઆ રોડનું કામ ચાલું છે. જ્યારે આ રોડ તરફ કેમ આમોદ તાલુકાના સત્તાધીશો ધ્યાન આપતાં નથી ? લોક ચર્ચાનો વિષય બની ગયો છે.

આગામી તારીખ ૨૦ નવેમ્બરે ભાજપ પ્રદેશ અધ્યક્ષના હસ્તે

જામનગરમાં રૂા.૯.૯૮ કરોડના ખર્ચે ૭૧ તલાટી કમ મંત્રીના આવાસોનું ખાતમુહૂર્ત

જામનગર, તા.૧૬

જામનગર જિલ્લા પંચાયત અને ડીઆરડીએ વિભાગના વિવિધ વિકાસના કરોડો રૂપિયાના કામોનું ઈ-લોકાર્પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સી.આર. પાટીલને હસ્તે આગામી તા. ૨૦ નવેમ્બરના રોજ ટાઉન હોલ ખાતે થશે. જામનગર જિલ્લા પંચાયત અને ડીઆરડીએના સંયુક્ત ઉપક્રમે કરોડો રૂપિયા વિકાસના કામો અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે.

મનરેગા યોજના હેઠળ રૂ. ૯.૯૮ કરોડના ખર્ચે ૭૧ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીના આવાસોનું ખાતમુહૂર્ત થશે. તેમજ રૂ.૧.૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત કાલાવડ તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ પ્રદેશ ભાજપ અધ્યક્ષના હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમો કૃષિ મંત્રી રાઘવજી પટેલ, પંચાયત મંત્રી બ્રિજેશ મેરજા, સાસંદ પૂનમબેન માડમ, ધરમશી છનીયારા તેમજ ધારાસભ્યો આરસી ફળદુ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રવીણ મૂછડીયા, ચિરાગ કાલરીયાની ઉપસ્થિતિમાં યોજાશે. જામનગર શહેર ભાજપના અધ્યક્ષ ડો.વિમલ કગથરાના જણાવ્યા મુજબ તા.૨૦મી નવેમ્બરે સાંજે ઓશવાળ સેન્ટર ખાતે ભાજપ પરિવારના યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં હાજરી આપવા માટે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. જામનગર આવી રહ્યા છે. આ સાથે જ જામનગર જિલ્લા ભાજપ પરિવારનું સ્નેહ મિલન પણ શહેર ભાજપની સાથે જ યોજાયું હોવાનું જિલ્લા ભાજપ અધ્યક્ષ રમેશભાઇ મુંગરાએ જણાવ્યું હતું.

વઢવાણમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઊભો થયાને એક વર્ષ પૂર્ણ થયું હોવા છતાં કામ અધૂરું

સુરેન્દ્રનગર, તા.૧૬

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ મૂળચંદ રોડ ઉપર સરકાર દ્વારા ગંદુ પાણી શુદ્ધ કરવા માટે રૂપિયા ૩૮ કરોડ રૂપિયાના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો છે તે હાલમાં ૯૦ ટકા જેટલું કામ પૂર્ણ થઇ ચૂક્યું છે ફક્ત પાઈપલાઈન નાંખવાનું કામ હવે બાકી રહ્યું છે. શહેરી વિસ્તારનું ગંદુ પાણી પમ્પિંગ સ્ટેશનના મારફતે પહોંચાડી પાણી શુદ્ધ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ મૂળચંદ રોડ રૂપિયા ૩૮ કરોડના ખર્ચે સરકાર દ્વારા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે ત્યારે હવે ફક્ત પાઇપલાઇનો નાંખવાનો બાકી છે ત્યારે આ પ્લાન્ટમાં સમગ્ર શહેરી વિસ્તારનો વપરાશ થયેલું ગંદુ પાણી સુધી થવા માટે આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પાણી શુદ્ધ કરવા માટે બે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યારે આ પ્લાન્ટ ઉભો કરવા માટે એનવાયરો ઈન્ફ્રા ઈન્જિનીયર પ્રાઈવેટ લિમિટેડને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જ્યારે હાલમાં ૯૦ ટકા જેટલું કામ પૂર્ણ થઇ ચૂક્યું છે ત્યારે ફક્ત શુદ્ધ પાણી ખેતી સુધી પહોંચાડવાની પાઇપલાઈનો બાકી રહી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાનું ગમે તેવું અશુદ્ધ પાણી પમ્પિંગ સ્ટેશનના મારફતે આ પ્લાન્ટમાં પહોંચાડવામાં આવી રહ્યું છે અને શુદ્ધ કરવામાં આવી રહ્યું છે ત્યારે તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ચૂકી છે ફક્ત પાઈપલાઈનનું કામ બાકી રહ્યું છે. જેને લઈ અનેક પ્રકારની લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે છેલ્લા એક વર્ષથી કામકાજ પૂર્ણ થઇ ચૂક્યું છે પરંતુ શુદ્ધ કરેલું પાણી ક્યાંથી લાવવું એક પાલિકા તથા એન્જિનીયરો માટે મોટો સવાલ ઉભો થયો છે કારણ કે સુરેન્દ્રનગર શહેરી વિસ્તારનું ગંદુ પાણી તો ત્યાં લઈ જવામાં આવી જ રહ્યું છે પરંતુ શુદ્ધ પાણી હાલમાં ક્યાં ઠાલવવું તે એક મોટો સવાલ છે. ત્યારે ઉલ્લેખનીય છે કે એક વર્ષથી કામકાજ પૂર્ણ ચૂક્યું છે પરંતુ પાઇપલાઇનનો તથા કોઈ શુદ્ધ પાણીની વ્યવસ્થા ન થતા હાલમાં જાહેર રોડ રસ્તા ઉપર આ પાણી છોડી મૂકવામાં આવી રહ્યું છે.

મૂળચંદ રોડ ઉપર આવેલા ખુલ્લા પ્લોટમાં ૫૦૦થી વધુ ઝૂંપડામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાણી ફરી વળ્યા

સુરેન્દ્રનગર મૂળચંદ રોડ ઉપર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો છે. પરંતુ આ ટ્રીટમેન્ટ પ્લાનમાં શુદ્ધ થયેલ પાણી હાલ રસ્તાઓ પર છોડી દેવામાં આવી રહ્યું છે. ત્યારે આ પાણીની ભરાવો હાલ ખુલ્લા પ્લોટમાં થઈ રહ્યો છે ત્યારે રોડ ઉપર આવેલા પ્લાન્ટમાં રોજનું ૩.૨૩ લાખ લીટર પાણીનો શુદ્ધિકરણ થઈ રહો છે. ત્યારે આ પ્લાનટમાંથી શુદ્ધ થતું પાણી રોડ પર છોડવામાં આવી રહ્યું છે. તેવા સંજોગો સુરેન્દ્રનગરના મૂળચંદ રોડ ઉપર આવેલા ખુલ્લા પ્લોટમાં ૫૦૦થી વધુ ઝૂંપડામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાણી ફરી વળ્યા છે અને રોગચાળો પણ ફેલાયો છે. જેને લઈ રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી દિવસોમાં આ મામલે તંત્ર વ્યવસ્થા ઉભી કરે તે હવે જરૂરી બન્યું છે. (તસવીર :- ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલ સામે ફરિયાદોની વણઝાર ... વધુ ૧૬ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

કોરોના દરમિયાન સ્ટર્લિંગ હોસ્પિટલ મેનેજમેન્ટનો ભોગ બનેલા વધુ ૧૬ વ્યક્તિઓએ પોલીસ કમિશનર કચેરીમાં ફરિયાદ નોંધાવી છે. સ્ટર્લિંગ હોસ્પિટલ મેનેજમેન્ટના સામે બાયો ચડાવના ડો.સોનિયા દલાલે લડત ચાલુ કર્યા પછી હોસ્પિટલ સામે ફરિયાદ નોંધાવનારા લોકોની સંખ્યા વધીને ૫૬ થઇ છે. પરંતુ હવે આ મામલે પોલીસે હાથ ઉંચા કરીને કોર્પોરેશનને તપાસ કરવા તમામ ડોક્યુમેન્ટસ મ્યુનિસિપલ કમિશનર કચેરીમાં મોકલી આપ્યા છે. પોલીસ અને કોર્પોરેશન વચ્ચે ભોગ બનનાર દર્દીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્ટર્લિંગ હોસ્પિટલ મેનેજમેન્ટ સામે ડો.સોનિયા દલાલ દ્વારા શરૂ કરવામાં આવેલી આ લડતમાં ધીમે-ધીમે દર્દીઓની સંખ્યા વધતી જાય છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, હવે તપાસ કરવા માટે પોલીસ અને કોર્પોરેશન એક-બીજા પર જવાબદારી ઢોળી રહ્યા છે.આ મામલે વધુ ૧૬ વ્યક્તિઓએ મેડિકલ બીલ સહિતના પુરાવાઓ રજૂ કર્યા હોવા છતાં પોલીસ કોઇ કાર્યવાહી કરતી નથી અને તમામ જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનના માથે નાંખી દીધી છે. સીપી રીડર પી.આઇ.એ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને અરજદાર એવા દર્દીઓની ફરિયાદો તમારા વિભાગને લગતી હોવાથી અરજી સહિતના તમામ ડોક્યુમેન્ટસ મ્યુનિસિપલ કમિશનર કચેરીમાં મોકલી આપ્યા છે. કરોડો રૂપિયાની છેતરપિંડી થતા પોલીસ અને કોર્પોરેશન એક-બીજા પર જવાબદારી ઢોળી દેતા ભોગ બનનાર દર્દીઓ રોષે ભરાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે પલ્મોનોલોજીસ્ટ ડો.સોનિયા દલાલે કોરોના મહામારીના સમયે શહેરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ૨,૮૬૫થી વધુ દર્દીઓની સારવાર કરી હતી. જે દર્દીઓ પાસેથી હોસ્પિટલ મેનેજમેન્ટ સંચાલકોએ ડો.સોનિયા દલાલે આપેલી ફરિયાદના સાડા ત્રણ મહિના થઇ ગયા હોવા છતાં તપાસમાં કોઇ પ્રગતિ નથી. તેમના પછી બીજા ૫૬ દર્દીઓએ સીપી ઓફીસમાં તેમની સાથે થયેલી છેતરપીંડી અંગેની ફરિયાદો આપી હતી. પરંતુ પોલીસે આ ફરિયાદો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટ્રાન્સફર કરી છે. હવે સૌથી મોટો સવાલ એ છે હોસ્પિટલ સામે તપાસ કોણ અને ક્યારે કરશે ? શું ભોગ બનેલા દર્દીઓને ન્યાય મળશે ?

ભોગ બનનારાઓની યાદી નીચે મુજબ છે.

૧.અનસોયાબેન ગાંધી
૨.હિનલ પટેલ
૩.જૈમિન પટેલ
૪.કરિશ્મા પટેલ
૫.પુરૂસોત્તમ પટેલ
૬.તુલસીબેન
૭.રેખાબેન
૮.નારાયણ દત્તવાણી
૯.જયાબેન દત્તવાણી
૧૦.અનિશ દેસાઇ
૧૧.લાભુભાઇ બધીવાલા
૧૨.અરૂણ પંડિત
૧૩.જીજ્ઞેશ શાહ
૧૪.સમીર પટેલ
૧૫.ઘનશ્યામ પટેલ
૧૬.સ્વ.વીનુભાઇ પટેલ વતી તેમના કુંટુબીજને ફરિયાદ આપી હતી.

મનપાની તમામ કચેરીઓ, જાહેર સ્થળો પર પ્રવેશ માટે ફરજિયાત વેક્સિનેશન

સુરતમાં આજથી મોલ, મલ્ટીપ્લેક્સ, હોટલ, રેસ્ટોરન્ટ સહિતના સ્થળોએ વેક્સિન અભિયાન

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત મહાનગરપલિકાની તમામ કચેરીઓ અને જાહેર સ્થળો પર પ્રવેશ માટે ફરજીયાત વેકસીનેશનના અભિયાન બાદ હવે આવતીકાલથી મોલ, મલ્ટીપ્લેક્સ અને હોટલ રેસ્ટોરન્ટ્સ સહિતના ખાનગી સ્થળોએ પણ આ અભિયાન હાથ ધરવામાં આવશે. અલબત્ત આજે પણ સતત બીજા દિવસે સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં પ્રવેશ પૂર્વે મુલાકાતીઓના વેકસીનેશન સર્ટિફીકેટની ખરાઇ કરવામાં આવી હતી.

દિવાળીના વેકેશન બાદ કોરોના મહામારી માથું ઉંચકે તે પૂર્વે મહાનગર પાલિકા દ્વારા સખ્ત નિર્ણય લેવામાં આવ્યા છે. બહાર ગામથી વેકેશનની મજા માણીને પરત ફરી રહેલા શહેરીજનોને અલગ અલગ એન્ટ્રી પોઇન્ટ પર કોવિડ-૧૯ના રેપિટ ટેસ્ટ અભિયાન બાદ હવે સરકારી કચેરીઓ સહિત બાગ બગીચા, એક્વેરિયમ, પ્રાણી સંગ્રાહલય સહિતના સ્થળોની મુલાકાત લેનારા નાગરીકો માટે વેકસીનેશન ફરજીયાત કરવામાં આવ્યું છે. ગઇકાલથી શરુ કરવામાં આવેલા આ અભિયાનને પગલે અત્યાર સુધી વેકશીનથી બે ગજ છેટુ અંતર રાખનારાઓ રહ્યાં છે. આ દરમિયાન હવે આવતીકાલથી શહેરના શોપિંગ મોલ, મલ્ટીપેલકેસ, ગેમીંગ ઝોન અને હોટલ સહિતના ખાનગી સ્થળોએ પણ ફરજિયાત વેકસીનેશન સર્ટિફીકેટની ચકાસણી હાથ ધરવામાં આવશે. જેને પગલે આગામી દિવસોમાં બીજા તબક્કાનો ડોઝ લેનારાઓની સંખ્યામાં ભારે ઉછાળો આવે તેવી પ્રબળ શક્યતાઓ છે.

સુરતમાં બાઈકના વેપારી સાથે રૂા. ૫ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

શહેરના ગોપીપુરા વેલો સીટી ઈ-બાઈકના વેપારીએ રૂા. ૫ લાખ ઓર્ડર મુજબચૂકવી દીધા છતાં ન્યુ દિલ્હી અને ઉત્તર પ્રદેશના ઈલેક્ટ્રીક બાઈકના વેપારીઓએ મંગાવેલી દસ જેટલી ઈલેક્ટ્રીક બાઈકો ન મોકલી તેમજ ચૂકવી દીધેલા પૈસા પણ પરત નહીં કરી વિશ્વાસઘાત કર્યો હતો અઠવા પોલીસે નવી દિલ્હી અને યુપીના ઈલેક્ટ્રીક બાઈકના વેપારી સામે ઠગાઈનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અઠવા પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ વત્સલ કિશોરચંદ્ર કાપડિયા ગોપીપુરા વેલોસિટા ઈ-બાઈકના નામે શોરૂમ ધરાવે છે. વત્સલ કાપડિયાએ ઉત્તરપ્રદેશ ગૌતમ બુદ્ધ નગરદુર્ગા કોલોની ખાતે રહેતામનીષ સારસ્વતઅને નવી દિલ્હી શાકરપુર અરૂણા પાર્ક ખાતે રહેતા પ્રશાંત ચોરસિયા પાસેથી દસ નંગ ઈલેક્ટ્રીક બાઈકનો ઓર્ડરથી મંગાવી હતી. વત્સલ કાપડિયાએ બંને ઈલેક્ટ્રીક બાઈકના વેપારીઓને દસ નંગ ઈ-બાઈકના રૂા. ૫ લાખ ઓર્ડર મુજબ મોકલી આપ્યા હતા. જો કે વત્સલ કાપડિયા સાથે મનીષ સારસ્વત અને પ્રશાંત ચોરસિયા એ વિશ્વાસઘાત કરી દસ જેટલી બાઈકો ન મોકલીઅને વત્સલ કાપડિયાએ આપેલા પાંચ લાખ પણ પરત નહીં કરી છેતરપિંડી કરી હતી જેથી વત્સલ કાપડિયાએ મનીષ સારસ્વત અને પ્રશાંત ચોરસિયા વિરૂદ્ધ અઠવા પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ આપતા પોલીસે તેઓની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

મ્યુનિ. દ્વારા ઈંડા-નોનવેજ સહિત નાસ્તાનું વેચાણ કરતી લારીઓ પર પણ કાર્યવાહી હાથ ધરાતા રોષ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈંડા અને નોનવેજની લારીઓ દૂર કરવાના કરેલા આદેશ બાદ આજરોજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈંડાની લારીઓ ઉપરાંત અન્ય ખાદ્ય પદાર્થો કે નાસ્તાની લારીઓ દૂર કરાતા લારી-ગલ્લા એસોસિએશને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ચાની કીટલી, ઈંડા કે નોનવેજનું વેચાણ કરતી તથા અન્ય ખાણીપીણીની વસ્તુઓ વેચાણ કરતી લારીવાળાઓને સ્ટ્રીટ વેન્ડર ગણવામાં આવતા નથી. કોર્પોરેશન સ્ટ્રીટ વેન્ડર એક્ટનું ખોટું અર્થઘટન કરતી હોવાનો આક્ષેપ કર્યો છે.

રાજ્યની ૬ ન.પા.માં પાણી પુરવઠાના રૂપિયા ૬૩.૩૭ કરોડના કામોને મંજૂરી

મહુવા, બાલાસિનોર, ખેડબ્રહ્મા, થાનગઢ, ઈડર તથા સિક્કા ન.પા.માં વિવિધ કામો કરાશે

અમદાવાદ, તા.૧૬

રાજ્યના નગરો-મહાનગરોમાં સૌને પીવાનું શુદ્ધ અને પૂરતું પાણી મળી રહે તેવા ઉદાત ભાવથી રાજ્યની ૬ નગરપાલિકાઓમાં કુલ ૬૩.૩૭ કરોડના પાણી પૂરવઠાના વિવિધ કામો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જે નગરોમાં પાણી પૂરવઠાના વિવિધ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે તેમાં મહુવા નગરપાલિકામાં રૂ. ૨૧.૮૭ કરોડ, બાલાસિનોરમાં રૂ. ૧૩.૬૯ કરોડ, ખેડબ્રહ્મામાં ૯.૦૮ કરોડ, ઈડરમાં રૂ. ૬.૩૮ કરોડ તથા થાનગઢમાં રૂ. ૭.૭૬ કરોડ અને સિકામાં રૂ. ૪.૫૯ કરોડના કામોનો સમાવેશ થાય છે. રાજ્યના આ નગરોમાં આગામી ૨૦૩૬ની વસ્તીના અંદાજો ધ્યાને રાખીને આ પાણી પૂરવઠા યોજનાઓનું નિર્માણ હાથ ધરવાનું છે. મહુવા નગરપાલિકામાં જે કામો હાથ ધરાશે તે કામોમાં ૨૨ લાખ લીટરનો સંપ, રાઈઝીંગ મેઈન, ગ્રેવિટી મેઈન, વિતરણ વ્યવસ્થા વગેરેનો સમાવેશ કરાયો છે. હાલની સ્થિતીએ મહુવામાં ૧૧ એમ.એલ.ડી પાણીનું વિતરણ મહિ અને નર્મદા પાઈપ લાઈનથી કરવામાં આવે છે.

બાલાસિનોર નગરપાલિકા દ્વારા પ્રવર્તમાન સોર્સમાંથી ૧૦.૫૨ એમ.એલ.ડી પાણી પુરૂં પાડવામાં આવી રહ્યું છે. બાલાસિનોર માટે આ પાણી પૂરવઠાની યોજનાના કામોમાં ઈન્ટેકવેલ, પમ્પીંગ મશીનરી, રાઈઝીંગ મેઈન લમ્પ, પમ્પ હાઉસ, વિતરણ વ્યવસ્થા વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે.

સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા નગરપાલિકામાં પૂરતા પ્રેશરથી નગરજનોને પાણી પુરૂં પાડી શકાય તે માટેની યોજનામાં મુખ્યત્વે વોટર કલેક્ટીંગ ચેમ્બર, રાઈઝીંગ મેઈન, ગ્રેવીટી મેઈન, ભૂગર્ભ સમ્પ, પંપ હાઉસ તથા વિતરણ વ્યવસ્થા નેટવર્ક વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે જિલ્લાની ઈડર નગરપાલિકામાં જે કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે તેમાં જુદા જુદા વિસ્તારમાં ઊંચી ટાંકીઓ બનાવવા, પાઈપ લાઈન નાખવા તથા ક્લોરીનેશન એરેજમેન્ટ અને હયાત વેસ્ટ વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટની મરામતની કામગીરી હાથ ધરાશે.

થાનગઢ નગરમાં નવા વિકસીત વિસ્તારોમાં પીવાના પાણીના નેટવર્ક માટે તથા જૂના ગામતળ વિસ્તારમાં જૂનું એ.સી પાઈપ નેટવર્ક હોવાથી નવિન યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે.

સિક્કા નગરપાલિકામાં છેવાડાના વિસ્તારોમાં પૂરતા પ્રેશરથી પાણી પુરૂં પાડી શકાય તે હેતુથી નવી પાણી પૂરવઠા યોજનામાં હેડવર્ક ડેવલપમેન્ટ સહિત સમ્પ, ઊંચી ટાંકી, રાઈઝીંગ મેઈન અને ગ્રેવિટી મેઈનની કામગીરી આવરી લેવાશે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આ નગરોમાં જે કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે તે કામો ટેકનીકલ અને એડમીનીસ્ટ્રેટીવ મંજૂરી મેળવી ૧ વર્ષમાં જ પૂર્ણ કરવાના રહેશે.

બોપલના બંગ્લોઝમાં થયેલી ચોરીમાં નોકર રૂપિયા૩૭ લાખના દાગીના સાથે પકડાયો

● ત્રણ વર્ષ પહેલાં બંગ્લોઝમાં નોકરી કરતો હોઈ તકનો લાભ લઈ હાથ સાફ કર્યો હતો ● ચોરીના દાગીના સાથે વતન જઈ રહ્યો હતો ત્યારે ગ્રામ્ય LCBની ટીમે પકડી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

બોપલના બસંત બહાર બંગ્લોઝમાં રહેતો પરિવાર દિવાળીના તહેવારમાં ફરવા ગયો ત્યારે તસ્કરો તેમના ઘરે હાથ સાફ કરી ગયા હતા. આ ગુનામાં ગ્રામ્ય એલસીબી પોલીસે બંગ્લોઝમાં ત્રણ વર્ષ પહેલાં કામ કરતા એક નોકરને રૂા.૩૭.૧૫ લાખના દાગીના સાથે પકડી પાડ્યો હતો. નોકર ચોરીના મુદ્દામાલ સાથે વતન જઈ રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે તેને પકડી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, બોપલ ખાતેના પોશ વિસ્તાર ગણાતા બંસત બહાર ખાતે રહેતા મોહિત મરડિયા પરિવાર સાથે ૫ નવેમ્બરથી ૧૦ નવેમ્બર દરમિયાન ફરવા માટે બહાર ગયા હતા. તેઓ ૧૦ નવેમ્બરના રોજ રાતના સમય ઘરે પરત ફરતા ઘરમાં જોતા સ્ટોર રૂમનો સામાન વેરવિખેર પડ્યો હતો અને સોના અને ચાંદીની વસ્તુઓ ચોરી થઈ હોવાનું જણાયું હતું, જેથી આ ઘટના અંગે તેમણે બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે

આરોપીઓને પકડી પાડવા માટે એલસીબીના પીઆઈ એચ.બી. ગોહીલને સૂચના આપી હતી, જેના પગલે એલસીબીની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગુનાની પદ્ધતિના આધારે અંદરના કોઈ માણસ સંડોવાયેલા હોવાના અનુમાન સાથે બંગ્લોઝમાં કામ કરતા કૂક, સફાઈ કામ કરતા તથા બીજા અન્ય લોકોની અલગ-અલગ રીતે પૂછપરછ કરવા છતાં કોઈ પરિણામ મળ્યું ન હતું. જો કે, આ પ્રકારની ચોરી કોઈ જાણકાર માણસ જ કરી શકે તેમ હોઈ પોલીસે તે દિશામાં પ્રયાસો ચાલુ રાખ્યા હતા. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, ચોરી કરનાર આરોપી મોતીસિંહ ચૌહાણ (રહે.સિંધુભવન) ત્રણેક વર્ષ પહેલાં ચોરી થયેલા બંગ્લોઝમાં નોકરી કરતો હતો અને હાલમાં મસકરા શેઠ (રહે.શિવમ બંગ્લોઝ) ખાતે ઘરઘાટી તરીકે નોકરી છે. તેણે આ ચોરી કરી હોવાની તેમજ ચોરીના મુદ્દામાલ સાથે પોતાના વતન જવા માટે શીલજ સર્કલ થઈ પસાર થવાનો હોવાની બાતમીના આધારે મોતીસિંહને ચોરીના દાગીના સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી સોનાના દાગીના ૬૨૮.૮૫૦ ગ્રામ કિં.રૂા.૨૫.૩૯ લાખ, ચાંદીના દાગીના ૩.૩૭૬ કિ.ગ્રા. કિં.રૂા.૨.૦૫ લાખ તથા હિરાના દાગીના કિં.રૂા.૯.૬૫ લાખ તથા પરચુરણ સામાન મળી કુલ રૂા.૩૭.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની પૂછપરછ કરતા તેણે ચોરી કરી હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી, જેથી તેને તપાસ માટે બોપલ પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.

રિક્ષાચાલકોની ૨૧મીથી હડતાળ; ૧૮મીએ રણનિતી નક્કી થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રિક્ષા ચાલકો દ્વારા આપવામાં આવેલી ૩૬ કલાકની હડતાળની અસર રાજ્યમાં નહીવત રહી હતી. આ હડતાળ મંગળવારે બપોરે ૧૨ વાગ્યે પૂર્ણ થયા બાદ સમિતિ દ્વારા માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કર્યું હતું. હવે CNG ભાવ વધારા વિરોધી સમિતિ દ્વારા ૨૧મીથી અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરવામાં આવ્યું છે અને તેને લઈને ૧૮મીએ ખાસ મિટીંગ બોલાવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CNG ભાવ વધારા વિરોધી સમિતિના અશોક પંજાબી અને વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્યના રિક્ષા ચાલકોના પ્રાણપ્રશ્નો અંગે સરકાર પગલાં ભરે તે માટે ૩૬ કલાકની હડતાળ મંગળવારે બપોરે ૧૨ વાગે પૂર્ણ થઈ છે. CNGમાં ભાવ વધારો પાછો ખેંચવા અને રિક્ષા ચાલકોને આર્થિક સહાય ચૂકવી આપવા, પોલીસ દમન બંધ કરવાની માગણી અને લડતને મજબૂત કરવા માટે ૨૧ નવેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળ તેમજ રિક્ષા ચાલકો દ્વારા જેલ ભરો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. આ માટે ૧૮ નવેમ્બરના રોજ સમિતિના આગેવાનોની અગત્યની મીટીંગ મળશે. બીજી બાજુ રાજ શિરકેના એસો.ને ગાંધીનગર ખાતે વાહન વ્યવહાર મંત્રીએ મળવા માટે બોલાવ્યા હોવાનું અને રિક્ષા ચાલકોના પ્રશ્નોના નિકાલની ખાતરી આપી હોવાનું જાણવા મળે છે. આ એસો. દ્વારા હડતાળનો વિરોધ કરવામાં આવ્યો હતો અને આગામી ૨૧મીથી અચોક્કસ મુદતની હડતાળનો પણ વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેથી આગામી દિવસમાં થનારી હડતાળ પર કેવી અસર પડે છે તે જોવાનું રહેશે.

ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલનો

હઝરત પીર મોહમ્મદશા દરગાહ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓને તાકીદે હોદ્દા પરથી દૂર કરવા આદેશ

ટ્રસ્ટના કામ માટે ક્લાસ-૧ કક્ષાના ચાલુ સરકારી મુસ્લિમ અધિકારીની કારોબારી અધિકારી તરીકે નિમણૂક કરવા હુકમ

અમદાવાદ,તા.૧૬

અહમદાબાદ શહેરમાં આવેલી હઝરત પીર મોહમ્મદશા દરગાહ ટ્રસ્ટમાં છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત પ્રમુખ મોહંમદ શફી મનિયાર દ્વારા સંસ્થામાં ગેરવહીવટ કરાયો હોવાના તેમજ વકફ બોર્ડની પરવાનગી વગર વકફ ટ્રસ્ટની મિલકતો ભાડે આપવા તથા અમુક દુકાનો પેટા ભાડૂઆતોને આપી ભાડાના પૈસા પોતાના ખિસ્સામાં રાખતા હોવાનો સહિત અનેક આક્ષેપ કરતી અરજી કરાયા બાદ ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ તમામ ટ્રસ્ટીઓને તાકીદે તેમના હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરી વકફ બોર્ડને મુસ્લિમ અધિકારીની કારોબારી અધિકારી તરીકે નિમણૂક કરવા હુકમ કર્યો છે. હઝરત પીર મોહમ્મદશા દરગાહ ટ્રસ્ટમાં ૨૧ ટ્રસ્ટીઓ કામ કરે છે. ટ્રસ્ટના વકીલ દ્વારા વકફ ટ્રિબ્યુનલમાં રજૂ કરાયેલા રેકોર્ડ મુજબ ટ્રસ્ટની નાની મોટી કુલ ૩૨૦ જેટલી મિલકતો છે. જેનું માસિક ભાડુ રૂા.૫૦થી ૧૫૦૦ રૂપિયા સુધી છે. આ મિલકતો જે વિસ્તારમાં આવેલી છે. તે વિસ્તારમાં એક ખૂણામાં દુકાન લેવા જતાં ઓછામાં ઓછું માસિક રૂા. ૧૦૦૦૦ ભાડું મળી શકે તેમ છતાં પ્રાઈમ લોકેશન ધરાવતા કોમર્શિયલ વિસ્તારમાં આ મિલકતો ખુબ જ નજીવા ભાડેથી આપી દીધેલ છે. અરજીમાં આ મુજબ અનેક મુદ્દાઓ ઉપસ્થિત કરી એવો આક્ષેપ કરાયો છે કે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ લાંબા સમયથી ફરજ બજાવતા હોવા છતાં વકફની આવકમાં વધારો થાય તે માટેની કોઈપણ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ટ્રસ્ટીઓ દ્વારા ભાગનો કબજો મેળવવા કે ભાડુ વધારવા ટ્રસ્ટીઓ તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો તેમજ મિલકતોનો કબજો પરત મેળવવા કોઈપણ પ્રકારની

● વકફ ટ્રિબ્યુનલનો વકફ બોર્ડના કારોબારી અધિકારીને હુકમ : દરગાહ ટ્રસ્ટના મુરીદોમાંથી મતદાતાની યાદી તૈયાર કરી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી તેમાંથી નવા મુતવલ્લીઓની નિમણૂક કરવી ● મુતવલ્લી તરીકે ઉમેદવારી કરનારાઓએ પોતે દરગાહમાં માને છે તેવું સોગંદનામું રજૂ કર્યેથી જ ઉમેદવારી કરી શકશે

એવી દલીલ કરાય છે કે વકફ ટ્રસ્ટની મિલકતોનું જંત્રી મુજબ ભાડું ગણવામાં આવે તો ઘણી જ મોટી ભાડાની રકમ થાય છે. જેથી ભાડૂઆતો એક જૂથ થઈ બળવો કરી તોફાન કરે અને ઝઘડા થાય તેવી આશંકા વ્યકત કરવામાં આવી છે. આ અરજીના અનુસંધાને ગુજરાત રાજ્ય વકફ બોર્ડ તરફથી પણ ટ્રસ્ટની એક મિલકત ન્યુ મિડલ હાઈસ્કૂલનો લાંબા સમયથી બંધ નક્કર કાર્યવાહી કરેલ ન હોવાની રજૂઆત કરવામાં આવી હતી. મુતવલ્લી તરીકે સંસ્થાની આવક વધારવાના પ્રયત્નો કરાયા નથી કે સમાજના કલ્યાણ માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. માત્ર ટ્રસ્ટની મિલકતોની જાળવણી કરવાની પ્રશંસનીય કામગીરી કરી છે. આવા અનેક મુદ્દાઓ વકફ ટ્રિબ્યુનલ સમક્ષ ઉપસ્થિત કરાતા વકફ ટ્રિબ્યુનલે ગુજરાત રાજ્ય વકફ બોર્ડને હઝરત પીર મોહમ્મદશા દરગાહ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓને તેમના હોદ્દા પરથી તાકીદે દુર કરવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત વકફ ટ્રિબ્યુનલે વકફ બોર્ડને એવો પણ હુકમ કર્યો છે કે ટ્રસ્ટના કામે ક્લાસ-૧ કક્ષાના ચાલુ સરકારી મુસ્લિમ અધિકારીની કારોબારી અધિકારી તરીકે નિમણૂક કરવી જેથી આ અધિકારી ટ્રસ્ટના તમામ ભાડૂઆતો સામે તેમજ વકફ બોર્ડ સમક્ષ ભાડા વધારવા માટેની નક્કર કાર્યવાહી કરી શકે. આ ઉપરાંત ટ્રસ્ટીઓને ટ્રસ્ટના હિસાબ કિતાબ સહિતનો તમામ કારોબાર કારોબારી અધિકારીને સોંપી દેવા હુકમ કરવામાં આવ્યો છે. ટ્રિબ્યુનલના આદેશ છતાં ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની આવકમાં વધારો કરવા અને ભાડા વધારવા કોઈપણ પ્રકારની નક્કર કાર્યવાહી કરી ન હોવાથી તમામ ટ્રસ્ટીઓ સામે ઈન્કવાયરી કરી તેઓના અંગત વપરાશમાંથી ટ્રસ્ટને ભાડાની રકમમાં જે નુકસાન થયેલ છે તે નુકસાનીની રકમ મેળવવા વકફ બોર્ડને હકદાર ઠેરવવામાં આવ્યા છે. આ ઉપરાંત વકફ ટ્રિબ્યુનલ દ્વારા કારોબારી અધિકારીને એવો હુકમ કરવામાં આવ્યો છે કે હઝરત પીર મોહમ્મદશા દરગાહ શરીફ ટ્રસ્ટના મુરીદોમાંથી મતદાતાની એક યાદી તૈયાર કરી તેમાંથી આ હુકમની તારીખથી ૬૦ દિવસમાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી તેમાંથી નવા મુતવલ્લીઓની નિમણૂક કરવી મુતવલ્લી તરીકે ઉમેદવારી કરનાર દરેક વ્યકિત પોતે દરગાહમાં માને છે. તેવું સોગંદનામુ કારોબારી અધિકારી સમક્ષ રજુ કર્યે જ ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. ગુજરાત રાજ્ય વકફ બોર્ડને હુકમ કર્યો છે કે હુકમ મળ્યાના એક દિવસમાં જ તમામ ટ્રસ્ટીઓ પાસેથી સ્થળ ઉપર જઈને પ્રત્યક્ષ કબજો ભોગવટો તેમજ ટ્રસ્ટના હિસાબ કિતાબ સહિતનો તમામ કારોબાર મેળવી લેવો. જો તેઓ આનાકાની કરે અથવા હાજર ન રહે તો એક તરફી કાર્યવાહી કરી કબજો મેળવવો.

ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ દ્વારા હઝરત પીર મોહમ્મદશા દરગાહ ટ્રસ્ટના જે ટ્રસ્ટીઓને તેમના હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે

નામ : (૧) મોહંમદ શફી અબ્દુલ રહીમ મણિયાર, (૨)અનવર અહેમદ મોહંમદમિયાં વલીઉલ્લા, (૩) મુઝમ્મીલ અબ્દુલ લતીફ વલીઉલ્લા, (૪) મોહંમદ હબીબ અબ્દુલનબી નરમાવાલા, (૫) રસુલમિયાં હુસેનમિયાં શેખ, (૬) અબ્દુલ રઝાક અબ્દુલ કાદર કમકોરીવાલા, (૭) અબ્દુલ રહીમ અબ્દુલ કરીમ મારફતિયા, (૮) ડો. મોઈન મોહંમદહબીબ કાકીવાલા, (૯) અઝીઝ અમાલુદ્દીન વલીઉલ્લા, (૧૦) મોહંમદ ઈકબાલ અબ્દુલ રહીમ મણિયાર, (૧૧) મોહંમદ ઉસ્માન મોહંમદ તાહેર મુલ્લા, (૧૨) મોહંમદ ઈલ્યાસ મોહંમદ સીદ્દીક મીઠાવાલા, (૧૩) અબ્દુલ કાદર ગુલામ મોહંમદ કડિયાવાલા, (૧૪) ડો. સીદ્દીક અબ્દુલ રસુલ કડિયાવાલા, (૧૫) મોહંમદ હુસેન ઉસ્માનભાઈ કાગદી, (૧૬) મોહંમદ સાલેહ અબ્દુલ લતીફ નાકાદાર, (૧૭) અઝીઝ અહેમદ અબ્દુલ કરીમ લાટીવાલા, (૧૮) મુફતી મુહમ્મદ યહયા અબ્દુલ રશીદ મસ્તાન, (૧૯) અબ્દુલકાદર મોહંમદ હુસેન શેઠવાલા, (૨૦) મોહંમદ યાસીન અબ્દુલ કરીમ ગૌરીયા, (૨૧) મોહંમદ હુસેન અલીભાઈ રૂપાલવાલા.

રાજ્યમાં ટૂંક સમયમાં ધોરણ ૧થી ૫નો ઓફલાઈન અભ્યાસ શરૂ કરાશે

ડિસેમ્બર મહિનામાં ઓફલાઈન વર્ગો શરૂ કરી દેવાની વિચારણા

અમદાવાદ, તા.૧૬

કોરોના મહામારીના કપરા સમયમાં રાજ્યની શાળાઓમાં ૭ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયા બાદ પ્રથમ સત્રમાં મોટાભાગે ઓનલાઈન શિક્ષણ જ ચાલ્યું હતું. કોરોનાના કેસો ઓછા થતાં સરકાર દ્વારા સૌપ્રથમ ધો. ૯થી ૧૨ અને ત્યારબાદ ધો. ૬થી ૮ના વર્ગો શરૂ કરાયા હતા. જોકે, હજુ પણ શાળાઓમાં ધો.૧થી ૫ના વર્ગોમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યા નથી. જે અંગે હવે શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ સારા સમાચાર આપ્યા છે. તેમણે જણાવ્યું છે કે, ટૂંક સમયમાં ઓફલાઈન અભ્યાસ શરૂ કરાશે. ધોરણ ૧થી ૫ની સ્કૂલો શરૂ કરવા અંગે શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે, ખૂબ ઝડપથી સારા સમાચાર મળશે અને ટૂંક સમયમાં ઓફલાઈન અભ્યાસ શરૂ કરી શકાશે. આ સાથે તેમણે વધુમાં જણાવ્યું કે, બાળકો સંસ્થાનો પ્રાણ છે, સંસ્થાની જીવંતતા બાળકોના આવવાથી થતી હોય છે ત્યારે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીને આપણે ઓફલાઈન શિક્ષણ શરૂ કરીશું. શાળાએ આવવા માટે વિદ્યાર્થીઓની સાથે વાલીઓ પણ ઉતાવળા થયા છે. મુખ્યમંત્રી સાથે બેસીને તેમના માર્ગદર્શનમાં, યોગ્ય સમયે, રાજ્યના હિતમાં નિર્ણયની જાહેરાત કરીશું પરંતુ તમને બહું રાહ નહીં જોવડાવીએ. આગામી ૧ ડિસેમ્બરથી આ વર્ગો ઓફલાઈન શરૂ કરી દેવાની વિચારણા ગંભીરતાથી હાથ ધરવામાં આવી છે. જોકે, પહેલી ડિસેમ્બરથી આ ઓનલાઈન વર્ગો શરૂ થશે તો પણ તેના શૈક્ષણિક સત્રના દિવસોમાં કેટલાક ફેરફારો કરવાનું પણ વિચારાધીન હોવાનું ગાંધીનગર સ્થિત સૂત્રોએ જણાવ્યું હતું. પહેલી ડિસેમ્બરથી આ વર્ગો શરૂ થઈ જશે. જોકે, ધોરણ ૧થી ૫ના વર્ગોનો સાપ્તાહિક સમય ઘટાડી નાખવામાં આવશે અને સપ્તાહનું શૈક્ષણિક સત્ર પણ છની જગ્યાએ ચાર દિવસનું કરવામાં આવે એવી સંભાવના છે. ધોરણ ૧થી ૫ના શૈક્ષણિક સત્રના સમયમાં પણ વધારો કરવામાં આવે તેવી શક્યતા છે.

બીજા સત્રની પ્રથમ સામયિક કસોટી ૧૦ ડિસેમ્બરના રોજ લેવાશે

● શિક્ષણ વિભાગ દ્વારા બીજા સત્રમાં લેવાનારી તમામ સામયિક કસોટીનો કાર્યક્રમ જાહેર કર્યો ● ૪ માર્ચના રોજ બીજા સત્રની છેલ્લી સામયિક કસોટી લેવાનું વિભાગનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૩થી ૮માં દર મહિનાના અંતમાં સામયિક કસોટી લેવાનું આયોજન કર્યું છે. જે મુજબ અત્યાર સુધી સામયિક કસોટી લેવામાં આવી હતી. જોકે, દિવાળી વેકેશન બાદ શરૂ થનારા બીજા શૈક્ષણિક સત્રમાં કયા માસમાં ક્યારે એકમ કસોટી લેવાશે તે અંગેનો કાર્યક્રમ વિભાગ દ્વારા અગાઉથી જ જાહેર કરી દેવામાં આવ્યો છે. જે મુજબ વેકેશન બાદ સૌપ્રથમ સામયિક કસોટી ૧૦ ડિસેમ્બરના રોજ લેવાશે. જ્યારે છેલ્લી સામયિક કસોટી ૪ માર્ચના રોજ લેવાનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા દર મહિનાની અંતિમ તારીખોમાં વિદ્યાર્થીઓની સામયિક કસોટી લેવામાં આવતી હોય છે. જે અંગે મહિનાની શરૂઆતમાં કાર્યક્રમ જાહેર કરવામાં આવતો હતો. અત્યાર સુધી દર મહિનાની શરૂઆતમાં જ શિક્ષણ વિભાગ દ્વારા સામયિક કસોટીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ આ વખતે પહેલી વાર વિભાગ દ્વારા બીજા સત્રમાં લેવાનારી તમામ એકમ કસોટીનો કાર્યક્રમ એક સાથે જાહેર કરી દીધો હોવાનું જાણવા મળે છે. જેથી વિદ્યાર્થીઓને શરૂઆતથી જ તૈયારીનો સમય મળી રહેશે.

સતત મુલ્યાંકન હેતુસર રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં સમયાંતરે સામયિક મૂલ્યાંકન કસોટીઓનું આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ના દ્વીતીય સત્રમાં ધોરણ-૩થી ૮માં યોજાનારી કસોટી અંગેનું સમગ્ર આયોજન તૈયાર કરવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓને શરૂઆતથી જ સામયિક કસોટી અંગેની જાણકારી મળી રહેશે.

દિવાળી વેકેશન ૨૧ નવેમ્બરના રોજ પૂર્ણ થયા બાદ ૨૨ નવેમ્બરથી સ્કૂલોમાં નવા સત્રનો પ્રારંભ થશે. ત્યારબાદ સૌપ્રથમ સામયિક કસોટી ડિસેમ્બર માસમાં લેવામાં આવશે. જેમાં ૧૦ ડિસેમ્બર, ૧૭ ડિસેમ્બર અને ૨૪ ડિસેમ્બરના રોજ સામયિક કસોટી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ જાન્યુઆરી માસમાં ૭ જાન્યુઆરી, ૧૨ જાન્યુઆરી, ૨૧ જાન્યુઆરી અને ૨૮ જાન્યુઆરીના રોજ સામયિક કસોટી લેવાશે. ફેબ્રુઆરીમાં ૪ ફેબ્રુઆરી, ૧૧ ફેબ્રુઆરી, ૧૮ ફેબ્રુઆરી અને ૨૫ ફેબ્રુઆરીના રોજ સામયિક કસોટી લેવામાં આવનાર છે. જ્યારે માર્ચ માસમાં માત્ર ૪ માર્ચના રોજ સામયિક કસોટી લેવાશે. જીસીઈઆરટી દ્વારા સામયિક કસોટી વખતે કયા વિષયની પરીક્ષા લેવાશે અને તેમાં કેટલો અભ્યાસક્રમ હશે તે પણ વિદ્યાર્થીઓ માટે અત્યારથી જ જાહેર કરી દીધું હોવાનું જાણવા મળે છે. જેથી વિદ્યાર્થીઓ સત્રની શરૂઆતથી જ તૈયારીમાં લાગી શકશે.

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઈંડા અને નોનવેજની લારીઓ બંધ કરાવવાના નિર્ણયના વિરોધમાં મેયરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુનિસિપલ કાઉન્સિલરો ઈકબાલ શેખ, હાજી અસરારબેગ મીરઝા, શહેઝાદખાન પઠાણ, જમનાબેન વેગડા, તસ્નીમઆલમ બાવાસાહેબ તિરમીઝી, ઝુલ્ફીખાન પઠાણ, રાજશ્રી કેસરી, કામિની ઝા, નિકુલસિંહ, અકબર ભટ્ટી, રફીક શેઠજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ હાથલારી સાથે દેખાવો કર્યા હતા.

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મેયરને આવેદનપત્ર સુપરત

વેન્ડર પોલિસીનો અમલ કરી વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા બાદ જ લારી-ગલ્લા હટાવવા જોઈએ

શું ટ્રાફિકની સમસ્યા માટે માત્ર ઈંડા અને નોનવેજની લારીઓ જ જવાબદાર છે ?

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૭

રાજ્યની રાજકોટ, ભાવનગર, વડોદરા સહિતની મનપાની જેમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રએ પણ ઈંડા અને નોનવેજની લારીઓ દૂર કરવાના કરેલા નિર્ણયના વિરોધમાં શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ મેયરને મળી આવેદનપત્ર પાઠવી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ વેન્ડર પોલિસીનો અમલ કરી હોકર્સ ઝોન દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા બાદ જ લારી-ગલ્લા હટાવવા માગણી કરવામાં આવી હતી. મેયરને પાઠવેલ આવેદનપત્રમાં જણાવાયું હતું કે, અમારી સ્પષ્ટ માન્યતા છે કે, ઈંડા અને નોનવેજની લારીઓ પવિત્ર ધાર્મિક સ્થળોની આસપાસ લાગણી દુભાવ તેવી જગ્યાએ ઊભી રાખવી જોઈએ નહીં. જો મ્યુનિ. કોર્પોરેશનોએ માત્ર ધાર્મિક સ્થળોની આસપાસ ઊભી રહેતી ઈંડા અને નોનવેજની લારીઓ દૂર કરવાની વાત કરી હોત તો તે વ્યાજબી હોત.

કેન્દ્ર અને રાજ્ય સરકારે રસ્તા પર ધંધો કરનારા લોકોને હોકર્સ ઝોન દ્વારા વૈકલ્પિક રોજીની વ્યવસ્થા મળી શકે અને અન્ય નાગરિકોને પણ ટ્રાફિકની સમસ્યાનો સામનો ના કરવો પડે માટેની પોલિસી બનાવી છે પરંતુ સરકારે આજદિન સુધી પોતાની ફરજ નિભાવી નથી. સરકારે સંકુચિત માનસિકતાનો પરિચય આપતા રાજકીય કારણોસર માનવતા નેવે મૂકી ગરીબ લોકોની લારીઓ હટાવવાનો ભેદભાવપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. સરકાર રોજગારી આપવામાં નિષ્ફળ જતા રાજ્યના લાખો ગરીબ પરિવારો મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓને હપ્તો આપ્યા પછી જ મજબૂરીના માર્યા રસ્તા પર ધંધો કરતા હોય છે. એક તરફ કારમી મોંઘવારી, ગરીબી અને બેકારી છે. લારીવાળાઓ સરકાર પાસે રોજગારી, લોન કે સબસિડી માંગતા નથી, માત્ર બે ટંક રોજીરોટી રળવાની જ અપેક્ષા રાખે છે. સરકારનું કામ રોજગાર પુરૂં પાડવાનું છે. રોજગાર આપવામાં નિષ્ફળ ભાજપની સરકાર હવે ઈંડા અને નોનવેજની લારીઓના નામે મતોનું ધ્રુવીકરણની રાજનીતિ કરવા માંગે છે. ભાજપ પાસે ચૂંટણીઓ જીતવા હવે કોઈ મુદ્દા રહ્યા નથી. ભારતીય જનતા પાર્ટી પાસે પ્રજાની સુખાકારી અને સમસ્યાના વિષય સમાપ્ત થઈ ગયા હોય તેવું લાગે છે. રાજ્યની મ્યુનિ. કોર્પોરેશન રસ્તા પર ઊભી રહેતી ઈંડા અને નોનવેજની લારીઓ ઉપર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપી કારણ આપી રહી છે કે, ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે જરૂરી છે. શું જ્યાં પણ ટ્રાફિકની સમસ્યા નડે છે ત્યાં ફક્ત ઈંડા અને નોનવેજની લારીઓ જવાબર છે ? અન્ય જીવનજરૂરી વસ્તુનું વેચાણ કરતી લારીઓ શું જવાબદાર નથી ? તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૫ કેસ નોંધાયા

અમદાવાદ શહેરમાં સતત ચોથા દિવસે કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા

● રિકવરી રેટ ૯૮.૭૫ ટકાએ સ્થિર ● ૪ મોટા શહેર અને ૨૯ જિલ્લામાં એક પણ નવો કેસ નહીં

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં કોરોનાના કેસમાં ફરી એકવાર ઉછાળો જોવા મળી રહ્યો છે. દિવાળીના તહેવારો બાદ કેસમાં ઉછાળો થતાં લોકોની ચિંતા વધી છે એમાંય અમદાવાદ શહેરમાં સતત ચોથીવાર રાજ્યના સૌથી વધુ કેસ નોંધાયા છે અને ૨૦ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૧૭ દર્દીઓ સાજા થયા છે. તો રાજયમાં આજે કોરોનાથી એકપણ મોત નોંધાયું નથી. ૧૧ નવેમ્બરે ૪૦ નવા કેસ હતા. જ્યારે ૧૪ જુલાઈએ ૪૧ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૧ નવેમ્બરે ૪૨ નવા કેસ નોંધાયા હતા. ૨૦ સપ્ટેમ્બરે પહેલી અને બીજી લહેરના સૌથી ઓછા ૮ કેસ નોંધાયા હતા. જ્યારે ૪ શહેર અને ૨૯ જિલ્લામાં એકપણ નવો કેસ નોંધાયો નથી. તેમજ રાજયનો રિકવરી રેટ ૯૮.૭૫ ટકા પર સ્થિર રહ્યો છે. અગાઉ ૫-૭ ઓક્ટોબર, ૯ ઓક્ટોબર અને ૨૦ ઓક્ટોબરે એક-એક એમ ૫ મોત નોંધાયા હતા. રાજયમાં ઓક્ટોબર મહિનામાં કોરોનાથી કુલ ૭ વ્યક્તિઓના મોત થયા હતા. અગાઉ રાજયમાં ૧૬ સપ્ટેમ્બર સુધી સતત ૫૦ દિવસ સુધી ડબલ ડિજિટમાં ક્યાંય કેસ નોંધાયા ન હતા. જ્યારે આજે એક પણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી. રાજયમાં અત્યાર સુધીમાં ૮ લાખ ૨૬ હજાર ૧૦૧૪ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦ હજાર ૯૦ છે. તેમજ અત્યાર સુધીમાં ૮ લાખ ૧૬ હજાર ૬૭૧ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજયમાં હાલ ૨૫૩ એક્ટિવ કેસ છે, જેમાંથી ૦૩ દર્દી વેન્ટિલેટર પર છે, જ્યારે ૨૫૦ દર્દીની હાલત સ્થિર છે. જ્યારે રિકવરી રેટ ૯૮.૭૫ ટકાએ સ્થિર રહ્યો છે. આવા સમયે વિશેષ તકેદારી અને સાવધાની રાખવાનું જાણકારો અને તબીબો જણાવી રહ્યા છે.

ગદ્દાફીના પુત્રએ લીબિયાની રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી

(એજન્સી) ત્રિપોલી, તા.૧૬

લીબિયાના પૂર્વ શાસક મુઆમ્મર ગદ્દાફીના પુત્ર સૈફ અલ-ઈસ્લામ ગદ્દાફીએ રવિવારે આગામી રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. એક ન્યૂઝ વેબસાઈટે ફેસબુક પર પોસ્ટ કરેલા વીડિયોમાં દેખાય છે કે સૈફ અલ-ઈસ્લામ લીબિયાના દક્ષિણ પશ્ચિમમાં સ્થિત સબા શહેરમાં આવેલી ચૂંટણીપંચની ઓફિસમાં ઉમેદવારીપત્ર ભરી રહ્યા છે. નોંધનીય છે કે લીબિયામાં

૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રપતિ પદ માટે તેમજ સંસદીય ચૂંટણીઓ યોજાવાની છે. ૧૫ નવેમ્બરે ટ્યુનિશીયા ખાતે યોજાયેલી બેઠકમાં બધી રાજકીય પાર્ટીઓએ યુએન દ્વારા તૈયાર કરવામાં આવેલી સમજૂતી પર સહમત થતા આ ચૂંટણીઓ યોજાઈ રહી છે.

ચૂંટણીપંચે વિવિધ લોકતાંત્રિક અંગો વચ્ચે આંતરિક ખેંચતાણ ચાલી રહી હોવા છતાં ૮ નવેમ્બરથી ઉમેદવારીપત્રો સ્વીકારવાની શરૂઆત કરી હતી.

નેતાન્યાહુના પરિવારે સરકારી સુરક્ષા કવચમાં વધારાની માગ કરી

(એજન્સી) તેલ અવીવ, તા.૧૬

ઈઝરાયેલના પૂર્વ વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના પરિવારે દેશની સરકાર સમક્ષ રાજ્ય દ્વારા ભંડોળવાળી સુરક્ષા કવચમાં વધારો કરવાની સામાન્ય અપીલ કરી છે તેમ દેશના ટોચના અખબારના અહેવાલમાં જાણવા મળ્યું હતું. નેતાન્યાહુએ પદ છોડ્યું ત્યારે સરકાર દ્વારા પૂર્વ વડાપ્રધાન, તેમના પત્ની અને બે પુત્રોને બીજા છ મહિના સુધી રાષ્ટ્ર દ્વારા ભંડોળવાળું સુરક્ષા કવચ પુરું પાડ્યું હતું જેને હવે છ મહિના પુરા થવાના હોવાથી ફરીવાર આ માગણી કરવામાં આવી છે. આગામી મહિનામાં આ સમયમર્યાદા પુરી થાય છે. જોકે, પરિવારે દાવો કર્યો છે કે, તેમને નવી ધમકીઓ મળી હોવાથી સુરક્ષાના સમયગાળામાં વધારો કરવો જોઈએ. અહેવાલ અનુસાર નેતાન્યાહુના પરિવારના પ્રતિનિધિઓએ વડાપ્રધાન ઓફિસના મુખ્ય સુરક્ષા અધિકારી એલોન હાલિવાને અપીલ કરી છે કે, આ નિર્ણયની મંત્રીઓની કમિટીમાં જાણ કરવામાં આવે અને તેના માટે ફરી વિચારણા કરવામાં આવે.

નેતાન્યાહુ ઈઝરાયેલના એવા પ્રથમ વડાપ્રધાન છે તેમણે પોતાના બે પુત્રોને પણ રાષ્ટ્ર દ્વારા ભંડોળવાળી સુરક્ષા અપાઇ છે.

સુદાનના બળવાને સમર્થન આપવા માટે ઈજિપ્તના અધિકારીઓ UAE, સઉદી સાથે વાતચીત કરી રહ્યા છે

(એજન્સી) તા.૧૬

ત્રણ ઉચ્ચ કક્ષાના ઈજિપ્તના લશ્કરી અધિકારીઓએ સુદાનમાં વર્તમાન કટોકટીનો ઉકેલ લાવવા માટે સુદાનના વડાપ્રધાનની મુલાકાત લીધી છે. અબ્દલ્લાહ હમદોકને ૨૫ ઓકટોબરના લશ્કરી બળવામાં સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા અને રાજધાની ખાર્તુમમાં નજરકેદ રાખવામાં આવ્યા હતા. ઓછામાં ઓછા ૨૦ બળવા વિરોધી વિરોધીઓ માર્યા ગયા હતા અને અન્ય સરકારી અધિકારીઓની અટકાયત કરવામાં આવી હતી. બળવાની આગેવાની કર્યા પછી સુદાનની સેનાના વડા જનરલ અબ્દેલ ફત્તાહ અલ-બુરહાને નવી સાર્વભૌમ પરિષદની નિમણૂક કરી અને પોતાને તેના વડા તરીકે ફરીથી નિયુક્ત કર્યા. ખાર્તુમમાં યુએસ એમ્બેસીએ વિરોધીઓ સામે અતિશય બળના ઉપયોગની નિંદા કરી હતી. ઈજિપ્તના અધિકારીઓ UAE અને સઉદી અરેબિયાના ઉચ્ચ અધિકારીઓ સાથે અલ-બુરહાન વિરૂદ્ધ અભિપ્રાયના પ્રવાહને રોકવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ત્રણેય દેશોએ અમેરિકાને કહ્યું છે કે, જો જનરલને ઊથલાવી દેવામાં આવશે તો સુદાન અસ્થિર બની જશે. ઈજિપ્તિયન

પ્રતિનિધિમંડળે ઓફર કરી હતી કે, હમદોક સરકારના વડા તરીકે પાછા ફરે, પરંતુ તેણે કહ્યું છે કે, જ્યાં સુધી ધરપકડ કરવામાં આવી છે, તે દરેકને મુક્ત કરવામાં ન આવે અને બળવામાં સામેલ લોકો સામે ટ્રાયલ ચલાવવામાં ન આવે ત્યાં સુધી તેઓ પાછા ફરશે નહીં. સઉદીએ કહ્યું છે કે, તે યમનમાં સૈન્ય હુમલામાં ભાગ લઈ રહેલા સુદાનના દળોનું શું થશે તે અંગે ચિંતિત છે. આ મહિનાની શરૂઆતમાં જર્નલે ખુલાસો કર્યો હતો કે, અલ-બુરહાને ખાર્તુમની સરકારને બરતરફ કર્યાના એક દિવસ પહેલાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તહ અલ-સીસી સાથે ગુપ્ત બેઠક કરી હતી. ઈજિપ્તના ઈન્ટેલિજન્સ ડિરેક્ટર અબ્બાસ કામેલે પણ સુદાનની મુલાકાત લીધી હતી અને અલ-બુરહાનને કહ્યું હતું કે, હમદોકને છોડવું જોઈએ. કારણ કે, તે ઈથિયોપિયાની ખૂબ નજીક તરીકે જોવામાં આવ્યો હતો. શનિવારે સેંકડો વિરોધીઓએ લંડનમાં ઈજિપ્ત દૂતાવાસની બહાર સુદાનમાં લશ્કરી શાસન વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. તેઓએ બળવાને સમર્થન આપવા બદલ અલ-સીસીની નિંદા કરી હતી.

આતંકવાદ વિરોધી લડાઈ ઈરાન-તુર્કી સહયોગનું કેન્દ્ર બની શકે છે : રઈસી

(એજન્સી) તહેરાન, તા.૧૬

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ રઈસીએ સોમવારે કહ્યું હતું કે, તુર્કી સાથે તેમના દેશના ગાઢ સંબંધોથી પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાના હિતમાં સેવા અપાશે. એનાદોલુ એજન્સીનો અહેવાલ. તુર્કીના વિદેશમંત્રી મેવલુત કાવુસોગ્લુ સાથેની એક બેઠક દરમિયાન બોલતી વખતે રઈસીએ કહ્યું હતું કે, ઈરાન અને તુર્કી વચ્ચેના સહકારને આંતરરાષ્ટ્રીય સહકારમાં ફેરવી દેવું જોઈએ. જેના પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, બંને દેશોની મહત્ત્વપૂર્ણ સ્થિતિઓને જોતા તે અસરકારક બની શકે છે. તેમની કચેરી દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર આમ જણાવાયું હતું. તુર્કીના ટોચના આ રાજદ્વારી સોમવારે વહેલી સવારે ઈરાનની નવી સરકારે સત્તા સંભાળ્યા બાદ દેશની પ્રથમ મુલાકાતે

આવી પહોંચ્યા હતા. રઈસીએ કહ્યું હતું કે, આ ક્ષેત્રમાં દાએશ જેવા આતંકવાદી જૂથોની હાજરી બંને દેશો માટે હાનિકારક છે અને ઉમેર્યું હતું કે, આતંકવાદ અને સંગઠિત ગુના વિરૂદ્ધની લડાઈ તહેરાન અને અંકારા વચ્ચે સહકારનું કેન્દ્ર બની શકે છે. આ બેઠકના અગાઉના દિવસે કાવુસોગ્લુએ કહ્યું હતું કે, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગન વર્ષના અંત પહેલા ઈરાનની મુલાકાત લેશે, જે દરમિયાન બંને દેશો વચ્ચે લાંબા ગાળાના સહકાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે.

ગરમ હવામાન વચ્ચે જંગલોમાં લાગેલી આગ પર કાબૂ મેળવવા ઈઝરાયેલ સંઘર્ષરત

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૬

ઉત્તર ઈઝરાયેલના જંગલોમાં ફાટી નીકળેલી ભયાનક આગને કાબૂમાં લેવા માટે વહીવટીતંત્ર કામે લાગ્યું છે કે, દરમિયાન ડઝનો પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા. કેએએન ચેનલના અધિકારીઓએ જણાવ્યું કે, માલોટ-તારશિહા સિટી નજીકના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી હતી જ્યાં આરબો અને યહૂદીઓની મિશ્ર વસ્તી રહે છે. અહીં જંગલોની નજીક વસ્તી હોવાથી આગ વસ્તીમાં રહેલા વાહનો અને કેટલીક દુકાનો સુધી પણ પહોંચી હતી જ્યાંથી તંત્ર દ્વારા અનેક લોકોને ખસેડવામાં આવ્યા હતા. વહીવટી તંત્રે અનેક ઘરોમાંથી લોકોને સુરક્ષિત સ્થાને ખસેડ્યા હતા જે આગની નજીક આવી ગયા હતા. રવિવારે ભારે ગરમ અને સૂકું હવામાન હોવા છતાં ઈઝરાયેલમાં ૨૦૦ સ્થાનો પર આગ ફાટી નીકળી હતી જ્યારે ઝડપી

પવન પણ ફૂંકાતો હતો. વહીવતંત્ર દ્વારા હવે તપાસ કરવામાં આવી રહી છે કે, આ આગ માનવસર્જિત છે કે, કેમ. ઓગસ્ટ મહિનામાં ઈઝરાયેલમાં ભયાનક રીતે જંગલોમાં આગ ફાટી નીકળી હતી જ્યાં મોટાપાયે નુકસાન થયું હતું બીજી તરફ ડિસેમ્બર ૨૦૨૦માં પણ યહૂદી દેશના જંગલોમાં આગ ફાટી નીકળી હતી. આ પહેલાં ઉત્તર હાઈફા શહેર નજીક માઉન્ટ કાર્મેલમાં પણ આગ ફાટી નીકળી હતી.

તુર્કીએ ઈઝરાયેલી રાજદૂતને કથિત જાસૂસો સાથે મળવાની પરવાનગી ન આપી

(એજન્સી) તા.૧૬

તુર્કીએ ઈસ્તંબુલમાં કથિત રીતે જાસૂસી કરતા પકડાયેલા ઈઝરાયેલી યુગલને મળવા માટેની ઈઝરાયેલના રાજદૂતની વિનંતીનો કોઈ જવાબ આપ્યો ન હતો. ઈઝરાયેલી રાજદુતે શનિવારે આ યુગલને તાત્કાલિક મળવાની વિનંતી કરી હતી. આ ઈઝરાયેલી નાગરિકોની ઓળખાણ નતાલી અને મોર્ડી ઓકનિન તરીકે થઈ છે. આ બંને ઈસ્તંબુલ સ્થિત રાષ્ટ્રપતિ ભવનના ફોટા પાડી રહ્યા હતા. ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. એક ઈઝરાયેલી સમાચારપત્રના અહેવાલ મુજબ ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે આ પરિસ્થિતિનો કાયદાકીય અને રાજદ્વારી રીતે ઉકેલ લાવવા માટે એક ટાસ્ક ફોર્સનું ગઠન કર્યું છે. જો કે હજી સુધી આ અંગે કોઈ ખાસ પ્રગતિ થઈ નથી. ઈઝરાયેલના વડાપ્રધાન નફતાલિ બેનેટે કહ્યું હતું કે ઈઝરાયેલ તેના આ બંને નાગરિકોને તુર્કીથી પરત

લાવવા બધા પ્રયાસો કરી રહ્યું છે. તુર્કીના મીડિયાના અહેવાલ મુજબ શરૂઆતમાં આ બંને ઈઝરાયેલીઓને તાત્કાલિક દેશનિકાલ કરવાની ભલામણ કરવામાં આવી હતી. પરંતુ ત્યાર બાદ તેમના કથિત રાજકીય અને સૌન્ય જાસૂસીકાંડને ધ્યાનમાં રાખી તેમને ૨૦ દિવસના રિમાન્ડ માટે મોકલવામાં આવ્યા હતા.

ISISએ અફઘાનિસ્તાનમાં હત્યાઓની જવાબદારી ફરી સ્વીકારી

(એજન્સી) તા.૧૬

આતંકવાદી જૂથ દાઈશે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક યાત્રી બસ પર કરવામાં આવેલા હુમલાની જવાબદારી સ્વીકારી છે. શનિવારે કાબુલના દશ્તેબર્ચી નામના વિસ્તારમાં એક બસ પર હુમલો કરી આતંકવાદીઓએ એક અફઘાની પત્રકારની હત્યા કરી નાખી હતી. આ હુમલામાં ૪ લોકો ઘાયલ થયા હતા. સોમવારે દાઈશે આ આતંકી હુમલાની જવાબદારી સ્વીકારી છે. કાબુલમાં જે પત્રકારની હત્યા કરવામાં આવી તે અફઘાનિસ્તાનની આરયાના ટીવી ચેનલમાં કામ કરતા હતા. તેમનું નામ હમીદ સીગાની હતું. તે અફઘાનિસ્તાનના એક પ્રસિદ્ધ પત્રકાર હતા. અફઘાનિસ્તાનમાં વર્તમાન કેટલાક અઠવાડિયા દરમ્યાન વિવિધ ક્ષેત્રોમાં અનેક આતંકી હમલા થયા છે. કાબુલ, નંગરહાર, કુનર, ખોસ્ત, કંકુજ અને કુધારમાં થયેલા આતંકી હુમલાની જવાબદારી દાઈશે સ્વીકારી છે. અફઘાનિસ્તાનમાં જ્યાં આડે દિવસ દાઈશના હુમલા થઈ રહ્યા છે. ત્યાં તાલિબાન તેમને કોઈ વિશેષ મહત્વ આપી રહ્યું નથી. તાલિબાન તરફથી માત્ર આ નિવેદન આપવામાં આવ્યું છે કે તે આ જૂથને નષ્ટ કરી દેશે.

આ દરમ્યાન અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝઈએ આતંકવાદી જૂથ દાઈશ વિશે જણાવ્યું છે કે દાઈશે એક આયાતિત વસ્તુ છે જે અફઘાનિસ્તાનની સંસ્કૃતિ અને ઈતિહાસથી સહેજપણ મેળ નથી ખાતી. હામિદ કરઝઈએ ભાર આપીને જણાવ્યું કે અમારા દેશની વિષમ સ્થિતિ અને વર્તમાન આતંકવાદી ઘટનાઓ આ વાતની સૂચક છે કે આ દેશમાં શાંતિ તેમજ સુરક્ષા સ્થાપિત થવામાં લાંબો સમય લાગશે.

ગ્લાસગો જળવાયુ સંમેલનમાં ઈરાને કર્યું ભારતનું સમર્થન

(એજન્સી) તા.૧૬

બ્રિટનના ગ્લાસગો શહેરમાં ચાલી રહેલા સંયુકત રાષ્ટ્રના જળવાયુ શીખર સંમેલનમાં ઈરાને જીવાશ્મ ઈંધણ વિશે ભારતના પક્ષમાં સમર્થન કર્યું છે. સંમેલનમાં સામેલ ઈરાની પ્રતિનિધિ મંડળે શનિવારે સમજૂતીના મુસદ્દાનો વિરોધ કરતા જીવાશ્મ ઈંધણ વિશે મદદ અંગે ભારતના પક્ષનું સમર્થન કર્યું. ગ્લાસગો કલાઈમેટ પેકટ ગ્રીનહાઉસ ગેસો માટે સૌથી મોટા જવાબદાર જીવાશ્મ ઈંધણ અને કોલસાના ઉપયોગને ઘટાડવાના પ્રયાસ તરીકે ઓળખવામાં આવી રહ્યા છે. ભારતના જળવાયુ મંત્રી ભૂપેન્દ્ર યાદવનું કહેવું છે કે વિકાસશીલ દેશ કોલસા અને જીવાશ્મ ઈંધણના ઉપયોગને સમાપ્ત કરવાનું વચન કેવી રીતે કરી શકે છે, જયારે તેમને અત્યારે પણ પોતાના વિકાસના એજન્ડા અને ગરીબીથી લડવાનો છે. સૂત્રોનું કહેવું છે કે ચીન અને સઉદી અરબ સહિત અન્ય કેટલાક દેશ પણ ગ્લાસગો જળવાયુ સમજૂતીના મુસદ્દાનો વિરોધ કરી

રહ્યા છે. ગ્લાસગો કોપ ૨૬ શીખર સંમેલનના સમાપનના સમયની જાહેરાત છતાં સંમેલનમાં સામેલ દેશોની વચ્ચે મતભેદોના કારણે કોઈ અંતિમ સંયુકત નિવેદન જારી કરી શકાતા નથી. આ સંમેલન શુક્રવારે સમાપ્ત થવાનું હતું, પરંતુ મતભેદોના કારણે સમજૂતી પર અંતિમ સંમતિ બની શકી નથી, કારણ કે જળવાયુ સંકટથી પ્રભાવિત દેશોની મદદ સહિત કેટલાક મુદ્દાઓ પર અત્યારે પણ મતભેદ છે. આ સમજૂતીમાં સામેલ દેશોએ આ નક્કી કર્યું છે કે તે આગામી વર્ષે ફરી મળશે જેથી તાપમાનમાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસની વૃદ્ધિના લક્ષ્ય સુધી પહોંચવા માટે કાર્બનના ઉપયોગને ઘટાડવાથી સંબંધિત મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકાય.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
બુધવાર ૧૭ નવેમ્બર ૨૦૨૧
૧૧ રબીઉલ આખર હિજરી ૧૪૪૩
કારતક સુદ તેરસ સંવત ૨૦૭૮

ઈંધણમાં ઈથેનોલનો ઉપયોગ કેટલો સફળ થશે ?

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની વધતી કિંમતોને કારણે દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો પર અંકુશ મેળવવો એ સરકાર માટે એક પડકાર બનેલો છે. એવામાં ઈંધણની વધતી કિંમતોને કાબૂમાં કરવા માટે વિકલ્પ શોધવામાં આવી રહ્યા છે. આના વિકલ્પ તરીકે પહેલા તો જેટ્રોફામાંથી ઈંધણ બનાવવાની પહેલ કરવામાં આવી હતી. આ માટે ખેડૂતોને મોટાપાયે પ્રોત્સાહિત કરાયા હતા, ઘણી જગ્યાઓ પર તો પ્લાન્ટ પણ લગાવવામાં આવ્યા, પરંતુ તેનાથી અપેક્ષિત પરિણામ આવી શકયું નહોતું. હવે ઈથેનોલને અસરકારક વિકલ્પ ગણવામાં આવી રહ્યો છે. સરકાર તેના ઉત્પાદનને પ્રોત્સાહન આપી રહી છે. ઈથેનોલની વિશેષતા એ છે કે આને પેટ્રોલ સાથે ભેળવીને સ્વતંત્ર રીતે વાપરી શકાય છે. હાલમાં તેલની કંપનીઓ તેને પેટ્રોલમાં ભેળવીને વેચે છે. જેનાથી પેટ્રોલની કિંમત ઓછી થઈ જાય છે. ઈથેનોલ પેટ્રોલ કરતા પણ સસ્તું છે. સરકારના આંકડાઓ અનુસાર અત્યારે દેશમાં ૮ ટકા સુધી ઈથેનોલની ભેળસેળ થાય છે.

૨૦૨૫ સુધીમાં આને વધારીને ૨૦ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય છે. તે જ કારણે સરકારે ઈથેનોલના ભાવમાં ૧ રૂપિયા ૪૭ પૈસાનો વધારો કર્યો છે. જેથી કરીને ખાંડ મિલોને ઈથેનોલનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને તેઓ ખેડૂતોને શેરડીની સારી કિંમત ચૂકવવાની સ્થિતિમાં પણ આવી શકશે. ઈથેનોલનું ઉત્પાદન શેરડીમાંથી થાય છે. ખાંડની મિલોમાં ખાંડના ઉત્પાદન પછી બચેલા અવશેષોમાંથી ઈથેનોલને બનાવવામાં આવે છે. આમ દેશમાં ઈથેનોલ ઉત્પાદનની મોટી સંભાવના છે. આને જોતા પરિવહન મંત્રી નીતિન ગડકરીએ તો એવી જાહેરાત પણ કરી દીધી છે કે હવે તેઓ કંપનીઓને આદેશ આપવા જઈ રહ્યા છે કે કારમાં પેટ્રોલ અને ઈથેનોલ બંને પર ચાલતા એન્જિન લગાવવામાં આવે. અર્થાત એવા એન્જિન આવશે જે પેટ્રોલ અથવા ઈથેનોલ બંને અથવા બંનેના મિશ્રણ પર ચાલશે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે, ઈથેનોલના વપરાશથી હવા પ્રદૂષણમાં પણ ઘટાડો થઈ શકે છે. ઈથેનોલ સસ્તું હોવાથી ગ્રાહકોને પણ આનાથી ઘણી રાહત મળશે. ખાંડની મિલો અત્યાર સુધી મોલાસીસમાંથી દારૂ બનાવતી હતી. હવે ઈથેનોલ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપીને વધારાની કમાણી કરી શકશે. સ્વાભાવિક છે કે આના કારણે ખાંડની મિલો પર સતત વધી રહેલા દેવાના કારણે દબાણ જળવાઈ રહે છે અને વર્ષો સુધી તે ખેડૂતોના લેણા ચૂકવવામાં સક્ષમ નથી, હવે તેઓ આને સરળતાથી કરી શકશે. પરંતુ સરકારે હજુ સુધી એવું અનુમાન લગાવ્યું નથી કે દેશમાં કેટલું ઈથેનોલનું ઉત્પાદન થઈ શકશે. ખાંડની મિલોની પિલાણની સિઝન નક્કીય હોય છે. લગભગ અડધા વર્ષ સુધી તેમાં કામકાજ બંધ રહેતું હોય છે, કેમ કે શેરડીનું ઉત્પાદન આખા વર્ષ માટે ઉપલબ્ધ નથી કારણ કે તેની ઋતુ નિશ્ચિત હોય છે અને શેરડીનું ઉત્પાદન સમગ્ર દેશમાં થતું નથી. અમુક જ રાજ્ય છે કે જ્યાં શેરડીનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત ખાંડની મિલોની સતત કથળેલી હાલત અને સમયસર ચૂકવણી ન થવાના કારણે ઘણા ખેડૂતોએ શેરડીની ખેતી કરવાની બંધ કરી દીધી છે. અનેક સરકારી ખાંડની મિલોને મોટી જાહેર કરીને બંધ કરી દેવામાં આવી છે અથવા તો તેનું ઉત્પાદન ઘટાડીને અડધું કરી દેવામાં આવ્યું છે એવી સ્થિતિમાં ઈથેનોલના ઉત્પાદનમાં વધારો કરવો કોઈ સરળ કામ નથી.

આ માટે ખેડૂતોને શેરડીની ખેતી માટે પ્રોત્સાહિત કરવાથી લઈને ખાંડની મિલોની સ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં ઉઠાવવા પડશે.

હવે સત્યથી ઓછું તો કોઈ કૈં જાણતું જ નથી...

દૃષ્ટિકોણ
- રવીન્દ્ર પારેખ

આજકાલ એટલું મનોરંજન જાહેર માધ્યમો પૂરું પાડે છે કે હવે ટુચકાઓની જુદી ચોપડીઓ વાંચ્યા વગર પણ લોકો હસી કાઢે છે. એક સમય હતો જ્યારે સત્યવાદી તરીકે માત્ર રાજા હરિશ્ચંદ્રનું નામ લેવાતું. હવે એટલા સત્યવાદીઓ થઈ ગયા છે કે સત્યથી ઓછું તો કોઈ કૈં જાણતું જ નથી. આમ તો ભૂલેચૂકેય કોઈ કૈં ફેંકતું નથી, અરે, જાહેરખબરોય જુઠાં કેસરી થઈ ગઈ છે ! કોઈ ખોટું બોલતું જ નથી, પણ ધારો કે કોઈ બોલે છે તો તે પણ સત્ય થઈ જાય છે. જન્મે ત્યારે બાળક કૈં બોલતું નથી, પણ હવેનું દરેક બાળક સત્યવાદી છે એમ માનવું જ પડે એટલું સત્ય લોકો રોજ રોજ બોલવા લાગ્યા છે. અફસોસ એટલો જ રહેવાનો કે અસત્ય જેવું તો હવે કદી જણાવાનું જ નહીં ! એક સમય હતો જ્યારે કહેવાતું કે સત્ય એક જ હોય, એ પછી સત્ય સાપેક્ષ હોય એવું આવ્યું, હવે સત્ય અનેક હોય એવી સ્થિતિ છે. દરેકનું સત્ય જુદું એટલે અસત્ય ક્યાંક રહેવું હોય તો પણ તેને જગ્યા ન મળે એ સ્થિતિ છે. કોઈ કૈં પણ બોલે એ સત્ય જ છે ને સત્યથી ઓછું તો કોઈ કૈં...

દાખલા તરીકે કોઈ ગૃહમંત્રી હિન્દી પખવાડિયાની પૂર્ણાહુતિમાં જાય તો જેની ઘંટીનો લોટ હોય તેને જ વખાણે તે સમજી શકાય એવું છે ! તે ગુજરાતી હોય તો પણ કહી શકે કે મને ગુજરાતી કરતાં હિન્દી વધુ પસંદ છે તો એ એક સત્ય છે. એમ જ, એ જ મંત્રી ગુજરાતમાં માતૃભાષા દિવસે એમ પણ કહી શકે કે દરેકે માતૃભાષામાં જ વાત કરવી જોઈએ તો એ બીજું સત્ય છે. ધારો કે એ વિદેશ જાય તો અંગ્રેજીની આરતી પણ ઉતારે એમ બને. તેનો અર્થ એવો નહીં જ કે એ ખોટું બોલે છે. એ તેનું ત્રીજું સત્ય છે. સત્ય હવે વ્યક્તિએ, વ્યક્તિએ જુદું હોવાનું, એટલું જ નહીં, વ્યક્તિનાં પોતાનાં સત્ય પણ અનેક હોવાનાં, હવે આમાં અસત્યે રહેવું હોય તો પણ જગ્યા ક્યાં છે ? આ તો બુલેટ ટ્રેન જેવું છે. ટ્રેન એક, પણ રાજ્યે રાજ્યે જુદી ! બુલેટ ટ્રેન ડ્રીમ પ્રોજેક્ટ છે. એ સૌ પ્રથમ સુરતથી બિલિમોરા શરૂ થવાની છે. સુરતનું કેવું (અદ)ભૂત નસીબ છે કે તે વર્લ્ડ ક્લાસ સ્ટેશન બનવાનું છે, પહેલી બુલેટ ટ્રેનનું નસીબ પણ તેને જ મળ્યું ! સુરતથી બિલિમોરા લોકલ શરૂ થઈ છે કે કેમ તે તો નથી ખબર, પણ સુરતથી બિલિમોરા બુલેટ ટ્રેન શરૂ થશે એ નક્કી છે, કારણ એ ડ્રીમ પ્રોજેક્ટ છે. હવે તો ડ્રીમ પણ સત્ય જ છે ! સ્વપ્ન, સત્ય નથી થતાં, શું ? તો, એમ શંકા ના કરો, પ્લીઝ !

ગુજરાતની જ વાત કરીએ તો સુરત શિક્ષણનું હબ બનવા જઈ રહ્યું છે, પણ ગમ્મત એ છે કે રાજ્યની ઢગલો યુનિવર્સિટીઓમાંથી એક પણ દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં નથી, તેથી હબ વાળી વાત કૈં ખોટી ન થઈ જાય ! કહ્યુંને, ખોટું હવે કૈં રહ્યું જ નથી ! ગુજરાતમાં આટલી યુનિવર્સિટીઓ છે એ તો સાચું છેને ! એ જુદી વાત છે કે ગુજરાતનાં અઢી લાખ વિદ્યાર્થીઓને વાંચતાં- લખતાં આવડતું નથી કે ગણિતમાં ૩.૮૦ લાખ વિદ્યાર્થીઓ નબળા છે, તો શું થયું ? આ વિદ્યાર્થીઓ જ કોલેજોમાં ને યુનિવર્સિટીઓમાં ડિગ્રીઓ લેશે ને પીએચ.ડી.પણ થશે. કોઈ ડિગ્રી હવે ભણતરની મહોતાજ નથી. આટલી બધી યુનિવર્સિટીઓ છે તે કૈં ખાલી થોડી જ રહેવાની છે ! સત્ય એ છે કે ન ભણાવાય તો પણ પરીક્ષાઓ લેવાશે. પરીક્ષા ન લેવાય તો પણ પરિણામો અપાશે. પરિણામોમાં ટોપર્સ પણ હશે ને પ્રમાણપત્રો પણ મઢાવવા માટે અપાશે જ ! શિક્ષકો નહીં હોય ને વિદ્યાર્થીઓ ભણતા હોય, તો વિદ્યાર્થીઓ વગર પણ સ્કૂલો ચાલશે ને કોલેજો, યુનિવર્સિટીઓ પણ નેટ, નેકથી પ્રગતિ કરવાની જ છે. હવે શું છે કે ઓછામાં ઓછું પ્રગતિ ને વિકાસ તો થાય જ છે. ધારો કે અહીં એડમિશન નથી મળતું, તો વિદેશમાં કૈં એજ્યુકેશનનો દુકાળ નથી. આ જ નબળા કહેવાતા વિદ્યાર્થીઓ ભણશે ને ભણાવશે પણ ! હવેનું સત્ય એ છે કે ભણવા કે ભણાવવા માટે જ્ઞાન જરૂરી નથી.

સાચું એ છે કે કોઈ હવે ખોટું નથી. ભણેલો ખોટો નથી, તો અભણ પણ ખોટો નથી. જેમ અસત્ય રહ્યું નથી, એમ જ હવે કોઈ અભણ પણ રહ્યું નથી. બધાં, બધું જ જાણે છે. કોઈપણ માણસ કૈં પણ બોલે, એ સત્ય જ હોય છે ને ન હોય તો એ સત્ય થઈ જ જાય છે. ઉત્તરપ્રદેશના એક પૂર્વમંત્રીએ કહ્યું કે મહંમદઅલી જિન્નાહ પણ ગાંધી, નહેરૂ, સરદારની જેમ બેરિસ્ટર થયા ને એમણે પણ આઝાદી અપાવી. જિન્નાહને આઝાદીનું શ્રેય આપવાનું 'અખિલ' સત્ય કે ખિલખિલ સત્ય સરદાર જયંતી નિમિત્તે પ્રગટ થયું ને આપણે જે ભણેલા કે જિન્નાહની ભાગલાવાદી વિચારધારાને કારણે પાકિસ્તાન પહેલાં આઝાદ થયું ને ભારત એ પછી એક દિવસે, ૧૫ ઓગસ્ટે આઝાદ થયું, એ વાતની તો પથારી જ ફરી ગઈને ! જે માણસ ખલનાયક હતો તેને એક પૂર્વ મંત્રીએ નાયક બનાવી દીધો. દ્રોહીઓ હવે દેશની બહાર નથી. તે આ દેશમાં જ રહી શકે એવી પૂરતી સગવડ છે. એમ થાય કે મંત્રીએ આવું સત્ય કેમ ઘડ્યું ? એને કદાચ એવું છે કે એમ કરવાથી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં મુસ્લિમોના મત મળી જશે. આ દેશની પ્રજા એટલી અબૂધ અને મૂરખ છે કે કોઈ પણ નેતા કૈં પણ ભણાવે તો તે માની લે ? મત મેળવવા જે સત્ય નેતાઓ પ્રગટ કરતાં હોય છે એ લોકો ભૂલી જાય છે કે પ્રજાને પણ પોતાનું સત્ય છે. પહેલું સત્ય તો એ કે પ્રજા નાપ તોલ કે બોલમાં માને છે. કોઈ કોર્ટ ન આપે એવો ચુકાદો પ્રજા આપે છે ને ત્યારે સૈકાઓનું, દાયકાઓનું શાસન પણ શીર્ષાસન કરવા લાગે છે. કોઈ શાસન ત્યારે પરિણામ નથી આપતું, પરિણામ પ્રજા આપે છે !

શું છે કે સત્ય અનેક થઈ ગયાં છે ને અસત્ય ક્યાંય રહ્યું જ નથી એટલે જાતભાતનાં સત્યો સામે આવતાં રહે છે. એવું એક તાજું સત્ય સામે આવ્યું છે કે સાચી આઝાદી ૨૦૧૪માં ભારતને મળી. એ અગાઉ જે ૧૯૪૭માં આઝાદી મળી તે તો ભીખમાં મળી હતી. આ સત્ય એક જાણીતી ફિલ્મ અભિનેત્રીએ બહાર પાડ્યું છે. હવે સત્ય છે એટલે માનવું તો પડે જ ! નટીએ પોતાની વાતના સમર્થનમાં કહ્યું કે ૧૯૪૭માં કોઈ યુધ્ધ થયું નથી, તો આઝાદી ભીખમાં મળેલી જ ગણાય. જોકે, અભિનેત્રી મહાન છે એટલે એને પૂછાય તો નહીં કે ૨૦૧૪માં સાચી આઝાદી મળી હોય તો ત્યારે કોઈ યુદ્ધ થયેલું કે કેમ ? આમ તો એ હિંગનું ઝાડ છે એટલે બહુ વતાવાય તો નહીં, કદાચ એ ચૂંટણી યુદ્ધ હશે. એ ૧૯૪૭માં લડાયું ન હતું, એ ખરું. એટલે એક સત્ય એ લાધ્યું કે યુદ્ધ થયું હોય ને તાજું થયું હોય, ને પ્રજા તાજી આઝાદ થઈ હોય તો જ એ સાચી આઝાદી ગણાય, બાકી એ પહેલાં ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ થયો હોય કે ભગતસિંહ, ખુદીરામ બોઝ, સુભાષચંદ્ર બોઝ કે જલિયાનવાલા હત્યાકાંડ ને બીજા અનેક પ્રયત્નોનો કોઈ ખાસ અર્થ રહેતો નથી, એ ભીખની આઝાદી જ ગણાય ! જોકે, નટીને એ યાદ હતું કે લક્ષ્મીબાઈએ ૧૮૫૭ના સંગ્રામમાં ભાગ લીધેલો. તે એટલે કે એણે લક્ષ્મીબાઈની ફિલ્મ કરેલી ને એનો એવોર્ડ પણ એને તાજો જ મળ્યો છે. વધારામાં પદ્મશ્રીનો ખિતાબ પણ આ વિશિષ્ટ અભિનેત્રીને તાજેતરમાં જ મળ્યો છે. હવે આટલું બધું સત્ય જેને પક્ષે જમા થયું હોય તે ૧૯૪૭ની આઝાદી ગાય કે ૨૦૧૪ની ? જરા તો વિચારો !

બને કે અભિનેત્રીશ્રીનું અગાધ જ્ઞાન જોતાં કોઈ એને ૨૦૧૪ પછીનો ભારતનો ઈતિહાસ લખવાનું કહે તો નવાઈ નહીં ! કારણ સત્ય તો એ જ જાણે છે ને એ પહેલાં તો જે કૈં સત્ય હતું તે ભીખની આઝાદી જેટલું જ હતું. એ ક્યાં આઝાદી હતી, એ તો ભીખ હતી, જે અંગ્રેજોએ જતાં જતાં ભારતના ઠોબલાંમાં નાખી હતી. કાલે કોઈ એવું સત્ય લાવે તો નવાઈ નહીં કે ગાંધીજી આ દેશમાં થયા જ ન હતા તો આઘાત ન લાગવો જોઈએ. નહેરુને ઈતિહાસમાં રખાય એમ બને, કારણ એ પહેલા વડાપ્રધાન હતા ને કોંગ્રેસના હતા ને કોંગ્રેસે ૨૦૧૪ સુધી ભારત પર રાજ કર્યું હતું. સરદારનો પણ એકડો ભૂંસાય એમ નથી, કારણ ૨૦૧૪ પછી જ તો એમનું વૈશ્વિક કક્ષાનું સ્ટેચ્યૂ કેવડિયામાં સ્થપાયું ને હવે ચલણી નોટો કેસરિયાં કરતી સરદારનું સત્ય પ્રગટ કરે તો નવાઈ નહીં. બાકી, ગાંધી તો હવે રિચાર્ડ એટનબરોની ફિલ્મમાં જ જોવા મળે એમ બને. મહાત્મા ગાંધીએ 'સત્યના પ્રયોગો' લખી, એ પછી સૌથી વધારે સત્યના પ્રયોગો તો ગાંધી પર થયા છે. હવે તો મુગલાઈ કાળના માર્ગોના નામો બદલાઈ રહ્યા છે, એ જો ઝડપ પકડશે તો ગાંધી આશ્રમ કે માર્ગ બદલાતા બહુ વાર નહીં લાગે ને ચલણી નોટો પરથી ગાંધીને ખસેડવા હોય તો, નોટબંધીની ક્યાં નવાઈ છે ? બોલો રે બધાં, (અ) સત્યમેવ જયતે !

બને કે અભિનેત્રીશ્રીનું અગાધ જ્ઞાન જોતાં કોઈ એને ૨૦૧૪ પછીનો ભારતનો ઈતિહાસ લખવાનું કહે તો નવાઈ નહીં ! કારણ સત્ય તો એ જ જાણે છે ને એ પહેલાં તો જે કૈં સત્ય હતું તે ભીખની આઝાદી જેટલું જ હતું. એ ક્યાં આઝાદી હતી, એ તો ભીખ હતી, જે અંગ્રેજોએ જતાં જતાં ભારતના ઠોબલાંમાં નાખી હતી. કાલે કોઈ એવું સત્ય લાવે તો નવાઈ નહીં કે ગાંધીજી આ દેશમાં થયા જ ન હતા તો આઘાત ન લાગવો જોઈએ. નહેરુને ઈતિહાસમાં રખાય એમ બને, કારણ એ પહેલા વડાપ્રધાન હતા ને કોંગ્રેસના હતા ને કોંગ્રેસે ૨૦૧૪ સુધી ભારત પર રાજ કર્યું હતું.

મોદી સરકાર દ્વારા ઘણા મુસ્લિમ વિરોધી કાયદા લાવવામાં આવ્યા છે

જ્યારે નાગરિકતા સુધારા કાયદાની વિશ્વભરમાં ખાસ કરીને NRCની પકડ સાથે મુસ્લિમોને નિશાન બનાવવા માટે ટીકા કરવામાં આવી હતી, ત્યારે ભારતમાં ૨૦૧૪થી પસાર થયેલા અન્ય કાયદાઓએ એટલું ધ્યાન આકર્ષિત કર્યું નથી

ભાગ-૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

કરન્ટ ટોપિક
- આકાર પટેલ

વેસ્ટલેન્ડ દ્વારા પ્રકાશિત આકાર પટેલ દ્વારા પ્રાઈસ ઓફ ધ મોદી ઈયર્સની પરવાનગી સાથેના અવતરણો.

મોદી વર્ષો વિવિધ વિષયો પર પ્રતિગામી કાયદા દ્વારા ચિહ્નિત થયેલ છે. આનાથી ભારત કાયદાકીય રીતે તેના બંધારણના બિનસાંપ્રદાયિક અને બહુલતાવાદી ઉદ્દેશોથી દૂર થઈ ગયું છે. કાયદાઓએ ન્યાય સાથે વેરને જોડી દીધું છે અને ધર્મની સ્વતંત્રતા અને વ્યવસાયની સ્વતંત્રતા પર હુમલો કરતા કાયદાઓમાં મુસ્લિમો પ્રત્યેના વળગણે કાનૂની સ્વરૂપ લેવાનું ચાલુ રાખ્યું છે. ભારતના કપટપૂર્ણ નામવાળા 'ધર્મની સ્વતંત્રતા'ના કાયદાઓએ અત્યાર સુધી ખ્રિસ્તીઓને નિશાન બનાવ્યા હતા, જેમના મુક્તપણે પ્રચાર કરવાના મૂળભૂત અધિકારને બંધારણ સભા દ્વારા ખૂબ ચર્ચા પછી ખાતરી આપવામાં આવી હતી, પરંતુ સ્વતંત્રતા પછી તરત જ તેને છીનવી લેવામાં આવી હતી. કહેવાતા 'લવ જેહાદ' કાયદા દ્વારા મોદી આ પછી મુસ્લિમોને ચિત્રમાં લાવ્યા, જેણે આંતર-ધર્મીય લગ્નને ગુનાહિત ઠેરવ્યા હતા.

સંપૂર્ણ નિયંત્રણની ઈચ્છાએ ભારતના શ્રેષ્ઠ કાયદાઓમાંના એક, આરટીઆઈ એક્ટ પર પાણી ફેરવી દીધું છે, અને રાજ્યને મનસ્વી રીતે મોબાઈલ ટેલિફોની પર પ્રતિબંધ લાવવા માટે અધિકૃત કાયદા દ્વારા ભારતના કાશ્મીરીકરણની રજૂઆત પણ કરી છે. રાજ્યએ પોતાને માટે વધુ સત્તા ફાળવી અને નાગરિકોના ભોગે વધુ અધિકારોનો દાવો કર્યો અને વ્યક્તિગત સ્વતંત્રતા અને ન્યાયની પહોંચને નુકસાન પહોંચાડ્યું છે. આ એવા કેટલાક કાયદા છે જે મોદી વર્ષોએ બનાવ્યા છે. ખાસ નોંધ એ છે કે તેઓ લઘુમતીઓની પાછળ પડી જવાની ઈચ્છા ધરાવે છે અને ઘણા કિસ્સાઓમાં તેમના પુરાવાના બોજને ઉલટાવી દે છે. 'પિક રિવોલ્યુશન' પર મોદીના હુમલા પછી ભાજપના રાજ્યોમાં કાયદાનો પ્રથમ સેટ આવ્યો અને તેઓએ ગૌમાંસ રાખવાને અપરાધ બનાવવાનું શરૂ કર્યું. પહેલા મહારાષ્ટ્ર (ત્યારબાદ બીજેપીના શાસન હેઠળ) અને પછી હરિયાણાએ ૨૦૧૫માં ગૌમાંસ રાખવા માટે ગુનાહિત કાયદો પસાર કર્યો અને પછી બીજેપીના અન્ય રાજ્યોએ પ્રતિક્રિયા આપી. આનાથી બીફ લિંચિંગનો ક્રમ શરૂ થયો, હિંસાની એક શ્રેણી જેનાથી ભારતીયો અજાણ હતા (બીફ લિંચિંગ તરીકે ઓળખાતી તમામ જાણીતી હત્યાઓમાંથી ૧૦૦ ટકા ૨૦૧૫ પછી થઈ હતી) અને તે ભારતને મોદીની ભેટોમાંની એક છે. બે વર્ષ પછી, ગુજરાતમાં ગૌહત્યાની સજાને આજીવન કરી. આ દેખીતી રીતે આર્થિક અપરાધ છે: પશુઓની કતલ પર પ્રતિબંધ મૂકવાનું કથિત કારણ પશુપાલનને પ્રોત્સાહન આપવાનું છે. ભારતમાં અન્ય કોઈ આર્થિક અપરાધ જેલવાસને આકર્ષતો નથી. અને આપણને એ વાહિયાત પ્રસ્તાવ પર વિશ્વાસ કરવા માટે છોડી દેવામાં આવે છે કે મુસ્લિમો ધાર્મિક દ્વેષને કારણે નહીં પરંતુ હિંદુ ટોળાંઓ પશુપાલન પ્રત્યે જુસ્સાદાર હોવાને કારણે માર્યા જાય છે.

આ તે કાયદા છે જે મોદી વર્ષોએ આપણને આપ્યા છે :

૧. મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૫

આ કાયદા હેઠળ કોઈપણ વ્યક્તિ ગૌમાંસ રાખતો જણાય તો તેને પાંચ વર્ષ સુધીની જેલ થઈ શકે છે. તેમાં ગાયની કતલ પર હાલના પ્રતિબંધ ઉપરાંત બળદ અને વાછરડાની કતલ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

૨. હરિયાણા ગૌવંશ સંરક્ષણ અને ગૌસંવર્ધન અધિનિયમ, ૨૦૧૫

બીફ રાખવા પર પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. અન્ય રાજ્યમાં કતલ માટે ગાયનું વેચાણ સાત વર્ષની જેલની સજાને પાત્ર છે. ગૌહત્યા પર ૧૦ વર્ષ સુધીની જેલ થશે. પુરાવાનો બોજ આરોપીઓ પર રહેશે.

૩. ગુજરાત એનિમલ પ્રિઝર્વેશન (સુધારા) બિલ, ૨૦૧૭

આ કાયદાએ ગૌહત્યાની સજા સાત વર્ષથી વધારીને આજીવન કરી છે. તે નિર્ધારિત શરતો સિવાય પ્રાણીઓનું પરિવહન કરતા વાહનોને કાયમી જપ્ત કરવાની મંજૂરી આપે છે. તેણે દંડ પણ ૧ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કર્યો. ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે અહીં તર્ક ગૌહત્યાને હત્યા સમાન ગણવાનો છે.

૪. કર્ણાટક પ્રિવેન્શન ઓફ સ્લોટર એન્ડ પ્રિઝર્વેશન ઓફ કેટલ ઓર્ડિનન્સ, ૨૦૨૦ એ ૧૯૬૪ના કાયદાને રદ કર્યો જે બળદની કતલને મંજૂરી આપતો હતો

જેમાં ગૌહત્યાને સાત વર્ષ સુધીની સજા કરવામાં આવી હતી. પશુઓની ખરીદી, વેચાણ, નિકાલ અથવા રાજ્યની બહાર નિર્ધારિત પદ્ધતિ સિવાય પરિવહન કરનારને પાંચ વર્ષની જેલની સજા થશે. ૧૦ લાખ સુધીનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર કાયદામાં આ કલમ છે : "૯બી. આરોપી પર પુરાવાનો બોજ. કોઈપણ ટ્રાયલમાં... કતલ, પરિવહન, રાજ્યની બહાર નિકાસ, ગાય, બળદ અથવા બળદના માંસનું વેચાણ, ખરીદ અથવા કબજો આ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતું નથી તે સાબિત કરવાનો બોજ આરોપી પર રહેશે."

મતલબ કે જ્યાં સુધી તમે તમારી જાતને નિર્દોષ સાબિત ન કરી શકો ત્યાં સુધી તમે દોષિત છો. જો તમે કંકાલની બાજુમાં લોહિયાળ છરી સાથે મળી આવો, તો તમે નિર્દોષ હોવાનું માનવામાં આવે છે. જ્યારે તે રાજ્ય છે જેણે દર્શાવવું પડશે કે તમે હત્યા કરી છે. પરંતુ જો તમે માંસ સાથે મળી આવો અથવા તેની નજીકમાં જોવા મળો અને તમારા પર ગૌમાંસ રાખવાનો આરોપ મૂકવામાં આવે તો તમને ત્યાં સુધી ગૌમાંસ રાખવા માટે દોષિત માનવામાં આવે છે, જ્યાં સુધી રાજ્યને સંતોષ ન થાય. આ હિંસાને આમંત્રણ છે. મહારાષ્ટ્રના બે અઠવાડિયા પછી, ૧૭ માર્ચ ૨૦૧૫ના રોજ, બીજેપી હેઠળના હરિયાણાએ ગૌમાંસ રાખવાને અપરાધ ગણતો કાયદો પસાર કર્યો. કાયદામાં આ કલમ છે : 'કોઈ વ્યક્તિ પ્રત્યક્ષ કે આડકતરી રીતે બીફ અથવા બીફ ઉત્પાદનો વેચવા, રાખવા, સ્ટોર કરવા, પરિવહન કરવા અથવા વેચાણ માટે ઓફર કરી શકશે નહીં. આમાં પાંચ વર્ષ સુધીની સજા છે.

આનો વાસ્તવિક અર્થ શું થાય છે ? અમે જાણીએ છીએ કારણ કે અમારી પાસે ઉદાહરણો છે. ૨૦૧૯માં, એક ગુજરાતી મુસ્લિમ પર તેની પુત્રીના લગ્નમાં વાછરડાની ચોરી કરવાનો અને તેનું માંસ પીરસવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેના પર ચોરી માટે નહીં પરંતુ ગૌહત્યા માટે કેસ કરવામાં આવ્યો હતો અને તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ફરિયાદ પક્ષ પાસે કોઈ પુરાવા નહોતા અને તે સાબિત કરી શક્યું ન હતું કે લગ્નમાં જે ભોજન પીરસવામાં આવ્યું હતું તે બીફ હતું. રાજકોટમાં સરકારની ફોરેન્સિક્સ સાયન્સ લેબોરેટરી માંસ ગૌમાંસ હોવાનું સાબિત કરી શકી નથી. જો કે 'આવા સંજોગોમાં', સેશન્સ કોર્ટના ન્યાયાધીશ હેમંતકુમાર દવેએ નોંધ્યું હતું કે, 'આરોપીની ફરજ છે કે તે સાબિત કરે કે બિરયાનીમાં મળેલું માંસ ઉક્ત વાછરડાની કતલ કરીને મેળવ્યું ન હતું.' આ પુરાવાના બોજથી વિપરીત છે. આ માણસને ૧૦ વર્ષની જેલ થઈ હતી. શરમજનક થઈને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા 'ન્યાયિક વિવેકબુદ્ધિ'નો ઉપયોગ કરીને સજાને સ્થગિત કરવામાં આવી હતી અને વ્યક્તિને મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સરકારે કહ્યું કે તે અપીલ કરશે. (જુઓ 'ગુજરાતના માણસને ગૌહત્યા માટે ૧૦ વર્ષની જેલની સજા', ૭ જુલાઈ ૨૦૧૯, ધ ઈન્ડિયન એક્સપ્રેસ)

(ક્રમશઃ)

માઈકલ વોન વિરૂદ્ધ રફીકના જાતિવાદના આરોપોનું આદિલ રશીદે સમર્થન કર્યું

નવી દિલ્હી, તા.૧૬ ઈંગ્લેન્ડ કાઉન્ટી કલબ યોર્કશાયરમાં જાતિવાદ વિવાદ અટકવાનું નામ લઈ રહ્યો નથી અને હવે ઈંગ્લેન્ડના લેગ સ્પિનર આદિલ રશીદે પૂર્વ સાથી અઝીમ રફીકના આરોપોનું સમર્થન કરી એકવાર ફરી આ વિવાદને ચર્ચામાં લાવી દીધો છે. રશીદે કન્ફર્મ કરતા કહ્યું કે, પૂર્વ કપ્તાન માઈકલ વોનની ટિપ્પણીઓ એશિયન ખેલાડીઓ માટે હતી. ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની સેમીફાઈનલ સુધી પહોંચેલી ઈંગ્લેન્ડ ટીમના સભ્ય રશીદે કહ્યું કે, તે રફીકના દાવાની તપાસ માટે કોઈપણ ઓફિશિયલ તપાસમાં સહયોગ આપવા માટે તૈયાર છે. રફીકે યોર્કશાયર વિરૂદ્ધ સંસ્થાગત જાતિવાદના આરોપ લગાવ્યા છે. વોન તેના પૂર્વ કપ્તાન હતા અને રશીદ હજી પણ તેના માટે રમે છે. તેમણે દાવો કર્યો હતો કે, વોને ૨૦૦૯માં એક મેચ પહેલા ટીમના એશિયન ખેલાડીઓના ગ્રુપને કહ્યું હતું કે, તેમની સંખ્યા ઘણી વધારે છે અને આના માટે કંઈક કરવું પડશે. ESPNCricinfoએ રશીદના હવાલાથી કહ્યું કે, હું પોતાના ક્રિકેટ પર ફોકસ કરવા માંગતો હતો અને એવું કંઈ કરવા માંગતો ન હતો કે, ટીમને નુકસાન થાય પણ હું એનું પુષ્ટિકરણ કરી શકું છું કે, માઈકલ વોને તે ટિપ્પણી એશિયન ખેલાડીઓના ગ્રુપ માટે કરી હતી. આ પહેલા પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર નાવેદ ઉલ હસને પણ માઈકલ વોન પર એશિયન મૂળના ખેલાડીઓ વિરૂદ્ધ અપશબ્દ કહેવાનો આરોપ લગાવ્યો હતો. ૨૦૦૯ની સિઝનમાં નાવેદ યોર્કશાયરમાં વિદેશી પ્રોફેશનલ ખેલાડી હતો અને અઝીમ રફીકની સાથે હતો. વોન પર આરોપ છે કે, તેમણે રફીકને કહ્યું હતું કે, તમારા જેવા ઘણા બધા આજકાલ ટીમમાં આવી રહ્યા છે અને આના માટે કંઈક કરવું પડશે. તે દરમિયાન યોર્કશાયરની ટીમમાં નાવેદ અને અઝીમને મળીને કુલ ચાર ખેલાડી એશિયન મૂળના હતા.

૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપનો કાર્યક્રમ લગભગ નક્કી

ઓસી.ના ૭ શહેરમાં ટી-૨૦ વર્લ્ડકપની ૪૫ મેચો યોજાશે

વર્લ્ડકપની શરૂઆત ૧૬ ઓક્ટોબરથી થશે અને ૧૩ નવેમ્બરે ફાઈનલ, ૯-૧૦ નવેમ્બરે સેમિફાઈનલ

નવી દિલ્હી, તા.૧૬, ૨૦૨૨માં રમાનારા ટી-૨૦ વર્લ્ડકપનુ ટાઈમ ટેબલ પણ લગભગ નક્કી થઈ ચુકયુ છે. ઓસ્ટ્રેલિયામાં સાત શહેરો એડિલેડ, બ્રિસબેન, ગીલોન્ગ, મેલબોર્ન, પર્થ, સિડની અને હોબાર્ટમાં ૪૫ મેચો રમાશે.વર્લ્ડકપની શરૂઆત ૧૬ ઓક્ટોબરથી થશે અને ૧૩ નવેમ્બરે મેલબોર્નમાં ફાઈનલ રમાશે.પહેલી સેમી ફાઈનલ સિડનીમાં ૯ નવેમ્બરે અને બીજી સેમિફાઈનલ એડિલેડમાં ૧૦ નવેમ્બરે રમાશે. આ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકાની ટીમ રમશે.આ સિવાય નામીબિયા, સ્કોટલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકાએ બીજા ચાર ટીમો સામે ક્વોલિફાયર રાઉન્ડમાં રમવુ પડશે અને એ પછી તેમને સુપર ૧૨માં સ્થાન મળશે. પહેલા આ ટુર્નામેન્ટ ૨૦૨૦માં રમાવાની હતી પણ કોરાના કારણે તેને સ્થગિત કરાઈ હતી.આગામી વર્લ્ડકપમાં હાલના ટી-૨૦ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને અત્યારથી જ ફેવરિટ માનવામાં આવી રહ્યુ છે કારણકે ઓસ્ટ્રેલિયાએ પોતાના ઘરઆંગણે રમવાનુ છે.

ભારત સામેની ટી-૨૦ શ્રેણીમાંથી કેન વિલિયમ્સન બહાર

નવી દિલ્હી , તા.૧૬ ન્યુઝીલેન્ડે ભારત સામેની ૨૦ શ્રેણી માટે ૧૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં ૫ ફાસ્ટ બોલરોને જગ્યા મળી છે. જ્યારે ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૧ની જેમ મુખ્ય હથિયાર હશે. જ્યારે કાયલ જેમિસન ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવશે. કેન વિલિયમસનની ગેરહાજરીમાં બેટિંગનો બોજ અનુભવી માર્ટિન ગુપ્ટિલના ખભા પર રહેશે. આ સિવાય ડેરેલ મિશેલ, ટિમ સેફર્ટ, ગ્લેન ફિલિપ્સ પણ હશે, જેઓ બેટથી ફેરબદલ કરી શકે છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૧૭ નવેમ્બરથી ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે. આ ટીમ સાથે જોડાયેલા મોટા સમાચાર એ છે કે કેપ્ટન કેન વિલિયમસન નહીં હોય. આનો અર્થ એ થયો કે કેન ૨૦ શ્રેણી માંથી બહાર થઈ ગયો છે તેની જગ્યાએ ટિમ સાઉથીને ટીમની કમાન સોંપવામાં આવી છે. સ્પિન વિભાગનું ભારણ મિશેલ સેન્ટનર અને ઈશ સોઢીના ખભા પર રહેશે. ફાસ્ટ બોલિંગમાં ટિમ સાઉથી, ટ્રેન્ટ બોલ્ટ, એડમ મિલ્ને, લોકી ફર્ગ્યુસન ૪

ભારતીય ટીમના ઓલરાઉન્ડરની વિવાદ પર સ્પષ્ટતા

ઘડિયાળની કિંમત ૧.૫ કરોડ, મેં કસ્ટમને જાણ કરી : હાર્દિક પંડ્યા

હાર્દિકે તમામ બીજા આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું કે, ઘડિયાળની કિંમત ૫ કરોડ રૂપિયા નથી

મુંબઈ, તા.૧૬

ભારતીય ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ મુંબઈ એરપોર્ટ પર તેની ઘડિયાળો જપ્ત કરાયા બાદ જાગેલા વિવાદમાં સફાઈ આપી છે. મંગળવારે હાર્દિકે ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, જ્યારે હું દુબઈથી પાછો આવી રહ્યો હતો ત્યારે મેં સામે ચાલીને કસ્ટમ અધિકારીઓને મારી ઘડિળાયો આપી હતી.હાર્દિકે તમામ બીજા આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યુ છે કે, ઘડિયાળની કિંમત ૫ કરોડ રૂપિયા નથી.સોશિયલ મીડિયા પર ખોટો દાવો કરાઈ રહ્યા છે.તેની કિંમત ૧.૫ કરોડ રૂપિયા છે. હાર્દિકે કહ્યુ છે કે, હું ૧૫ નવેમ્બરે દુબઈથી પાછો આવી રહ્યો હતો ત્યારે એરપોર્ટ પર મારો સામાન લઈને હું જાતે એરપોર્ટના કસ્ટમ કાઉન્ટર પર ગયો હતો અને દુબઈથી લાવેલી તમામ વસ્તુઓને ત્યાં રજૂ કરી હતી અને કસ્ટમ ડ્યુટી ભરી હતી.સોશિયલ મીડિયા પર ખોટી રીતે વાત ફેલાવાઈ રહી છે.કસ્ટમ વિભાગે જે પણ કાગળ માંગ્યા છે તે અમે આપી રહ્યા છે.કસ્ટમ વિભાગ ડ્યુટી કેટલી ભરવી તેનો હિસાબ લગાવી રહ્યો છે અને તે હું ભરવા માટે તૈયાર છું. હાર્દિકે આગળ કહ્યુ છે કે, હું કાયદાનુ પાલન કરનાર નાગરિક છું, તમામ સરકારી એજન્સીઓનુ સન્માન કરૂ છું અને જે પણ કાગળની જરૂર હશે તે હું પૂરી પાડીશ. ઉલ્લેખનીય છે કે, સોમવારે સાંજે એવા અહેવાલ વહેતા થયા હતા કે, હાર્દિક પંડ્યાની પાંચ કરોડ રૂપિયાની બે ઘડિયાળો કસ્ટમ વિભાગે જપ્ત કરી છે.૨૦૨૦માં પણ હાર્દિક અને તેના ભાઈ કૃણાલ પાસે આ રીતે એરપોર્ટ પર ઘડિયાળો જપ્ત કરાઈ હતી. વિદેશથી કોઈ નાગરિક જ્યારે ભારત કોઈ વસ્તુ ખરીદીને લાવે ત્યારે તેણે તમામ સામાનની જાણકારી આપવી પડતી હોય છે અને તેના બિલ રજૂ કરવા પડતા હોય છે. જેના આધારે ડ્યુટી નક્કી થાય છે.

રોહિત શર્માના આવવાથી ટીમને થશે ફાયદો : રાહુલ

નવી દિલ્હી,તા.૧૬ કેએલ રાહુલે નવા મુખ્ય કોચ રાહુલ દ્રવિડની પ્રશંસા કરી હતી. તેણે કહ્યું, 'હું ઘણો ભાગ્યશાળી છું કે હું રાહુલ દ્રવિડને લાંબા સમયથી ઓળખું છું. મારી કારકિર્દીની શરૂઆતથી જ મેં તેમની સલાહને અનુસરી છે અને રમતને વધુ સારી રીતે સમજી છે અને બેટિંગની કળામાં મારી જાતને આગળ વધારવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કર્ણાટકમાં અમને બધાને ઘણી મદદ કરી છે તેણે કહ્યું, કોચ તરીકે તે તમામ યુવા ખેલાડીઓની સાથે રહ્યો છે. મુખ્ય કોચ તરીકે તેમનું આવવું એ તેમની પાસેથી ઘણું શીખવાની તક છે. આપણે બધા જાણીએ છીએ કે તેઓ કેટલું મોટું નામ છે અને તેમણે દેશ માટે શું કર્યું છે. તે સારી ટીમ કલ્ચરના હિમાયતી રહ્યા છે અને એવું વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, કે આપણે ક્રિકેટર તરીકે અને માણસ તરીકે વધુ સારા બની શકીએ. ૨૦ ટીમના નવા વાઈસ કેપ્ટન કેએલ રાહુલે રોહિત શર્માના કેપ્ટન બનવા પર મોટી વાત કરી. જોકે તેના શબ્દોએ ક્યાંકને ક્યાંક વિરાટ કોહલીની કેપ્ટનશિપ પર સવાલો ઉભા કર્યા છે. રોહિત શર્માની પ્રશંસા કરતા કેએલ રાહુલે કહ્યું કે, તે એક મહાન કેપ્ટન છે અને તેની રમતની સમજ અદભૂત છે. તેમજ કેએલ રાહુલે જે સૌથી મહત્વની વાત કહી તે એ છે કે તે ડ્રેસિંગ રૂમમાં સ્થિરતાની છે. કેએલ રાહુલે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું, 'અમે રોહિતને IPLમાં જોયો છે અને તેના આંકડા બધું જ કહી દે છે. તેની પાસે રમતની સારી સમજ છે અને તે કુશળ વ્યૂહરચનાકાર છે. આ જ કારણ છે કે તે કેપ્ટન તરીકે આટલું બધું હાંસલ કરી શક્યો છે. ટીમ રમતમાં નિર્ણયો સામૂહિક રીતે લેવામાં આવે છે અને નેતૃત્વ જૂથનું કામ એ સુનિશ્ચિત કરવાનું છ, કે દરેક વ્યક્તિ તેમની ભૂમિકાથી વાકેફ છે અને ટીમમાં સુરક્ષિત અનુભવે છે. કેએલ રાહુલે રોહિત શર્મા માટે જે વાતો કહી છે તે વિરાટ કોહલીની કેપ્ટનશિપ પર ક્યાંકને ક્યાંક સવાલો ઉભા કરે છે. સવાલ એ છે કે શું વિરાટ કોહલીની કેપ્ટનશીપમાં ખેલાડીઓ અસુરક્ષિત અનુભવતા હતા? ડ્રેસિંગ રૂમમાં બધું પરફેક્ટ ન હતું?

ચકલાસી નગરસેવાસદન

ટેન્ડર નોટિસ

આથી ચકલાસી નગરપાલિકા દ્વારા વિવિધ કામ માટેના વાર્ષિક ભાવો માટે અનુભવી અને માન્ય એજન્સીઓ પાસેથી નીચે મુજબના ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર કોપી નગરપાલિકા કચેરીમાંથી તા.૧૬/૧૧/૨૦૨૧થી ૨૩/૧૧/૨૦૨૧ ઓફિસ સમય દરમિયાન મેળવવાના રહેશે.

કામનું નામ	(૧) અર્નેસ્ટમની રૂ. (૨) ટેન્ડર ફી રૂ.
(૧) ન.પા.ના વાહનો રિપેરીંગ તથા વાહનોના ટાયર ટ્યુબ ખરીદવાના વાર્ષિક ભાવ	(૧) ૧૦૦૦/- (૨) ૫૦૦/-

(૧) ભાવ ભરેલ ટેન્ડર સ્પીડ પોસ્ટ/રજિસ્ટર પોસ્ટ એડીથી જ સ્વીકારવામાં આવશે જેની છેલ્લી તારીખ ૨૯/૧૧/૨૦૨૧ રહેશે. (રૂબરૂ ટેન્ડર સ્વીકારાશે નહીં)
(૨) અધુરી વિગતો ભરેલા, શરતી તેમજ મુદત બહારના ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
(૩) અર્નેસ્ટમની ભર્યા સિવાયના આવેલ ટેન્ડર મંજૂર કરવામાં આવશે નહીં.
(૪) કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર યા નામંજૂર કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. જેની સામે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં.

રાજુભાઈ સી. શેખ, ચીફ ઓફિસર, ચકલાસી નગરપાલિકા
ઐયુબખાન પઠાણ, કારોબારી અધ્યક્ષ, ચકલાસી નગરપાલિકા
રાજેશભાઈ આર. વાઘેલા, ઉપપ્રમુખ, ચકલાસી નગરપાલિકા
સંગીતાબેન એસ.વાઘેલા, પ્રમુખ, ચકલાસી નગરપાલિકા

માહિતી/નડિ/૪૫૨/૨૦૨૧-૨૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ૨૦૧, બીજો માળ, જલભવન વિજાપુર બાયપાસ રોડ, હિંમતનગર- ફો. નં. ૯૯૭૮૪૦૬૫૭૭ દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર આઈ.ડી. નં. ૪૯૧૬૫૪ સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકાના જુદા જુદા ગામોમાં ૩૦૦ મીમી વ્યાસના x ૧૨૦ મીટર ઉંડાઈન નવીન ડીટીએચ રીંગથી બોર (નંગ-૩૯) શારકામ તથા પંપ ટેસ્ટ, પીવીસી કેસીંગ પાઈપ, બોર મટીરીયલ માટે બોરની કામગીરી. (જે.જે.એમ. હેઠળ ડિપોઝીટ વર્ક-વાસ્મો). અંદાજીત રકમ રૂા.૧,૬૨,૦૪,૦૦૫.૦૦ના ટેન્ડરમાં ડીટીએચ ફીલીંગ કોન્ટ્રાક્ટર તરીકે નોંધાયેલ ઠેકેદારો અથવા સિવિલ કોન્ટ્રાક્ટર તરીકે (ન્યૂનતમ બી કલાસ કે તેથી ઉપર) ટેન્ડરમાં જણાવેલ શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટિસ અને ટેન્ડર ડોક્યુમેન્ટસ **www.gwssb.nprocure.com** પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા.૧૫/૧૧/૨૦૧૧ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને રજી.પોએડી/રૂબરૂ/કુરિયર/સ્પીડપોસ્ટથી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા.૦૨/૧૨/૨૦૨૧ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફ્રી નં.૧૯૧૬ છે. નામાનિ/હિંમત/૪૨૩/૨૦૨૧

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોકત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહદેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતનું સરનામું
1.	1108993 અને 291289	મિલકત સામે લોન	૧. ભાનુભાઈ એસ.ભરવાડ ૨. હેતલબેન વી. સિંધાવ	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૨૧,૩૫,૮૨૨.૯૦/-	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.બી/૧ ગ્રાઉન્ડ ફલોર તીર્થ ભૂમિ ઓનર્સ એસોસિએશનમાં, 'સિદ્ધેશ્વરી પાર્ક નામે સ્થિત વેજલપુર, અમદાવાદ અને સર્વે નં.૧૨૭૧/૧ પર બંધાયેલ, એફપી નં.૧૯૭ પૈકી, ટીપી નં.૩ મોજે વેજલપુર, તા.સિ. જિ. અમદાવાદ, ક્ષેત્રફળ ૯૦૦ ચો. ફુટ (સુપર બિલ્ટઅપ એરિયા) અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : પાર્કિંગ એરિયા, પશ્ચિમ : માર્જિન એરિયા, ઉત્તર : ફલેટ નં.બી-૧, દક્ષિણ : પેસેજ**
2.	30268610	હોમ લોન	૧. ગનીભાઈ લાખવા ૨. મુમતાજ ગંજા	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૧૭,૯૬,૦૪૨.૩૯/-	તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.બી-૧૦૪, પહેલો માળ, ક્ષેત્રફળ ૮૮.૨૮ ચો.મી. એટલે કે ૯૫૦ ચો. ફૂટ (સુપર બિલ્ટઅપ એરિયા) 'આંબાવાડી સંગમ' નામે ઊભેલ ટાવર બી-યમુના, મોજે/ગામ પાદરા, રજિ. જિ. અને સબ જિ. વડોદરા અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : સોસાયટી પેસેજ તરફ, પશ્ચિમ : ફલેટ નં.બી-૧૦૩ તરફ, ઉત્તર : સોસાયટી રોડ તરફ દક્ષિણ : પેસેજ**
3.	36405078	હોમ લોન	૧. સંગીતા વિજયપાલ વિશ્વકર્મા ૨. વિજયપાલ વિશ્વકર્મા	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૧૩,૫૫,૫૩૩.૯૨/-	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રો-હાઉસ નં.૩ ક્ષેત્રફળ ૫૫ ચો.મી. અને બાંધકામ ક્ષેત્રફળ ૮૭.૭૯ ચો.મી. સ્કીમ નામે 'અંજાની રો-હાઉસ' તરીકે ઊભેલ ધ પ્રાઈવે પ્લોટ નં.૩૪ પશ્ચિમ બાજુ, જમીન ક્ષેત્રફળ લગભગ ૮૦૮૬.૫૧ ચો.મી. પૈકી ક્ષેત્રફળ લગભગ ૨૩૨.૦૭ ચો.વાર એટલે કે ૧૯૪.૦૪ ચો.મી. સર્વે નં.૪૪૨ સાથે વિલય છે અને સિટી સર્વે નં. ૧૬૫૨ મોજે/ગામ કલોલ મોરે સ્પેસિફીક સ્થિત ફાઈનલ પ્લોટ નં.૧૯૬ પર ઊભેલ ટીપીએસ નં.૧, તા. કલોલ અને જિ. ગાંધીનગર અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રો-હાઉસ નં.૨, પશ્ચિમ : રો-હાઉસ નં.૪, ઉત્તર : સ્કીમ કમ્પાઉન્ડ વોલ, દક્ષિણ : રોડ**
4.	12946127 અને 12966572	હોમ ફાયનાન્સ હોમ લોન	૧. સવિતાબેન મેલાભાઈ સોલંકી ૨. અરવિંદભાઈ સોલંકી	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૮,૦૨,૩૨૪.૩૨/-	બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ મોજે તરસાલી, વડોદરા સ્થિત જમીન બેરીંગ આર.એસ. નં.૪૧૯/૨ પૈકી, ક્ષેત્રફળ ૪૬૬૮ ચો.મી. 'જય સાઈધામ પાર્ક' નામે સ્થિત પૈકી પ્લોટ નં.૧૭ ક્ષેત્રફળ ૩૧.૪૫ ચો.મી. કોમન રોડ એરિયા ક્ષેત્રફળ ૩૧.૯૪ ચો.મી. રજિ. સબ જિ. અને જિ. વડોદરા અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : પ્લોટ નં.૩૨ તરફ, પશ્ચિમ : ૭.૫૦ મી. સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર : પ્લોટ નં.૧૮ તરફ, દક્ષિણ : પ્લોટ નં.૧૬ તરફ**
5.	15512232, 15877861 અને 33487169	બિઝનેસ લોન અને મિલકત સામે લોન	૧. શ્રીજી સપ્લાયર્સ ૨. મનીષાબેન પરેશભાઈ પટેલ ૩. પરેશભાઈ સોમાભાઈ પટેલ	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૮૭૮૮૧૦૨.૨૪/-	બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ મોજે ઉંદેરા, સ્થિત જમીન બેરીંગ આરએસ નં.૩૧૫, ૩૧૬, ૩૨૮, ૩૨૯ ૩૧૫ સાથે જોડેલ 'પુષ્પક ટાઉનશીપ' નામે જાણીતી બ્લોક-/પ્લોટ નં.બી૬૦, ક્ષેત્રફળ ૧૫૩ ચો.મી. રજિ. સબ જિ. વડોદરા અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ૭.૫૦ મી રોડ, પશ્ચિમ : કોમન પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.બી-૬૧, દક્ષિણ : ત્રાંસો રોડ**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીક જાણીતી)

તા.: ૧૭-૧૧-૨૦૨૧
સ્થળ : ગુજરાત

રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ

RELIANCE — RELIANCE HOME FINANCE LIMITED

બ્રાન્ચ ઓફિસઃ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિ. C/o માય બ્રાન્ચ સર્વિસીસ પ્રા.લિ., સાકાર-૨, ઓફિસ નં.૭૦૩ અને ૭૦૪, એલિસબ્રીજ પોલીસ સ્ટેશન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬

રજિસ્ટર્ડ ઓફિસઃ - રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ, રૂબી ટાવર, ૧૧ મો માળ, નોર્થ વેસ્ટ વિંગ, પ્લોટ નં .૨૯, જે.કે. સાવંત માર્ગ, દાદર મુંબઈ ૪૦૦ ૦૨૮

પ્રતિકાત્મક કબજા નોટિસ (સુરક્ષા વ્યાજ (અમલ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૨) મુજબ)

જ્યારે સિક્યોરિટીઝેશન, ફાઈનાન્શિયલ એસેટ્સનુ પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાની રૂએ અને સુરક્ષા વ્યાજના નિયમ ૮ સાથે વાંચેલા કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨, નીચે જણાવેલ દેણદારો/સહ-દેણદારોને ડિમાન્ડ નોટિસ જારી કરી, નોટિસમાં ઉલ્લેખિત રકમ ઉક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત કરવા જણાવેલ.

ઉધાર લેનાર/સહ-દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે, આથી દેવાદાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો હસ્તાક્ષર હેઠળ લેવામાં આવ્યો છે. આ કાયદાની કલમ ૧૩ (૪) હેઠળ નીચે જણાવેલ તારીખો પર જણાવેલા નિયમોના નિયમ ૮ સાથે વાંચો. ખાસ કરીને ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે. દેણદાર/સહ-દેણદાર /મોર્ગેજ(રો) એ સુરક્ષિત સંપત્તિઓને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સરફેસી કાયદાની કલમ ૧૩ (૮) ની જોગવાઈ મુજબ આવકારે છે.

દેણદાર/સહદેણદારનું નામ	મિલકતનું વર્ણન	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ	કબજા નોટિસની રકમ (રૂા.)
૧) રાકેશકુમાર ભુપેન્દ્રભાઈ મકવાણા ૨) નેહલબેન રાકેશભાઈ મકવાણા ૩) ભુપેન્દ્ર મગનલાલ મકવાણા ૪) અરૂણકુમાર મગનલાલ મકવાણા	"મિલકતના તમામ હક્ક, ટાઈટલ અને હિત ફલેટ નં.બી/૧૦, બીજો માળ, ક્ષેત્રફળ ૫૭.૦૯ ચો.મી. 'વિશ્વબહાર કો.ઓ.હા.સો.લિ.'ના સભ્ય તરીકે આવેલ જમીન બેરીંગ સર્વે નં.૮૧/૧/એ અને ૮૧/૧/૧ ફાઈનલ પ્લોટ નં.૧૦૬ પૈકી ટીપીએસ ૧૧ મોજે રખીયાલ, તા. અસારવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૭ (ઓઢવ)"	૧૩મી મે, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૨૨,૩૫,૧૬૫/-
૧) મધુભાઈ કુરજીભાઈ પટેલ ૨) રોહિતકુમાર મધુભાઈ રાદડિયા ૩) હંસાબેન મધુભાઈ પટેલ	"મિલકતના તમામ હક્ક, ટાઈટલ અને હિત પ્લોટ/રો હાઉસ/ડુપ્લેક્ષ નં.૨૬ ક્ષેત્રફળ ૯૩.૩૭ સ્કે.મી. આમ્રકુંજ સોસાયટી, આમ્રકુંજ (નરોડા) કો.ઓ.હા.સો.લિ. સર્વે નં.૩૪૩/એ/૧, ફાઈનલ પ્લોટ નં.૧૬/૧+૨/૧, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૦૧, મોજે નિકોલ, તા. સિટી, જિ. અમદાવાદ, રજિ. સબ જિ. અમદાવાદ-૨ (નિકોલ)"	૧૩મી મે, ૨૦૨૧	૧૨મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૩૩,૩૨,૪૬૬/-
૧) મુકેશકુમાર સભાશંકર પાંડેય ૨) બિંદુદેવી સભાશંકર પાંડેય	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફલેટ નં.સી/૪૦૩ ત્રીજો માળ, સ્કીમ નામે 'મારૂતિ હાઈટસ' સર્વે નં.૯૦૬, એફ.પી. નં.૪૨, ટી.પી. નં.૧૦૬, મોજે વસ્ત્રાલ, તા.વટવા, જિ. અમદાવાદ"	૧૩મી મે, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૧૪,૨૦,૨૦૮/-
૧) અનિલકુમાર ઓમપ્રકાશ વર્મા ૨) અર્ચના અનીલકુમાર ભાવસાર	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફલેટ નં.ડી-૨૦૧ ક્ષેત્રફળ ૯૫.૨૫ ચો.મી. બીજો માળ, શાશ્વત મહાદેવ વિભાગ-૨, સર્વે નં.૮૮૬/૧, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૦૬, એફપી નં.૨૪ મોજે વસ્ત્રાલ, તા. સિટી, જિ. અમદાવાદ, રજિ. સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)"	૧૭મી જુન, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૯,૫૦,૭૫૪/-
૧) મહેશભાઈ ચેનલાલ બસંતાની ૨) ભાવના મહેશ બસંતાની	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફલેટ નં.ડી-૩૦૧, ક્ષેત્રફળ ૧૩૨ ચો.વાર સ્કીમ નામે 'કર્ણાવટી સુંદરવન' સ્થિત જમીન બેરીંગ બિનકૃષિ ફ્રીહોલ્ડ જમીન બેરીંગ સર્વે નં.૨૦૮/૧ ફાઈનલ પ્લોટ નં.૨૭/૧ ટીપીએસ ૭૯ મોજે નરોડા તા. સિટી જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા)"	૧૭મી જુન, ૨૦૨૧	૧૨મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૧૭,૪૨,૦૫૪/-
૧) રાકેશકુમાર ભરતભાઈ પંચાલ ૨) હંસાબેન ભરતભાઈ પંચાલ ૩) નિરવ ભરત પંચાલ	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફલેટ નં.સી-૧૧, બીજો માળ, વિસ્તાર ક્ષેત્રફળ ૪૫.૧૫ ચો.મી. બિનવહેંચાયેલ શેર સાથે બિલ્ટ અપ ક્ષેત્રફળ ૩૦.૫૭ સ્કીમ 'ચાહત રેસિડેન્સી' નામે જાણીતી ફ્રીહોલ્ડ બિનકૃષિની જમીન પર બંધાયેલ સર્વે નં.૯૪૫/૨ પૈકી ક્ષેત્રફળ ૬૯૪૯ ચો.મી. ફાઈનલ પ્લોટ નં.૮૦/૨ ક્ષેત્રફળ ૪૧૬૯ ચો.મી. ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૦૬ મોજે વસ્ત્રાલ તા. વટવા જિ.અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ) રાજ્ય ગુજરાત"	૧૭મી જુન, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૧૮,૦૧,૪૪૫/-
૧) શંભુ રાજેન્દ્રભાઈ બારોટ ૨) ખુશ્બુ પ્રવીણભાઈ બારોટ	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત એમ-૨૦૧, કેસર સિટી, કેસર સોપાન પાસે, ઝાયડસ-બાવળા હાઈવે, મોરૈયા આણંદ, સરખેજ મેસર્સ અરોમા રિયલટીસ લિ. દ્વારા બંધાયેલ, સ્થિત સર્વે નં.૪૫૨/૧ (જૂના સર્વે નં.૪૫૨/૧, ૪૬૦/૧/૧, ૪૬૦/૧/૨, ૪૫૫ પૈકી ૨, ૪૫૫ પૈકી ૧, ૪૫૭/૨, ૪૬૧ પૈકી ૧) મોજે, મોરૈયા, તા. સાણંદ અને જિ. અમદાવાદ"	૨૯મી જુન, ૨૦૨૧	૧૬મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૫,૮૮,૮૭૧/-

સ્થળ : અમદાવાદ
તા.૧૭મી નવેમ્બર, ૨૦૨૧

સહી/-
(અધિકૃત અધિકારી)
રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ

Before Sh. Balbir Singh, District and Sessions Judge (Retd.), Empanelled Arbitrator, Camp Office at House No. 115-SP, Sector-25, Panchkula, Haryana on behalf of HMSEFC
Case no. 2150 of 2020
M/s H S Wood craft # Village Raipur, Dolatpur Road, Yamuna Nagar 135001 (Haryana) through its Authorized Sale Proprietor Sh. Shiv Kumar ....Claimant
Versus
M/s TRICHEM CORPORATION, T F 8, Purneshwar Chember, Income Tax Ashram Road, Ashram Road, Ahmedabad, Gujarat, 380013 through its Sole Proprietor Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela.
Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela Sole Proprietor of M/s Trichem Corporation, R/o H3 505, Aryavilla, Anand Party Plot Road, New Ranip, Ahmedabad, Gujarat-382470 ....Respondents
Notice To Respondents No. 1: M/s TRICHEM CORPORATION, T F 8, Purneshwar Chember Income Tax Ashram Road, Ahmedabad, Gujarat 380013 through its Sole Proprietor Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela
Notice To Respondents No. 2: Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela Sole Proprietor of M/s Trichem Corporation, R/o H3 505, Aryavilla, Anand Party Plot Road, New Ranip, Ahmedabad, Gujrat-382470
Whereas it has been proved to the satisfaction of this Tribunal that the above respondent no. 1 and 2 cannot be served through the ordinary way of service. Hence substituted service is hereby issued and respondent no. 1 and 2 are ordered to be served through publication in the daily newspaper 'Gujrat Today' Ahmedabad. Respondent no. 1 and 2 are directed to appear personally or through an Authorized Agent / Counsel on 30.11.2021 at 11 A:M to join Arbitration Proceedings before the Empanelled Arbitrator, Sh. Balbir Singh, District and Sessions Judge (Retd.), at Camp Office at House No. 115-SP, Sector-25, Panchkula, Haryana. In case of non-appearance the proceedings shall be held in your absence in accordance with law.
Given Under hand and seal of this Tribunal, this 13th November 2021.
(Balbir Singh) District & Sessions Judge (Retd.) Empanelled Arbitrator for and on behalf of HMSEFC
Place: PANCHKULA.
Dated: 13.11.2021

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જોઈએ છે
છીપા વેલ્ફેર જનરલ હોસ્પિટલ માટે મડિકલ ઓફિસર (BAMS, BHMS) (ફિમેલ) સાંજે ૬થી ૧૦માં પગાર અનુભવ તથા લાયકાત મુજબ અરજી સાથે રૂબરૂ મળો. બપોરે ૧૨થી ૩માં પાંચપીપળી, પોલીસ ચોકી સામે, જમાલપુર, અમદાવાદ 25350244

વેચવાનું છે

સેલ સેલ સેલ
કંપની ડેમેજ ફ્રીઝ, વોશિંગ મશીન MRPથી 30%થી 40% ડિસ્કાઉન્ટમાં લકી સેલ્સ કોર્પોરેશન, સોરઠિયાવાડી, મજૂરગેટ, સુરત. 9979886688

ઓફિસ વેચવાની છે
નવું બાંધકામ 1152 સ્કવેર ફીટ SBA અને 977 સ્કવેર ફીટ SBA નવાબ લેગેસી, કિર્તીકુંજ સોસાયટી પાસે, શાહેઆલમ ટોલનાકા, દાણીલીમડા, અમદાવાદ 9879806845

મકાન અને જમીન ભાડે-વેચાણ

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે માટે મળો એવન પ્રોપર્ટી કન્સલટન્ટ હૈદરભાઈ 9227777881 મતીનભાઈ 8490903000

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ-જુહાપુરા-સરખેજ-8141837313-ગુલુચાચા

વ્યવસાયીલક્ષી/અન્ય

ઘેર બેઠા અરજન્ટ સર્વિસ મેળવો
ઈન્કમટેક્ષ રિટર્ન, પાનકાર્ડ, ગુમાસ્તા, જીએસટી, એકાઉન્ટ, ઈમ્પોર્ટ એક્ષપોર્ટ લાયસન્સ, સીએમએ અને પ્રોજેક્ટ રિપોર્ટ 8156003735 8401581761

ખજૂર
મદીના મુનવ્વરાની કલમી, આજવા, અંબર, શુક્કરી હોલસેલ/રીટેઈલ **9925791991, 9824255049**

લગ્ન વિષયક

લગ્ન વિષયક
ફક્ત હાઈલી એજ્યુકેટેડ માટે પસંદગી અને પરિચય મેળો ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા અમદાવાદ તા.19-12-2021 રજિસ્ટ્રેશન માટે 7874188748 www.khatoon matrimonial.com

અગત્યની સૂચના
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

છૂટાછેડા લીધેલ ગ્રેજ્યુએટ ઉંમર 25 કન્યા માટે યુવકના વાલી સંપર્ક કરે. Mo: 9824734642

લગ્ન વિષયક
સમસ્ત મુસ્લિમ સમાજનો પસંદગી અને પરિચય મેળો ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા સુરત-28/11 અમદાવાદ 19/12 રાજકોટ-26/12 બરોડા-9/01 રજિસ્ટ્રેશન માટે 7874188748 www.khatoon matrimonial.com

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા પોતાનો કારોબાર ધરાવતા એજ્યુકેટેડ ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, પાબંદ, બેવા ૩૫થી ૪૫ વર્ષીય કોન્ટેક્ટ કરો. 9099555987

માઈકલ વોન વિરૂદ્ધ રફીકના જાતિવાદના આરોપોનું આદિલ રશીદે સમર્થન કર્યું

નવી દિલ્હી, તા.૧૬

ઈંગ્લેન્ડ કાઉન્ટી ક્લબ યોર્કશાયરમાં જાતિવાદ વિવાદ અટકવાનું નામ લઈ રહ્યો નથી અને હવે ઈંગ્લેન્ડના લેગ સ્પિનર આદિલ રશીદે પૂર્વ સાથી અઝીમ રફીકના આરોપોનું સમર્થન કરી એકવાર ફરી આ વિવાદને ચર્ચામાં લાવી દીધો છે. રશીદે કન્ફર્મ કરતા કહ્યું કે, પૂર્વ કપ્તાન માઈકલ વોનની ટિપ્પણીઓ એશિયન ખેલાડીઓ માટે હતી. ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની સેમીફાઈનલ સુધી પહોંચેલી ઈંગ્લેન્ડ ટીમના સભ્ય રશીદે કહ્યું કે, તે રફીકના દાવાની તપાસ માટે કોઈપણ ઓફિશિયલ તપાસમાં સહયોગ આપવા માટે તૈયાર છે. રફીકે યોર્કશાયર વિરૂદ્ધ સંસ્થાગત જાતિવાદના આરોપ લગાવ્યા છે. વોન તેના પૂર્વ કપ્તાન હતા અને રશીદ હજી પણ તેના માટે રમે છે. તેમણે દાવો કર્યો હતો કે, વોને ૨૦૦૯માં એક મેચ પહેલા ટીમના એશિયન ખેલાડીઓના ગ્રુપને કહ્યું હતું કે, તેમની સંખ્યા ઘણી વધારે છે અને આના માટે કંઈક કરવું પડશે. ESPNCricinfoએ રશીદના હવાલાથી કહ્યું કે, હું પોતાના ક્રિકેટ પર ફોકસ કરવા માંગતો હતો અને એવું કંઈ કરવા માંગતો ન હતો કે, ટીમને નુકસાન થાય પણ હું એનું પુષ્ટિકરણ કરી શકું છું કે, માઈકલ વોને તે ટિપ્પણી એશિયન ખેલાડીઓના ગ્રુપ માટે કરી હતી. આ પહેલા પાકિસ્તાનના પૂર્વ ઝડપી બોલર નાવેદ ઉલ હસને પણ માઈકલ વોન પર એશિયન મૂળના ખેલાડીઓ વિરૂદ્ધ અપશબ્દ કહેવાનો આરોપ લગાવ્યો હતો. ૨૦૦૯ની સિઝનમાં નાવેદ યોર્કશાયરમાં વિદેશી પ્રોફેશનલ ખેલાડી હતો અને અઝીમ રફીકની સાથે હતો. વોન પર આરોપ છે કે, તેમણે રફીકને કહ્યું હતું કે, તમારા જેવા ઘણા બધા આજકાલ ટીમમાં આવી રહ્યા છે અને આના માટે કંઈક કરવું પડશે. તે દરમિયાન યોર્કશાયરની ટીમમાં નાવેદ અને અઝીમને મળીને કુલ ચાર ખેલાડી એશિયન મૂળના હતા.

૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપનો કાર્યક્રમ લગભગ નક્કી

ઓસી.ના ૭ શહેરમાં ટી-૨૦ વર્લ્ડકપની ૪૫ મેચો યોજાશે

વર્લ્ડકપની શરૂઆત ૧૬ ઓક્ટોબરથી થશે અને ૧૩ નવેમ્બરે ફાઈનલ, ૯-૧૦ નવેમ્બરે સેમિફાઈનલ

નવી દિલ્હી, તા.૧૬, ૨૦૨૨માં રમાનારા ટી-૨૦ વર્લ્ડકપનુ ટાઈમ ટેબલ પણ લગભગ નક્કી થઈ ચુકયુ છે. ઓસ્ટ્રેલિયામાં સાત શહેરો એડિલેડ, બ્રિસબેન, ગીલોન્ગ, મેલબોર્ન, પર્થ, સિડની અને હોબાર્ટમાં ૪૫ મેચો રમાશે.વર્લ્ડકપની શરૂઆત ૧૬ ઓક્ટોબરથી થશે અને ૧૩ નવેમ્બરે મેલબોર્નમાં ફાઈનલ રમાશે.પહેલી સેમી ફાઈનલ સિડનીમાં ૯ નવેમ્બરે અને બીજી સેમિફાઈનલ એડિલેડમાં ૧૦ નવેમ્બરે રમાશે. આ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકાની ટીમ રમશે.આ સિવાય નામીબિયા, સ્કોટલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકાએ બીજા ચાર ટીમો સામે ક્વોલિફાયર રાઉન્ડમાં રમવુ પડશે અને એ પછી તેમને સુપર ૧૨માં સ્થાન મળશે. પહેલા આ ટુર્નામેન્ટ ૨૦૨૦માં રમાવાની હતી પણ કોરાના કારણે તેને સ્થગિત કરાઈ હતી.આગામી વર્લ્ડકપમાં હાલના ટી-૨૦ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને અત્યારથી જ ફેવરિટ માનવામાં આવી રહ્યુ છે કારણકે ઓસ્ટ્રેલિયાએ પોતાના ઘરઆંગણે રમવાનુ છે.

ભારત સામેની ટી-૨૦ શ્રેણીમાંથી કેન વિલિયમ્સન બહાર

નવી દિલ્હી , તા.૧૬

ન્યુઝીલેન્ડે ભારત સામેની ૨૦ શ્રેણી માટે ૧૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં ૫ ફાસ્ટ બોલરોને જગ્યા મળી છે. જ્યારે ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૧ની જેમ મુખ્ય હથિયાર હશે. જ્યારે કાયલ જેમિસન ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવશે. કેન વિલિયમસનની ગેરહાજરીમાં બેટિંગનો બોજ અનુભવી માર્ટિન ગુપ્ટિલના ખભા પર રહેશે. આ સિવાય ડેરેલ મિશેલ, ટિમ સેફર્ટ, ગ્લેન ફિલિપ્સ પણ હશે, જેઓ બેટથી ફેરબદલ કરી શકે છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૧૭ નવેમ્બરથી ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે. આ ટીમ સાથે જોડાયેલા મોટા સમાચાર એ છે કે કેપ્ટન કેન વિલિયમસન નહીં હોય. આનો અર્થ એ થયો કે કેન ૨૦ શ્રેણી માંથી બહાર થઈ ગયો છે તેની જગ્યાએ ટિમ સાઉથીને ટીમની કમાન સોંપવામાં આવી છે. સ્પિન વિભાગનું ભારણ મિશેલ સેન્ટનર અને ઈશ સોઢીના ખભા પર રહેશે. ફાસ્ટ બોલિંગમાં ટિમ સાઉથી, ટ્રેન્ટ બોલ્ટ, એડમ મિલ્ને, લોકી ફર્ગ્યુસન ૪

ભારતીય ટીમના ઓલરાઉન્ડરની વિવાદ પર સ્પષ્ટતા

ઘડિયાળની કિંમત ૧.૫ કરોડ, મેં કસ્ટમને જાણ કરી : હાર્દિક પંડ્યા

હાર્દિકે તમામ બીજા આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું કે, ઘડિયાળની કિંમત ૫ કરોડ રૂપિયા નથી

મુંબઈ, તા.૧૬

ભારતીય ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ મુંબઈ એરપોર્ટ પર તેની ઘડિયાળો જપ્ત કરાયા બાદ જાગેલા વિવાદમાં સફાઈ આપી છે. મંગળવારે હાર્દિકે ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, જ્યારે હું દુબઈથી પાછો આવી રહ્યો હતો ત્યારે મેં સામે ચાલીને કસ્ટમ અધિકારીઓને મારી ઘડિળાયો આપી હતી.હાર્દિકે તમામ બીજા આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યુ છે કે, ઘડિયાળની કિંમત ૫ કરોડ રૂપિયા નથી.સોશિયલ મીડિયા પર ખોટો દાવો કરાઈ રહ્યા છે.તેની કિંમત ૧.૫ કરોડ રૂપિયા છે. હાર્દિકે કહ્યુ છે કે, હું ૧૫ નવેમ્બરે દુબઈથી પાછો આવી રહ્યો હતો ત્યારે એરપોર્ટ પર મારો સામાન લઈને હું જાતે એરપોર્ટના કસ્ટમ કાઉન્ટર પર ગયો હતો અને દુબઈથી લાવેલી તમામ વસ્તુઓને ત્યાં રજૂ કરી હતી અને કસ્ટમ ડ્યુટી ભરી હતી.સોશિયલ મીડિયા પર ખોટી રીતે વાત ફેલાવાઈ રહી છે.કસ્ટમ વિભાગે જે પણ કાગળ માંગ્યા છે તે અમે આપી રહ્યા છે.કસ્ટમ વિભાગ ડ્યુટી કેટલી ભરવી તેનો હિસાબ લગાવી રહ્યો છે અને તે હું ભરવા માટે તૈયાર છું. હાર્દિકે આગળ કહ્યુ છે કે, હું કાયદાનુ પાલન કરનાર નાગરિક છું, તમામ સરકારી એજન્સીઓનુ સન્માન કરૂ છું અને જે પણ કાગળની જરૂર હશે તે હું પૂરી પાડીશ. ઉલ્લેખનીય છે કે, સોમવારે સાંજે એવા અહેવાલ વહેતા થયા હતા કે, હાર્દિક પંડ્યાની પાંચ કરોડ રૂપિયાની બે ઘડિયાળો કસ્ટમ વિભાગે જપ્ત કરી છે.૨૦૨૦માં પણ હાર્દિક અને તેના ભાઈ કૃણાલ પાસે આ રીતે એરપોર્ટ પર ઘડિયાળો જપ્ત કરાઈ હતી. વિદેશથી કોઈ નાગરિક જ્યારે ભારત કોઈ વસ્તુ ખરીદીને લાવે ત્યારે તેણે તમામ સામાનની જાણકારી આપવી પડતી હોય છે અને તેના બિલ રજૂ કરવા પડતા હોય છે. જેના આધારે ડ્યુટી નક્કી થાય છે.

ચકલાસી નગરસેવાસદન

ટેન્ડર નોટિસ

આથી ચકલાસી નગરપાલિકા દ્વારા વિવિધ કામ માટેના વાર્ષિક ભાવો માટે અનુભવી અને માન્ય એજન્સીઓ પાસેથી નીચે મુજબના ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર કોપી નગરપાલિકા કચેરીમાંથી તા.૧૬/૧૧/૨૦૨૧થી ૨૩/૧૧/૨૦૨૧ ઓફિસ સમય દરમિયાન મેળવવાના રહેશે.

કામનું નામ	(૧) અર્નેસ્ટમની રૂા. (૨) ટેન્ડર ફી રૂા.
(૧) ન.પા.ના વાહનો રિપેરીંગ તથા વાહનોના ટાયર ટ્યુબ ખરીદવાના વાર્ષિક ભાવ	(૧) ૧૦૦૦/- (૨) ૫૦૦/-

(૧) ભાવ ભરેલ ટેન્ડર સ્પીડ પોસ્ટ/રજિસ્ટર પોસ્ટ એડીથી જ સ્વીકારવામાં આવશે જેની છેલ્લી તારીખ ૨૬/૧૧/૨૦૨૧ રહેશે. (રૂબરૂ ટેન્ડર સ્વીકારાશે નહીં)
(૨) અધુરી વિગતો ભરેલા, શરતી તેમજ મુદત બહારના ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
(૩) અર્નેસ્ટમની ભર્યા સિવાયના આવેલ ટેન્ડર મંજૂર કરવામાં આવશે નહીં.
(૪) કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર યા નામંજૂર કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. જેની સામે કોઈપણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં.

રાજુભાઈ સી. શેખ, ચીફ ઓફિસર, ચકલાસી નગરપાલિકા — ઐયુબખાન પઠાણ, કારોબારી અધ્યક્ષ, ચકલાસી નગરપાલિકા — રાજેશભાઈ આર. વાઘેલા, ઉપપ્રમુખ, ચકલાસી નગરપાલિકા — સંગીતાબેન એસ.વાઘેલા, પ્રમુખ, ચકલાસી નગરપાલિકા

માહિતી/નડિ/૪૫૨/૨૦૨૧-૨૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ૨૦૧, બીજો માળ, જલભવન વિજાપુર બાયપાસ રોડ, હિંમતનગર- ફો. નં. ૯૯૭૮૪૦૬૫૭૭ દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર આઈ.ડી. નં. ૪૯૧૬૫૪ સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકાના જુદા જુદા ગામોમાં ૩૦૦ મીમી વ્યાસના x ૧૨૦ મીટર ઉંડાઈન નવીન ડીટીએચ રીંગથી બોર (નંગ-૩૯) શારકામ તથા પંપ ટેસ્ટ, પીવીસી કેસીંગ પાઈપ, બોર મટીરીયલ માટે બોરની કામગીરી. (જે.જે.એમ. હેઠળ ડિપોઝીટ વર્ક-વાસ્મો). અંદાજીત રકમ રૂા.૧,૬૨,૦૪,૦૦૫.૦૦ના ટેન્ડરમાં ડીટીએચ ફીલીંગ કોન્ટ્રાક્ટર તરીકે નોંધાયેલ ઠેકેદારો અથવા સિવિલ કોન્ટ્રાક્ટર તરીકે (ન્યૂનતમ બી કલાસ કે તેથી ઉપર) ટેન્ડરમાં જણાવેલ શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટિસ અને ટેન્ડર ડોક્યુમેન્ટસ **www.gwssb.nprocure.com** પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા.૧૫/૧૧/૨૦૧૧ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને રજી.પોએડી/રૂબરૂ/કુરિયર/સ્પીડપોસ્ટથી હાર્ડ કોપીમાં દસ્તાવેજ મેળવવાની છેલ્લી તા.૦૨/૧૨/૨૦૨૧ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈપણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરિયાદો માટે ટોલ ફ્રી નં.૧૯૧૬ છે. નામાનિ/હિંમત/૪૨૩/૨૦૨૧

યુગાન્ડામાં ટીમની હોટેલ નજીક થયેલા બે બોમ્બ બ્લાસ્ટ બાદ ભારતના તમામ પેરા બેડમિન્ટન ખેલાડીઓ સુરક્ષિત

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૬

યુગાન્ડાની રાજધાની કંપાલામાં ભારતીય પેરા બેડમિન્ટન ટીમ જે હોટેલમાં રોકાઈ હતી તેની થોડે નજીક જ બે બોમ્બ બ્લાસ્ટ થયા હતા. આ વિસ્ફોટમાં ત્રણ લોકોનાં મોત થયા હતા જ્યારે બ્લાસ્ટ બાદ વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ હતી. ભારતના મુખ્ય કોચ ગૌરવ ખન્નાએ આ અંગે જાણકારી આપતાં કહ્યું છે કે, વિસ્ફોટ હોટેલથી લગભગ ૧૦૦ મીટર દૂર થયા છે પરંતુ ચિંતાની વાત નથી અમે બધા સુરક્ષિત છીએ. ભારતની પેરા બેડમિન્ટન ટીમ ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે યુગાન્ડા પહોંચી છે. આ દરમિયાન ટીમ યુગાન્ડાની રાજધાની કંપાલાની એક હોટેલમાં રોકાઈ છે. આ હોટેલથી લગભગ ૧૦૦ મીટર દૂર બે બ્લાસ્ટ થયા હતા. વિસ્ફોટમાં ત્રણ આત્મઘાતી હુમલાખોર માર્યા ગયા હતા. સ્થાનિક પોલીસે તેની પુષ્ટી પણ કરી છે. ગૌરવ ખન્નાએ કહ્યું કે, જ્યારે વિસ્ફોટ થયો ત્યારે ટીમના કેટલાક ખેલાડીઓ બેડમિન્ટન હોલ માટે નીકળી રહ્યા હતા. બ્લાસ્ટને કારણે માર્ગ પર અફરા તફરી મચી ગઈ હતી. ખતરાને જોતાં અમે તરત જ પરત ફરી ગયા હતા. અમે આ અંગે દૂતાવાસ સાથે વાત કરી છે અને ચિંતા કરવા જેવું નથી.

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહદેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી	મિલકતનું સરનામું
1.	1108993 અને 291289	મિલકત સામે લોન	૧. ભાનુભાઈ એસ.ભરવાડ ૨. હેતલબેન વી. સિંધાવ	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૨૧,૩૫,૮૨૨.૯૦/-	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ ફ્લેટ નં.બી/૧ ગ્રાઉન્ડ ફ્લોર તીર્થ ભૂમિ ઓનર્સ એસોસિએશનમાં, 'સિદ્ધેશ્વરી પાર્ક નામે સ્થિત વેજલપુર, અમદાવાદ અને સર્વે નં.૧૨૭૧/૧ પર બંધાયેલ, એફપી નં.૧૯૭ પૈકી, ટીપી નં.૩ મોજે વેજલપુર, તા.સિ. જિ. અમદાવાદ, ક્ષેત્રફળ ૯૦૦ ચો. ફુટ (સુપર બિલ્ટઅપ એરિયા) અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : પાર્કિંગ એરિયા, પશ્ચિમ : માર્જિન એરિયા, ઉત્તર : ફ્લેટ નં.બી-૧, દક્ષિણ : પેસેજ**
2.	30268610	હોમ લોન	૧. ગનીભાઈ લાખવા ૨. મુમતાજ ગંજા	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૧૭,૯૬,૦૪૨.૩૯/-	તમામ ભાગ અને હિસ્સાઓ ફ્લેટ નં.બી-૧૦૪, પહેલો માળ, ક્ષેત્રફળ ૮૮.૨૮ ચો.મી. એટલે કે ૯૫૦ ચો. ફૂટ (સુપર બિલ્ટઅપ એરિયા) 'આંબાવાડી સંગમ' નામે ઊભેલ ટાવર બી-યમુના, મોજે/ગામ પાદરા, રજિ. જિ. અને સબ જિ. વડોદરા અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : સોસાયટી પેસેજ તરફ, પશ્ચિમ : ફ્લેટ નં.બી-૧૦૩ તરફ, ઉત્તર : સોસાયટી રોડ તરફ દક્ષિણ : પેસેજ**
3.	36405078	હોમ લોન	૧. સંગીતા વિજયપાલ વિશ્વકર્મા ૨. વિજયપાલ વિશ્વકર્મા	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૧૩,૫૫,૫૩૩.૯૨/-	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રો-હાઉસ નં.૩ ક્ષેત્રફળ ૫૫ ચો.મી. અને બાંધકામ ક્ષેત્રફળ ૮૭.૭૯ ચો.મી. સ્કીમ નામે 'અંજાની રો-હાઉસ' તરીકે ઊભેલ ધ પ્રાઈવે પ્લોટ નં.૩૪ પશ્ચિમ બાજુ, જમીન ક્ષેત્રફળ લગભગ ૮૦૮૬.૫૧ ચો.મી. પૈકી ક્ષેત્રફળ લગભગ ૨૩૨.૦૭ ચો.વાર એટલે કે ૧૯૪.૦૪ ચો.મી. સર્વે નં.૪૪૨ સાથે વિલય છે અને સિટી સર્વે નં. ૧૬૫૨ મોજે/ગામ કલોલ મોરે સ્પેસિફીક સ્થિત ફાઈનલ પ્લોટ નં.૧૯૬ પર ઊભેલ ટીપીએસ નં.૧, તા. કલોલ અને જિ. ગાંધીનગર અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રો-હાઉસ નં.૨, પશ્ચિમ : રો-હાઉસ નં.૪, ઉત્તર : સ્કીમ કમ્પાઉન્ડ વોલ, દક્ષિણ : રોડ**
4.	12946127 અને 12966572	હોમ ફાયનાન્સ હોમ લોન	૧. સવિતાબેન મેલાભાઈ સોલંકી ૨. અરવિંદભાઈ સોલંકી	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૮,૦૨,૩૨૪.૩૨/-	બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ મોજે તરસાલી, વડોદરા સ્થિત જમીન બેરીંગ આર.એસ. નં.૪૧૯/૨ પૈકી, ક્ષેત્રફળ ૪૬૬૮ ચો.મી. 'જય સાઈધામ પાર્ક' નામે સ્થિત પૈકી પ્લોટ નં.૧૭ ક્ષેત્રફળ ૩૧.૪૫ ચો.મી. કોમન રોડ એરિયા ક્ષેત્રફળ ૩૧.૯૪ ચો.મી. રજિ. સબ જિ. અને જિ. વડોદરા અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : પ્લોટ નં.૩૨ તરફ, પશ્ચિમ : ૭.૫૦ મી. સોસાયટીનો આંતરિક રોડ, ઉત્તર : પ્લોટ નં.૧૮ તરફ, દક્ષિણ : પ્લોટ નં.૧૬ તરફ**
5.	15512232, 15877861 અને 33487169	બિઝનેસ લોન અને મિલકત સામે લોન	૧. શ્રીજી સપ્લાયર્સ ૨. મનીષાબેન પરેશભાઈ પટેલ ૩. પરેશભાઈ સોમાભાઈ પટેલ	૦૬.૧૧.૨૦૨૧	ભા.રૂા. ૮૭૮૮૧૦૨.૨૪/-	બિનકૃષિના પ્લોટની જમીનના તમામ ભાગ અને હિસ્સાઓ મોજે ઉંદેરા, સ્થિત જમીન બેરીંગ આરએસ નં.૩૧૫, ૩૧૬, ૩૨૮, ૩૨૯ ૩૧૫ સાથે જોડેલ 'પુષ્પક ટાઉનશીપ' નામે જાણીતી બ્લોક-/પ્લોટ નં.બી૬૦, ક્ષેત્રફળ ૧૫૩ ચો.મી. રજિ. સબ જિ. વડોદરા અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ૭.૫૦ મી રોડ, પશ્ચિમ : કોમન પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.બી-૬૧, દક્ષિણ : ત્રાંસો રોડ**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોક્ત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીક જાણીતી)

તા.: ૧૭-૧૧-૨૦૨૧
સ્થળ : ગુજરાત

રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ

RELIANCE HOME FINANCE LIMITED

બ્રાન્ચ ઓફિસ: રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિ. C/o માય બ્રાન્ચ સર્વિસીસ પ્રા.લિ., સાકાર-૨, ઓફિસ નં.૭૦૩ અને ૭૦૪, એલિસબ્રીજ પોલીસ સ્ટેશન પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬

રજિસ્ટર્ડ ઓફિસઃ - રિલાયન્સ હોમ ફાઇનાન્સ લિમિટેડ, રૂબી ટાવર, ૧૧ મો માળ, નોર્થ વેસ્ટ વિંગ, પ્લોટ નં .૨૯, જે.કે. સાવંત માર્ગ, દાદર મુંબઈ ૪૦૦ ૦૨૮

પ્રતિકાત્મક કબજા નોટિસ (સુરક્ષા વ્યાજ (અમલ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૨) મુજબ)

જ્યારે સિક્યોરિટીઝેશન, ફાઈનાન્શિયલ એસેટ્સનુ પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાની રૂએ અને સુરક્ષા વ્યાજના નિયમ ૮ સાથે વાંચેલા કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨, નીચે જણાવેલ દેણદારો/સહ-દેણદારોને ડિમાન્ડ નોટિસ જારી કરી, નોટિસમાં ઉલ્લેખિત રકમ ઉક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત કરવા જણાવેલ.

ઉધાર લેનાર/સહ-દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે, આથી દેવાદાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો હસ્તાક્ષર હેઠળ લેવામાં આવ્યો છે. આ કાયદાની કલમ ૧૩ (૪) હેઠળ નીચે જણાવેલ તારીખો પર જણાવેલા નિયમોના નિયમ ૮ સાથે વાંચો. ખાસ કરીને ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારાઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે. દેણદાર/સહ-દેણદાર /મોર્ગેજ(રો) એ સુરક્ષિત સંપત્તિઓને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં સરફેસી કાયદાની કલમ ૧૩ (૮) ની જોગવાઈ મુજબ આવકારે છે.

દેણદાર/સહદેણદારનું નામ	મિલકતનું વર્ણન	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ	કબજા નોટિસની રકમ (રૂા.)
૧) રાકેશકુમાર ભુપેન્દ્રભાઈ મકવાણા ૨) નેહલબેન રાકેશભાઈ મકવાણા ૩) ભુપેન્દ્ર મગનલાલ મકવાણા ૪) અરૂણકુમાર મગનલાલ મકવાણા	"મિલકતના તમામ હક્ક, ટાઈટલ અને હિત ફ્લેટ નં.બી/૧૦, બીજો માળ, ક્ષેત્રફળ ૫૭.૦૯ ચો.મી. 'વિશ્વબહાર કો.ઓ.હા.સો.લિ.'ના સભ્ય તરીકે આવેલ જમીન બેરીંગ સર્વે નં.૮૧/૧/એ અને ૮૧/૧/૧ ફાઈનલ પ્લોટ નં.૧૦૬ પૈકી ટીપીએસ ૧૧ મોજે રખીયાલ, તા. અસારવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૭ (ઓઢવ)"	૧૩મી મે, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૨૨,૩૫,૧૬૫/-
૧) મધુભાઈ કુરજીભાઈ પટેલ ૨) રોહિતકુમાર મધુભાઈ રાદડિયા ૩) હંસાબેન મધુભાઈ પટેલ	"મિલકતના તમામ હક્ક, ટાઈટલ અને હિત પ્લોટ/રો હાઉસ/ડુપ્લેક્ષ નં.૨૬ ક્ષેત્રફળ ૯૩.૩૭ સ્કે.મી. આમ્રકુંજ સોસાયટી, આમ્રકુંજ (નરોડા) કો.ઓ.હા.સો.લિ. સર્વે નં.૩૪૩/એ/૧, ફાઈનલ પ્લોટ નં.૧૬/૧+૨/૧, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૦૧, મોજે નિકોલ, તા. સિટી, જિ. અમદાવાદ, રજિ. સબ જિ. અમદાવાદ-૨ (નિકોલ)"	૧૩મી મે, ૨૦૨૧	૧૨મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૩૩,૩૨,૪૬૬/-
૧) મુકેશકુમાર સભાશંકર પાંડેય ૨) બિંદુદેવી સભાશંકર પાંડેય	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફ્લેટ નં.સી/૪૦૩ ત્રીજો માળ, સ્કીમ નામે 'મારુતિ હાઈટસ' સર્વે નં.૯૦૬, એફ.પી. નં.૪૨, ટી.પી. નં.૧૦૬, મોજે વસ્ત્રાલ, તા.વટવા, જિ. અમદાવાદ"	૧૩મી મે, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૧૪,૨૦,૨૦૮/-
૧) અનિલકુમાર ઓમપ્રકાશ વર્મા ૨) અર્ચના અનીલકુમાર ભાવસાર	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફ્લેટ નં.ડી-૨૦૧ ક્ષેત્રફળ ૯૫.૨૫ ચો.મી. બીજો માળ, શાશ્વત મહાદેવ વિભાગ-૨, સર્વે નં.૮૮૬/૧, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૦૬, એફપી નં.૨૪ મોજે વસ્ત્રાલ, તા. સિટી, જિ. અમદાવાદ, રજિ. સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ)"	૧૭મી જુન, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૯,૫૦,૭૫૪/-
૧) મહેશભાઈ ચેનલાલ બસંતાની ૨) ભાવના મહેશ બસંતાની	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફ્લેટ નં.ડી-૩૦૧, ક્ષેત્રફળ ૧૩૨ ચો.વાર સ્કીમ નામે 'કર્ણાવટી સુંદરવન' સ્થિત જમીન બેરીંગ બિનકૃષિ ફ્રીહોલ્ડ જમીન બેરીંગ સર્વે નં.૨૦૮/૧ ફાઈનલ પ્લોટ નં.૨૭/૧ ટીપીએસ ૭૯ મોજે નરોડા તા. સિટી જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા)"	૧૭મી જુન, ૨૦૨૧	૧૨મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૧૭,૪૨,૦૫૪/-
૧) રાકેશકુમાર ભરતભાઈ પંચાલ ૨) હંસાબેન ભરતભાઈ પંચાલ ૩) નિરવ ભરત પંચાલ	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત ફ્લેટ નં.સી-૧૧, બીજો માળ, વિસ્તાર ક્ષેત્રફળ ૪૫.૧૫ ચો.મી. બિનવહેંચાયેલ શેર સાથે બિલ્ટ અપ ક્ષેત્રફળ ૩૦.૫૭ સ્કીમ 'ચાહત રેસિડેન્સી' નામે જાણીતી ફ્રીહોલ્ડ બિનકૃષિની જમીન પર બંધાયેલ સર્વે નં.૯૪૫/૨ પૈકી ક્ષેત્રફળ ૬૯૪૯ ચો.મી. ફાઈનલ પ્લોટ નં.૮૦/૨ ક્ષેત્રફળ ૪૧૬૯ ચો.મી. ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૦૬ મોજે વસ્ત્રાલ તા. વટવા જિ.અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ) રાજ્ય ગુજરાત"	૧૭મી જુન, ૨૦૨૧	૧૩મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૧૮,૦૧,૪૪૫/-
૧) શંભુ રાજેન્દ્રભાઈ બારોટ ૨) ખુશ્બુ પ્રવીણભાઈ બારોટ	"સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા મિલકત સ્થિત એમ-૨૦૧, કેસર સિટી, કેસર સોપાન પાસે, ઝાયડસ-બાવળા હાઈવે, મોરૈયા આણંદ, સરખેજ મેસર્સ અરોમા રિયલટીસ લિ. દ્વારા બંધાયેલ, સ્થિત સર્વે નં.૪૫૨/૧ (જૂના સર્વે નં.૪૫૨/૧, ૪૬૦/૧/૧, ૪૬૦/૧/૨, ૪૫૫ પૈકી ૨, ૪૫૫ પૈકી ૧, ૪૫૭/૨, ૪૬૧ પૈકી ૧) મોજે, મોરૈયા, તા. સાણંદ અને જિ. અમદાવાદ"	૨૯મી જુન, ૨૦૨૧	૧૬મી નવેમ્બર, ૨૦૨૧	રૂા. ૫,૮૮,૮૭૧/-

સ્થળ : અમદાવાદ
તા.૧૭મી નવેમ્બર, ૨૦૨૧

સહી/-
(અધિકૃત અધિકારી)
રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ

Before Sh. Balbir Singh, District and Sessions Judge (Retd.), Empanelled Arbitrator, Camp Office at House No. 115-SP, Sector-25, Panchkula, Haryana on behalf of HMSEFC

Case no. 2150 of 2020

M/s H S Wood craft # Village Raipur, Dolatpur Road, Yamuna Nagar 135001 (Haryana) through its Authorized Sale Proprietor Sh. Shiv Kumar ....Claimant

Versus

M/s TRICHEM CORPORATION, T F 8, Purneshwar Chember, Income Tax Ashram Road, Ashram Road, Ahmedabad, Gujarat, 380013 through its Sole Proprietor Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela.

Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela Sole Proprietor of M/s Trichem Corporation, R/o H3 505, Aryavilla, Anand Party Plot Road, New Ranip, Ahmedabad, Gujarat-382470 ....Respondents

Notice To Respondents No. 1: M/s TRICHEM CORPORATION, T F 8, Purneshwar Chember Income Tax Ashram Road, Ahmedabad, Gujarat 380013 through its Sole Proprietor Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela

Notice To Respondents No. 2: Sh. Rahul Mansukhlal Vaghela S/o Sh. Mansukhlal Mohanbhai Vaghela Sole Proprietor of M/s Trichem Corporation, R/o H3 505, Aryavilla, Anand Party Plot Road, New Ranip, Ahmedabad, Gujrat-382470

Whereas it has been proved to the satisfaction of this Tribunal that the above respondent no. 1 and 2 cannot be served through the ordinary way of service. Hence substituted service is hereby issued and respondent no. 1 and 2 are ordered to be served through publication in the daily newspaper 'Gujrat Today' Ahmedabad. Respondent no. 1 and 2 are directed to appear personally or through an Authorized Agent / Counsel on 30.11.2021 at 11 A:M to join Arbitration Proceedings before the Empanelled Arbitrator, Sh. Balbir Singh, District and Sessions Judge (Retd.), at Camp Office at House No. 115-SP, Sector-25, Panchkula, Haryana. In case of non-appearance the proceedings shall be held in your absence in accordance with law.

Given Under hand and seal of this Tribunal, this 13th November 2021.

(Balbir Singh) District & Sessions Judge (Retd.)
Empanelled Arbitrator
for and on behalf of HMSEFC

Place: PANCHKULA.
Dated: 13.11.2021

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જોઈએ છે
છીપા વેલ્ફેર જનરલ હોસ્પિટલ માટે મડિકલ ઓફિસર (BAMS, BHMS) (ફિમેલ) સાંજે ૬થી ૧૦માં પગાર અનુભવ તથા લાયકાત મુજબ અરજી સાથે રૂબરૂ મળો. બપોરે ૧૨થી ૩માં પાંચપીપળી, પોલીસ ચોકી સામે, જમાલપુર, અમદાવાદ 25350244

વેચવાનું છે

સેલ સેલ સેલ
કંપની ડેમેજ ફ્રીઝ, વોશિંગ મશીન MRPથી 30%થી 40% ડિસ્કાઉન્ટમાં લકી સેલ્સ કોર્પોરેશન, સોરઠિયાવાડી, મજૂરગેટ, સુરત. 9979886688

ઓફિસ વેચવાની છે
નવું બાંધકામ 1152 સ્કવેર ફીટ SBA અને 977 સ્કવેર ફીટ SBA નવાબ લેગેસી, કિર્તીકુંજ સોસાયટી પાસે, શાહેઆલમ ટોલનાકા, દાણીલીમડા, અમદાવાદ 9879806845

મકાન અને જમીન ભાડે-વેચાણ

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી
લેવા-વેચવા તેમજ ભાડે માટે મળો એવન પ્રોપર્ટી કન્સલટન્ટ હૈદરભાઈ 9227777881 મતીનભાઈ 8490903000

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ-જુહાપુરા-સરખેજ-8141837313-ગુલુચાચા

વ્યવસાયીલક્ષી/અન્ય

ઘેર બેઠા અરજન્ટ સર્વિસ મેળવો
ઈન્કમટેક્ષ રિટર્ન, પાનકાર્ડ, ગુમાસ્તા, જીએસટી, એકાઉન્ટ, ઈમ્પોર્ટ એક્ષપોર્ટ લાયસન્સ, સીએમએ અને પ્રોજેક્ટ રિપોર્ટ 8156003735 8401581761

ખજૂર
મદીના મુનવ્વરાની કલમી, આજવા, અંબર, શુક્કરી હોલસેલ/રીટેઈલ 9925791991, 9824255049

લગ્ન વિષયક

લગ્ન વિષયક
ફક્ત હાઈલી એજ્યુકેટેડ માટે પસંદગી અને પરિચય મેળો ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા અમદાવાદ તા.19-12-2021 રજિસ્ટ્રેશન માટે 7874188748 www.khatoon matrimonial.com

અગત્યની સૂચના
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

છૂટાછેડા લીધેલ ગ્રેજ્યુએટ ઉંમર 25 કન્યા માટે યુવકના વાલી સંપર્ક કરે. Mo: 9824734642

લગ્ન વિષયક
સમસ્ત મુસ્લિમ સમાજનો પસંદગી અને પરિચય મેળો ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરો દ્વારા સુરત-28/11 અમદાવાદ 19/12 રાજકોટ-26/12 બરોડા-9/01 રજિસ્ટ્રેશન માટે 7874188748 www.khatoon matrimonial.com

લગ્ન વિષયક
બીજા લગ્ન માટે એક પત્ની ધરાવતા પોતાનો કારોબાર ધરાવતા એજ્યુકેટેડ ૪૧ વર્ષીય દીનદાર યુવક માટે સુંદર, સમજદાર, પાબંદ, બેવા ૩૫થી ૪૫ વર્ષીય કોન્ટેક્ટ કરો. 9099555987

અમરાવતીમાં ભાજપની આગેવાની હેઠળ આયોજિત બંધ દરમિયાન મુસ્લિમોની દુકાનો સળગાવી દેવામાં આવી હતી : પોલીસ

(એજન્સી) તા.૧૬

મહારાષ્ટ્રના અમરાવતીમાં ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા આયોજિત બંધ દરમિયાન મુસ્લિમ સમુદાયની માલિકીની દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી અને આગ લગાવવામાં આવી હતી. શુક્રવારે રઝા એકેડેમી જેવા કેટલાક મુસ્લિમ સંગઠનો દ્વારા કરવામાં આવેલા રાજ્યવ્યાપી વિરોધ અને રેલીઓના જવાબમાં ભાજપે આ બંધનું આહ્‌વાન કર્યું હતું. મુસ્લિમ જૂથો તાજેતરમાં ત્રિપુરામાં ફાટી નીકળેલી સાંપ્રદાયિક હિંસા સામે વિરોધ કરી રહ્યા હતા જેમાં ઓછામાં ઓછી છ મસ્જિદો, ડઝનેક ઘરો અને મુસ્લિમોની દુકાનોને બાળી નાખવામાં આવી હતી. અમરાવતીના કોટવારી વિસ્તારમાંથી મુસ્લિમ સરઘસ પસાર થઈ રહ્યું હતું ત્યારે સ્થાનિક ભાજપ નેતા પ્રવિણ પોટેના ઘર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને તેની બારી તોડી નાખવામાં આવી હતી. અન્ય જગ્યાએ પથ્થરમારામાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો. પોલીસના અંદાજ મુજબ, આ વિરોધમાં લગભગ ૨૫,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ભાજપ, બજરંગ દળ, વિશ્વ હિંદુ પરિષદ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકર્તાની સંખ્યા પોલીસ કર્મચારીઓ કરતાં વધુ છે. આમાંથી બે મુસ્લિમ દુકાનો અને એક દુકાનની બહાર પાર્ક કરેલી ત્રણ ટુ-વ્હીલર સળગાવી દેવામાં આવ્યા હતા. બીજી દુકાનને નુકસાન થયું હતું અને દુકાન માલિકનું વાહન પણ બળી ગયું હતું. બે દરગાહને પણ નુકસાન થયું હતું. ઈન્ડિયન એક્સપ્રેસે પોલીસ અધિકારીઓને ટાંકીને કહ્યું કે, હિંદુત્વ વિરોધીઓ રાજકમલચોક પર એકઠા થયા હતા. આ ભીડનો એક વર્ગ હિંસક બન્યો હતો અને બે દુકાનો સળગાવી દીધી હતી, અન્ય કેટલીક દુકાનોને નુકસાન પહોંચાડ્યું હતું અને વાહનો સળગાવી દીધા હતા. લગભગ તમામ પીડિતો લઘુમતી સમુદાયના છે. એવું લાગે છે કે, લઘુમતી સમુદાયના કેટલાક સભ્યો દ્વારા શુક્રવારે થયેલી હિંસાનો બદલો લેવા માટે હિંસાનું આયોજન એક દિવસ અગાઉ કરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસના અંદાજ મુજબ, પક્ષ અને અન્ય સહયોગી સંગઠનોના લગભગ ૬૦૦૦ કાર્યકરો આ બંધને લાગુ કરવા માટે માર્ગો પર આવ્યા હતા, ત્યારે આ હિંસા ફાટી નીકળી હતી. ભાજપના નેતા પ્રવિણ પોટે એક વીડિયોમાં જોવા મળ્યા હતા જે ભાજપના કાર્યકરોને રાજકમલચોક પર એકઠા થવા માટે વિનંતી કરતા હતા. પોલીસે શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૨૬ FIR નોંધી છે, તેમાંથી ૧૫ શનિવારની હિંસા માટે અને ૧૧ શુક્રવારની ઘટનાઓ માટે છે અને ૬૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું

હતું કે, હિંસાથી પોલીસ દળને આશ્ચર્ય થયું હતું. પરંતુ અમે એક મજબૂત સંદેશ મોકલી રહ્યા છીએ કે આવું ફરીથી ન થવું જોઈએ. શનિવારે મુંબઈથી કેટલાક ટોચના પોલીસ અધિકારીઓને અહીં રવાના કરવામાં આવ્યા હતા કારણ કે, પરિસ્થિતિ કાબૂ બહાર જાય એવી શક્યતા હતી. હજુ વધુ ધરપકડો થવાની શકયતા છે. પરંતુ અમરાવતી શહેરમાં કરફ્યુ અને ઈન્ટરનેટ સસ્પેન્શનનો પહેલો દિવસ રવિવાર કોઈ પણ સાંપ્રદાયિક ઘટના વિના પસાર થયો હતો. માર્ગો પર પોલીસની હાજરીએ કરફ્યુનો કડક અમલ કર્યો હતો. શહેર નિર્જન દેખાઈ રહ્યું હતું અને માત્ર આવશ્યક સેવાઓ જેવી કે કેમિસ્ટની દુકાનોને ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. હિંસાના પરિણામે અનિશ્ચિત કરફ્યુ લાગુ કરવામાં આવતા તમામ પ્રકારના ધંધા અને કામકાજ ઠપ્પ થઈ ગયા છે. હિંસા દરમિયાન બળી ગયેલી એક દુકાન ૧૯૭૦થી અહી હતી અને તે શાદાબખાન નામના વ્યક્તિની હતી. દુકાનના માલિકે કહ્યું કે તેનો ઈલેક્ટ્રોનિક્સ રિપેર બિઝનેસ પહેલાથી જ કોવિડ-૧૯ કટોકટીથી પ્રભાવિત થઈ ગયો છે. મારે પાંચ કામદારોને છૂટા કરવા પડ્યા છે, હવે મારી દુકાન બળી ગઈ છે, મને ૧૩ લાખ રૂપિયાનું નુકસાન થયું છે અને મારા જીવનની કમાણી મે ગુમાવી છે. ટોળાએ મારી દુકાનમાંથી ઈલેક્ટ્રોનિક વસ્તુઓ પણ ચોરી લીધી હતી. શુક્રવારે કોઈ પોલીસકર્મીને ઈજા થઈ ન હતી, ત્યારે શનિવારે હિંસામાં નવ પોલીસકર્મીઓને ઈજા થઈ હતી અને એક પોલીસ વાહનને નુકસાન થયું હતું.

અમરાવતીમાં સાંપ્રદાયિક હિંસાના પીડિતોનું કહેવું છે કે, પોલીસની 'અક્ષમતા'ને લીધે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હતી

(એજન્સી)

અમરાવતી (મહારાષ્ટ્ર), તા.૧૬

મહારાષ્ટ્રના અમરાવતીથી પીડિતોની કરૂણ જુબાનીઓ જોતાં રાજ્યમાં હિંસાના નવીન કિસ્સામાં હિંદુ અને મુસ્લિમ પરિવારો માટે એકસરખું નુકસાન દર્શાવે છે, તે હિંસાની સંભાવનાને ઓળખવામાં અને બીજું સમયસર પર્યાપ્ત પોલીસ દળોને તૈનાત કરવામાં સ્થાનિક પોલીસ પ્રશાસનની કથિત અસમર્થતા પણ છતી કરે છે. ભીડ નિયંત્રણના પગલાંમાં સ્થાનિક પોલીસ તંત્રની નિષ્ફળતાએ પણ અસરકારક રીતે, હિંદુત્વ સેનાના સૈનિકો અને મુસ્લિમ ટોળાંઓને એકબીજાના ધાર્મિક મંદિરો, દુકાનો અને સંસ્થાઓ પર મુક્તપણે હુમલાઓ કરવાની તક આપી હતી. હિંદુઓ અથવા મુસ્લિમો દ્વારા સહન કરવામાં આવેલા નુકસાનમાં એક સામાન્ય વાત એ છે કે, આ આર્થિક પિરામિડના ખૂબ જ તળિયે (નાના માણસોને) રહેલા લોકોને નુકસાનનો સામનો કરવો પડ્યો છે. અમરાવતીમાં ગયા અઠવાડિયે શુક્રવારે ૩૫,૦૦૦ લોકોની મુસ્લિમ ભીડ દ્વારા શાંતિ કૂચ હિંસક બન્યા પછી તે કોમી વિખવાદનું કેન્દ્ર બન્યું હતું. કૂચના કેટલાક સહભાગીઓએ કથિત રીતે હિંદુઓની દુકાનોમાં તોડફોડ કરી હતી. આ દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા, જે બાદમાં સ્થાનિક વ્હોટ્સએપ સર્કલમાં વ્યાપકપણે શેર કરવામાં આવ્યા હતા, જેનાથી ભારે અશાંતિ અને ગુસ્સો ફેલાયો હતો. તેના જવાબમાં સ્થાનિક ભાજપ એકમે શનિવારે બંધનું આહ્‌વાન કર્યું હતું અને હજારો હિન્દુત્વવાદી સૈનિકો સવારના ૯ વાગ્યા સુધીમાં શહેરના એક મુખ્ય ચોક - રાજકમલ ચોક પર આવી ગયા હતા. સવારે ૧૧ વાગ્યા સુધીમાં હિંદુત્વ કાર્યકરોની ભીડ પોલીસના નિયંત્રણની બહાર વધી ગઈ હતી અને તેમાંથી ઘણાએ મુસ્લિમોની માલિકીની નજીકની બે દરગાહ અને દુકાનોમાં તોડફોડ કરી હતી. હિન્દુત્વવાદી તોફાનીઓએ અનેક દુકાનના તાળા તોડી નાખ્યા હતા. રસ્તામાં પોલીસે તેમને અટકાવ્યા બાદ દુકાન સુધી પહોંચવાનો પ્રયાસ કરી શકયા ન હતા પરંતુ થોડા કલાકોમાં જ

તોફાનીઓએ દુકાનને આગ ચાંપી દીધી હતી. શનિવાર ૧૩ નવેમ્બર, ૨૦૨૧ના રોજ મહારાષ્ટ્રના અમરાવતીમાં એક દરગાહ પર હુમલો કરીને તેનો નાશ કરવામાં આવ્યો. આ દરગાહ ખાનની દુકાનથી થોડીક દૂર છે, ૨૭ વર્ષીય શાહબાઝે ધ વાયરને જણાવ્યું કે, ૩૦-૪૦ ગુંડાઓનું ટોળું સવારે ૧૧:૩૦થી ૨ વાગ્યાની વચ્ચે દરગાહ પર હુમલો કરી રહ્યું હતું. લગભગ બે કલાક સુધી, તેઓ દરગાહ પર હુમલો કરતા રહ્યા. તેઓ બહારથી કોદાળી લાવ્યા હતા અને દરગાહમાં તોડફોડ કરતા રહ્યા. તેઓએ દરવાજો ઉખેડી નાખ્યો, ટાઈલ્સને નુકસાન પહોંચાડ્યું હતું. દરગાહને થયેલા નુકસાન ઉપરાંત, શાહઝાબનું રેફ્રિજરેટર ટોળા દ્વારા ફેંકી દેવામાં આવ્યું હતું જ્યારે સિગારેટ, ગુટખા, માઉથ ફ્રેશનર, કોલ્ડ ડ્રિંક્સ તમામ રોકડ સાથે લૂંટી લેવામાં આવ્યા હતા. હુલ્લડખોરોને ખબર હતી કે, પાનની દુકાન દરગાહની બાજુમાં છે અને તે એક મુસ્લિમની છે અને તેથી જ તેઓએ તેના પર હુમલો કર્યો. મને ૫૦,૦૦૦થી ૬૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે. દરમિયાન, હિંદુ નિવાસીઓની જુબાનીઓ કે જેમણે આ આતંકનો સામનો કર્યો હતો તેઓ પણ ઓછા આઘાતમાં નથી. તેમની જુબાનીઓ એ પણ રેખાંકિત કરે છે કે, સ્થાનિક પોલીસ દળ ટોળાના જમાવડાને દૂર કરવામાં અને સ્થાનિક શનિમંદિર પરના હુમલાને રોકવા માટે તૈયાર ન હતું. ધ વાયરે સંજય શર્મા સાથે વાત કરી, સંજયે સ્વીકાર્યું કે ૧૫૦૦ લોકોના મુસ્લિમ ટોળાએ પથ્થરમારો કર્યો હતો જેઓ કથિત રીતે સક્કરસાથમાં શનિમંદિરમાં તોડફોડ કરવાના હતા. શનિવારની સવારથી જ સંજય મંદિરની નજીક મુસ્લિમ ટોળા જોઈ રહ્યો હતો. ટોળું મંદિર તરફ જતું રહ્યું અને તેઓ તેને તોડી પાડવા માંગતા હતા. હું તેમને રોકવા આગળ વધ્યો અને મેં તેમના પર પથ્થરમારો પણ કર્યો. દરેક જણ તેમના ધર્મ માટે લડે છે. હું મારા ધર્મ માટે પણ લડ્યો. મારૂં મંદિર નષ્ટ ન થાય તે માટે હું લડ્યો, આ મારૂં મંદિર છે. આ મારૂં ઘર છે. પડોશ મારા પરિવારનો એક ભાગ છે. હું તેને કેવી રીતે છોડી શકું ? ધ વાયરને જણાવ્યું હતું કે, સમયસર પોલીસ કાર્યવાહીને કારણે ૧૦-૧૨ અત્યંત સાંપ્રદાયિક ઘટનાઓ ટાળવામાં આવી છે અને જાહેર મિલકતના વાસ્તવિક નુકસાનને ઓછું કરવામાં આવ્યું છે. જો પોલીસની ફરજોમાં ક્ષતિ જણાશે તો પૂછપરછ શરૂ કરવામાં આવશે. મારી સૌથી મોટી ફરિયાદ એ છે કે, પોલીસ અમને મદદ કરવા યોગ્ય સમયે આવી નહોતી. હા, તેઓ આવ્યા પરંતુ જ્યારે તેમને આવવાનું કહ્યું, ત્યારે તેઓએ અમારી વાત પર ધ્યાન ન આપ્યું. આ શહેરમાં ૧૯૮૩થી જ્યારે પણ રમખાણો થાય છે, તે અહીંથી શરૂ થાય છે. પોલીસ જાણે છે કે, આ ખૂબ જ સંવેદનશીલ વિસ્તાર છે અને તેમ છતાં તેઓએ સમયસર આ વિસ્તારમાં પર્યાપ્ત સુરક્ષા ગોઠવી ન હતી. સોમવારથી કોઈ નવી સાંપ્રદાયિક ઘટના બની નથી. ૧૦ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં કુલ ૧૧૩ લોકોની અટકાયત કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોમાં ભાજપના નેતા અને રાજ્યના પૂર્વમંત્રી અનિલ બોંડેનો પણ સમાવેશ થાય છે. આ શહેરમાં ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ છે.

(સૌ. : ધ વાયર.ઈન)

ત્રિપુરા : શાસક ભાજપના ધારાસભ્યે કહ્યું, 'લોકોએ રાજ્યની પોલીસમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે'

(એજન્સી) અગરતલા, તા.૧૬

ત્રિપુરાના શાસક પક્ષ ભાજપના ધારાસભ્ય સુદીપ રોય બર્મને કહ્યું છે કે, ત્રિપુરાના લોકો રાજ્ય પોલીસમાંથી વિશ્વાસ ગુમાવી રહ્યા છે, તેમણે રાજ્યના ડીજીપી (પોલીસ મહાનિર્દેશક) વી.એસ. યાદવને લખેલા એક પત્રમાં આ જણાવ્યુ છે. શાસક પક્ષના ધારાસભ્યનું નિવેદન ૨૫ નવેમ્બરે યોજાનારી શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પહેલા રાજ્યના વિવિધ ભાગોમાંથી ભાજપ સહિત તમામ પક્ષોના રાજકારણીઓ પરના શ્રેણીબદ્ધ કથિત હુમલાઓના પગલે આવ્યું છે. ૧૨ નવેમ્બરના પત્રમાં, બર્મને ડીજીપીને ૬ અગરતલા વિધાનસભા મતવિસ્તારના આઠ વોર્ડને 'સૌથી સંવેદનશીલ અને અતિસંવેદનશીલ' તરીકે જાહેર કરવા વિનંતી કરી છે. બર્મને આ પત્રમાં આરોપ લગાવ્યો છે કે, મતદારોમાં ડરની માનસિકતા પ્રેરિત કરવામાં આવી છે. તેમણે લખ્યું છે કે, તમે ડરની મનોવિકૃતિથી સારી રીતે વાકેફ છો જે મતદારોમાં પ્રેરિત છે. મને એ જોઈને દુઃખ થાય છે કે, લોકોનો પોલીસ પરથી વિશ્વાસ ઝડપથી ઊઠી રહ્યો છે. દુષ્કર્મીઓ અને ગુનેગારો આનંદથી ફરતા હોય છે અને કાયદો પોતાના હાથમાં લઈ લેતા હોય છે જ્યારે પોલીસ દબાણમાં આવી જાય છે. જનપ્રતિનિધિ હોવાના નાતે, મને તમારામાં અને તમારી સારી ઓફિસ પર અપાર વિશ્વાસ છે અને એવો વિશ્વાસ છે કે, તમે સામાન્ય લોકોનો ખોવાયેલો વિશ્વાસ પાછો મેળવવા માટે તમામ જરૂરી અને

હિંમતભર્યા પગલાં ભરશો. બર્મને દાવો કર્યો છે કે, મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવાથી દૂર રાખવા અને ચૂંટણીને માત્ર પ્રહસનમાં રૂપાંતરિત કરવા માટે એક દુષ્ટ ડિઝાઈન સાથે આતંકનું શાસન શરૂ કરવામાં આવ્યું છે. તમે એ પણ જાણો છો કે નોંધપાત્ર સંખ્યામાં મતદારો લઘુમતી મુસ્લિમ સમુદાયના છે અને આમ, ઉપેક્ષિત કરવામાં આવેલ ચિનગારી ઘરને પણ બાળી નાખશે. ઉદાહરણ માટે વોર્ડ નં.૧૩ના ઉમેદવારનું ઉદાહરણ છે જે લઘુમતી સમુદાયના મતદારોને ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા છે કે, તેઓ ચૂંટણીના દિવસે ન આવે નહીં તો તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. ત્રિપુરાના ઉત્તર જિલ્લાના પાણીસાગર પેટા વિભાગમાં થયેલી સાંપ્રદાયિક હિંસા સામે અવાજ ઊઠાવનારાઓ સામે UAPAના કથિત ઉપયોગના આક્ષેપનો રાજ્ય પોલીસ સામનો કરી રહી હોવાની વ્યાપક ટીકા વચ્ચે આ પત્ર લખવામાં આવ્યો છે. બર્મને તેમના પત્રમાં જણાવ્યું છે કે, તેમને ભાટી અભોયનગર, બિટરબન, મુલ્લા પરા, દાસપારા, હૃષિ કોલોનીના લોકોના ક્રોસ-સેક્શનમાંથી 'નિયમિત ધમકીઓ' વિશે ઘણી ફરિયાદો મળી છે. મારા મતવિસ્તારના અન્ય ભાગોમાં પણ આવી જ સ્થિતિ છે. તેથી, મતદારો કોઈપણ પ્રકારના અવરોધ વિના મુક્તપણે તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે આવા તમામ જરૂરી પગલાં લેવા માટે તમને વિનંતી કરૂં છું.

સુદીપ રોય બર્મન, જેઓ એક સમયે ત્રિપુરાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી હતા, તેમને રાજ્ય કેબિનેટમાંથી પડતા મૂકવામાં આવ્યા હતા. બીજેપીના સૂત્રોએ જણાવ્યું હતું કે, બર્મનને તેમની 'પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ'ના કારણે રાજ્ય કેબિનેટમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. બર્મન પાંચ વખત ધારાસભ્ય બની ચૂક્યા છે અને રાજ્ય વિધાનસભામાં વિપક્ષના ભૂતપૂર્વ નેતા હતા. બર્મન, ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી સમીર રંજન બર્મનના પુત્ર છે, ૨૦૧૬માં કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા હતા. એક વર્ષ પછી, તે અને તૃણમૂલ કોંગ્રેસના અન્ય પાંચ ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા. દરમિયાન, રાજ્યમાં વિપક્ષી પક્ષો, સીપીઆઈ(એમ), કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે શ્રેણીબદ્ધ વિરોધ પ્રદર્શન કર્યા છે અને નાગરિક સંસ્થાની ચૂંટણી લડતા અને વિરોધ પક્ષોનું પ્રતિનિધિત્વ કરતા ઉમેદવારો પર કથિત રીતે હુમલો કરવા બદલ શાસક ભાજપને દોષી ઠેરવ્યો છે. CPI(M) રાજ્ય સમિતિના સચિવ જિતેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે, CPI(M)ના ઉમેદવારો સહિત વિપક્ષી ઉમેદવારો પર હુમલાના સંદર્ભમાં ૨૦થી વધુ FIR નોંધવામાં આવી હતી.

ઉત્તરપ્રદેશમાં ભાજપ કેવી રીતે મુસ્લિમોને વિલન બનાવી રહ્યો છે

(એજન્સી) તા.૧૬

૯ નવેમ્બરે કાસગંજ પોલીસ સ્ટેશનમાં અલ્તાફ નામના ૨૧ વર્ષના યુવકને માર મારવામાં આવ્યો હતો. ૧૦ નવેમ્બરના રોજ બીઆરડી મેડિકલ કોલેજના ડૉ.કફીલખાનને બરતરફ કરવામાં આવ્યા હતા. ૧૧ નવેમ્બરના રોજ, ગાઝિયાબાદના લોની વિસ્તારમાં પશુઓની દાણચોરીના આરોપમાં પોલીસ દ્વારા કથિત એન્કાઉન્ટરમાં સાત પુરુષો, જે તમામ લઘુમતી સમુદાયના હતા, તેમને ગોળી મારવામાં આવી હતી. ૧૨ નવેમ્બરે આગ્રાના શાહગંજ વિસ્તારમાં આંતરધર્મી લગ્નમાં એક મહિલાનાં મોતના મામલાને સાંપ્રદાયિક રંગ આપવામાં આવ્યો હતો. આના પરિણામે કોમી તોફાન થયા અને પથ્થરમારો થયો હતો.

ગયા અઠવાડિયે માત્ર ચાર દિવસના ગાળામાં ઉત્તરપ્રદેશમાં આ ઘટનાઓ બની હતી. ઘણા રાજકીય નિરીક્ષકો માને છે કે, આગામી સપ્તાહો અને મહિનામાં એક સમુદાય વિરૂદ્ધ ઉત્પીડનની ઘટનાઓ વધી શકે છે અને તેનો ઉપયોગ બહુમતી સમુદાયના એક વર્ગને ખુશ કરવા માટે થઈ શકે છે.

કાસગંજના નાંગલા સૈયદ અહરોલીમાં ૨૧ વર્ષીય યુવક અલ્તાફના પિતા ચાંદમિયાં પોલીસ કસ્ટડીમાં પોતાના પુત્રનાં મૃત્યુના દુઃખને સહન કરી શક્યા નથી. તેના પર સ્થાનિક યુવતીને લલચાવી ફોસલાવવાનો આરોપ હતો. આ બાળકી બહુમતી સમુદાયની હતી અને તેને હજુ સુધી શોધવાની બાકી છે. અલ્તાફના પરિવારજનો અને સ્થાનિક લોકોનું માનવું છે કે, છોકરી અન્ય છોકરા સાથે ભાગી ગઈ હતી. કાસગંજ શહેર કોતવાલીમાં અલ્તાફની હત્યા કરવામાં આવી હતી. પોલીસે અલ્તાફનાં મૃત્યુ અંગે પોલીસને નિર્દોષ ઠેરવતા નિવેદન પર ચાંદમિયાંના અંગૂઠાની છાપ પણ લીધી હતી. જ્યારે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કાનપુરના વેપારી મનીષ ગુપ્તાના પરિવારની મુલાકાત લીધી-જેનું પણ ગોરખપુરમાં પોલીસના ત્રાસથી મૃત્યુ થયું હતું અને રૂા.૧૦ લાખના વળતરની જાહેરાત કરી હતી અને ગુપ્તાની પત્નીને સરકારી નોકરી આપી હતી, અલ્તાફના કેસમાં ભાજપના જિલ્લા સ્તરીય કાર્યકર્તાએ પણ શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લીધી નથી. આ ઘટનાના ચાર દિવસ બાદ અજાણ્યા લોકો સામે હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે જ્યારે અલ્તાફના પિતાને હજુ સુધી કોઈ વળતર મળ્યું નથી. પટિયાલીના પૂર્વ ધારાસભ્ય ઝીનતખાનની પુત્રી અને સમાજવાદી પાર્ટીના નેતા નશી ખાને કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી રાજપૂતો અને મુસ્લિમોની વસ્તીવાળા આ પ્રદેશમાં નફરત પેદા કરવામાં આવી રહી છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી ચૂકેલા નશી ખાનનું કહેવું છે કે, સામાજિક સમરસતા પ્રભાવિત થઈ રહી છે અને પોલીસ અને વહીવટીતંત્ર સત્તાધારી પક્ષના દબાણ હેઠળ છે. જ્યારે બે અલગ-અલગ સમુદાયોને લગતી બાબતોની વાત આવે છે ત્યારે તેઓ ખાસ કરીને પોલીસ એક સમુદાય (મુસ્લિમ) સાથે કઠોર હોય છે. કાસગંજથી દોઢ કલાક દૂર આગ્રાના શાહગંજ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી તણાવ છે અને ફોર્સ તૈનાત કરવામાં આવી છે. અરમાન નામના સ્થાનિક યુવકે અન્ય સમાજની યુવતી સાથે લગ્ન કર્યા હતા. બાદમાં તે પોતાના પરિવારથી અલગ રહેવા લાગ્યો હતો. શુક્રવારે અરમાનની પત્નીનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. આ પછી હિંદુત્વ કાર્યકરોના ટોળાએ હંગામો મચાવ્યો હતો. કેટલીક દુકાનોમાં તોડફોડ અને હુમલાના બનાવો બન્યા હતા. આ પછી બંને તરફથી પથ્થરમારો અને ગોળીબાર થયો હતો. જો કે, પોલીસે કોઈ ગોળીબાર ન થયો હોવાનું જણાવ્યું છે. શાહગંજના રહેવાસી નદીમ અહેમદ કહે છે

કે, પોલીસે મૃત્યુની તપાસ કરીને કોઈપણ કાર્યવાહી કરવી જોઈતી હતી, પરંતુ હિન્દુત્વવાદી દળોએ કાયદો પોતાના હાથમાં લઈ લીધો હતો અને હવે વાતાવરણ તંગ છે. પોલીસ પણ તેમની સામે લાચાર દેખાઈ રહી છે. નદીમ કહે છે કે, તાજેતરમાં આવા ઘણા કિસ્સા પ્રકાશમાં આવ્યા છે જ્યારે તેમને સાંપ્રદાયિક રંગ આપવામાં આવી રહ્યો છે. જેના કારણે મુસ્લિમોમાં ભયનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. અન્ય એક કેસમાં ગોરખપુરની બીઆરડી કોલેજના પ્રોફેસર ડૉ.કફીલખાનને સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે, તે પહેલાં તેઓ સસ્પેન્શન હેઠળ હતા. ડૉ.કફીલખાન ચાર વર્ષ પહેલાં ઓક્સિજનની વ્યવસ્થા કરવાના તેમના પ્રયાસોના ભાગરૂપે ચર્ચામાં આવ્યા હતા જ્યારે બીઆરડી કોલેજમાં ઓક્સિજનના અભાવે બાળકો મૃત્યુ પામ્યા હતા. કફીલખાને કહ્યું કે, તેમને અત્યાર સુધી બરતરફીનો આદેશ મળ્યો નથી પરંતુ તેમને સરકાર પાસેથી ન્યાયની આશા નથી. ઉલેમા કાઉન્સિલના પ્રવક્તા રાશિદી કહે છે કે, ડૉ.કફીલ મસીહાની જેમ પોતાની ફરજ નિભાવી રહ્યા હતા. પરંતુ તેમના પ્રયાસોએ સરકારમાં ઉચ્ચ અધિકારીઓની અપૂર્ણતાઓને છતી કરી હતી. બધા જાણે છે કે, કફીલખાનને આ સજા કેમ મળી રહી છે. ઉત્તરપ્રદેશમાં, એક સમુદાયને વિલન તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે અને બહુમતી સમુદાયના મનમાં તેમના માટે નફરત પેદા કરવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ જિલ્લાના લોની વિસ્તારમાં ૧૧ નવેમ્બરના રોજ બનેલા એન્કાઉન્ટરની આશ્ચર્યજનક ઘટના પર સવાલો ઊભા થયા છે. એન્કાઉન્ટરમાં સાત યુવકોને ઘૂંટણની નીચે એ જ જગ્યાએ તેમના પગમાં ગોળી વાગી છે. તેમના છોકરાઓના નામ મુસ્તાકીમ, સલમાન, મોનુ, આસિફ, ઈન્તેઝાર અને નાઝીમ છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમને બેહતાહાજીપુર વિસ્તારમાં એક ગોડાઉનમાં પશુઓની ગેરકાયદે કતલની માહિતી મળી હતી. જ્યારે પોલીસ ત્યાં પહોંચી તો બદમાશોએ પોલીસ ટીમ પર કથિત રીતે ગોળીબાર કર્યો હતો. પોલીસે જવાબી કાર્યવાહી કરી હતી. ગાઝિયાબાદના ભૂતપૂર્વ એમએલસી આશુ મલિકે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, તે કેવી રીતે શક્ય છે કે, તમામ લક્ષ્યો એક જ જગ્યાએ એટલે કે પગ પર જ ગોળી અથડાય છે ! ઉત્તરપ્રદેશના રહેવાસી અને કોંગ્રેસના લઘુમતી વિભાગના પ્રમુખ ઈમરાન પ્રતાપગઢી આ ઘટનાઓને માત્ર સંયોગ ગણતા નથી અને તેને ભાજપનો 'એજન્ડા' ગણાવે છે. તેમનું કહેવું છે કે, ભાજપ સરકારના કાર્યકાળ દરમિયાન આવી સેંકડો ઘટનાઓ બની છે જેને દલિતો અને મુસ્લિમો વિરૂદ્ધ દમનકારી ગણી શકાય. લોકો આ સરકારને બદલવા આતુર છે અને ભાજપ ઈચ્છે છે કે, સાંપ્રદાયિક તણાવ વધે કારણ કે, તે તેમના માટે અનુકૂળ છે. આગામી દિવસોમાં ઉત્તરપ્રદેશની જનતાએ ખૂબ જ સાવધાન રહેવું પડશે.

(સૌ. : નેશનલ હેરાલ્ડ)

અનેક પત્રકાર સંસ્થાઓએ બે પત્રકારો સામે ત્રિપુરા પોલીસની કાર્યવાહીની નિંદા કરતા કહ્યું, 'તેમની યોગ્ય કામગીરી માટે તેઓને હેરાન કરવામાં આવી રહ્યા છે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ત્રિપુરા પોલીસે એચડબ્લ્યુ ન્યૂઝ નેટવર્કના બે પત્રકારો સમૃદ્ધિ સકુનિયા અને સ્વર્ણઝાની રવિવારે, નવેમ્બર ૧૪ના રોજ ધરપકડ કરી હતી, જેના કારણે પત્રકાર સંસ્થાઓ, કાર્યકરો અને રાજકારણીઓ સહિત અનેક લોકો દ્વારા તેની ટીકા થઈ હતી. સોમવારે રાજ્યના ગોમતી જિલ્લામાં ત્રિપુરા કોર્ટમાં હાજર થતાં, સકુનિયા અને ઝાને આ કેસમાં જામીન આપવામાં આવ્યા હતા, પરંતુ જ્યાં સુધી પોલીસ આદેશ ન આપે ત્યાં સુધી તેમને આ રાજ્યમાં રહેવું પડશે. રાજ્યમાં ચાલી રહેલી સાંપ્રદાયિક હિંસાના અહેવાલ માટે રાજ્યના કુમારઘાટ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં સકુનિયા અને ઝાનું નામ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં ત્રિપુરા છોડવા દેવામાં આવ્યા બાદ, ત્રિપુરા પોલીસના કહેવાથી, રવિવારે આસામમાં બે પત્રકારોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા, તે પછી રાત્રે, તેઓને ત્રિપુરા પરત લઈ જવામાં આવ્યા હતા. વિશ્વ હિંદુ પરિષદ (VHP)ના નેતા કંચન દાસ દ્વારા IPC કલમ ૧૨૦ (બી) (ગુનાહિત કાવતરૂં), ૧૫૩ (એ) (વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) અને ૫૦૪ (અપમાનજનક, ઉશ્કેરણીજનક લખાણ) હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી. દાસે કથિત રીતે બે પત્રકારો પર રાજ્યમાં મસ્જિદ સળગાવવા માટે VHP અને બજરંગ દળને 'દોષ' આપવાનો આરોપ લગાવ્યો હતો. એડિટર્સ ગિલ્ડ ઑફ ઈન્ડિયા (EGI)એ ત્રિપુરા પોલીસની કાર્યવાહીની નિંદા કરી છે અને આ બંને પત્રકારોને મુક્ત કરવાની માંગ કરી છે. ફાઉન્ડેશન ફોર મીડિયા પ્રોફેશનલ્સ (એફએમપી)એ રવિવારે જારી કરેલા એક નિવેદનમાં એફઆઈઆર દાખલ કરવાની નિંદા કરી હતી, અને નોંધ્યું કે, સકુનિયા (૨૧) અને ઝા (૨૫) રાજ્યમાં સાંપ્રદાયિક ઘટનાઓના કિસ્સાઓ સામે લાવીને 'જાહેર સેવા' કરી રહ્યા હતા. એફએમપીના નિવેદનમાં નાગરિક સમાજના ૧૦૨ સભ્યો (પત્રકારો અને કાર્યકરો સહિત)નો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો જેમને ત્રિપુરા પોલીસ દ્વારા અગાઉ IPC કલમો તેમજ કુખ્યાત ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં કહેવામા આવ્યું હતું કે, 'મુક્ત મીડિયાનો હેતુ એ સમસ્યાઓ અને મુદ્દાઓને પ્રકાશમાં લાવવાનો છે, અન્યથા જવાબદાર અધિકારીઓના ધ્યાનથી તે છટકી શકે છે અને પત્રકારોને તેમની કામગીરી

કરવા બદલ ધરપકડ કરવાના તાજેતરના વલણથી 'સુશાસન' અને ભારતીય લોકશાહી માટે જોખમ ઊભું થાય છે. DIGIPUB ન્યૂઝ ઈન્ડિયા ફાઉન્ડેશને ટ્વિટર પર આ સમાન નિવેદન પોસ્ટ કર્યું હતું જેમાં ત્રિપુરા પોલીસના બે યુવા પત્રકારોને અટકાયતમાં લેવાના નિર્ણયની નિંદા કરવામાં આવી હતી, તેને માત્ર પ્રેસની સ્વતંત્રતાનું ઉલ્લંઘન જ નહીં પરંતુ ગોપનીયતાના મૂળભૂત અધિકારનું પણ ઉલ્લંઘન તરીકે વર્ણવ્યું હતું. દિલ્હી યુનિયન ઓફ જર્નાલિસ્ટ્સ (DUJ) અને બૃહનમુંબઈ યુનિયન ઓફ જર્નાલિસ્ટ્સ (BUJ) દ્વારા સંયુક્ત નિવેદનમાં જામીનની મંજૂરીને આવકારવામાં આવી હતી, પરંતુ સાથે સાથે માંગ કરવામાં આવી હતી કે, પત્રકારો અને નાગરિક સમાજના કાર્યકર્તાઓ પર તેમના રિપોર્ટિંગ અથવા સોશિયલ મીડિયા પોસ્ટ્સ માટેના તમામ કેસ પાછા ખેંચવામાં આવે. ત્રિપુરા પોલીસ દ્વારા ડરાવવાની આ રણનીતિ બંધ થવી જોઈએ. ઈન્ડિયન વિમેન્સ પ્રેસ કોર્પ્સએ પણ દલીલ કરી હતી કે, બે પત્રકારોની અટકાયત કરવાનો નિર્ણય ગંભીર હતો અને સકુનિયા અને ઝા સાથે તેમની એકતા વ્યક્ત કરતું નિવેદન પણ બહાર પાડ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે, સરકારને પત્રકારની ચિંતા નથી. હકીકતો અને સત્ય તેમની ચિંતાનો વિષય છે. કેટલાક પત્રકારોએ વ્યક્તિગત રીતે આક્રોશ સાથે ટ્વિટ પોસ્ટ કરી હતી. પત્રકારોની ધરપકડને સત્તાધારી ભાજપની 'લોકશાહી પર ખુલ્લો હુમલો' કહેતા ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ) લિબરેશન (સીપીઆઈ-એમએલ)ના નેતા દીપાંકર ભટ્ટાચાર્યએ પણ ટ્વિટર પર બે પત્રકારોને સમર્થન આપ્યું હતું.

સુરત મનપાના મેયર બોઘાવાલાની પત્રકારો સમક્ષ સપષ્ટતા

નોનવેજની લારીઓ હટાવવા બાબતે કે પાર્ટી લેવલથી કોઈ ચર્ચા હાથ ધરવામાં આવી નથી

મનપા કમિશનર અને હેલ્થ એન્ડ હોસ્પિટલના ડે. કમિશનર અને મુખ્ય આરોગ્ય અધિકારી કહે છે કે, ટ્રાફિક સમસ્યાને નડતરરૂપ અને ઝીરો દબાણમાં આવતી ખાદ્ય કે કોઈપણ લારીઓનું દબાણ હશે તે હટાવવામાં આવે છે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

રાજયમાં રાજકોટ, વડોદરા, અમદાવાદ, ભાવનગર તથા જૂનાગઢ મહાનગર પાલિકામાં જાહેરમાં ઈંડા-આમલેટની લારીઓ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જો કે, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એમ જણાવ્યું હતું કે, જેને જે ખાવું હોય તે ખાઈ શકે છે. આ સંદર્ભમાં મનપાના મેયર હેમાલીબેન બોઘાવાલાએ પણ પત્રકારોને જણાવ્યું હતું કે, સુરતમાં જાહેર સ્થળોએથી નોનવેજની લારીઓ હટાવવા બાબતે કે પાર્ટી લેવલથી કોઈ ચર્ચા હાથ ધરવામાં આવી નથી. જયારે મનપા કમિશનર અને હેલ્થ એન્ડ હોસ્પિટલના ડે. કમિશનર ડો. આશિષ નાયક અને મુખ્ય આરોગ્ય અધિકારી પ્રદીપ ઉમરીગરે જણાવ્યું હતું કે, પ્રશ્ન વેજ અને નોનવેજની લારીનો નથી. પરંતુ ટ્રાફિક સમસ્યાને નડતરરૂપ અને ઝીરો દબાણમાં આવતી ખાદ્ય કે કોઈ પણ લારીઓનું દબાણ હશે તે હટાવવામાં આવશે. હાલમાં પાલિકા તરફથી રસ્તામાં નડતરરૂપ અને ટ્રાફિક સમસ્યાને નડતરરૂપ કોઈ પણ લારીઓ હશે તે દૂર કરવાની કામગીરી ચાલુ હોવાનું મેયર હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું હતું. આગામી દિવસોમાં પણ દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ રહેશે. વધુમાં સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિ. બચ્છાનિધી પાનીએ જણાવ્યું હતું કે પ્રશ્ન વેજ કે નોનવેજની લારીનો નથી. પરંતુ દબાણ દુર કરવાનો મૂળ હેતુ છે. શહેરમાં જાહેર માર્ગો તથા સ્થળોએ ટ્રાફિકને નડતરરૂપ રાહદારી, વાહનચાલકોને અડચણરૂપ હોઈ એવી જ લારીઓ હટાવવામાં આવશે. લારી નોનવેજની હોય કે વેજ,દબાણમાં હશે એ જ હટાવી લેવામાં આવશે. પાલિકા રોજેરોજ જે તે વિસ્તારમાં ઝીરો રૂટ દબાણ પર દબાણ હટાવવાની કામગીરી કરેછે.હાલમાં શહેરમાં ઈંડા કે નોનવેજની લારીઓ હટાવવા મુદ્દે કોઈજવિચાણના નથી.

તેમજ સુરત આરોગ્ય વિભાગના ડેપ્યુટી કમિશ્રા ડો.આશિષ નાયકે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા ઝીરો દબાણ નિતી હેઠળ સમયાંતરે લારી ગલ્લાઓ દુર કરવામાં આવે છે. વેજ નોનવેજ લારીનો તફાવત વગર એ પણ દબાણ દુર કરે છે, અને કોર્પોરેશન દ્વારા પહેલા પણ હટાવવામાં આવતી હતી અને આગામી દિવસોમાં પણ એ જ રીતે કામગીરી કરવામાં આવશે. વેજ નોનવેજની લારી હોય કે અખાદ્ય પદાર્થો વેચતા જણાય તો તેમની સામે અમે કામગીરીએ કરીએ છીએ.

કરજણના મોટી કોરલ ગામના મંદિરમાં ભીષણ આગ; તમામ સામાન બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરાના મોટી કોરલ ગામમાં આશાપુરા મંદિરમાં ભીષણ આગ લાગી હતી, જેમાં પૂજારીને ગ્રામજનોએ બચાવ્યા હતા. પરંતુ મૂર્તિ સિવાય તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં મોટી કોરલ ગામમાં આશાપુરા મંદિર આવેલું છે. જયાં આશાપુરા મંદિરમાં વહેલી સવારે આગ લાગતા ભાગદોડ મચી ગઈ હતી. આગ લાગતા મંદિરમાં સૂઈ ગયેલા પૂજારી ફસાઈ ગયા હતા. મંદિરની જાળી ન ખુલતા તેઓએ બૂમ પાડતા ગામ લોકો દોડી આવ્યા હતા અને મંદિરના મહારાજને જાળી ખોલી બચાવી લીધા હતા. ત્યારબાદ ગ્રામ પંચાયતની પાણીની ટેન્કરો દ્વારા આગ બૂઝાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી, તે સાથે કરજણ અને વડોદરા ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા તરત જ ઘટનાસ્થળે પહોંચી સતત એક કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાઈ હતી. જો કે, આગ સંપૂર્ણ કાબૂમાં આવે તે પહેલાં મૂર્તિ સિવાય તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો અને ગામ લોકોને ટોળેટોળા મંદિરે પહોંચી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આગના બનાવનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

વાલસુરા પોર્ટલમાંથી મીટ કોર્સના ૧૭૨ તાલીમાર્થીઓ પાસ આઉટ થયા

જામનગર, તા.૧૬

જામનગર ખાતે ૧૪ નવેમ્બર ૨૧ના રોજ ભારતીય નૌકાદળની અગ્રણી વિદ્યુત પ્રશિક્ષણ સંસ્થા ઈંગજ વાલસુરાના પોર્ટલમાંથી મજર્ડ ઈલેક્ટ્રિકલ આર્ટિફિસર ટ્રેનિંગ (મીટ) કોર્સના ૧૭૨ તાલીમાર્થીઓ પાસ આઉટ થયા.

આ તાલીમાર્થીઓની તાલીમ ૧૦૬ અઠવાડિયાથી વધુ સમય સુધી હાથ ધરવામાં આવી હતી, જે દરમિયાન તાલીમાર્થીઓને ઉજાગર કરવામાં આવ્યા હતા. ટેકનોલોજી વિષયોના વ્યાપક સ્પેક્ટ્રમ અને અત્યાધુનિક સાધનો જેવા કે રડાર, સરફેસ અને સબ સરફેસ વેપન્સ, ઈલેક્ટ્રોનિક વોરફેર અને કંટ્રોલ સિસ્ટમ્સ. રિઅર એડમિરલ સુબીર મુખરજી, ગખ, એડમિરલ સુપ્રિન્ટેન્ડેન્ટ યાર્ડ (કોચી)એ સ્થાપના પર યોજાયેલી પ્રભાવશાળી પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી. એડમિરલે તાલીમાર્થીઓને તેમની વ્યાવસાયિક તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યા હતા અને પુનરોચ્ચાર કર્યો હતો કે, ભારતીય નૌકાદળના લડાયક પ્લેટફોર્મ પર શ્રેષ્ઠ જાળવણી સુનિશ્ચિત કરવા માટે નવીનતમ તકનિકી વિકાસ સાથે ગતિ જાળવી રાખવા માટે શીખવાનું ચાલુ રાખવું જોઈએ. પાસિંગ આઉટ પરેડ દરમિયાન, એડમિરલે પરવીન EA(R)/APPને 'બેસ્ટ ઓલ રાઉન્ડ સેઈલર' માટે એડમિરલ રામનાથ ટ્રોફી અને લોકેશ EA(R)/APPને 'બેસ્ટ સ્પોર્ટ્સમેન' માટે કમાન્ડિંગ ઓફિસર, INS વાલસુરા ટ્રોફી એનાયત કરી.

પાટણમાં પાંચ દિવસથી પીવાના પાણીની સમસ્યાને લઈ કોંગ્રેસ દ્વારા માટલા ફોડી વિરોધ

કોંગી આગેવાનોએ રેલી યોજી ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખની ચેમ્બરમાં માટલા ફોડ્યા

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૧૬

પાટણ શહેરના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીની વિકટ સમસ્યાને લઈને આજે કોંગ્રેસના આગેવાનો કાર્યકરોએ હિંગળાચાચરથી ખાલી માટલા સાથે રેલી યોજી નગરપાલિકા પહોંચી ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખની ચેમ્બરમાં માટલા ફોડી પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

(તસવીર :- ઈલ્યુદ્દીન સૈયદ, પાટણ)

પાટણ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૭, ૮, ૯, ૧૦ અને વિવિધ સોસાયટીઓમાં છેલ્લા પાંચ દિવસથી પીવાના પાણીની વિકટ સમસ્યા ઊભી થવા પામી છે. કોંગ્રેસના આગેવાનો દ્વારા શહેરના હિંગળાચાચર ચોકમાં એકઠા થઈ નગરપાલિકાના સત્તાધીશો સામે સૂત્રોચ્ચાર અને દેખાવો કર્યા હતા અને થોડીવાર માટે રસ્તો બંધ કરતા બંને સાઈડે વાહનોની લાંબી કતારો સર્જાઈ હતી. બાદમાં કોંગ્રેસના કાર્યકરો ખાલી માટલા સાથે રેલી યોજી નગરપાલિકામાં રજૂઆત માટે પહોંચ્યા હતા. જ્યાં ચીફ ઓફિસર કે પ્રમુખ હાજર ન હોવાથી તેઓએ રોષે ભરાઈને ચીફ ઓફિસર અને પ્રમુખની ઓફિસમાં માટલા ફોડી ભારે હંગામો મચાવ્યો હતો.

સિદ્ધિ સરોવર ખાતેના પંપીંગ સ્ટેશનનું સંચાલન કરનાર કોન્ટ્રાક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, જયારે આ પંપીંગ સ્ટેશન કાર્યરત થયું ત્યારે પાટણની વસ્તી અને વિસ્તાર મર્યાદિત હતો તેથી પાણી ઉપાડવા માટે આ ત્રણ પર રાખવામાં આવ્યા હતા, જેમાંથી બે પંપ ચાલુ રાખવા અને એક સ્પેરમાં રાખવાનો હતો કે જેથી કોઈ પંપ બગડે તો તે કામે લઈ શકાય. જયારે હાલમાં ત્રણ પંપ ૨૪ કલાક સતત ચાલુ છે તો બીજી તરફ આ પંપોને ૧૫ વર્ષનો સમયગાળો થયો હોવાથી તમામ પંપ ખલાસ થઈ ગયા છે નવા પંપ ખરીદવા માટે નગરપાલિકામાં અનેકવાર રજૂઆતો કરી છે.

નોંધનીય છે કે, પાડાના વાંકે પખાલીને ડામ જેવો ઘાટ પાટણમાં સર્જાયો છે. પાટણ નગરપાલિકાના અણઘડ વહીવટને લઈને શહેરીજનો પીવાના પાણીની સમસ્યા હાલમાં ભોગવી રહ્યા છે.

સુરતના વેસુમા સોસાયટીની જગ્યા પચાવી પાડનાર પિતા-પુત્ર સામે લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો દર્જ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

શહેરના વેસુ ખાતે શિવકૃપા કો-ઓ લિમિટેડ સોસાયટીની મિલકતમાં જુના મગદલ્લા ખાતે રહેતા પિતા-પુત્રએ ગેરકાયદેસર કબજો કરી સોસાયટીની કોઈપણ સંમતિ વિના શ્રી સાઈ જલારામ વોટર સપ્લાયર્સ નામથી ધંધો શરૂ કરી દેતા ઉમરા પોલીસ સ્ટેશન પિતા પુત્રો વિરુદ્ધ લેન્ડ મુજબ ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના અલથાણ વીઆઈપી રોડ સોહમ ફ્લેટ્સમાં રહેતા પંકજ ઈશ્વરભાઈ કાબરાવાલા વ્યવસાયે સીએ છે. પંકજભાઈ કાબરાવાલા એ જૂના મગદલ્લા કરિશ્મા મહોલ્લામાં રહેતા ધનસુખ પટેલ અને પુત્ર કરણ ધનસુખ પટેલ સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં ધી લેન્ડ ગ્રેબિંગ કલમ મુજબ ફરિયાદ આપતા જણાવ્યું હતું કે પિતા-પુત્ર ધનસુખભાઈ અને કરન પટેલે વેસુ ખાતે આવેલી શિવ કૃપા કો.ઓપ હાઉસિંગ સોસાયટીવાળી મિલકતમાં ગેરકાયદેસર પ્રવેશ કરી સોસાયટીની કોઈ પણ સંમતિ લીધા વિના એક રૂમ એક ઓફીસ નું કાચું બાંધકામ અને ત્રણેક બોરવેલ બનાવી તેના ઉપર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો અને આ જગ્યા ઉપર શ્રી સાઈ જલારામ વોટર સપ્લાયર્સ ના નામે ધંધો શરૂ કરી દીધો હતો આ અંગે પંકજ કાબરા વાલા ને ખબર પડતાં તેઓએ આરોપી પિતા-પુત્ર સામે ફરિયાદ આપી હતી ઉમરા પોલીસે બંને પિતા-પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ATM મશીનની ચોરી કરી જતા તસ્કરો CCTV ફૂટેજમાં કેદ

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર હાઈવે ઉપર મધરાતે આખે આખા હિટાચી ATM ચોરી ની ઘટના માં બાજુમાં આવેલી મોબાઈલની દુકાનના કેદ થયેલા CCTV ફૂટેજ બહાર આવ્યા છે. મધરાતે ૨.૦૬ કલાકે બોલેરો પીકઅપ વાન લઈ કાપોદ્રા પાટિયા પાસેની નવજીવન હોટલની બાજુના શોપિંગના એટીએમ સેન્ટર પાસે પહેલેથી જ પીકઅપ વાન રિવર્સમાં લઈ જઈ મોઢા ઉપર રૂમાલ બાંધેલા ૪થી ૫ તસ્કરોએ તોડફોડ શરૂ કરી દિધી હતી અને પીકઅપમાં મશીન મૂકી ફરાર થઈ ગયા હતા.

જિલ્લામાં સૌથી વધુ મતથી જીતવાનો રેકોર્ડ

ડીસા બેઠક પર બનાસ બેંકના વર્તમાન વાઈસ ચેરમેન જીગર દેસાઈની જીત

(તસ્વીર : જમીલ મેમણ, ડીસા)

ડીસા, તા.૧૬

બનાસ બેંકના વર્તમાન વાઈસ ચેરમેન જીગર દેસાઈએ ડીસા બેઠક પરથી ૧૧૭ મત મેળવી જિલ્લામાં સૌથી વધુ મતની લીડથી વિજય પ્રાપ્ત કરી રેકોર્ડ નોધાવ્યો છે.

બનાસકાંઠા જીલ્લાની અગ્રણી સહકારી સંસ્થા એટલે કે, બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. પાલનપુરના સંચાલક મંડળની યોજાયેલ ચૂટણીની મતગણતરી સોમવારે પાલનપુર ખાતે યોજાઈ હતી. ડીસા બેઠક પર ૧૨૮ મતદાર પૈકી ૧૨૬ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં ડીસા બેઠક પર બનાસ બેંકના વર્તમાન વાઈસ ચેરમેન જીગર ભગવાનભાઈ દેસાઈ (વરનોડા)ને ૧૧૭ મત મળ્યાં હતાં. જયારે હરીફ ઉમેદવાર રામજીભાઈ દેસાઈને આઠ મત તેમજ એક મત રદ થવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસ બેંકની ડીસા બેઠક પરના ભાજપના ઉમેદવાર જીગર દેસાઈને રેકોર્ડ બ્રેક ૧૧૭ મત મળતાં જિલ્લામાં સૌથી વધુ મતથી જીત મેળવવાનો રેકોર્ડ નોધાયો હતો. જયારે બનાસ બેંકની ચૂંટણીમાં લાખણી બેઠક ઉપર ભાજપના વિજેતા જાહેર કરાયા હતા.

શિહોરીના વિઠલોદ ગામમાંથી ૭૧ હજારના ગાંજાના છોડ સાથે એક ઈસમ ઝડપાયો

ડીસા, તા.૧૬

બનાસકાંઠા એસ.ઓ.જી. પોલીસ શિહોરી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે વિઠલોદ ગામે રહેતાં વેલાજી ઠાકોર પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક ઘર પાસે માદક પદાર્થ ગાંજાના છોડોનું વાવેતર કરી વેચાણ કરે છે. જેને લઈ એસ.ઓ.જી. પોલીસ બનાસકાંઠાએ રેડ કરતાં ગાંજાના કુલ ૭.૧૫૦ કિલોગ્રામના ૧૦ છોડ ઝડપી પાડયા હતા. પકડાયેલા ઈસમનું નામ પૂછતાં પોતે પોતાનું નામ વેલાજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું. સદરે પકડાયેલા ઈસમ પાસેથી માદક પદાર્થ ગાંજાના છોડ સહિત કુલ રૂા. ૭૧ હજાર ૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ઈસમ વિરુદ્ધમાં એન.ડી.પી.એસ એક્ટ મુજબ શિહોરી પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કોંગ્રેસ દ્વારા ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને રજૂઆત જંબુસરના અમુક વિસ્તારોમાં ગટરનું ગંદું પાણી ઉભરાતાં સ્થાનિકો ત્રાહિમામ

જંબુસર, તા.૧૬

જંબુસર નગરપાલિકાના કેટલાક વિસ્તારોમાં ગટરના ઢાંકણાઓ તૂટી ગયા છે જે છેલ્લા ત્રણ મહિનાથી આજ પરિસ્થિતિમાં છે. જે શહેરના મુખ્ય રસ્તાઓ પર અકસ્માત સર્જે એવી શકયતા છે. જેની વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરેલ હોય પરંતુ આજદિન સુધી આ બાબતને નગરપાલિકાએ ધ્યાનમાં લીધી નથી અને આ કામનું નિરાકરણ લાવી નથી જેથી તાત્કાલીક ધોરણે નવા ઢાંકણાઓ નાખવામાં આવે એમ કોંગ્રેસના નગર સેવકોએ ચીફ ઓફિસર તેમજ પાલિકા પ્રમુખને લેખિતમાં રજૂઆત કરી તેમજ ઢોળાવ ફળિયા, સ્વામિનારાયણ વાડીના પાછળના ભાગેથી ડેપો સુધીના મુખ્ય રસ્તા પરથી પસાર થતી ગટર લાઈન કાયમી ધોરણે બ્લોકેઝ રહે છે, જેના કારણે ગટરના ગંદા પાણી રોડ ઉપર કાયમી ધોરણે વહે છે. જેથી ત્યાંથી પસાર થતા તાલુકાની પ્રજાને અવર જવર માટે તકલીફ પડે છે જેની અસર સીધે-સીધી બજાર તેમજ ડેપો વિસ્તારના ધંધા-રોજગાર પર પડે છે. જેના કારણે જંબુસર શહેરની આર્થિક પરિસ્થિતિ નબળી પડી શકે એવી શકયતા છે. આ નિરાકરણ માટે ઢોળાવ ફળિયા સ્વામિનારાયણ મંદિર પાછળથી નગીના મસ્જિદ થઈ એસટી ડેપો મેઈન રોડ થઈ પોલીસ લાઈન પાસે હાલમાં નવી ગટર લાઈન નાખેલ છે. તેના ચેમ્બરમાં જોડાણ આપી કાયમી ધોરણે ઉભરાતી ગટરોનું નિરાકરણ લાવવામાં આવે તો શહેર અને તાલુકાની જનતાને આ સમસ્યામાંથી મુક્તી મળી શકે એમ કોંગ્રેસના નગર સેવકોએ ચીફ ઓફિસર તેમજ પાલિકા પ્રમુખને લેખિતમાં રજૂઆત કરી છે.

શિનોર તાલુકામાં બિરશા મુંડાની ૧૪૬મી જન્મ જયંતીની ઉજવણી

શિનોર તાલુકામાં આદિવાસીઓના પ્રખર પ્રણેતા એવા બિરશા મુંડાની ૧૪૬મી જન્મ જયંતિની ઉજવણી નવસર્જન ટ્રસ્ટ અને શિનોર તાલુકાના આદિવાસી યુવાનો દ્વારા કરવામાં આવી હતી. જેમાં તેમને સમાજ માટે પોતાનું જીવન અર્પણ કરી સમાજને આગળ લાવવાં કરેલા પ્રયત્નોને યાદ કરી સમાજને તેમના કાર્યોને આગળ વધારવા હાકલ કરી હતી. શિનોર તાલુકાના મોટાફોફળિયા મુકામે આંગણવાડીના પટાંગણમાં મૂળ નિવાસી એકતા મંચ અને નવસર્જન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ટ્રસ્ટના સ્થાપક માર્ટિન, મહંત અવિચાલદાસની ઉપસ્થિતિમાં આદિવાસીઓના પ્રણેતા બિરશા મુંડાની ૧૪૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

માંગરોળના આંબા તલાવડી ગામે

મિત્રના લગ્નમાં નાચવા બાબતે થયેલ ઝઘડામાં યુવાનને ચપ્પુના ઘા મારી પાંસળીઓ બહાર કાઢી નાખી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના આંબા તલાવડી ગામે મિત્રના લગ્નમાં નાચવા બાબતે થયેલા ઝઘડામાં ૨૨ વર્ષના યુવાનને ચપ્પુના ઘા મારી પાંસળીઓ બહાર કાઢી નાખી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જીવલેણ હુમલા બાદ લગ્ન પ્રસંગમાં ભાગદોડ મચી જતા અફરા-તફરીનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના આંબા તલાવડી ખાતે અશોકભાઈ ચૌધરી રહે છે. જેમના પરિવારમાં તેમના બે દીકરા છે. મોટો દીકરો બિરલા કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સોમવારની મધરાત્રે બનેલી ઘટના બાદ ઈજાગ્રસ્ત યુવક નહેલ ચૌધરીને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાતા ઓપરેશનમાં લેવાની ફરજ પડી હતી. હાલ યુવકની હાલત સાધારણ હોવાની પરિવાર જણાવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર માંગરોળ તાલુકાના આંબા તલાવડી ખાતે રહેતા અશોકભાઈ ચૌધરી રહે છે. બે દીકરામાં નહેલ (૩.વ.૨૨) મોટો પુત્ર છે જે બિરલા કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન પ્રસંગમાં પણ હવે બાળકો સુરક્ષિત ન હોવાનું ઉદાહરણ કહી શકાય છે. ઝઘડો સામાન્ય જ હતો, નાચવા બાબતે થયેલી બોલાચાલીમાં કોઈ ચપ્પુ કાઢીને આટલા ઘા મારી દે, મારો દીકરો તો મોત સામે લડ્યો પણ આવું બીજા કોઈ પરિવાર સાથે ન થાય એવી ભગવાનને પ્રાર્થના કરીશ.

લગ્ન પ્રસંગે જઈ રહેલ પરિવારને અકસ્માત નડ્યો

પાલિતાણા-સોનગઢ હાઈવે પર કાર અને બાઈક અથડાતાં બેનાં મોત : ૩ ઘાયલ

ભાવનગર, તા.૧૬

ભાવનગર જિલ્લાના સોનગઢ-પાલીતાણા હાઈવે પર પીપરલા ગામ નજીક કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકચાલક તથા કારમાં મુસાફરી કરી રહેલ એક વૃદ્ધાનું મોત નિપજ્યું હતું જ્યારે ૩ વ્યક્તિઓને નાનીમોટી ઈજા સાથે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

સમગ્ર બનાવ અંગે સોનગઢ પોલીસમથકેથી જાણવા મળતી વિગતો અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના વતની અને વ્યવસાય અર્થે સુરત સ્થાયી થયેલ આશિષ અરવિંદભાઈ સોનાણી તેની માતા સવિતાબેન તથા પરિવારના કેયુર નરેશભાઈ સુતરિયા વસંતબેન ગોપાલભાઈ ગઢિયા તથા ભાવનગર શહેરમાં રહેતી વૃદ્ધા શાંતુબેન નાનું ભાઈ સુતરિયા પોતાની કેટા કાર લઈને પાલીતાણા તાલુકાના મોખડકા ગામે લગ્ન પ્રસંગે જઈ રહ્યાં હતાં તે વેળાએ સોનગઢ-પાલિતાણા રોડ પર પીપરલા ગામ પાસે પાલિતાણા તરફથી આવી રહેલ ડબલ સવારી બાઈક ચાલક પ્રવિણ રામસંગ સોલંકી તથા પ્રકાશ બાબુ સોલંકી બાઈકએ પોતાની બાઈક પરનો કાબૂ ગુમાવતાં બાઈક કાર સાથે ધડાકાભેર અથડાવતા કારચાલકે પણ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં કાર રોડપર પલ્ટી ખાઈ ગઈ હતી જેમાં બાઈક ચાલક પ્રવિણને ગંભીર ઈજા થતાં તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે કારમાં સવાર શાંતુબેન નાનું ભાઈ સુતરિયા ઉ.વ.૭૫ને પણ ગંભીર ઈજા થતાં સારવાર અર્થે સિહોર રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જયાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું જ્યારે કારચાલક આશિષ સવિતાબેન કેયુર અને વસંતબેનને નાની મોટી ઈજા સાથે પ્રથમ સિહોર ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગર રીફર કરવામાં આવ્યા હતા આ બનાવમાં બાઈક પાછળ બેઠેલ પ્રકાશને પણ ઈજા પહોંચી હતી જેને પણ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ સોનગઢ પોલીસને થતાં પીએસઆઈ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી.

ડીસામાં ધારાસભ્ય પંડ્યાની ઉચ્ચ કક્ષાની રજૂઆતથી ખેડૂતોને ખાતર વિતરણ

ડીસા, તા.૧૬

શિયાળું વાવેતર ટાણે પાછલા કેટલાય દિવસોથી ખાતરની ખૂબ અછત વર્તાતી હતી. જેની જાણ ધારાસભ્ય શશીકાંત પંડ્યાને થતા જ તેમણે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી તાત્કાલિક ધોરણે ખાતરની વ્યવસ્થા કરાવી હતી અને આજ રોજ ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ ડીસા તાલુકા ખરીદ વેચાણ સંઘના આખોલ કેન્દ્ર પર ખેડૂતોની વચ્ચે પહોંચીને ખેડૂતોના હિતમા ખાતરનું સરકારી ભાવથી વેચાણની શરૂઆત કરાવી હતી.

જોઇએ છે

ધી અંકલેશ્વર તાલુકા મુસ્લિમ બ્રધરહુડ ટ્રસ્ટ, સંચાલિત ઝેનિથ પ્રાથમિક શાળા(નોન ગ્રાન્ટેડ) માટે નીચે મુજબના સ્ટાફ જોઈએ છે.

ક્રમ	હોદ્દો	લાયકાત	વિષય
૧	આચાર્ય	B.A.,B.Sc., B.Com, B.Ed.	---
૨	શિક્ષક	B.A., B.Ed.	સામાજીક વિજ્ઞાન
૩	કોમ્પ્યુટર શિક્ષક	M.C.A., B.C.A.	કોમ્પ્યુટર
૪	ક્લાર્ક	B.Com, ટેલિ જાણકાર	---
૫	શિક્ષક	B.A., B.Ed.	અંગ્રેજી

રસ ધરાવતા ઉમેદવારો એ દિન- ૭ (સાત) માં નીચેના સરનામે અરજી કરવી.

અરજી મોકલવાનું સ્થળ- પ્રમુખ/સ્કેટરી

ઝેનિથ હાઈસ્કૂલ, સર્વોદયનગર, ઈદગાહ રોડ, અંકલેશ્વર.

જાહેર નોટિસ

અરજદારના વ.શ્રી. એમ.એન.કાપડિયા.

મહેરબાન ભરૂચના મામલતદાર એન્ડ એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, ભરૂચ.

મરણ નોંધણી અપીલ નં.૯૬/૨૦૨૧

અરજદાર :- ઈસ્માઈલ મુસા ભગત
રહે. : ૩૨૪-બી, વાડી સ્ટ્રીટ, પરીએજ, તા.જિ.ભરૂચ.

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, નગરપાલિકા, ભરૂચ.

આથી જાહેર જનતાને નોટિસ આપીને જણાવવાનું કે, સદર અરજદારે ઉપરોકત નંબરથી સદરહુ કોર્ટમાં અરજદારના સગા ભાઈ હનીફ મુસા પટેલ (ભગત)નું તા.: ૦૮-૦૩-૧૯૮૧ના રોજ અવસાન થયેલ છે. જેની નોંધ સામાવાળાઓના રજિસ્ટરે થયેલ ન હોય તે બાબતની અરજી અત્રેની કોર્ટમાં કરેલ છે. જે અંગે કોઈ ઈસમ કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો સદર નોટિસ પ્રસિદ્ધ થયેલથી દિન-૭માં લેખિત પુરાવા સહિત હાજર રહેવું. જો મુદતમાં વાંધા રજૂ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર નામદાર કોર્ટ યોગ્ય હુકમ કરશે જેની અચુક નોંધ લેવી.

આજ તારીખ : ૧૬મી નવેમ્બર, સને-૨૦૨૧ના રોજ નોટિસ પ્રસિદ્ધ કરી.

અરજદારની સહી
વકીલની સહી
ઈસ્માઈલ મુસા ભગત
રહે. : ૩૨૪-બી, વાડી સ્ટ્રીટ, પરીએજ, તા.જિ.ભરૂચ.

હદીસ બોધ

માનવીના સદ્‌ગુણોમાં ધીરજ એ સૌથી મહાન સદ્‌ગુણ છે.
(હદીસ બોધ)

બોધ વચન

દરેક સારૂં કાર્ય આરંભ કરતા પહેલાં અસંભવ લાગે છે.
-કારલાઈન

આજની આરસી

૧૭ નવેમ્બર બુધવાર ૨૦૨૧
૧૧ રબીઉલઆખરહિજરી ૧૪૪૩
કારતક સુદ તેરસ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૫-૩૨
ખત્મે ઝવાલ ૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૫

ગુસપુસિયું

પત્ની બોલી, ભગવાનને પગે લાગીને નીકળો તો બધા કામ સફળ થશે.
પતિ બોલ્યો, એવું થોડું હોય !!!!
લગ્નના દિવસે ભગવાનને પગે લાગીને જ નીકળ્યો હતો.

Phdના કોર્સમાં અનામતની જોગવાઈનું પાલન ન કરવાના મુદ્દે IIM-A અને કેન્દ્ર સરકારને નોટિસ

• SC, ST, OBC અને દિવ્યાંગોને Phd કોર્સમાં અનામત નહીં હોવાથી બંધારણ અને કાયદાનો થઈ રહેલો ભંગ • IIM-અમદાવાદના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરાઈ અરજીમાં મુદ્દો ઉપસ્થિત કરાયો હતો

અમદાવાદ, તા.૧૬

દેશની ખ્યાતનામ મેનેજમેન્ટ સંસ્થાઓમાં ગણનાપ્રાપ્ત IIM-અમદાવાદ ખાતે ચાલતા પીએચડીના અભ્યાસક્રમ કે જે ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ તરીકે ઓળખાય છે તેમાં અનુસુચિત જાતિ, જનજાતિ, અન્ય પછાત વર્ગ તેમજ દિવ્યાંગો માટે અનામત ક્વોટા રાખવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ હતી. તેની પ્રાથમિક સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટે આઈઆઈએમ-અમદાવાદ, કેન્દ્ર સરકાર સહિતના પક્ષકારોને નોટિસ કાઢી હતી.

આ જાહેર હિતની અરજી ગ્લોબલ આઈઆઈએમ એલ્યુમ્ની નેટવર્ક દ્વારા કરવામાં આવી હતી અને મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે, દેશમાં અલગ અલગ વીસ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ આવેલા છે અને ત્યાં પીએચડીનો કોર્સ ચલાવી રહી છે તેમાંથી ૧૫ આઈઆઈએમમાં અનામતની જોગવાઈનું પાલન કરવામાં આવે છે જો કે અમદાવાદ આઈઆઈએમ દ્વારા આ જોગવાઈનું પાલન કરવામાં આવતું નથી. તમામ આઈઆઈએમને માનવ સંસાધન વિભાગની ગ્રાન્ટ મળે છે તેથી અનામતની જોગવાઈનું પાલન કરવા માટે તમામ આઈઆઈએમ બંધાયેલી છે. અમદાવાદ ખાતે આ કોર્ષ ૧૯૭૧થી ચાલી રહ્યો છે પરંતુ તેમાં અનામતની જોગવાઈ રાખવામાં આવી નથી. કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ મળતુ હોવા છતા વંચિત સમુદાયના લોકોને અનામતનો લાભ આપીને સંસ્થા દ્વારા કાયદાથી વિપરીત કદમ ઉઠાવવામાં આવી રહ્યું છે. એટલે જ નહિ સેન્ટ્રલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ (રીઝર્વેશન ઈન એડમિશન) એક્ટ, ૨૦૦૬ની જોગવાઈઓનો ભંગ કરવામાં આવી રહ્યો છે.

આઈઆઈએમ-અમદાવાદ દ્વારા બંધારણની કલમ ૧૫(૫)નો ફરજિયાત અમલ થવો જોઈએ. આ કલમ હેઠળ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની જોગવાઈ નક્કી કરવામાં આવી છે. એસસી, એસટી, ઓબીસી અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને સારૂ શિક્ષણ મળી શકે તે માટે તેઓના હિતમાં આ અરજી કરવામાં આવી છે. અરજીમાં પ્રવેશ પ્રકિયા ઉપર મનાઈ હુકમ કરવાની પણ માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીઝ એક્ટ, ૨૦૧૭ હેઠળ પણ સંબંધિત સત્તાવાળાઓએ શૈક્ષણિક સંસ્થામાં અનામત રાખવાની જોગવાઈ કરવી જોઈએ તેવી પણ માંગ જાહેર હિતની અરજીમાં કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે આ જ પ્રકારની જાહેર હિતની અરજી વર્ષ ૨૦૧૮માં કરાઈ હતી પરંતુ તે લાંબો સમય ચાલવા ઉપર આવી નહોતી. ત્યારબાદ હાઈકોર્ટે તેનો નિકાલ કર્યો હતો અને ઠરાવ્યું હતું કે જો કોઈ વિદ્યાર્થીને આ બાબતે ફરિયાદ હશે તો તેઓ હાઈકોર્ટનો સંપર્ક કરી શકશે.

રેરા એપલેટ ટ્રિબ્યુનલના ચેરમેનની ત્રણ માસમાં નિમણૂક કરવા સરકારની ખાતરી

રાજ્ય સરકારની ખાતરી બાદ હાઈકોર્ટે જાહેરહિતની અરજીનો નિકાલ કર્યો

અમદાવાદ, તા.૧૬

ગુજરાત ખાતે મકાન ખરીદનારાઓને બિલ્ડરો કે ડેવલપરો દ્વારા અન્યાય કે છેતરપિંડી થાય તો તે માટે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) ની નિમમૂક કરવામાં આવી છે જ્યાં ફરિયાદ કરી શકાય છે અને જો કોઈ પક્ષકારને રેરાના આદેશ સામે વાંધો હોય તો રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એપલેટ આથોરિટીમાં અપીલ ભરવાની કાર્યવાહી કરવી જોઈએ. બીજી તરફ એવી પણ રજૂઆત કરાઈ હતી કે, આ ટ્રિબ્યુનલ ન્યાય તોળવાની પ્રક્રિયા હાથ ધરે છે પરંતુ તેના ચેરમેન અને ટેકનીકલ મેમ્બરની નિમણૂક રાજ્યના શહેરી વિકાસ વિભાગને હસ્તક છે. આથી આ કામગીરી રાજ્યના કાયદા વિભાગ દ્વારા જ થવી જોઈએ. ઉપરોક્ત રજૂઆતો બાદ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદ કુમારની ખંડપીઠ દ્વારા સરકારનો

મકાન ખરીદનારાઓને અન્યાય થયા હોય તેવા કેસોમાં રેરા ઓથોરિટીના હુકમો સામે ટ્રિબ્યુનલમાં જવાની જોગવાઈ પરંતુ ચેરમેનની જગ્યા ખાલી હોવાથી લોકોને ન્યાય માંગવા ક્યાં જવું તે પ્રશ્ન મૂંઝવતો હતો

કરી શકે છે. પરંતુ રેરા ઓથોરીટી ખાતે ચેરમેનની મુખ્ય જગ્યા અને ટેકનીકલ મેમ્બરની જગ્યા ખાલી હોવાથી ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. અરજીની સુનાવણી મંગળવારના રોજ નીકળતા રાજ્ય સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે ચેરમેન અને ટેકનીકલ મેમ્બરની જગ્યાની નિમણૂકની કાર્યવાહી ત્રણ મહિનામાં પૂર્ણ કરી દેવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ નિવેદનની નોંધ કરીને હાઈકોર્ટે અરજીનો નિકાલ કર્યો હતો. આ અંગે હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા એક એડવોકેટ દ્વારા જ જાહેર હિતની અરજી કરવામાં આવી હતી કે, રેરાના પૂર્વ ચેરમેન આર. ડી. કોઠારીનો કાર્યકાળ તા. ૧૪ જૂનના રોજ પૂર્ણ થઈ ગયો છે જ્યારે ટેકનીકલ મેમ્બર અજય દાસ મેહરોત્રા દ્વારા તા. ૧૮ સપ્ટેમ્મ્બરના રોજ રાજીનામુ આપી દેવામાં આવ્યું હોવાથી આ જગ્યા ખાલી પડી છે. રેરા એપલેટ ટ્રિબ્યુનલ ખાતે અનેક કેસો પેન્ડીગ થતા હોવાથી રાજ્ય સરકાર દ્વારા તે જગ્યાઓ તાકીદે જવાબ માગવામાં આવ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ જસ્ટીસ આર. ડી. કોઠારીની નિમણૂક પાંચ વર્ષના સમયગાળા માટે કરવામાં આવી હતી પરંતુ તે કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે જ્યારે ટેકનીકલ મેમ્બરની પણ પાંચ વર્ષના કાર્યકાળ માટે નિમણૂક કરાઈ હતી. પરંતુ તેઓએ રાજીનામુ આપતા જગ્યા ખાલી પડી છે. જ્યારે વી. એ. દરબારની જ્યુડીશીયલ મેમ્બર તરીકે નિમણૂક કરવામાં આવેલી છે. રેરા એક્ટ, ૨૦૧૬ની જોગવાઈ મુજબ સપ્ટેમ્બર મહિનામાં ખાલી પડેલી બન્ને બેઠકો ભરવાની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જવાબમાં વધુમાં ઉલ્લેખ કરાયો હતો કે, શહેરી વિકાસ વિભાગે કાયદા વિભાગને દરખાસ્ત મોકલી છે કે ચેરમેનની નિમણૂક માટે હાઈકોર્ટના નિવૃત્ત જજની નિમણૂક કરવા માટે ચીફ જસ્ટીસ સાથે સલાહ-સૂચનની કાર્યવાહી કરવામાં આવે. આ બાબતે એક સપ્તાહમાં ચીફ જસ્ટીની એપોઈન્ટમેન્ટ માગવામાં આવશે. ત્યારબાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

૪૦ લાખના લોન કૌભાંડનો મામલો

આંબાવાડીની પંજાબ નેશનલ બેન્કના પૂર્વ મેનેજર સહિત ત્રણને ૫ વર્ષની જેલ

અમદાવાદ, તા.૧૬

આંબાવાડી વિસ્તારમાં આવેલી પંજાબ નેશનલ બેંક (પીએનબી)ના પૂર્વ વરિષ્ઠ મેનેજર તેમજ અન્ય બેને ૨૦૦૪ના લોન કૌભાંડમાં સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે દોષિત ઠેરવ્યા હતા અને તેમના પાંચ વર્ષની સજા ફટકારી હતી. ત્રણેયના કારણે બેંકને ૪૦ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. જ્યારે કૌભાંડ થયું ત્યારે સંજીવ ઈનામદાર પીએનબીની આંબાવાડી બ્રાંચનો મેનેજર હતો. તેની સાથે જૈનલ એન્ટરપ્રાઈઝના બે શખ્સ મયંક શાહ અને રિકિન શાહને પણ જેલની સજા સંભળાવવામાં આવી હતી. ઈનામદારને ૭.૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો જ્યારે મયંક અને રિકિનને ૭-૭ લાખ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશને (એસબીઆઈ) ડિસેમ્બર, ૨૦૦૪માં આરોપી સામે પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. તેવો આરોપ લગાવવામાં આવ્યો હતો કે, પીએનબીના પૂર્વ ચીફ મેનેજરે ભૌતિક સંપત્તનું નિરીક્ષણ કર્યા વગર નકલી દસ્તાવેજોના આધારે અન્ય આરોપીઓ સાથે મળીને શહેર સ્થિત કંપનીના માલિક મયંક શાહને ૪૦ લાખ રૂપિયાની કેશ ક્રેડિટની (હાઈપૉથિકેશન) સુવિધા મંજૂર કરી હતી. જેના કારણે બેંકને ૪૦ લાખ રૂપિયાનું નુકસાન થયું હતું. તપાસ બાદ, ઓક્ટોબર ૨૦૦૬માં સાત આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. ટ્રાયલ દરમિયાન, બે આરોપીઓના મોત થયા હતા અને તેમની સામેનો કેસ અબેટ કરાયો હતો. જ્યારે અન્ય આરોપીઓ સામે કેસ ચાલતા સીબીઆઈના વકીલે તેવી દલીલ કરી હતી કે, આરોપીઓ સામે ગંભીર પ્રકારનો કેસ છે. આર્થિક ગુના વધી રહ્યા છે ત્યારે આવા આરોપીઓમાં કાયદાનો ડર રહે તે માટે સખતમાં સખત સજા કરવી જોઈએ. રજૂઆત બાદ કોર્ટે સંજીવ ઈનામદાર, મયંક શાહ અને રિકિન શાહને ૫ વર્ષની સજા ફટકારી હતી. જ્યારે બે મહિલા આરોપીઓને પૂરાવાના અભાવે નિર્દોષ છોડી દેવાઈ હતી.

નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ્સ ખાતે જ્યુડિશિયલ મેમ્બરની વય મર્યાદા મામલે કોર્પોરેટ અફેર્સ મંત્રાલયને હાઈકોર્ટની નોટિસ

અમદાવાદ, તા.૧૬

દેશના કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા દેશની અલગ-અલગ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ્સ ખાતે જ્યુડિશિયલ અને ટેકનિકલ મેમ્બર્સની ભરતી સામે ગુજરાત હાઈકોર્ટમાં બે અલગ-અલગ જાહેર હિતની અરજી કરવામાં આવી છે.

તા. ૧૩ ઓક્ટોબરના રોજ મંત્રાલય દ્વારા નવ જ્યુડિયલ મેમ્બર અને છ ટેકનીકલ મેમ્બર્સની ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે અને તેની લઘુત્તમ વય મર્યાદા ૫૦ વર્ષની રાખવામાં આવી હોવાથી તે કાયદાની વિપરીત હોવાનું જણાવીને પડકાર આપવામાં આવ્યો છે. એક અરજી એડવોકેટ દ્વારા કરવામાં આવી છે જ્યારે બીજી અરજી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિકાસ જૈન દ્વારા કરવામાં આવી છે. નિપુણ સિંઘવી દ્વારા કરવામાં આવેલી અરજીમાં હાઈકોર્ટે મિનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સને નોટિસ કાઢી હતી.

કેસની વિગતો મુજબ એડવોકેટ દ્વારા કરવામાં આવેલી જાહેર હિતની અરજીમાં એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે ભરતીની જાહેરાતમાં લઘુત્તમ વય મર્યાદા પચાસ વર્ષની રાખવામાં આવી છે જે સુપ્રીમ કોર્ટ દ્વારા મદ્રાસ બાર એસોસિએશન વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાના કેસમાં ઠરાવવામાં આવેલી માર્ગદર્શિકાઓથી વિપરીત છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે દેશમાં યુવાન વયના ન્યાયાધીશોની ભરતી થવી જરૂરી છે. જ્યારે આ ભરતીમાં યુવાન વયના ધારાશાસ્ત્રીઓ કે જે જ્યુડિશીયલ મેમ્બર બનવા માગતા હોય તે બની શકે તેમ નથી. વધુમાં આ જાહેરાત કંપનીઝ એક્ટની કલમ ૪૧૩ મુજબ બહાર પાડવામાં આવી છે. આ કલમમાં જ્યુડિશીયલ મેમ્બરની લઘુત્તમ વયમર્યાદા પચાસ વર્ષની ઠરાવવામાં આવી છે. આથી આ કલમ પણ બંધારણના અધિકારોથી વિરૂધ્ધ હોવાથી તેને રદ કરવી જોઈએ. આ ઉપરાંત જાહેર કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા બહાર પાડવામા આવી છે જ્યારે એનસીએલટી ન્યાયીક અદાલત હોવાથી તેને મંત્રાલયના હસ્તક મુકવાના બદલે કાયદા મંત્રાલય હેઠળ તમામ ભરતી તેમજ અન્ય બાબતોનું સંચાલન થવું જોઈએ.

આ અરજીની સુનાવણી જસ્ટીસ ગીતા ગોપીની ખંડપીઠ સમક્ષ આવી હતી પરંતુ કોર્ટે દિવાળી વેકેશન બાદ રેગ્યુલર બેંચ સમક્ષ સુનાવણી માટે જવા માટે અરજદારને આદેશ કર્યો હતો. બીજી બાજુ તાજેતરમાં વિકાસ જૈન દ્વારા કરવામાં આવેલી અરજીમાં ટેકનિકલ મેમ્બરની ભરતીને પડકારાઈ છે તેમાં પણ ઉપર મુજબના જ તથ્યો રજૂ કરીને તે ભરતી રદ કરવાની માગ કરવામાં આવી છે.

'બીજું ગાલ આગળ ધરવા'થી મળેલી 'ભીખ' આઝાદી નથી : વંઠેલ કંગનાએ હવે મહાત્મા ગાંધી પર નિશાન સાધ્યું

રાજકીય શરણમાં રાચી રહેલી બેલગામ અભિનેત્રી સામે કોઈ પગલાં લેવા જ તૈયાર નથી ?

(એજન્સી) મુંબઈ, તા.૧૬

બોલિવૂડની વંઠેલ અને રાજકીય શરણમાં રહેનારી અભિનેત્રી કંગના રાણાવતે હવે હદ વટાવી નાખનારા નિવેદનો આપવા માંડ્યા છે. આ વખતે તો તેણે મહાત્મા ગાંધી અંગે અત્યંત વિવાદિત નિવેદન આપ્યું છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર લાંબી સ્ટોરી મૂકતાં પોસ્ટમાં મહાત્મા ગાંધી વિશે અભદ્ર ટિપ્પણી કરી છે. પ્રથમ મેસેજમાં કંગનાએ તેમને સત્તાના ભૂખ્યા અને ચાલાક ગણાવ્યા છે જ્યારે બીજી પોસ્ટમાં લખ્યું છે કે, ગાંધીજી ઈચ્છતા હતા કે, ભગતસિંહને ફાંસી થાય. કંગનાએ લોકોને સલાહ પણ આપી છે કે, તેઓ પોતાના હીરોને સમજદારી પૂર્વક પસંદ કરે. તેણે એમ પણ લખ્યું કે, લાફો મારનારની સામે બીજું ગાલ ધરવાથી આઝાદી મળતી નથી. સાથે જ તેણે ગાંધીજીના અહિંસાના મંત્રની મજાક ઉડાવી હતી. તેણે લખ્યું કે, સુભાષ ચંદ્ર બોઝ અને ભગતસિંહને ગાંધીજી પાસેથી કોઈ ટેકો મળ્યો ન હતો. તેણે લખ્યું કે, બીજું ગાલ આગળ ધરવાથી મળેલી ભીખ આઝાદી નથી. ગયા અઠવાડિયે તેણે કહ્યું હતું કે, ૨૦૧૪માં જ્યારે મોદી સરકાર સત્તામાં આવી ત્યારે દેશને ખરી આઝાદી મળી હતી.

પોતાની ટિપ્પણીઓથી વાવાઝોડું લાવનારી મણિકર્ણિકાની અભિનેત્રીએ મંગળવારે 'ગાંધી અને અન્યો જો તેમને દેશમાં પ્રવેશવા દેવાય તો નેતાજીને સોંપી દે તેવા બ્રિટિશ જજ સાથે કરાર કર્યો હતો' તેવી જૂની સમાચાર ક્લિપિંગ શેર કરી હતી. તમે કાંતો ગાંધીના પ્રશંસક હોઈ શકો અથવા નેતાજીના પણ બંનેના ના હોઈ શકો. હવે તમારે નક્કી કરવાનું છે. કંગનાએ વાંધાજનક પોસ્ટ કરતાં વધુમાં લખ્યું છે કે, જે લોકો સ્વતંત્રતા માટે લડ્યા તેમને એ લોકોએ પોતાના માલિકોને સોંપી દીધા જેમનામાં હિંમત ન હતી અને તેમનું લોહી ઉકળતું ન હતું. તેઓ સત્તાના ભૂખ્યા અને ચાલાક હતા. એ જ લોકો છે જેમણે આપણને શીખવાડ્યું કે, જો કોઈ તમને એક થપ્પડ મારે તો બીજું ગાલ ધરી દો અને આ રીતે તમને આઝાદી મળી ગઈ. આ રીતે કોઈને આઝાદી મળતી નથી માત્ર ભીખ મળે છે. તમારો હીરો સમજદારીથી પસંદ કરો. કંગનાએ બીજી પોસ્ટમાં લખ્યું કે, ગાંધીએ ક્યારેય ભગતસિંહ અને નેતાજીને સમર્થન કર્યું નથી. અનેક પુરાવા છે જે સંકેત આપે છે કે, ગાંધીજી ઈચ્છતા હતા કે ભગતસિંહને ફાંસી થઈ જાય. તેથી તમારે પસંદ કરવાનું છે કે, તમે કોને સમર્થન કરો છો. કેમ કે એ બધાને માત્ર યાદ માટે એક જ બોક્સમાં રાખી લેવા અને તેમની જન્મ જયંતિ પર યાદ કરી લેવા પૂરતું નથી સાચું કહું તો આ મુર્ખતા નહીં પણ બેજવાબદાર અને નીચું છે. લોકોએ પોતાનો ઈતિહાસ અને હીરોની જાણ હોવી જોઈએ. કંગનાને તેના આ વિવાદિત નિવેદનો માટે દેશના દિગ્ગજોએ ફટકાર કરી છે પરંતુ રાજકીય આકાઓની દેખરેખમાં તેની સામે કોઈ પગલાં લેવાતા નથી.

શેતાન વસીમ રિઝવી વિરૂદ્ધ કાર્યવાહી કરવા જમીયતે ઉલમાએ અહમદાબાદની અધ્યક્ષતામાં કલેક્ટરને આવેદન

ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ની શાનમાં ગુસ્તાખી કરનાર વસીમ રિઝવી અને નરસિંઘાનંદ સરસ્વતી સામે તેઓએ નબી (સ.અ.વ.)ની શાનમાં તેમજ ઈસ્લામ ધર્મ વિશે કરેલા વિવિધ ધૃણાસ્પદ નિવેદનો મામલે જમીયતે ઉલમાએ અહમદાબાદની અધ્યક્ષતામાં ૧૬ નવેમ્બરના રોજ અમદાવાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી બંને અસંસ્કારી લોકો સામે સખત કાયદાકીય કાર્યવાહી કરવા માંગ કરી છે. આ વેળાએ મુફ્તી કૈસ, મુફ્તી હમઝા, મૌલાના ઝિકરૂદ્દીન, ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, એઆઈએમઆઈએમના ગુજરાતના પ્રમુખ સાબિર કાબલીવાલા, કોંગ્રેસના કોર્પોરેટર ઈમ્તિયાઝ પ્રમુખ, એઆઈએમઆઈએમના શહેર પ્રમુખ એડવોકેટ શમશાદખાન પઠાણ, એઆઈએમઆઈએમના એડવોકેટ ઈમ્તિયાઝભાઈ, કોંગ્રેસના જુનેદ શેખ, એડવોકેટ અનીસભાઈ અને નઈમભાઈ, મુફ્તી અ.કય્યુમ મનસુરી, મૌલાના સલમાન, મૌલાના નિઝામુદ્દીન, મૌલાના ઈસ્હાક, મુફ્તી મુસઅબ, મૌલાના ઈરફાન, હાફિઝ ઈરફાન, સાબિરભાઈ, યુસુફભાઈ માર્ટિન, અ.રશીદભાઈ (સ્ટાર ફુટવેર), અ.વાહિદભાઈ, ઈરફાનભાઈ, વસીમભાઈ, હાફિઝ તૌસીફ, હાફિઝ ખુબૈબ, હાફિઝ અતહર, ખાલિદખાન, અ.રશીદભાઈ શેખ, અશ્ફાકભાઈ મોના, હાફિઝ ઉમર, હારૂનભાઈ ઝમઝમ, ફૈઝુભાઈ, હુઝૈફાભાઈ, આદિલભાઈ સહિતના અનેક લોકોએ ઉપસ્થિત રહી શેતાન વસીમ રિઝવી વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ બુલંદ કરી હતી.

મહારાષ્ટ્ર સરકાર રસીકરણને પ્રોત્સાહન આપવા માટે સલમાનખાનની મદદ લેશે, મુસ્લિમ વિસ્તારોમાં રસી પ્રત્યે અણગમાનું કારણ આગળ ધર્યું

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્ર સરકાર લોકોને કોરોના વાયરસ વિરૂદ્ધની રસી માટે પ્રોત્સાહિત કરવા સુપરસ્ટાર સલમાનખાનની મદદ લેવા અંગે વિચારણા કરી રહી છે. આ માટે સરકારે મુસ્લિમોની વધુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં રસી પ્રત્યેના અણગમાનું કારણ દર્શાવ્યું છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ કહ્યું હતું કે, મુસ્લિમ વિસ્તારોમાં રસી પ્રત્યે હજી થોડો અણગમો છે. અમે મુસ્લિમ સમુદાયના લોકોને રસી માટે સમજાવવા સલમાનખાન અને ધર્મગુરૂઓની મદદ લેવાનું નક્કી કર્યું છે. ટોપેએ કહ્યું હતું કે, રસીકરણ કરાયેલા લોકોની સંખ્યા મુદ્દે મહારાષ્ટ્ર દેશમાં આગળ છે. પરંતુ હજી પણ કેટલાક વિસ્તારોમાં રસીકરણ ધીમું છે. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં અત્યાર સુધી રસીના ૧૦.૨૫ કરોડ ડોઝ આપી દેવામાં આવ્યા છે.

ઠગાઈ રોકવા HDFCની બીજી "મુહ બંધ રખો ઝુંબેશ"નો પ્રારંભ

અમદાવાદ, તા.૧૬

વર્ષ ૨૦૨૦માં 'મુહ બંધ રખો ઝુંબેશ'ને ભવ્ય પ્રતિસાદ મળ્યા પછી એચડીએફસી બેંકે ઈન્ટરનેશનલ ફ્રોડ પ્રિવેન્શન વીકના સમર્થનમાં આ ઝુંબેશની બીજી એડિશનનો પ્રારંભ કર્યો છે. આ પહેલ મારફતે બેંક તમામ પ્રકારના ફ્રોડ તથા મોં બંધ રાખવાના મહત્વ અંગે જાગૃતિ વધારવાનો તથા ઠગાઈ રોકવાનો ઉદ્દેશ ધરાવે છે. આ ઝુંબેશમાં ગ્રાહકોને એવું યાદ અપાવવામાં આવે છે કે, એવી ઘણી પરિસ્થિતિઓ હોય છે કે, જેમાં ખાસ કરીને બેંકિંગ ડિટેઈલ નહીં જણાવવાનું બહેતર બની રહે છે. અજાણી લીંક ક્લિક નહીં કરવા જેવા કેટલાક સાદા પગલાને અનુસરીને તથા કાર્ડની ડિટેઈલ્સ, સીવીવી, એક્સપાયરી ડેટ, ઓટીપી, નેટ બેંકિંગ/મોબાઈલ બેંકિંગ લોગઈન આઈડી અને પાસવર્ડ જેવી વિગતો ફોન, એસએમએસ, ઈમેલ અને સોશિયલ મીડિયા પર નહીં જણાવીને સામાન્ય જનતા પોતાના નાણાં સલામત રાખી શકે છે.

ગો ફેશન (ઈન્ડિયા) લિ.નો આઈપીઓ આગામી ૧૭ નવેમ્બરે ખુલશે

અમદાવાદ, તા.૧૬

ભારતમાં વિમેન્સ બોટમ-વેર બ્રાન્ડ અને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વિમેન્સ બોટમ-વેર બ્રાન્ડના બજારમાં અંદાજે ૮ ટકા બજારહિસ્સો ધરાવતી ગો ફેશન (ઈન્ડિયા) લિમિટેડ ('ગો ફેશન' અથવા 'કંપની')એ ૧૭ નવેમ્બર, ૨૦૨૧ના રોજ એનો આઈપીઓ ('ઓફર') લાવવાની યોજના બનાવી છે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૬૫૫થી રૂા.૬૯૦ નક્કી થઈ છે જેમાં દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂા.૧૦ છે. બિડ લઘુતમ ૨૧ ઈક્વિટી અને પછી ૨૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

વેકેશનમાં ત્રણ સ્કૂલોમાં અભ્યાસ કરાવાતો હોઈ NSUIનો હોબાળો

નિકોલ અને વસ્ત્રાલની સ્કૂલમાં હોબાળાના પગલે વિદ્યાર્થીઓને છોડી મૂકાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૬

દિવાળી વેકેશનમાં સ્કૂલો ચાલુ રાખવી નહીં તેવી ડીઈઓની સુચના હોવા છતાં અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી ત્રણ સ્કૂલો વેકેશનમાં ચાલુ જોવા મળી હતી. આ સ્કૂલો ચાલુ હોવા અંગેની વિદ્યાર્થીઓએ NSUIને રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે NSUIના કાર્યકરો મંગળવારે સ્કૂલ પર તપાસ માટે ગયા હતા. તપાસ વખતે ત્રણેય સ્કૂલમાં વિદ્યાર્થીઓને બોલાવી અભ્યાસ કરાવવામાં આવતો હોવાનું સામે આવતા કાર્યકરોએ હોબાળો કર્યો હતો. જેના પગલે વિદ્યાર્થીઓને છોડી મૂકવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સ્કૂલોમાં ૧ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધી દિવાળી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. સ્કૂલોમાં ૨૨ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે. જો કે, અમુક સ્કૂલો દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓને બોલાવતી હોવાની ફરિયાદોના પગલે ડીઈઓ દ્વારા વેકેશનમાં સ્કૂલો ચાલુ રાખવામાં આવશે તો કાર્યવાહી કરાશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

દરમિયાન પૂર્વ વિસ્તારમાં આવેલી ત્રણ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે બોલાવવામાં આવતા હોવા અંગેની NSUIના કાર્યકરોને રજૂઆત કરવામાં આવી હતી. જેથી NSUIના ઉપપ્રમુખ તોષિત મકવાણા તથા અન્ય કાર્યકરો સ્કૂલો પર તપાસ માટે ગયા હતા. NSUI દ્વારા નિકોલમાં આવેલી સંકલ્પ સ્કૂલ, વસ્ત્રાલમાં આવેલી એકલવ્ય સ્કૂલ અને વસ્ત્રાલની ક્રિસ્ટલ સ્કૂલમાં જઈને તપાસ કરતા ત્યાં વિદ્યાર્થીઓને બોલાવી અભ્યાસ કરાવવામાં આવતો હોવાનું જણાયું હતું.

NSUIના કાર્યકરોએ સ્કૂલો પર જઈને વીડિયો પણ ઉતાર્યો હતો અને સ્કૂલોના આચાર્યને આડે હાથે લીધા હતા. આ સ્કૂલો દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. NSUIએ વેકેશનમાં સ્કૂલ ચાલુ રાખવા મુદ્દે હોબાળો કરતા વિદ્યાર્થીઓને છોડી મુકવામાં આવ્યા હતા. NSUIના ઉપપ્રમુખ તોષિત મકવાણાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની ફરિયાદના પગલે ત્રણ સ્કૂલમાં તપાસ કરતા ત્યાં વેકેશનમાં અભ્યાસ ચાલુ હોવાનું જણાયું હતું. આ સ્કૂલો સામે ડીઈઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માગણી છે.

બરોડા બાર એસોસિએશન અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત વચ્ચેના વિવાદમાં ચીફ જસ્ટિસ દ્વારા મધ્યસ્થી કરવાની તૈયારી

બરોડા બારના પ્રમુખ હસમુખ ભટ્ટને હોદ્દા ઉપરથી દૂર કરીને એડવોકેટ કૌશિક ભટ્ટને વહીવટદાર તરીકે નિમણૂક અપાતા મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો : બાર કાઉન્સિલના આદેશ સામે અપાયો છે મનાઈ હુકમ

અમદાવાદ, તા.૧૬

વડોદરા ખાતે આવેલી વકીલોની સંસ્થા બરોડા બાર એસોસીએશન અને રાજ્યના તમામ વકીલોની માતૃ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત વચ્ચે સર્જાયેલા વિવાદના પગલે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદ કુમાર દ્વારા મધ્યસ્થી કરવાની તૈયારી બતાવવામાં આવી હતી. આથી ચીફ જસ્ટીસ દ્વારા આગામી તા. ૨૨ નવેમ્બરના રોજ બન્ને પક્ષોને મળવાનો સમય આપવામાં આવ્યો છે.

કેસની વિગતો મુજબ બરોડા બાર એસોસિએશનની ચુંટણી છેલ્લા બે વર્ષથી થઈ નથી. કોરોના મહામારીના કારણે ચુંટણી શક્ય નહિ બનતા હાલના પ્રમુખ હસમુખ ભટ્ટનો હોદ્દા પરનો સમયગાળો વધારી આપવામાં આવ્યો હતો. હવે ટૂંક સમયમાં ચુંટણી થનાર છે ત્યારે બરોડા બાર એસોસિએશનનું બંધારણ બદલવાની દરખાસ્ત હસમુખ ભટ્ટ દ્વારા લાવવામાં આવતા કેટલાક વકીલોએ વિરોધ કર્યો હતો. એટલું જ નહિ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના આ બાબતે ફરિયાદ કરી હતી.

બંધારમ બદલવા માટે હસમુખ ભટ્ટ દ્વારા સામાન્ય સભા બોલાવી હતી અને તેની સામે કાઉન્સિલ દ્વારા મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો. તેમ છતા ભટ્ટ દ્વારા સામાન્ય સભા બોલાવીને બંધારણ બદલવા સહિતના તમામ ઠરાવો પસાર કરી દીધા હતા. તેથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા હસમુખ ભટ્ટને પ્રમુખ પદેથી હટાવી દીધા હતા અને તેમની જગ્યાએ એડવોકેટ કૌશિક ભટ્ટની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

તેની સામે હસમુખ ભટ્ટ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવતા જસ્ટીસ સંગીતા વિશેને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિર્ણય સામે મનાઈ હુકમ ફરમાવી દીધો હતો. દરમિયાન દિવાળી વેકેશન પૂર્ણ થતા અને અદાલતો શરૂ થતા બન્ને પક્ષકારો દ્વારા ચીફ જસ્ટીસને આ મામલે મધ્યસ્થી કરવાની દરખાસ્ત કરી હતી તે સ્વીકારી લેવામાં આવી હતી. આથી તેઓ આગામી તા. ૨૨ નવેમ્બરના રોજ ચીફ જસ્ટીસ દ્વારા ફાળવવામા આવેલા સમય મુજબ તેઓને મળશે. આ મામલે અરજદારોના વકીલ દ્વારા ચીફ જસ્ટીસની કોર્ટમાં આ મેટર સાંભળવાની વિનંતી કરવામાં આવતા મધ્યસ્થી કરવાની તૈયારી ચાલી રહી છે. ચીફ જસ્ટીસે એવી પણ ટકોર કરી હતી કે વકીલોની સંસ્થાઓ વચ્ચે આ રીતનો વિવાદ થાય તે યોગ્ય નથી. ત્યારબાદ મધ્યસ્થી કરવાની તૈયારી બતાવી હતી. ઉલ્લેખનીય છે કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા કોઈ એસોસિએશનના પ્રમુખને હોદ્દા ઉપરથી દુર કર્યા હોય તેવો પ્રથમ વખત બનાવ બનતા આ મામલે હવે શું થશે તેની ભારે ઉત્સુકતા કાનુની આલમમાં પ્રવર્તી રહી છે. તેથી આ મામલે શું ઉકેલ આવશે તેના ઉપર સૌની નજર છે. ગત મહિને હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા મનાઈ હુકમ પછી પણ બન્ને પક્ષકારો વચ્ચે કોઈ સમાધાન નહીં થતા મામલો ચીફ જસ્ટીસ સમક્ષ પહોંચ્યો હતો.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળની સિદ્ધિ

એક જ દિવસમાં માલ લોડ કરી રૂા.૨૪.૫૭ કરોડ રૂપિયાની આવક

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ મંડળ દ્વારા તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ માત્ર એક જ દિવસમાં માલના લોડિંગથી ૨૪ કરોડ ૫૭ લાખ રૂપિયાની આવક થઈ , જે ગત વર્ષ કરતાં લગભગ ૩ ગણું વધારે છે અને અત્યાર સુધીની બીજી મહત્તમ આવક છે અગાઉ તા. ૦૩ સપ્ટેમ્બર ૨૦૧૫ ના રોજ માલના લોડિંગમાંથી મહત્તમ ૨૪.૯૧ કરોડની આવક થઈ હતી. આ માહિતી આપતા મંડળ રેલ પ્રબંધક તરૂણ જૈનએ જણાવ્યું કે "હંગરી ફોર કાર્ગોની" ઉત્તમ કલ્પનાના યોગ્ય અમલીકરણના ક્રમમાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલા વિવિધ નવતર પ્રયાસોના સકારાત્મક પરિણામો દેખાવા લાગ્યા છે તેમજ બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ હેઠળ માલના લોડિંગ માટે વિવિધ ૨૫ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.જેમાં ગ્રાહકોને માલ સામાનના લોડિંગમાં વિવિધ રાહતો આપવામાં આવી છે. જેના પરિણામે મંડળના ફ્રેઈટ લોડીંગમાં અભૂતપૂર્વ વધારો થયો છે.

અમેરિકન એરલાઈન્સ હવે ભારતમાં સૌથી મોટા 'અનટેપ્ડ માર્કેટ'નો લાભ ઉઠાવવા માગે છે

૨૦૧૨માં ભારત સાથેની વિમાની સેવા સ્થગિત કરનાર અમેરિકન એરલાઈન્સે હવે લગભગ એક દાયકા બાદ નવી દિલ્હી અને ન્યૂયોર્ક વચ્ચેની વિકએન્ડની ફ્લાઈટ શરૂ કરી

(એજન્સી) તા.૧૬

અમેરિકન એરલાઈન્સે આ સપ્તાહે ભારતની ફ્લાઈટ ફરી લોંચ કરી હતી.એક દાયકા સુધી ફ્લાઈટ બંધ કર્યા બાદ હવે અમેરિકા કોરોના વાયરસ મહામારી વચ્ચે નોનસ્ટોપ પ્રવાસ માટેની જે ડિમાન્ડ વધી ગઈ છે તેનો લાભ ઉઠાવવા માગે છે. એવું એરલાઈનના એક સિનિયર એક્ઝિક્યુટીવે જણાવ્યું હતું. અમેરિકામાં ટ્રાવેલની ડિમાન્ડ ફરી ઊભી થતાં અમેરિકન એરલાઈન્સ તેનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક વિસ્તારવા માગે છે અને ભારત એક એવું માર્કેટ હતું જે અત્યાર સુધી અનટેપ્ડ રહ્યું હતું એવું ઈએમઈએ સેલ્સના મેનેજીંગ ડાયરેક્ટર ટોમ લાર્ટીગે જણાવ્યું હતું. ઘણા બધા ગ્રાહકો મહામારી વચ્ચે નોનસ્ટોપ ફ્લાઈટ ઈચ્છે છે. અમે જાણીએ ઝીએ કે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રાવેલ માટે ખૂબ ડિમાન્ડ છે તેથી મહામારી વચ્ચે પાછા આવવા માટેની આ એક યોગ્ય તક છે એવું લાર્ટિગે એક ઈન્ટરવ્યૂમાં નવી દિલ્હી ખાતે જણાવ્યું હતું. ૨૦૧૨માં ભારતની સેવાઓ સસ્પેન્ડ કરનાર અમેરિકન એરલાઈન્સે આ વિકએન્ડમાં ન્યૂ દિલ્હી અને ન્યૂયોર્ક વચ્ચેની ફ્લાઈટ શરૂ કરી છે અને હવે ભારતના ટેક સિટી બેંગ્લુરુ અને સિએટલ વચ્ચે પણ ફ્લાઈટ શરુ કરશે. જો

આ બે રૂટમાં સફળતા મળશે તો અમેરિકન એરલાઈન્સ ભારતની આર્થિક રાજધાની મુંબઈ સાથે પણ સર્વિસનું વિસ્તરણ કરશે. આ વિસ્તરણ વિમાનની ઉપલબ્ધતાના આધારે રહેશે કારણ કે અમેરિકન એરલાઈન્સ અત્યારે બોઈંગ તરફથી વાઈડ બોડી એરક્રાફ્ટની ડિલિવરીની પ્રતિક્ષા કરી રહી છે. અમારી પાસે જેટલા વિમાનો છે તેના કરતાં તકો છે એવું લાર્ટીગે જણાવ્યું હતું. અમેરિકન એરલાઈન્સ દેશમાં મહામારી પૂર્વેની જે ક્ષમતા હતી તેના ૯૦ ટકા ફ્લાઈટો શરૂ કરી છે અને કેટલાક રૂટ પર વાઈડ બોડી પ્લેન્સ પણ શરૂ કર્યા છે. અમેરિકાએ ગત સપ્તાહે પોતાની સરહદ ખોલ્યાં બાદ યુરોપ અને બ્રિટનમાંથી પણ જોરદાર માગણી થઈ રહી છે જ્યારે મેક્સિકો અને લેટીન અમેરિકાની ડિમાન્ડ ૨૦૧૯ના લેવલ કરતાં પણ વધી ગઈ છે. પરંતુ એરલાઈને હજુ એશિયામાં રીકવરી જોવાની બાકી છે કે જ્યાં મહામારી પૂર્વેની ક્ષમતાની ૨૫ ટકા કરતાં ઓછી ફ્લાઈટ ચાલે છે. લાર્ટીગે જણાવ્યું હતું કે અમેરિકન એરલાઈન્સ ભારતમાં પોતાની હાજરી પ્રસ્થાપિત કરવા માગે છે અને તેથી તે એર ઈન્ડિયા જેવા હરીફ સામે સારી રીતે સ્પર્ધા કરવા તેની સર્વિસ અને ફોરક્લાસ કેબિન પર મદાર રાખીને બેઠી છે.

ફિલ્મ 'જય ભીમ' વિવાદના વમળમાં : સૂર્યાને ધમકી મળી જ્યારે ફિલ્મના નિર્માતાને કાનૂની નોટિસ

વન્નિયાર સંગમ એવો દાવો કરે છે કે આ ફિલ્મમાં વન્નિયાર સમુદાયને અયોગ્ય રીતે ચીતરવામાં આવ્યો છે

(એજન્સી) તા.૧૬

તામિલનાડુમાં વન્નિયાર સમુદાયના સંગઠન વન્નિયાર સંગમે સોમવારે જય ભીમ ફિલ્મના અભિનેતા સૂર્યા, તેના પત્ની અને અભિનેત્રી-નિર્માત્રી જ્યોતિકા, ડાયરેક્ટર ટી જે નાનવેલ અને ફિલ્મના નિર્માતા એમેઝોન પ્રાઈમને આ ફિલ્મમાં વન્નિયાર સમુદાયના લોકોને અયોગ્ય ચીતરવા માટે કાનૂની નોટિસ મોકલીને બિનશરતી માફી માગવા અને કેટલાક દ્રશ્યોને ફિલ્મમાંથી હટાવી લેવાની માગણી કરી છે. તેમણે એવી પણ માગણી કરી છે કે આ નોટિસની તારીખ અને સમયથી સાત દિવસના સમયગાળામાં રૂા.૫ કરોડનું વળતર પણ ચૂકવવામાં આવે. આ નોટિસમાં ૧૯૮૦માં પતાલિ મક્કલ કાત્ચીના (પીએમકે) સંસ્થાપક ડો.એસ રામાદોષ દ્વારા સ્થાપિત વન્નિયાર સંગમના પ્રમુખ પુ થા આરુલમોઝીએ ફિલ્મના નિર્માતાઓને સમુદાય વિરુદ્ધ બદનક્ષીકારક અને બદઈરાદાયુક્ત વિધાનો પ્રસિદ્ધ થતાં અટકાવવા માગણી કરી છે. પીએમકેની કાનૂની પાંખના વડા એડવોકેટ કે બાલુ દ્વારા આ નોટિસ મોકલાવમાં આવી છે. આ ફિલ્મમાં એક પોલીસકર્મી કે જે નિર્દોષ આદિવાસીઓને ટોર્ચર કરે છે તેમને વન્નિયાર નામ આપવામાં આવ્યું છે. ફિલ્મમાં અન્ય તમામ પાત્રોના સાચા નામોનો ઉપયોગ કરાયો છે જ્યારે સબઈન્સ્પેક્ટરનું નામ ઈરાદાપૂર્વક બદલી ગુરુમૂર્તિ કરવામાં આવ્યું છે. વાસ્તવિક કહાણીમાં ધર્મે ક્રિશ્ચિયન એવા એન્થોની સામી નામના કાચાકામના કેદીનું કસ્ટડીમાં થયેલ મૃત્યુમાં

સંડોવાયેલ સબઈન્સ્પેક્ટર છે. વન્નિયાર સંગમના જણાવ્યા અનુસાર ગુરુમૂર્તિ નામ આડકતરી રીતે પીએમકેના પ્રખર નેતા કુંદુ વેતી જે ગુરુનું પ્રતિનિધિત્વ કરે છે કે જેમનું એક વર્ષ પહેલા અવસાન થયું હતું. એક દ્રશ્યમાં સમુદાય સાથે સંકળાયેલ પ્રતિક અગ્નિ કુંડની છબી સાથે કેલેન્ડર દર્શાવાયું છે એ દ્રશ્યને બદનક્ષીકારક તરીકે દર્શાવાયું છે. ફિલ્મ નિર્માતાઓએ કેલેન્ડરમાં આ છબી વાન્નિયારોને બદનામ કરવા માટે ઈરાદાપૂર્વક રાખવામાં આવી હતી અને એવી માગણી કરી હતી કે ફિલ્મમાંથી આ છબી સાથેના કેલેન્ડરને હટાવી લેવામાં આવે. યુટ્યૂબ સાથેની ઈન્ટરન્યૂમાં પીએમકેના પૂર્વ પ્રખર નેતા કુંદુ વેતી ગુરુના સગાસંબંધીએ એવી ધમકી આપી છે કે જો સૂર્યા માફી નહીં માગે તો અમે જ્યાં તેની ફિલ્મ રિલીઝ થવાની છે તે થિયેટરો સળગાવી નાખીશું.

ભારતે નેપાળમાં ભૂકંપથી નુકસાન પામેલા ૫૦,૦૦૦ મકાનોનું પુનર્નિર્માણ સંપન્ન કરાવ્યું

(એજન્સી) તા.૧૬

ભારતે સોમવારે એવી જાહેરાત કરી હતી કે તેણે નેપાળના બે જિલ્લાઓમાં ૨૦૧૫માં આવેલ ભૂકંપથી નુકસાન થયેલ ૫૦૦૦૦ મકાનોના પુનર્નિર્માણનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું છે. દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવેલ અખબારી યાદી અનુસાર ભારતીય દૂતાવાસે રાષ્ટ્રીય પુનર્નિર્માણ પ્રાધિકરણ (એનઆરએ), સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી) અને પ્રોજેક્ટ સેવાઓ માટે સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલય (યુએનઓપીએસ)ના સહયોથી ગોરખા અને લુવાકોટ જિલ્લાઓમાં મકાનોના પુનર્નિર્માણનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થવાના ઉપક્રમે અહી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતીય દૂતાવાસના ઉપપ્રમુખ નામગ્યાસી ખંપાએ જાહેરાત કરી છે કે ભારત સરકાર દ્વારા પ્રતિબદ્ધ ૫૦,૦૦૦ ખાનગી આવાસોના પુનર્નિર્માણને નેપાળ સરકાર દ્વારા અપનાવવામાં આવેલ પુનર્નિર્માણ વલણ સાથે સંપન્ન કર્યુ છે. ભારત સરકારે માર્ચ, ૨૦૧૮માં ચાર શહેરી નગરપાલિકાઓ અને જિલ્લાઓની ૧૪ ગ્રામીણ નગરપાલિકાઓમાં ભૂકંપ પ્રભાવિત લાભાર્થીઓને સામાજિક-ટેકનિકલ સુવિધા અને પરામર્શ સેવાઓ

પ્રદાન કરવા માટે યુએનડીપી અને યુએનઓપીએસને સામેલ કરાયાં હતાં.

ભારત સરકાર પુનર્નિર્માણ માટે આવાસ ક્ષેત્ર માટે ભૂકંપ બાદ સહાયતા પેકેજ તરીકે રૂા.૧૫ કરોડ અમેરિકન ડોલર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જેમાંથી ૧૦ કરોડ ડોલર ગ્રાન્ટ તરીકે અને ૫ કરોડ ડોલર ફોર્થ લાઈન એન્ડ ક્રેડિટ હેઠળ આપવામાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રીલ, ૨૦૧૫માં નેપાળમાં આવેલ વિનાશક ભૂકંપમાં ૯૦૦૦થી વધુ લોકો માર્યા ગયાં હતાં. નેપાળની નેશનલ રીકન્સ્ટ્રક્શન ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટીવ સુશિલ ગ્યાવલી પણ હાજર રહ્યાં હતાં. એ જ રીતે ગોરખા અને નુવાકોટ જિલ્લાના મેયરો તેમજ કાઠમંડુ સ્થિત દાતા એજન્સીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતાં. પુનર્નિર્માણ પ્રક્રિયાને ઝડપી બનાવવા નેપાળી સરકારે એનઆરએની સ્થાપના કરી હતી જેનું મુખ્ય ધ્યેય ૨૫, એપ્રિલ અને ૧૨, મે ૨૦૧૫ના રોજ ભૂકંપનો તીવ્ર આંચકા અને આફ્ટરશોક બાદ થયેલ નુકસાનને તાત્કાલિક રિપેર કરવાનું હતું.

આ વૈમનસ્ય સિવાય બીજું કંઈ નથી : જમ્મુ-કાશ્મીરના આદિવાસી કર્મશીલ પરિવારનું વેધક નિવેદન

(એજન્સી) તા.૧૬

લોકોને ઉશ્કેરવા બદલ જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા ધરપકડ કરાયેલ આદિવાસી કર્મશીલના પરિવારજનોએ પોલીસના આક્ષેપોને ફગાવી દીધાં છે અને જણાવ્યું છે કે તેની સામે જે આરોપો મૂકવામાં આવ્યાં હતાં તે બિલકુલ જૂઠા અને બેબુનિયાદ છે. ૨૦૧૯માં પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટીમાં (પીડીપી) જોડાનાર કર્મશીલ તલીબ હુસેન સામે તેના ફેસબુક વીડિયો બદલ ગુનો નોંધવામાં આવ્યો છે કે જેમાં ગયા મહિને અનંતનાગમાં સીઆરપીએફના ફાયરીંગમાં માર્યા ગયેલ આદિવાસી યુવાનની હત્યા તરફ દોરી જનારા સંજોગો સામે સવાલ ઉઠાવવામાં આવ્યાં છે. સત્તાવારા દસ્તાવેજમાં એવું જાહેર કરાયું છે કે આઈપીસીની કલમ ૫૦૫ અને ૧૫૩ હેઠળ હુસૈન વિરુદ્ધ ૯, ઓક્ટો. ૨૦૨૧ની એફઆઈઆર નં.૬૫ દાખલ કરવામાં આવી હતી. તે ૮,ઓક્ટો.થી પોલીસ કસ્ટડીમાં છે અને ધર્મના આધાર પર જુદા જુદા જૂથો વચ્ચે શત્રુતાને પ્રોત્સાહિત કરવાના આરોપસર ગુનો નોંધવામાં આવ્યો છે એવું તેમના વકીલ તારીક અહમદ બટે જણાવ્યું હતું. પ્રોસિક્યુટીંગ અધિકારીએ વાયલુમાં સબ જજ સમક્ષ વાંધા રેકોર્ડ કરાવ્યાં છે અને સુનાવણી વિલંબિત થઈ છે અને હવે મોટા ભાગે ૧૬, નવે. સુનાવણી હાથ ધરાશે. દરમિયાન તલીબ હુસૈનની ધરપકડથી પરિવારને આઘાત લાગ્યો છે. આ પરિવાર સાંબામાં રહે છે. આ આદિવાસી કર્મશીલના પરિવારજનોના જણાવ્યા પ્રમાણે આ વૈમનસ્ય સિવાય બીજું કંઈ નથી.

પરવેઝ અહમદ બોકડાની હત્યા

દરમિયાન આ વર્ષે ૭, ઓક્ટો.ના રોજ સીઆરપીએફના ફાઈરીંગમાં પરવેઝ એમહદ બોકડાનું મૃત્યુ થયું થયું હતું. આ ઘટનાની વિગતો એવી છે કે પરવેઝને અટકવાનો સિગ્નલ આપવા છતાં તે સુરક્ષા ચેકપોઈન્ટને છલાંગ લગાવ્યાં બાદ તેનું મૃત્યુ થયું હતું. પરિવારે સરકારી દળોની કાર્યવાહી સામે સવાલ ઉઠાવ્યા છે અને જણાવ્યું હતું કે આ લક્ષિત હત્યાનો કેસ છે. તેમણે સવાલ એ ઉઠાવ્યો છે કે સ્થળ પર જ તેને મારી નાખવાના બદલે ચેતવણીના રાઉન્ડ કેમ ફાયર કરાયાં ન હતાં ? પોલીસે પાછળથી એવું નિવેદન આપ્યું હતું કે મોંગલ પોઈન્ટ બ્રિજ ખાતે સીઆરપીએફની ૪૦ બટાલીયન દ્વારા ચેકપોઈન્ટ ઊભો કરવામાં આવ્યો છે.

ભારતીય મીડિયાના રાષ્ટ્રવાદમાં ભૂખમરો, કુપોષણ અને ચીનને કોઈ સ્થાન નથી

મીડિયા માટે બેરોજગારી, સીમા સુરક્ષા અને મોંઘવારી નહીં, પરંતુ કંગનાનું નિવેદન શા માટે મહત્ત્વપૂર્ણ છે ? પ્રત્યેક અર્થસભર માપદંડ પર ભારતીયોનું જીવન બીજા લોકતાંત્રિક દેશોની તુલનાએ બદતર છે પરંતુ આ બધું આપણા મીડિયામાં ક્યાંય નજરે પડતું નથી. આ એવા વિષય નથી જે મીડિયાને રસપ્રદ લાગે, સવાલ એ છે કે આખરે આવું કેમ છે ?

આ સપ્તાહે એક મોટા સમાચાર એ રહ્યાં કે એક અભિનેત્રીએ ભારતીય સ્વતંત્રતા આંદોલન પર ટિપ્પણી કરી. આ અભિનેત્રીને એવું લાગે છે કે ભારતનું સ્વતંત્રતા આંદોલન ભીખ માગવા જેવું હતું અને ખરી સ્વતંત્રતા તો ૨૦૧૪માં મળી છે. લગભગ ચાર દિવસ સુધી સોશિયલ મીડિયા અને મીડિયાના અન્ય માધ્યમોમાં આ મુદ્દો છવાયેલો રહ્યો. આ મહિને તેના પહેલા મુખ્ય સમાચાર એ હતા એક ફિલ્મ સ્ટારના પુત્રને કેન્દ્ર સરકારની નાર્કોટીક્સ એજન્સીએ જેલમાં મોકલી દીધો હતો. જો કે તેની પાસેથી કોઈ પણ પ્રકારનું ડ્રગ પ્રાપ્ત થયું ન હતું. આ સમાચાર લગભગ ત્રણ સપ્તાહ સુધી મીડિયા અને અન્ય માધ્યમોમાં છવાયેલ રહ્યાં.

ઓગસ્ટ, ૨૦૨૦ની વાત કરીએ તો રીપબ્લિક ટીવીએ પોતાના કુલ ૪૫માંથી ૩૮ ડિબેટ સુશાંતસિંહ રાજપૂતની આત્મહત્યાના મામલે કરી હતી જ્યારે ટાઈમ્સ નાઉએ સુશાંતની ગર્લફ્રેંડ પર ૩૫ ડીબેટ કરી હતી. રીપબ્લિક ટીવીની મે, ૨૦૧૭થી એપ્રિલ ૨૦૨૦ દરમિયાન કરવામાં અવેલ કવરેજનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ દરમિયાન યોજાયેલ ૧૭૭૯ ડિબેટમાંથી અડધાથી વધુ ડીબેટમાં વિપક્ષોની ટીકા કરવામાં આવી છે અને આ દરમિયાન સરકારને સવાલ પૂછે એવી એક પણ ડીબેટ કરવામાં આવી નથી. વાસ્તવમાં આ મુદ્દા પર હું કોઈ રાજકીય વાત નથી કરી રહ્યો. હું વાસ્તવમાં સમગ્ર મીડિયા અને ખાસ કરીને મોટા મીડિયા હાઉસીઝમાં જે કન્ટેન્ટ કે સમગ્રી પીરસવામાં આવી રહી છે તેના સ્વરૂપની વાત કરી રહ્યો છું. એ દેશોમાં જ્યાં પાયાની વાતોને સ્પષ્ટ કરી દેવામાં આવે છે ત્યાં આવી કોઈ સમસ્યા નથી અને આપણે મીડિયાની વાહિયાત સામગ્રી પર ખુલ્લેઆમ હસી શકીએ છીએ. એવો દેશ કે જ્યાં આયુષ્ય વધુ છે, બાળ મૃત્યુદર ઓછો છે. રોજગાર વધારે છે, મજૂરી સારી મળે છે, શિક્ષણનું સ્તર સારું છે, અપરાધો ઓછા થાય છે અને ઉચ્ચ લૈંગિક સમાનતાની સાથે મજબૂત વ્યક્તિગત સ્વતંત્રતા અને એક કાર્યશીલ ન્યાય પ્રણાલિ છે ત્યાં મીડિયા દ્વારા આવી વાહિયાત વાતો ચલાવવી યોગ્ય માની શકાય છે. જ્યારે ભારતમાં આયુષ્ય એટલે કે જીવનકાળની બાબતમાં આપણે ૧૩૬માં ક્રમે છીએ (નેપાળ અને ઈરાકથી પાછળ). આપણે ત્યાં બાળ મૃત્યુદર મ.પ્ર. જેવા રાજ્યોમાં યમન અને સુદાનથી પણ બદતર છે, બેરોજગારીના મોરચે આપણી સ્થિતિ ૨૦૧૮થી સ્વાતંત્ર બાદના સૌથી ખરાબ સમયમાં છે, ૨૦૨૧માં કામ કરવાવાળા લોકોની સંખ્યા એવા લોકોથી કમસેકમ પાંચ કરોડથી ઓછી છે જેઓ ૨૦૧૩માં કામ કરતાં હતાં. આપણા વર્કફોર્સમાં વધુ ૧૩ કરોડનો ઘટાડો થયો છે. આ એ લોકો છે જેઓ આ વર્ષોમાં કામ કરવાની યોગ્ય ઉમરે પહોંચી ગયાં છે. આપણે અર્થપૂર્ણ માપદંડ પર ભારતીયોનું જીવન બીજા લોકતાંત્રિત દેશોની તુલનાએ બદતર છે પરંતુ આ બધું આપણા મીડિયામાં ક્યાંય નજરે પડતું નથી. ભારતીય મીડિયાના રાષ્ટ્રવાદમાં ભૂખમરો, કુપોષણ અને ચીનને ક્યાંય સ્થાન પ્રાપ્ત નથી કે સમાવેશ કરાતો નથી. જે રાષ્ટ્રોમાં મૂળભૂત બાબતોની સમસ્યા ન હોય ત્યાં મીડિયા વાહિયાત વાતો કરે તે ચાલી શકે પરંતુ ભારતીયો માટે જીવનની અન્ય લોકતંત્રો સાથે

સંબંધીત પગલાં પર તુલના કરતાં નબળી સ્થિતિ છે પરંતુ આવી બધી બાબતો આપણા મીડિયામાં પ્રદર્શીત થતી નથી. આ વિષયમાં આપણને રસ પડતો નથી. મારું માનવું છે કે આપણે આ માટે મીડિયાને દોષ આપી શકીએ નહીં તેની પાછળના મકસદમાં જવાનો કોઈ અર્થ નથી કારણ કે તે અપ્રસ્તુ છે. સમાચાર યોગ્ય શું છે તે નક્કી કરવાની તેમને સ્વતંત્રતા છે. આપણને એ પણ આઝાદી છે કે આપણે તેમને એ પણ બતાવી શકીએ કે આખરે આપણે શું જોવા માગીએ છીએ. જો આપણને બધાંને એવું લાગતું હોય કે મીડિયા જે કંઈ પ્રદર્શીત કરે છે તે બધું બકવાસ છે અને આપણા સમયનો દુર્વ્યય થાય છે તો આપણે તેને જોશું નહીં પરંતુ ભારતમાં આવું થતું નથી. આ વાત થોડી અટપટી, બિનમહત્ત્વની અને હાસ્યાસ્પદ પણ છે અને બીજી રીતે મહત્ત્વપૂર્ણ પણ છે. કેટલાય પ્રધાનોએ કહ્યું છે કે ગઈ સાલ ૬૦ ટકા વસ્તીને એટલે કે ૮૦ કરોડ લોકોને જે ૬ કુલો મફત અનાજ અને દાળ આપવામાં આવી રહી હતી તેને નવે.ના અંત સુધીમાં બંધ કરી દેવામાં આવશે પરંતુ સરકારના સર્વેક્ષણથી બહાર આવી રહ્યું છે કે બાળકોના કુપોષણ અને સ્ટંટીંગ અને વેસ્ટીંગમાં વધારો થયો છે. કેટલાક રાજ્યો આ બાબતમાં ૧૫ વર્ષ પાછળ ચાલ્યાં ગયાં છે. મારા માટે આશ્ચર્યની વાત એ છે કે આપણને એવું જણાવવામાં આવે છે કે આપણે રાષ્ટ્રવાદના સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ. એ વાતનો વધુ ગુસ્સો ન હતો કે આપણી પ્રતિ વ્યક્તિ જીડીપી બાંગ્લાદેશથી પાછળ છે. એવી આશ્ચર્યજનક વાત એ હતી કે ચીન અરુણાચલ પ્રદેશમાં ગામડા વસાવીને વસ્તી ઊભી કરી રહ્યું છે પરંતુ આ સમાચારે કંગના રાણૌતની ૩૦ સેકન્ડની ક્લીપથી વધુ મહત્ત્વપૂર્ણ ન હતાં. આ સ્થિતિમાં કોઈપણ દેશનું ભાવિ શું હોઈ શકે ? આવી બાબતો અંગે આશાવાદી થવું મુશ્કેલ છે અને પછી કેટલાક વર્ષોની ઘટનાઓથી વધેલી નિરાશા દ્વારા ખબર પડે છે કે આપણે ક્યાં પહોંચી ચૂક્યાં છીએ અને ક્યાં જઈ રહ્યાં છીએ અને તેને કેટલી હદે યોગ્ય ઠરાવી શકાય છે.

- આકાર પટેલ (સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)

કોમવાદના અનિષ્ટનો મુકાબલો કરવા માટે એક સામૂહિક ચળવળ એ સમયની જરૂરિયાત છે

હિંસાને ભડકાવતા કોમવાદના ઉન્માદનો સામૂહિક પ્રયાસ દ્વારા સામનો થવો જોઈએ

શક્તિશાળી લોકો પોતાની સર્વોપરીતા જાળવી રાખવા માટે એવા લોકોનું દમન કરવા બળ પ્રયોગ કરે છે કે જેમના પ્રત્યે તમને અણગમો છે અથવા પોતાનાથી ઉતરતી કક્ષાના છે કારણ કે તેમને સમગ્ર સમાજને હિંસામાં ધકેલતા કોઈ વાંધો રહેશે નહી.

ભૂતકાળમાં કોઈપણ રાજા કોઈ પણ મુદ્દે પોતાને સવાલ કરનાર વિરુદ્ધ બળપ્રયોગ કરતાં હતાં. ચંદ્રગુપ્ત મૌર્યના સમયગાળામાં તત્કાલીન રાજા ધનાનંદે પણ આવું જ કર્યુ હતું. તેમણે ચાણક્યની પણ હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. વિદેશ આક્રમણખોરો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે તેમણે સહેજપણ દયા દાખવી ન હતી. સ્વતંત્રતા બાદ લોકતાંત્રિક સિદ્ધાંતો પર આધારીત રાષ્ટ્રનું નિર્માણ કરવું એ એક મોટો પડકાર હતો. કોઈપણ ધર્મ, જ્ઞાતિ કે જાતિના પ્રત્યેક નાગરિકને બંધારણમાં સમાન અધિકારો આપવામાં આવ્યાં હતાં. એટલું જ નહીં વર્ષોથી જેમનું દમન થતું આવ્યું છે તેમને પણ ખાસ વિશેષાધિકાર આપવામાં આવ્યાં હતાં. પરિણામે અનેક ખામીઓ છતાં તેમાંના ઘણાનો ઉત્કર્ષ થઈ શક્યો હતો. તેના કારણે સમાજમાં ભેદભાવ ઓછા થયાં હતાં અને સદ્‌ભાવના વધી હતી પરંતુ હવે આ સિદ્ધિઓને સૌથી ઓછી કરવા અને તેનો નાશ કરવાના પ્રયાસો ચાલી રહ્યાં છે. સંકુચિત વિચારધારા થોપવામાં આવી રહી છે અને રાષ્ટ્રવાદના નામે એકપક્ષીય સમાજ ઊભો કરવાના પ્રયાસ થઈ રહ્યાં છે.

વર્તમાનમાં આપણને જોવા મળે છે કે પોતાની અનિષ્ટકારી સાઝીશની પૂર્તતા કરવા આવા બળો લઘુમતીઓને નિશાન બનાવે છે અને ધર્માંતરણ સહિત અનેક મુદ્દા પર ગેરમાર્ગે દોરે તેવી માહિતી ફેલાવે છે. પ્રેમ અને સ્નેહ ઈચ્છતાં યુવાનોને લવજેહાદ ડામવાના કાયદા દ્વારા નિશાન બનાવવામાં આવે છે. ખેડૂતોના વિરોધ દેખાવોને ખાલિસ્તાનીઓ દ્વારા પ્રેરીત અને સંચાલિત ગણાવવામાં આવે છે. આ ચળવળ વિરુદ્ધ અનેક પ્રકારની સાઝીશો ઘડવામાં આવી રહી છે. આ દેશમાં અત્યાર સુધી કોઈએ જેના વિશે જાણ્યું ન હતું એ મોબ લિંચિંગ એક યા બીજા બહાને ચાલી રહ્યું છે. મોટા ભાગે આવી ઘટનાઓ પોલીસ કે ન્યાયતંત્રના ધ્યાન બહાર જાય છે. ઘણીવાર પીડિતોને જ આરોપી બનાવવામાં આવે છે. હિંદુઓમાં કોમી ઝેર ફેલાવવાના સુક્ષ્મ પ્રયાસો થઈ રહ્યાં છે,

પરંતુ હવે એવું લાગે છે કે હિંદુઓ પણ તેમના નિશાન પર છે. તેમને જો કોઈ સવાલ કરે છે તો સવાલ કરનારાઓને રાષ્ટ્ર વિરોધીઓનું લેબલ લગાવીને તેમને નિશાન બનાવાય છે. સમાજમાં શાંતિ, પ્રેમ અને એખલાસના અવાજને ચૂપ કરી દેવા માટે આ બધુ કરવામાં આવી રહ્યું છે. એવું જોવા મળ્યું છે કે હિંસક માનસ ધરાવતાં લોકો કે સંગઠનો પોતાના જ સમુદાયના લોકોને ધમકાવવા માટે તેમને મારી નાખે છે અને ધાકધમકી આપે છે.

સોમાલિયામાં આ જોવા મળી રહ્યું છે કે જ્યાં તુત્સી અને હુતુ આદિવાસીઓ વચ્ચે યુદ્ધમાં ૮ લાખ જેટલા દેશો માર્યા ગયા છે. પડોશીઓ પડોશીઓનું ખૂન કરે છે. મિત્રો મિત્રોનું અને એટલે સુધી કે પતિઓ પત્નીની હત્યા કરે છે અને એવું કહેવામાં આવે છે કે અન્યથા તેમની પોતાની જ જ્ઞાતિના ટોળા દ્વારા તેમને ખતમ કરી નાખવામાં આવશે. ૧૯૪૫ના ભાગલાના સમયે ૨૫ લાખ હિંદુઓ, મુસ્લિમો અને શીખો માર્યા ગયાં હતાં. આમ આ પ્રકારની હિંસાના ખ્યાલ વિરુદ્ધ સામૂહિક ચળવળ વધારવાની જરુર છે. ભારતની સ્વાતંત્ર ચળવળ અહિંસક હતી. અત્યારે પણ આરોગ્ય, શિક્ષણ અનો રોજગાર જેવા અનેક મુદ્દાઓ છે. આમ કોમવાદના અનિષ્ટનો મુકાબલો કરવા માટે એક સામૂહિક ચળવળ એ સમયની જરુરિયાત છે. હિંસાને ભડકાવતા કોમવાદના ઉન્માદનો સામુહિક પ્રયાસ દ્વારા સામનો સામનો થવો જોઈએ.

(સૌ. : નેશનલ હેરાલ્ડ)

હદીસ બોધ

માનવીના સદ્‌ગુણોમાં ધીરજ એ સૌથી મહાન સદ્‌ગુણ છે.
(હદીસ બોધ)

બોધ વચન

દરેક સારૂં કાર્ય આરંભ કરતા પહેલાં અસંભવ લાગે છે.
-કારલાઈન

આજની આરસી

૧૭ નવેમ્બર બુધવાર ૨૦૨૧
૧૧ રબીઉલઆખર હિજરી ૧૪૪૩
કારતક સુદ તેરસ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૫-૩૨
ખત્મે ઝવાલ ૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૫

ગુરસુરિયું

પત્ની બોલી, ભગવાનને પગે લાગીને નીકળો તો બધા કામ સફળ થશે.
પતિ બોલ્યો, એવું થોડું હોય !!!!
લગ્નના દિવસે ભગવાનને પગે લાગીને જ નીકળ્યો હતો.

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. -વ્યવસ્થાપક

ભરૂચના દેત્રાલ ગામે બીજેપીનો હિન્દુત્વનો દાવો પોકળ

ભાજપના તાલુકા મહામંત્રીએ મંદિરને તોડી પોતાનું ત્રણ માળનું પાકું મકાન બનાવી નાંખ્યું !!

ગ્રામજનો દ્વારા જિ. કલે.ને આવેદન પાઠવી મંદિરની પુનઃ સ્થાપના કરવા, મહંત ગજાનંદ પાસેથી ટ્રસ્ટની મિલકતોનો વહીવટ લઈ લેવા તથા પત્નીને સરપંચ પદેથી દૂર કરી મહામંત્રી સામે ગુનો નોંધવા માંગ કરી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ,તા.૧૬

રાજયમાં જે તે મનપા, નગરપાલિકા તથા ગ્રામ પંચાયત દ્વારા પોતાના હદ વિસ્તારમાં અને સરકારી જમીન પર કે ફુટપાથ પર ગેરકાયદેસર બનાવાયેલ ધાર્મિક સ્થળોને જયારે તંત્ર દ્વારા તોડી પાડવામાં આવે છે. ત્યારે જે તે ધર્મના લોકો દ્વારા વિરોધ કરવામાં આવે છે. પણ હિન્દુ ધર્મની વારંવાર દુહાઈ દેનાર પક્ષના સભ્ય દ્વારા જ આવા ધાર્મિક સ્થળને તોડીને પોતાનું મકાન બનાવી દેવામાં આવે તો તે વાત પક્ષ માટે શરમજનક જયારે ધાર્મિક લોક લાગણીને ઠેસ પહોંચાડનાર કૃત્ય સમાન ગણાય જયારે ભરૂચના દેત્રાલ ગામે ભાજપના તાલુકા મહામંત્રીએ મંદિર તોડી ત્રણ માળનું મકાન બનાવી નાખતા આ મામલે ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવી જિલ્લા કલેકટરને આવેદન પાઠવી ઉકત જગ્યાએ ફરીથી મંદિર બનાવવા તથા ટ્રસ્ટની મિકલતનો વહીવટ

પાછો લેવાની તથા તેની સામે ગુનો નોંધવાની માંગ કરી છે. ભરૂચ તાલુકાના દેત્રાલ ગામમાં તાલુકા ભાજપાના મહામંત્રી અને સરપંચના પતિ મહંત ગજાનંદ દ્વારા રામજી મંદિરને તોડી નાખીને તેની જગ્યાએ પોતાનું પાકું ત્રણ માળનું મકાન બનાવી નાખતા ગ્રામજનોએ જિલ્લા કલેકટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે દેત્રાલ ગામનો રહીશ મહંત ગજાનંદ ચતુરદાસ કે જેઓ ભરૂચ તાલુકાના મહામંત્રી છે તેમના પત્ની ૨૫ વર્ષથી ગામનાં સરપંચ પદે છે. જેને પગલે સતાનો દુર ઉપયોગ કરીને ગામમાં ઠાકોરજી ઉર્ફે રામજી મંદિર હતું. તે જગ્યા ઉપર મંદિરનું સમારકામ કરાવવાના બહાને મંદિરને હટાવી નાંખ્યુ અને મંદિર તોડી નાખીને પોતાનું બે માળનું પાકું મસ મોટું મકાન બનાવી નાંખ્યુ હતું. આ મામલે ગ્રામજનોએ અગાઉ વિરોધ કર્યો હતો પરંતુ પત્ની સરપંચ ભાજપા તાલુકા મહામંત્રીના હોદ્દેદાર તેમજ પુત્ર પણ દબંગ હોવાથી ગામ લોકોનો અવાજ દબાવી દીધો હતો. આ ભાજપા મહામંત્રી મહંત ગજાનંદ સામે ગામના જાગૃત નાગરિક મહંમદભાઈ મનસુરી અને કલેકટરને ફરિયાદ કરી કૌભાંડ બહાર લાવવા અરજી કરી હતી. એટલું જ નહીં પણ ગામના મધુરકાંત પટેલ પણ રામજી મંદિરની જગ્યાએ કરેલી મકાનના દબાણને દુર કરવાની અરજી કરતા તેમની ઉપર પણ હુમલો કરવામાં આવ્યો હતો. જેને લઈ ભાજપાના મહામંત્રી અને મંદિરની જગ્યાએ પોતાનું ઘર બનાવી નાખનાર મહંત ગજાનંદ સામે ગ્રામજનોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી માગણી કરી છે કે ફરી રામજી મંદિરની સ્થાપના કરવામાં આવે. ટ્રસ્ટની મિલકતોનો વહીવટ મહંત ગજાનંદ પાસેથી લઈ લેવામાં આવે તેમના મળતિયા ટ્રસ્ટીઓને દુર કરવામાં આવે, તેમની પત્નીને સરપંચ પદેથી દુર કરવામાં આવે તેમજ મધુરકાંત પટેલના પરિવારને પોલીસ રક્ષણ આપવાની માગણી ગામના આગેવાનો તેમજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના આગેવાનોએ માગણી કરી છે.

મોરબી ખાતેથી ઝડપાયેલ ૬૦૦ કરોડના ડ્રગ્સ પ્રકરણમાં ત્રણ આરોપીને ૧૨ દિવસના રિમાન્ડ

મોરબી, તા.૧૬

ગુજરાત એટીએસ ટીમે મોરબીના ઝીંઝુડા ગામમાંથી ૧૨૦ કિલો ડ્રગ્સના જથ્થા સાથે ત્રણ ઈસમોને દબોચી લીધા બાદ આજે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. એટીએસ ટીમે ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા ત્યારે કોર્ટે આરોપીઓના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ગુજરાત એટીએસ ટીમના નાયબ પોલીસ અધિક્ષક કે કે પટેલની ટીમ દ્વારા જામનગર અને ખંભાળિયાના જબ્બાર જોડિયા તથા ગુલામ ભગાડ દ્વારા માદક પદાર્થનો જથ્થો પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે લાવી મોરબી જિલ્લાના ઝીંઝુડા ગામમાં કોઠાવાળા પીર દરગાહ પાસે આવેલ સમસુદિન હુશેનમિયા સૈયદ ઉર્ફે પીરજાદા બાપુના નવીન બની રહેલ મકાનમાં જથ્થો રાખ્યો હોય જે બાતમીને પગલે એટીએસ ટીમ ત્રાટકી હતી જેમાં આરોપીના નવા બની રહેલ મકાનમાંથી ૧૨૦ કિલો હેરોઈનનો જથ્થો મળી આવતા ૬૦૦ કરોડની અંદાજીત કિમતનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આરોપીઓ મુખ્તાર હુશેન ઉર્ફે જબ્બાર હાજી નુરમોહમ્મદ રાવ રહે જોડિયા જી જામનગર, સમસુદિન હુશેનમિયા સૈયદ રહે ઝીંઝુડા તા. મોરબી અને ગુલામ હુશેન ઉમર ભગાડ રહે સલાયા દેવભૂમિ દ્વારકા એમ ત્રણ ઈસમોને ઝડપી લેવાયા હતા. અને સાંજ સુધી ડ્રગ્સ કેસની તપાસ અને કામગીરી ચાલી હતી જે પૂર્ણ કરીને મોડી સાંજના એટીએસ ટીમ આરોપીઓ અને ડ્રગ્સ સહિતના મુદામાલ સાથે મોરબી પહોંચી હતી જે આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવતા મોરબી કોર્ટે ૧૨ દિવસના પોલીસ રિમાન્ડ પર સોપવાનો આદેશ કર્યો છે જે રિમાન્ડ દરમિયાન ડ્રગ્સ કેસના મૂળ સુધી એટીએસ ટીમ પહોંચવા પ્રયાસ કરશે અને પાકિસ્તાની કનેક્શન ખુલ્યું છે તે દિશામાં આઈબી સહિતની ટીમો વધુ તપાસ ચલાવી આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરશે.

ભાવનગર મનપાનો એસ્ટેટ વિભાગ એક્શનમાં

જાહેર રોડ પર ઈંડા-નોનવેજની લારીઓ શરૂ કરાતા પગલાં લેવાયા

અલકા ટોકિઝ, કુંભારવાડા, જૂનાબંદર રોડ, સરદારનગર સહિતના વિસ્તારોમાં ધમધમતી લારીઓ બંધ કરાવાઈ

ભાવનગર, તા.૧૬

હાલમાં ભાવનગર સહિત રાજ્યના રાજકોટ, અમદાવાદ જેવા શહેરી વિસ્તારોમાં જાહેરમાં માસ-મચ્છી, ઈંડાની લારીઓ પર પ્રતિબંધ મુકાયો છે જેના ભાગરૂપે ભાવનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિએ પણ ઠરાવ કરી તેનો ચુસ્ત અમલ કરવા નિર્ણય લીધો છે છતાં અમુક વિસ્તારોમાં લારીઓ શરૂ રહેતા એસ્ટેટ વિભાગે લારીઓ બંધ કરાવી હતી.

જેમાં ખાસ કરીને શહેરના સરદારનગર, અલ્કા ટોકીઝ, કુંભારવાડા, જુનાબંદર રોડ સહિતના વિસ્તારોમાં તંત્ર દ્વારા કાર્યવાહી કરાઈ હતી. જયારે અન્ય વિસ્તારોમાં લારી ધારકોએ પોતાની લારી ખોલવાનું ટાળ્યું હતું. આ અગાઉ તંત્ર દ્વારા લારી ધારકોને સૂચના આપી હતી તેમ છતાં લારીઓ ખોલવામાં આવતા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરમાં કેટલાક જાહેર રસ્તાઓ પર ઈંડા-આમલેટ અને નોનવેજની લારીઓ રાખી વેંચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ અગાઉ ભાવનગર મહાનગરપાલિકાની એસ્ટેટ વિભાગની ટીમે રાઉન્ડમાં જઈ લારીધારકોને સૂચના આપી હતી તેમ છતાં કેટલાક વિસ્તારમાં ઈંડા-આમલેટની લારીઓ ખોલવામાં આવતા સામાન જપ્ત કરી લારીઓને બંધ કરાવવામાં આવી હતી. શહેરના સરદારનગર, અલકા ટોકીઝ, કુંભારવાડા, જૂના બંદર રોડ સહિતના વિસ્તારોમાં ઈંડા-આમલેટની લારી ખુલ્લી રાખવામાં આવી હોવાની ફરિયાદો મળી હતી. જેને લઈ મ્યુનિ.ના એસ્ટેટ વિભાગની ટીમે દોડી જઈ ટેબલ સહિતનો સામાન જપ્ત કરી લઈ લારીઓને બંધ કરાવી હતી. ઉપરાંત હવે લારી ખુલ્લી રાખવામાં આવશે તો જપ્તી સહિતની કાયદેસરની કાર્યવાહી કરાશે તેવી સુચના અપાઈ હતી. શહેરના શિશુવિહાર, દીપક ચોક, નવાપરા, હાઈકોર્ટ રોડ, ગંગાજળિયા તળાવ, ચિત્રા સહિતના વિસ્તારમાં પણ મહાપાલિકાની ટીમે રાઉન્ડ મારી લારીઓ બંધ કરાવવા સૂચના આપી છે. અમુક લારી ધારકોએ હાલમાં લારીઓ બંધ પણ રાખી છે.

રેરા એપલેટ ટ્રિબ્યુનલના ચેરમેનની ત્રણ માસમાં નિમણૂક કરવા સરકારની ખાતરી

રાજ્ય સરકારની ખાતરી બાદ હાઈકોર્ટે જાહેરહિતની અરજીનો નિકાલ કર્યો

અમદાવાદ, તા.૧૬

ગુજરાત ખાતે મકાન ખરીદનારાઓને બિલ્ડરો કે ડેવલપરો દ્વારા અન્યાય કે છેતરપિડી થાય તો તે માટે રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) ની નિમમૂક કરવામાં આવી છે જયાં સપ્ટેમમ્બરના રોજ રાજીનામુ આપી દેવામાં આવ્યું હોવાથી આ જગ્યા ખાલી પડી છે. રેરા એપલેટ ટ્રિબ્યુનલ ખાતે અનેક કેસો પેન્ડીંગ થતા હોવાથી રાજ્ય સરકાર દ્વારા તે જગ્યાઓ તાકીદે ભરવાની કાર્યવાહી કરવી જોઇએ. બીજી પડેલી બન્ને બેઠકો ભરવાની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

જવાબમાં વધુમાં ઉલ્લેખ કરાયો હતો કે, શહેરી વિકાસ વિભાગે કાયદા વિભાગને દરખાસ્ત મોકલી છે કે ચેરમેનની

મકાન ખરીદનારાઓને અન્યાય થયા હોય તેવા કેસોમાં રેરા ઓથોરિટીના હુકમો સામે ટ્રિબ્યુનલમાં જવાની જોગવાઈ પરંતુ ચેરમેનની જગ્યા ખાલી હોવાથી લોકોને ન્યાય માગવા ક્યાં જવું તે પ્રશ્ન મૂંઝવતો હતો

ફરિયાદ કરી શકાય છે અને જો કોઈ પક્ષકારને રેરાના આદેશ સામે વાંધો હોય તો રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી એપલેટ આથોરિટીમાં અપીલ કરી શકે છે. પરંતુ રેરા ઓથોરીટી ખાતે ચેરમેનની મુખ્ય જગ્યા અને ટેકનીકલ મેમ્બરની જગ્યા ખાલી હોવાથી ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. અરજીની સુનાવણી મંગળવારના રોજ નીકળતા રાજ્ય સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે ચેરમેન અને ટેકનીકલ મેમ્બરની જગ્યાની નિમણૂકની કાર્યવાહી ત્રણ મહિનામાં પૂર્ણ કરી દેવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ નિવેદનની નોંધ કરીને હાઇકોર્ટે અરજીનો નિકાલ કર્યો હતો. આ અંગે હાઇકોર્ટમાં પ્રેક્ટિસ કરતા એક એડવોકેટ દ્વારા જ જાહેર હિતની અરજી કરવામાં આવી હતી કે, રેરાના પૂર્વ ચેરમેન આર. ડી. કોઠારીનો કાર્યકાળ તા. ૧૪ જૂનના રોજ પૂર્ણ થઇ ગયો છે જયારે ટેકનીકલ મેમ્બર અજય દાસ મેહરોત્રા દ્વારા તા. ૧૮ તરફ એવી પણ રજૂઆત કરાઇ હતી કે, આ ટ્રિબ્યુનલ ન્યાય તોળવાની પ્રક્રિયા હાથ ધરે છે પરંતુ તેના ચેરમેન અને ટેકનીકલ મેમ્બરની નિમણૂક રાજ્યના શહેરી વિકાસ વિભાગને હસ્તક છે. આથી આ કામગીરી રાજ્યના કાયદા વિભાગ દ્વારા જ થવી જોઇએ. ઉપરોક્ત રજૂઆતો બાદ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદ કુમારની ખંડપીઠ દ્વારા સરકારનો જવાબ માગવામાં આવ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઇકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ જસ્ટીસ આર. ડી. કોઠારીની નિમણૂક પાંચ વર્ષના સમયગાળા માટે કરવામાં આવી હતી પરંતુ તે કાર્યકાળ પૂર્ણ થઇ ગયો છે જયારે ટેકનીકલ મેમ્બરની પણ પાંચ વર્ષના કાર્યકાળ માટે નિમણૂક કરાઇ હતી. પરંતુ તેઓએ રાજીનામુ આપતા જગ્યા ખાલી પડી છે. જયારે વી. એ. દરબારની જયુડીશીયલ મેમ્બર તરીકે નિમણૂક કરવામાં આવેલી છે. રેરા એક્ટ, ૨૦૧૬ની જોગવાઇ મુજબ સપ્ટેમ્બર મહિનામાં ખાલી નિમણૂક માટે હાઇકોર્ટના નિવૃત્ત જજની નિમણૂક કરવા માટે ચીફ જસ્ટીસ સાથે સલાહ-સૂચનની કાર્યવાહી કરવામાં આવે. આ બાબતે એક સપ્તાહમાં ચીફ જસ્ટીની એપોઇન્ટમેન્ટ માગવામાં આવશે. ત્યારબાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

પતિ શિક્ષકને બરતરફ કરાતા

નડિયાદમાં કલેક્ટર કચેરી બહાર એક દંપતીએ ઝેરી દવા ગટગટાવતાં ચકચાર

દંપતીને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કરાતાં હાલત સ્થિર

નડિયાદ, તા.૧૬

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદની મુખ્ય કચેરી બહાર એક દંપતિએ ઝેરી દવા ગટગટાવતાં ચકચાર મચી જવા પામી છે. દંપતિને તુરંત સારવાર અર્થે નડિયાદની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

આ બનાવમાં મળતી વિગતો મુજબ આણંદના પાધરીયા સ્નેહસાગર સોસાયટીમાં રહેતા આશીયા રેન્સી મેકવાન (ઉ. વ. ૨૨) અને તેઓના પતિ રેન્સી નિર્મલ મેકવાને આજે જિલ્લા કલેકટર કચેરીએ ઝેરી દવા પી લેતા તેમને તાત્કાલિક ધોરણે ૧૦૮માં નાખી નડિયાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ બંનેની સ્થિતિ હાલમાં સારી છે

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રેન્સી શિક્ષક તરીકે નોકરી કરતો હતો. તેને બરતરફ કરવામાં આવતા ન્યાય મેળવવા માટે તેને સંબંધિત કચેરીઓમાં અરજી કરી હતી પરંતુ ન્યાય ના મળતા આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી જેથી પોલીસે અગમચેતીના ભાગરૂપે તેની અટકાયત કરી હતી અને મામલતદાર સમક્ષ જામીન મેળવવા માટે લઈ જતા કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં તેમણે દવા પીધી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવી છે. જોકે આ બાબતે હજુ પોલીસ કહેવા તૈયાર નથી.

ભારત સ્કાઉટ એન્ડ જમિયત યુથ ક્લબનો ૭૧મો સ્થાપ્ના દિવસ ઉજવાયો

હિંમતનગર, તા.૧૬

પૂરા ભારત ભરમાં અને વિદેશો પણ ચાલતા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ જમિયત યુથ કલબનો ૭૧મો સ્થાપના દિવસ જમિયત ઉલ્માએ સાબરકાંઠા જિલ્લાની હિંમતનગરના પાનપુર પાટિયા ઓફિસ પર ઉજવવામાં આવ્યો જેમાં જમિયત ઉલ્માએ હિંદના સાબરકાંઠા જિલ્લાના સદર ખાદીમભાઈ લાલપુરી દ્વારા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ જમિયત યુથ કલબનો સ્થાપનાનો ઈતિહાસ, કેમ સ્થાપના કરવામાં આવી તેની વિસ્તુત વાત કરવામાં આવી તેમજ તેમના દ્વારા આગળ કેવી રીતે કાર્ય કરવા તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. મોલવી હકીમ આરીફ, કન્વીનર-હિફઝૂર રહેમાનભાઈ દ્વારા પાણપુર પાટિયા વિસ્તારની દુકાનો સ્થાનિક નાગરિકો અને રૂલર પોલીસ સ્ટેશનના પોલીસ મિત્રો જોડે સ્ટીકર લગાવી ફાઉન્ડેશન ડે વિષે માહિતી આપી ઉજવણી કરવામાં આવી.સદર કાર્યક્રમમાં ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ જમિયત યુથ કલબના બહોળી સંખ્યામાં જોડાયેલ યુવાઓ હાજર રહ્યા. તેમના દ્વારા સ્કાઉટના મૂલ્યો આગળ લઈ જવા માટે કટિબદ્ધતા દર્શાવી. ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ જમિયત યુથ કલબનો ૭૧મો સ્થાપના દિવસનું સફળ સંચાલન ખાદીમભાઈ લાલપુરી અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ હાફિજ હસ્સાન પાણપુર (કાર્યાલય સંચાલક) દ્વારા કરવામાં આવ્યું.

સુરત ખાતે યોજાયેલ

ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં મોડાસાનો અરમાન શેખ ઝળક્યો

સુરત ખાતે ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસની ચોથી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૨૫થી વધુ જિલ્લાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. અમદાવાદ, ભાવનગર, વડોદરા, કચ્છ જેવા મોટા શહેરમાંથી આવતા ખેલાડીઓને હરાવીને કરીમીયા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત પી.એમ.બી. ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ મોડાસા, અરવલ્લી ટેબલ ટેનિસ ખેલાડી અરમાન શેખ

રાજય કક્ષાની સ્પર્ધા જુનિયર બોઈઝ અંડર-૧૭ અને અંડર-૧૯ બંને અલગ-અલગ કેટેગરીમાં (ડબલ ટાઈટલ) બ્રોન્ઝ મેડલ મેળવીને ઈતિહાસ સર્જ્યો છે. જેની સાથે સ્કૂલ તેમજ સમગ્ર અરવલ્લી જિલ્લાનું અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. અરમાન શેખ હાલમાં NCOE (નેશનલ સેન્ટર ઓફ એક્સીલન્સી)માં ઈન્ટર નેશનલ કોચ. યેન.વી. (ચાઈનીઝ કોચ) અને આસિ. કોચ મહાવીરસિંહ કુંપાવત જોડે તાલીમ લઈ રહ્યો છે.

બોરસદ બાયપાસ રોડ ઉપર બાઈકની ટક્કરે રાહદારીનું મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૬

આણંદ જિલ્લાના તાલુકા મથક બોરસદ શહેરમાં ૪૬ વર્ષીય મનસુખભાઈ શનાભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ બોરસદ બાયપાસ હાઈવે ખાતે આવેલા પોતાના ગલ્લા પર રાબેતા મુજબ ગયા હતા. ત્યાં તેમના પડોશી ભાઈલાલભાઈ સોલંકી ટીફીન લઈને આવ્યા હતા અને રાત્રીના મનસુખભાઈ અને ભાઈલાલભાઈ ઘરે જવા નીકળ્યા હતા. ત્યારે પૂરઝડપે આવી ચઢેલ બાઈકચાલકે પોતાનું બાઇક ગફલતભરી રીતે હંકારી ભાઈલાલભાઈને ટક્કર મારતાં તેઓ રોડ પર પટકાયા હતા જેથી તેમને ગંભીર ઈજા થતાં થઈ હતી. બાઈક ચાલકને પણ ઈજાઓ પહોંચી હતી.

આ બનાવ બનતા જ આજુ બાજુના લોકો તેમજ બોરસદ શહેર પોલીસ મથકના માણસો સ્થળ પર દોડી ગયા હતા અને ઈજાગ્રસ્ત ભાઈલાલભાઈ અને બાઈક ચાલકને તાત્કાલીક સારવારઅર્થે બોરસદ શહેરની શ્રદ્ધા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ભાઈલાલભાઈ મોહનભાઈ સોલંકીનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે બોરસદ શહેર પોલીસે મનસુખભાઈ શનાભાઈ સોલંકીની ફરીયાદ લઈ અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત-તાપી-વલસાડ-નવસારી-ડાંગ જિલ્લાના મુસ્લિમ વિદ્યાર્થીઓ જોગ

સુરત, તા.૧૬

અંજુમને તઅલીમુલ મુસ્લિમિન દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષમાં ધો.૧૦માં ૮૦% અને ધો.૧૨માં ૭૦%થી વધુ તથા મેડિકલ-પેરામેડિકલ-એન્જિનિયરીંગ અને બીજી મહત્ત્વની વિદ્યાશાખાના ડિગ્રી/ડિપ્લોમા તેમજ સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષમાં ૭૦%થી વધુ કે વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી હોય તેમની મેરીટના ધોરણે પસંદગી કરી મેડલ/ઈનામ આપવામાં આવશે. આથી લાયક વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ, ૧ ફોટો અને નામ સરનામાની વિગતો દિન ૧૦મા, મંત્રી, અંજુમન મુ.પો. મલેકપોર, તા.પલસાણા, જિ.સુરતને મોકલવા જણાવવામાં આવે છે.

સુરતમાં દાઉદી વ્હોરા સમુદાય દ્વારા વાર્ષિક શૈક્ષણિક સેમિનારનું આયોજન

સુરત, તા.૧૬

અલજામીઆ-તુસ-સૈફિયાહ એકેડેમીના પ્રોફેસરો અને સ્નાતકો સાથે 'ઈસ્તિફાદા ઈલ્મીયાહ' નામના આઠ દિવસીય શૈક્ષણિક કાર્યક્રમ માટે દાઉદી બોહરા સમુદાયના વરિષ્ઠ અધિકારીઓ સુરત આવી પહોંચ્યા છે. ઈસ્લામિક ઈતિહાસ અને ન્યાયશાસ્ત્ર તેમજ સમકાલીન વિષયો સહિતના વિષયોની વિશાળ શ્રેણી પર યોજવામાં આવી રહેલા શિક્ષણ સત્રોમાં તેઓ સામેલ થશે અને ભાગ લેશે. આ કાર્યક્રમના સહભાગીઓ માટે તેમના ક્ષેત્રોમાં જરૂરી વિવિધ કૌશલ્યો અને કુશળતા વધારવા માટે શ્રેણીબદ્ધ સેમિનારોનું પણ આયોજન કરાય છે. આ વર્ષના કાર્યક્રમની થીમ અખ્લાક (એટલે કે સારૂં પાત્ર અને વર્તન) છે.

દાઉદી વ્હોરા સમુદાયના ૫૩મા ધર્મગુરૂ ડૉ. સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન પણ આ અવસરે સુરત આવી પહોંચ્યા છે અને હાલમાં તેઓ ડુમ્મસ ખાતેના તેમના નિવાસસ્થાને રોકાયા છે. ડૉ. સૈયદના સાહેબ આ મહિનાના અંતમાં તેમના અને તેમના પિતા સ્વર્ગસ્થ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીનના જન્મદિવસની ઉજવણી પણ સુરત ખાતે કરશે.

સુરતમાં સમુદાયના જનસંપર્ક પ્રતિનિધિ હાતિમભાઈ ફખરે જણાવ્યું હતું કે, "સુરતમાં વાર્ષિક શૈક્ષણિક કાર્યક્રમ માટે તમામ સહભાગીઓને હોસ્ટ કરવામાં અમને આનંદ થાય છે. "અલજામેઆ-તુસ-સૈફિયાહ કેમ્પસમાં અને તેની આસપાસ સમગ્ર દિવસ દરમ્યાન યોજાનાર શૈક્ષણિક પ્રવચનો અને સેમિનારો બાદ સમુદાયના રમતગમત મેદાન, ખૈમત-અલ-રિયાદા ખાતે શારીરિક પ્રવૃત્તિઓ અને રમતોનું પણ આયોજન કરવામાં આવે છે.

National Scholarship Portalની વેબસાઈટ : www.scholarships.gov.in પર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની ONLINE અરજી માટે (Date Extend) કર્યાની જાહેરાત

ધાર્મિક લઘુમતી કોમના વિદ્યાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા (FRESH) વિદ્યાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જૂના (RENEWAL) વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૧-૨૨માં ઉપરોક્ત "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" તેમજ "મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના" માટેની શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધિન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ વિદ્યાર્થીઓએ ONLINE રજૂ કરવાની હોય www.scholarships.gov.in વેબસાઈટ પર જઈ અરજી કરવાની રહેશે. જૂના (RENEWAL) વિદ્યાર્થીઓ પોતાની ગત વર્ષની અરજીનો IDનો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજૂર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૨૧-૨૨માં નવા (FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે.

વર્ષ ૨૦૨૧-૨૨માં NSP પોર્ટલ પર ફ્રેશ/રિન્યુઅલ ફોર્મ ભરતી વખતે ફોર્મમાં આપેલ લાભાર્થી/વિદ્યાર્થીના નામ, લિંગ અને જન્મ તારીખ આધારકાર્ડમાં દર્શાવ્યા મુજબ પ્રમાણિકરણ (Aadhaar Authentication)ની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જેથી તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીનું નામ, લિંગ અને જન્મ તારીખ ફરજિયાત આધારકાર્ડ મુજબ લખવાનું રહેશે.

યોજનાનું નામ	વિદ્યાર્થીઓએ નવી (FRESH)/જૂની(RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ	શાળા/કોલેજ/સંસ્થાઓએ નવી (FRESH)/જૂની(RENEWAL) અરજીઓ અને Defect થયેલી અરજીઓને ONLINE Verification કરવાની છેલ્લી તારીખ
પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના	૩૦/૧૧/૨૦૨૧	૧૫/૧૨/૨૦૨૧
પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના	૩૦/૧૧/૨૦૨૧	૧૫/૧૨/૨૦૨૧
મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના	૩૦/૧૧/૨૦૨૧	૧૫/૧૨/૨૦૨૧

શાળા/કોલેજ/સંસ્થાઓએ કરવાની પ્રક્રિયા :-

નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં વિદ્યાર્થીઓ દ્વારા અરજી કર્યા બાદ શાળા/કોલેજ/ સંસ્થાઓએ કરવાની થતી Verificationની પ્રક્રિયા માટે Aadhaar based demographic authentication જરૂરી છે. શાળા/કોલેજ/સંસ્થાઓને Aadhaar based demographic authentication કરી પોતાની Profile Update કરવી ફરજિયાત છે. પરંતુ ઘણી શાળા/કોલેજ/સંસ્થાઓએ હજી સુધી Aadhaar based demographic authentication કરેલ નથી. તેથી નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં વિદ્યાર્થીઓ દ્વારા અરજી કર્યા બાદ પણ તે વિદ્યાર્થીઓની અરજીનું Verification થઈ શકતું નથી. જેથી પોર્ટલમાં આ અરજીઓ Institute Levelએ Pending બતાવે છે. શાળા/કોલેજ/સંસ્થાઓના Loginમાં આવેલ Final Submit થયેલી અરજીઓની શાળા/કોલેજ/સંસ્થાઓએ Verification કરવાની પ્રક્રિયા પ્રિ-મેટ્રિક તેમજ પોસ્ટ મેટ્રિક અને મેરીટ કમ મીન્સ માટે તા.૧૫-૧૨-૨૦૨૧ સુધીમાં એકપણ અરજી Pending ન રહે તેમ પૂરી કરવાની રહેશે. તેમજ Institute Nodal Officer દ્વારા અંતિમ તારીખ પહેલા જો કોઈ વિદ્યાર્થીઓની અરજીઓ ઓનલાઈન Verify કરવાની બાકી રહી જશે અને જો તેવા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે. તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાઓના Institute Nodal Officer અને આચાર્યશ્રીની રહેશે.

નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં શાળા/કોલેજ/સંસ્થાઓને ઉપરોક્ત "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" તેમજ "મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના"ના ઉદ્‌ભવતા પ્રશ્નો માટે આપેલ કચેરીના ફોન નં.૦૭૯-૨૩૨-૫૩૨૬૫ અને E-mail ID : ddew-minority@gujarat.gov.in પર સંપર્ક કરવાનો રહેશે.

ONLINE અરજીમાં UPLOAD કરવાના થતા આધારા-પુરાવા :-

- ગુજરાત રાજ્યના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટિફિકેટ/રેશનકાર્ડ/લાઈટબિલ)
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો/સ્વપ્રમાણિત નકલ (ફરજિયાત) (ઉપરોક્ત WEBSITE નં.૨માં આપેલ નમૂના પ્રમાણે)
- નવા (FRESH) અને જૂના (RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ (ફરજિયાત)
- વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફીની પહોંચની ખરી નકલ (ફરજિયાત)
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (ફરજિયાત)
- વિદ્યાર્થીની બેંક પાસબૂકની નકલ (ફરજિયાત)
- આધારકાર્ડ/Enrolment ID (ફરજિયાત) (Mandatory)
- શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા મેળવેલ Bonafide Certificate

બી.પી.ચૌહાણ
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૫૧૭/૨૧-૨૨

લોકો ભૂખમરાથી મરી રહ્યા છે : સુપ્રીમે કેન્દ્રને નક્કર યોજના તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો

ભૂખમરાથી કોઈનું મૃત્યુ ન થવું જોઈએ, ત્રણ અઠવાડિયામાં યોજના તૈયાર કરો : કેન્દ્રની ઉદાસીનતા સામે સુપ્રીમની લાલ આંખ

(એજન્સી) તા.૧૬

સુપ્રીમ કોર્ટે મંગળવારે નોંધ્યું હતું કે, દેશમાં લોકો ભૂખમરાથી પીડાઇ રહ્યા છે અને તેના કારણે મૃત્યુ પામી રહ્યા છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો કે, રાજ્યો સાથે ચર્ચા-વિચારણા કરી આ અંગે એક નક્કર યોજના તૈયાર કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે ભૂખમરા અને કુપોષણ નાબૂદ કરવા માટે દેશભરમાં સામૂહિક રસોઇ સ્થાપવા અંગે દાખલ થયેલી અરજી પર સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી. સીજેઆઇ એન.વી. રમન્નાના નેતૃત્વવાળી બેંચે એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલને કહ્યું હતું કે, જો તમે ભૂખમરાને દૂર કરવા માંગતા હોય તો કોઇ બંધારણ, કાયદો કે કોર્ટ તેના માટે તમને 'ના' નહીં કહે. મારૂં ફરી સૂચન છે કે, આપણે પહેલાંથી જ આ મુદ્દે ઘણા પાછળ છીએ. અમે તમને આ અંગે નક્કર યોજના તૈયાર કરવા માટે ત્રણ અઠવાડિયાનો સમય આપીએ છીએ. આ સુનાવણીની શરૂઆતમાં સીજેઆઇ રમન્ના ઉપરાંત જસ્ટિસ એ.એસ. બોપન્ના અને જસ્ટિસ હિમા કોહલીની બેંચે નોંધ્યું હતું કે, એવું લાગે છે કે, સરકાર આ યોજનાને લાગુ કરવામાં રસ ધરાવતી નથી. બેંચે કેન્દ્ર સરકારને ઠપકો આપતા કહ્યું હતું કે, કેન્દ્ર દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામા પરથી એવું લાગે છે કે, તે હજી સુધી આ યોજના અંગેના સૂચનો જ એકત્ર કરી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, એક લોકકલ્યાણકારી દેશની જવાબદારીએ છે કે, તે ભૂખથી તેના કોઇપણ નાગરિકનું મૃત્યુ ન થાય તે સુનિશ્ચિત કરે.

૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન રાજકીય વર્ગ, નોકરિયાત વર્ગ અને અન્યો વચ્ચે સંપૂર્ણ સહયોગ હતો : ઝકિયા જાફરીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું

(એજન્સી) તા.૧૬

ઝકિયા જાફરીએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસ ઘટનાની 'રાષ્ટ્રીય દુર્ઘટના' પછી ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન રાજકીય વર્ગ, અમલદારશાહી, તપાસકર્તાઓ અને અન્યો વચ્ચે 'સંપૂર્ણ સહયોગ' હતો અને SITએ આ પાસાઓની તપાસ કરી ન હતી. સર્વોચ્ચ અદાલતે ઝકિયા જાફરીના વકીલ કપિલ સિબલને પૂછ્યું કે, શું તેઓ SITને હેતુઓનું કારણ આપી રહ્યા છે અને કહ્યું કે, 'સહયોગ' શબ્દ સર્વોચ્ચ અદાલત દ્વારા રચાયેલી વિશેષ તપાસ ટીમ (SIT) માટે ખૂબ જ અયોગ્ય શબ્દ છે. જસ્ટિસ એ.એમ. ખાનવિલકરની આગેવાની હેઠળની બેંચે જણાવ્યું હતું કે, એ જ એસઆઇટીએ રમખાણોના અન્ય કેસોમાં પણ ચાર્જશીટ દાખલ કરી હતી જેમાં આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ અમદાવાદની ગુલબર્ગ સોસાયટીમાં હિંસા દરમિયાન માર્યા ગયેલા કોંગ્રેસના નેતા એહસાન જાફરીની પત્ની ઝકિયા જાફરીએ તોફાનો દરમિયાન ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ૬૪ લોકોને SITની ક્લીનચીટને પડકાર આપ્યો છે. સાબરમતી એક્સપ્રેસના S-6 કોચને ગોધરામાં સળગાવી દેવામાં આવ્યો હતો જેમાં ૫૯ લોકોનાં મોત થયા હતા અને તે પછી ૨૦૦૨માં ગુજરાતમાં રમખાણો થયા હતા. સિબ્બલે ખંડપીઠને જણાવ્યું હતું કે, 'આ સહયોગના સ્પષ્ટ ઉદાહરણો' છે જે રેકોર્ડમા છે પરંતુ SITએ રમખાણોમાં કથિત મોટા ષડ્યંત્રની તપાસ કરી નથી. ન્યાયાધીશોની બેન્ચે કહ્યું કે, જ્યાં સુધી સ્થાનિક પોલીસના સહયોગ અંગે તમારી ફરિયાદ છે, અમે તે સમજી શકીએ છીએ અને અમે તેની તપાસ કરીશું. કોર્ટ દ્વારા નિમણૂક કરાયેલી SIT વિશે તમે આવું કેવી રીતે કહી શકો ? સિબ્બલે જણાવ્યું હતું કે, ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હોય તેવા કેસોમાં પણ ફરિયાદો ઊઠાવવામાં આવી હતી અને આ રેકોર્ડ રાજ્ય તંત્રનો સહયોગ દર્શાવે છે. હું દર્શાવીશ કે સાબરમતી એક્સપ્રેસની દુર્ઘટના પછી, શું થયું

હતું અને ગુનેગારોની તપાસ કરવાને બદલે, તપાસકર્તાઓ ખરેખર ગુનામાં સહયોગી બની ગયા હતા. એવું નથી કે સમગ્ર પોલીસ તંત્ર સહયોગ કરી રહ્યું હતું. તેમણે બેન્ચને જણાવ્યું હતું કે, 'સહયોગના અનેક કિસ્સાઓ છે જે રેકોર્ડમાંથી લેવામાં આવ્યા છે. નોકરશાહી, રાજકીય વર્ગ, VHP, RSS અને અન્ય લોકો સહયોગી બન્યા હતા. આ એક સંપૂર્ણ સહયોગ હતો. SIT પાસે સ્ટિંગ ઓપરેશનની જાણકારી હતી, જેનો ઉપયોગ અન્ય રમખાણોના કેસમાં કરવામાં આવ્યો હતો જેમાં આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, પરંતુ તેઓએ અમુક લોકોની તપાસ કરી ન હતી, શું SIT તે લોકોને બચાવી રહી છે ?. તેમણે કહ્યું કે, જે અધિકારીઓએ તેમની ફરજ બજાવી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને જેમણે 'સહયોગ' કર્યો હતો તેમને પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વરિષ્ઠ વકીલે કહ્યું કે, એસઆઇટી દ્વારા સંબંધિત સામગ્રીની તપાસ કરવામાં આવી ન હતી અને કોર્ટ સમક્ષ મૂકવામાં આવી ન હતી. આ હિંસામાં સહયોગ હતો. કોઇ કોર્ટ, કોઇ લોકશાહી તેનો સામનો કરી શકે નહીં. અન્યથા, એક સંદેશ જશે કે અમે કંઈપણ કરી શકીએ છીએ અને અમને કંઈ થશે નહીં. સિબ્બલે કહ્યું કે, તે સમયે નફરતભર્યા ભાષણો માટે કોઈ વ્યક્તિ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી નથી. આ કેસમાં જેનો અંતિમ ભોગ લેવામાં આવ્યો છે તે ન્યાયનો ભોગ છે, આ સિસ્ટમની નિષ્ફળતા છે. આ મામલે દિવસભરની દલીલો અનિર્ણિત રહી હતી અને બુધવારે પણ દલીલો ચાલુ રહેશે. સિબ્બલે અગાઉ દલીલ કરી હતી કે રમખાણોમાં મોટા ષડ્યંત્રનો આક્ષેપ કરતી ૨૦૦૬ની ઝકિયા જાફરીની ફરિયાદની પણ SIT દ્વારા તપાસ કરવામાં આવી ન હતી. SIT માટે હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ અગાઉ સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે, મોટા ષડ્યંત્રનો આરોપ લગાવતી ઝકિયા જાફરીની ફરિયાદની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી, ત્યારબાદ SITએ નિષ્કર્ષ પર આવી હતી કે, આ કેસને આગળ વધારવા માટે કોઈ સામગ્રી નથી. ગોધરા ટ્રેનની ઘટનાના એક દિવસ પછીની હિંસામાં માર્યા ગયેલા ૬૮ લોકોમાં પૂર્વ સાંસદ અહેસાન જાફરીનો પણ સમાવેશ થાય છે. સિબ્બલે દલીલ કરી હતી કે, ઝકિયા જાફરીની ફરિયાદ હતી કે, 'આ એક મોટું ષડ્યંત્ર હતું જેમાં અમલદારશાહીની નિષ્ક્રિયતા, પોલીસની મિલીભગત, દ્વેષપૂર્ણ ભાષણો દ્વારા આ હિંસા ફેલાવવામાં આવી હતી. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ, SITએ મોદી, જે હવે વડાપ્રધાન અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ સહિત ૬૩ અન્યને ક્લિનચિટ આપતો ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો હતો, તેમાં કહ્યું હતું કે, તેમની સામે 'કોઈ કાર્યવાહી કરી શકાય તેવા પુરાવા નથી.' ઝકિયા જાફરીએ ૨૦૧૮માં સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરીને ગુજરાત હાઇકોર્ટના ૫ ઓક્ટોબર, ૨૦૧૭ના SITના નિર્ણય સામેની તેમની અરજીને ફગાવી દેવાના આદેશને પડકાર્યો હતો. અરજીમાં એ પણ જણાવવામાં આવ્યું હતું કે, ટ્રાયલ જજ સમક્ષ એસઆઈટીએ તેના ક્લોઝર રિપોર્ટમાં ક્લિનચિટ આપ્યા પછી, ઝકિયા જાફરીએ વિરોધ અરજી દાખલ કરી હતી જેને મેજિસ્ટ્રેટ દ્વારા 'યોગ્યતાઓ'ને ધ્યાનમાં લીધા વિના ફગાવી દેવામાં આવી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે, હાઇકોર્ટ અરજદારની ફરિયાદની 'સુનાવણી કરવામાં નિષ્ફળ ગઈ' જે અમદાવાદના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુલબર્ગ સોસાયટી કેસથી સ્વતંત્ર હતી. હાઇકોર્ટે તેના ઓક્ટોબર ૨૦૧૭ના આદેશમાં કહ્યું હતું કે, SITની તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. જો કે, જ્યાં સુધી તેની વધુ તપાસની માંગનો સંબંધ છે, તેણે ઝકિયા જાફરીની અરજીને આંશિક રીતે મંજૂરી આપી હતી. તેણે કહ્યું હતું કે, અરજદાર વધુ તપાસ માટે મેજિસ્ટ્રેટ કોર્ટ, હાઇકોર્ટની ડિવિઝન બેંચ અથવા સુપ્રીમ કોર્ટ સહિત યોગ્ય ફોરમનો સંપર્ક કરી શકે છે.

ઝકિયા જાફરીના SIT પરના આરોપો પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'સહયોગ' શબ્દનો ઉપયોગ અયોગ્ય છે

(એજન્સી) તા.૧૬

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઝકિયા જાફરીના વકીલ કપિલ સિંબલના શબ્દો સામે વાંધો ઊઠાવ્યો હતો. ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં માર્યા ગયેલા કોંગ્રેસના સાંસદ એહસાન જાફરીની વિધવા ઝકિયા જાફરીએ હિંસાની તપાસ કરી રહેલી SIT અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત કેટલાક આરોપીઓ વચ્ચે 'સહયોગ' હોવાનો આક્ષેપ કર્યો હતો, જેઓને આ કેસમાં ક્લીનચીટ આપવામાં આવી છે. ન્યાયમૂર્તિ એ.એમ. ખાનવિલકર, દિનેશ મહેશ્વરી અને સીટી રવિકુમારની ત્રણ સભ્યોની બેન્ચે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલના જવાબમાં જણાવ્યું હતું કે, 'કોર્ટ દ્વારા રચાયેલી SIT માટે 'સહયોગ' એ વર્જિત શબ્દ છે. શું SIT અમુક લોકોને બચાવી રહી છે ? તે પોલીસ સાથે સહયોગ હોઇ શકે છે. તમે કેવી રીતે કહી શકો કે કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલ SIT આ સહયોગમાં સામેલ છે ? સહયોગ એ કોર્ટ દ્વારા રચાયેલી SIT માટે વર્જિત અને અયોગ્ય શબ્દ છે. તેઓએ ઉમેર્યું કે, આ જ SIT એ અન્ય કેસોમાં પણ ચાર્જશીટ દાખલ કરી હતી અને અનેક આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, તે કાર્યવાહી દરમિયાન આવી કોઇ ફરિયાદ કરવામાં આવી નથી. અગાઉ મિસ્ટર સિબ્બલ, જેઓ કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ સભ્ય પણ છે અને ઝકિયા જાફરીના વકીલ છે, તેમણે ગયા અઠવાડિયે કોર્ટમાં આપેલા મુદ્દાને રેખાંકિત કર્યો હતો અને દાવો કર્યો હતો કે, 'SIT એ મુખ્ય દસ્તાવેજો અને ટેપની તપાસ કરી નથી. શ્રી સિબ્બલે પૂછ્યું કે, જ્યારે SITની વાત આવે છે ત્યારે આરોપીઓ સાથેના સહયોગના સ્પષ્ટ પુરાવા છે. રાજકીય વર્ગ પણ તેમાં સહયોગી છે. એસઆઈટી એ મુખ્ય દસ્તાવેજો અને સ્ટિંગ ઓપરેશન ટેપની તપાસ કરી નથી, કોઈના મોબાઇલ ફોન જપ્ત કર્યા નથી. શું SIT અમુક લોકોને બચાવી રહી હતી ? જ્યારે ફરિયાદો કરવામાં આવી હતી, ત્યારે પણ અપરાધીઓના નામ નોંધવામાં આવ્યા ન હતા. આ રાજ્યની મશીનરીનો સહયોગ દર્શાવે છે. લગભગ તમામ કેસોમાં એફઆઇઆરની નકલો પણ આપવામાં આવી ન હતી. આ કેસમાં જે અંતિમ ભોગ લેવાયો છે તે ન્યાય જ ભોગ લેવામાં આવ્યો હતો. ગયા અઠવાડિયે શ્રી સિબ્બલે એવી પણ દલીલ કરી હતી કે, ૨૦૦૨ના ગુજરાત રમખાણો અને ૧૯૮૪ના શીખ રમખાણો જે રીતે હુમલાખોરોએ તેમના પીડિતોને શિકાર બનાવ્યા હતા તે બંને સમાન હતા. હું મહારાણી બાગમાં રહેતો હતો અને ત્યાં બે શીખ સજ્જનોના ઘરો હતા જેમને ટોળાએ પહેલેથી જ ઓળખી કાઢ્યા હતા. એ જ રીતે, ૨૦૦૨ના રમખાણો દરમિયાન મુસ્લિમ ઘરોની ઓળખ કરવામાં આવી હતી. તેમણે દલીલ કરી હતી કે, રમખાણોની તપાસ કરવા માટે સોંપવામાં આવેલી આ ટીમે કોઇ તપાસ કરી નથી. એસઆઈટી એ યોગ્ય જ તપાસ કરવી જોઈએ. તેણે તેનું કામ કર્યું નથી. એસઆઈટીએ માત્ર વીએચપી, બજરંગ દળ, આરએસએસના સભ્યોને બચાવવા માટે જ કામ કર્યું હતું.

મિસ્ટર સિબ્બલે પણ દલીલ કરી હતી કે, પોલીસ અને એસઆઈટી સાથે સહયોગ હતો અને તેમને રાજકીય પુરસ્કાર મળ્યો છે. SITના વડાને સાયપ્રસના હાઈ કમિશનર બનાવવામાં આવ્યા હતા. અમદાવાદ પોલીસ વડાના કોલ રેકોર્ડ્સ દર્શાવે છે કે, તેમણે આરોપીઓ સાથે વાતચીત કરી હતી પરંતુ બાદમાં તેમને ગુજરાતના DGP તરીકે બઢતી આપવામાં આવી હતી. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ અમદાવાદની ગુલબર્ગ સોસાયટીમાં માર્યા ગયેલા ૬૮ લોકોમાં એહસાન જાફરીનો પણ સમાવેશ થાય છે. ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસના S-6 કોચને સળગાવવાના એક દિવસ પછી, ગુજરાતમાં રમખાણો શરૂ થયા હતા. SITએ રમખાણોના એક દાયકા પછી ફેબ્રુઆરી ૨૦૧૨ માં તેનો ક્લોઝર રિપોર્ટ સબમિટ કર્યો હતો અને 'કોઇ કાર્યવાહી કરી શકાય તેવા પુરાવા નથી' એવું ટાંકીને વડાપ્રધાન મોદી અને અન્ય ૬૩ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા. સુપ્રીમ કોર્ટે અનેક વખત મુલતવી રાખ્યા બાદ આ કેસની ફરી સુનાવણી શરૂ કરી છે.

અમેરિકાએ ભારત માટે કોવિડ-૧૯ માટે ટ્રાવેલ હેલ્થ સૂચનાઓ જારી કરી; જો સંપૂર્ણ રસી લઈ લેવામાં આવે તો ચેપનું જોખમ ઓછું રહે છે

(એજન્સી) તા.૧૬

યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC)એ ભારતનો પ્રવાસ કરતા અમેરિકનો માટે 'લેવલ વન' કોવિડ-૧૯ નોટિસ જારી કરી છે, જેમાં જણાવ્યું છે કે, જો કોઇને સંપૂર્ણ રસી આપવામાં આવે તો ચેપ લાગવાનું અને ગંભીર લક્ષણો થવાનું જોખમ ઓછું થઇ શકે છે. પાકિસ્તાન માટે પણ ટ્રાવેલ હેલ્થ નોટિસ જારી કરવામાં આવી છે. જો કે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ભારત અને પાકિસ્તાન માટે લેવલ બે અને ત્રણ ટ્રાવેલ એડવાઇઝરી જારી કરીને કહ્યું કે, જેમાં નાગરિકોને આતંકવાદ અને સાંપ્રદાયિક હિંસાને કારણે પાકિસ્તાનની મુસાફરી પર પુનર્વિચાર કરવા વિનંતી કરવાનું કહેવામાં આવ્યું છે, ત્યારે ભારત જનારાઓએ ગુના અને આતંકવાદને કારણે વધુ સાવચેતી રાખવા કહ્યું છે.

સીડીસીએ તેની હેલ્થ ટ્રાવેલ નોટિસ 'લેવલ વન'માં જણાવ્યું હતું કે, 'જો તમે FDA (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન) અધિકૃત રસી સાથે સંપૂર્ણ રસી લેશો તો તમારા કોવિડ-૧૯નું સંક્રમણ થવાનું અને ગંભીર લક્ષણો થવાનું જોખમ ઓછું થઇ શકે છે. ભારત માટે તેની એડવાઇઝરીમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટે અમેરિકી નાગરિકોને આતંકવાદ અને નાગરિક અશાંતિના કારણે જમ્મુ અને કાશ્મીરની મુસાફરી ન કરવા અને સશસ્ત્ર સંઘર્ષની સંભાવનાને કારણે ભારત-પાકિસ્તાન સરહદના ૧૦ કિલોમીટરની અંદર ન જવા વિનંતી કરી હતી.

આતંકવાદીઓ પ્રવાસન સ્થળો, પરિવહન કેન્દ્રો, બજારો/શોપિંગ મોલ્સ અને સરકારી સુવિધાઓને નિશાન બનાવીને કોઇપણ ચેતવણી વિના હુમલો કરી શકે છે. આ નોટિસમાં જણાવાયું છે કે, યુએસ સરકાર પાસે પૂર્વ મહારાષ્ટ્ર અને ઉત્તર તેલંગાણાથી પશ્ચિમ બંગાળના ગ્રામીણ વિસ્તારોમાં અમેરિકી નાગરિકોને ઈમરજન્સી સેવાઓ પૂરી પાડવાની મર્યાદિત ક્ષમતા છે. કારણ કે, યુએસ સરકારના કર્મચારીઓએ આ વિસ્તારોમાં મુસાફરી કરવા માટે વિશેષ અધિકૃતતા મેળવવી આવશ્યક છે. આ વિભાગે પાકિસ્તાન માટે તેની એડવાઇઝરીમાં અમેરિકી નાગરિકોને આતંકવાદ અને અપહરણને કારણે ભૂતપૂર્વ ફેડરલ એડમિનિસ્ટર્ડ ટ્રાઇબલ એરિયાઝ (FATA) સહિત બલૂચિસ્તાન પ્રાંત અને ખૈબર પખ્તુનખ્વા (KPK) પ્રાંતમાં મુસાફરી ન કરવા વિનંતી કરી છે અને તે આતંકવાદ અને સશસ્ત્ર સંઘર્ષની સંભાવનાને કારણે નિયંત્રણ રેખાની નજીકના વિસ્તારોમાં પણ ન જવા માટે વિનંતી કરી છે તેમાં કહેવામાં આવ્યું છે કે, આતંકવાદી જૂથો પાકિસ્તાનમાં હુમલાઓનું કાવતરૂં ઘડવાનું ચાલુ રાખ્યું છે. આતંકવાદનો સ્થાનિક ઇતિહાસ અને ઉગ્રવાદી તત્ત્વો દ્વારા હિંસાની ચાલી રહેલી વૈચારિક આકાંક્ષાઓને કારણે નાગરિકો તેમજ સ્થાનિક સૈન્ય અને પોલીસ લક્ષ્યાંકો પર હુમલા થયા છે. આતંકવાદીઓ કોઈપણ ચેતવણી વિના હુમલો કરી શકે છે, તેઓ પરિવહન કેન્દ્રો, બજારો, શોપિંગ મોલ્સ, લશ્કરી સ્થાપનો, એરપોર્ટ, યુનિવર્સિટીઓ, પ્રવાસી સ્થળો, શાળાઓ, હોસ્પિટલો, પૂજા સ્થાનો અને સરકારી સુવિધાઓને નિશાન બનાવી શકે છે. આતંકવાદીઓએ ભૂતકાળમાં અમેરિકી રાજદ્વારીઓ અને રાજદ્વારી સુવિધાઓને નિશાન બનાવી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ કેન્દ્રના રાજ્યમાં BSFના કાર્યક્ષેત્રના વિસ્તરણ વિરૂદ્ધ ઠરાવ પસાર કર્યો

(એજન્સી) તા.૧૬

પશ્ચિમ બંગાળ સરકારે મંગળવારે રાજ્યમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના અધિકારક્ષેત્રને વિસ્તારવાના કેન્દ્રના નિર્ણય વિરૂદ્ધ એક ઠરાવ પસાર કર્યો હતો, પીટીઆઇએ અહેવાલ આપ્યો છે કે, ૧૧૨ ધારાસભ્યોએ તેની તરફેણમાં અને ૬૩ ધારાસભ્યોએ તેના વિરોધમાં મતદાન કરીને આ ઠરાવ પસાર કર્યો હતો. ગયા મહિને, કેન્દ્રએ પશ્ચિમ બંગાળમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સનું કાર્યક્ષેત્ર આંતરરાષ્ટ્રીય સરહદથી ૫૦ કિલોમીટર સુધી લંબાવ્યું હતું. તેણે પંજાબ અને આસામમાં આંતરરાષ્ટ્રીય સરહદથી સમાન વિસ્તાર માટે સુરક્ષાદળના અધિકારક્ષેત્રને પણ વધાર્યું છે. ત્રણેય રાજ્યોમાં, બોર્ડર સિક્યુરિટી ફોર્સની કામગીરીનો વિસ્તાર અગાઉ આંતરરાષ્ટ્રીય સરહદથી ૧૫ કિલોમીટર સુધીનો હતો. મંગળવારે, કેન્દ્રના નિર્ણય વિરૂદ્ધ

વિધાનસભામાં ઠરાવ પસાર કરનાર પંજાબ પછી પશ્ચિમ બંગાળ બીજું રાજ્ય બન્યું હતું. પશ્ચિમ બંગાળના સંસદીય બાબતોના પ્રધાન પાર્થ ચેટરજીએ ગૃહમાં ઠરાવ રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે, અમે માંગ કરીએ છીએ કે, આ નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવામાં આવે કારણ કે, BSFના અધિકારક્ષેત્રનો વિસ્તાર વધારવો એ દેશના સંઘીય માળખા પર સીધો હુમલો છે. દરમિયાન, તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય ઉદયનગુહાએ સરહદ સુરક્ષા દળના કર્મચારીઓ પર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક મહિલાઓની શોધ કરતી વખતે અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો આરોપ મૂક્યા પછી ઠરાવ પર ચર્ચા દરમિયાન અરાજકતા ફાટી નીકળી હતી. પીટીઆઇ અનુસાર, ગુહાએ કહ્યું કે, સરહદ વિસ્તારમાં રહેતા એવા બાળકને તમે ક્યારેય દેશભક્ત ન જોઇ શકો જ્યારે તે જુએ કે તેની માતાને BSF દ્વારા શોધની આડમાં અયોગ્ય રીતે સ્પર્શ કરવામાં આવે છે. વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે, ગુહાની ટિપ્પણી અસ્વીકાર્ય છે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોએ પણ આ ટિપ્પણીને વિધાનસભાની કાર્યવાહીમાંથી હટાવી દેવાની માંગ કરી હતી. જો કે, સ્પીકર બિમન બેનરજીએ ગુહાની ટિપ્પણીને હટાવી ન હતી.

ફાઈઝરની કોવિડ-૧૯ પિલ્સ ગંભીર તથા મૃત્યુના જોખમને ૮૯ ટકા સુધી ઘટાડે છે

ફાઈઝરે તેની કોવિડ ગોળીઓ બનાવવા અન્ય કંપનીઓને મંજૂરી આપી, ૫૩ ટકા વિશ્વને ફાયદો થશે

અમેરિકાની ફાઈઝરે સંયુક્ત રાષ્ટ્રના એમપીપી સંગઠન સાથે કરાર કરતાં વિશ્વના ૯૫ ગરીબ તથા મધ્યમ આવક ધરાવતા દેશોને સસ્તા ભાવે દવા મળી રહેશે, એમપીપી અનેક દેશોમાં દવા બનાવવા માટે લાયસન્સ આપશે

(એજન્સી) જીનિવા, તા.૧૬

અમેરિકાની દિગ્ગજ દવા નિર્માતા કંપની ફાઇઝરે પોતાની કોવિડ-૧૯ દવાને અન્ય ઉત્પાદકો દ્વારા બનાવવાની મંજૂરી માટે સંયુક્ત રાષ્ટ્ર સમર્થિત એક જૂથ સાથે કરાર કર્યો છે. આ પગલાંથી આ દવા દુનિયાની અડધા કરતાં વધુ વસ્તીને મળી રહેશે. મંગળવારે જારી કરેલા એક નિવેદનમાં ફાઇઝરે જણાવ્યું હતું કે, તે વાઇરસ વિરોધી દવા માટે જીનિવા સ્થિત 'મેડિસિન્સ પેટન્ટ પૂલ'ને લાયસન્સ આપશે જે જેનેરિક ઔષધિ નિર્માતા કંપનીઓને દવાનું ઉત્પાદન કરવા આપશે. આનાથી વિશ્વના ૯૫ દેશોમાં આ દવાનો ઉપયોગથશે જ્યાં ૫૩ ટકા લોકો વસે છે.

દવા નિર્માતા કંપની તરફથી કહેવાયું છે કે, જો આ દવા ટ્રાયલ અને નિયામક ખાતરીમાં ખરી ઉતરે તો અત્યંત ઓછી કિંમતે ઉપલબ્ધ બની શકશે. આ કરારમાં કેટલાક મોટા દેશોને સામેલ કરાયા નથી જ્યાં કોરોના વાયરસ જનિત મહામારીની અત્યંત ખરાબ અસર પડી છે. ઉદાહરણ તરીકે બ્રાઝિલની કોઇ કંપનીને અન્ય દેશોમાં નિકાસ માટે દવાના ઉત્પાદનનું લાયસન્સ મળી શકે છે. જોકે, બ્રાઝિલમાં ઉપયોગ માટે આ દવાને જેનેરિક રીતે તૈયાર કરવામાં આવશે નહીં. મેડીસીન્સ પેટન્ટ પૂલના નિર્દેશક ચાર્લ્સ ગોરે જણાવ્યું કે, આ લાયસન્સ મહત્વપૂર્ણ છે કારણ કે, મંજૂરી મળ્યા બાદઆ દવા વિશેષ રીતે ગરીબ અને મધ્યમ આવકવાળા દેશો માટે ઘણી મદદગાર સાબિત થશે અને જીવન બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે. આ દવા રિટોનાવીર ટેબલેટ સાથે લેવી જોઇએ. રિટોનાવીર ટેબલેટ પાસે ઘણા વર્ષોથી લાયસન્સ છે. ફાઇઝરે જણાવ્યું છે કે, ટ્રાયલમાં અંતિમ આંકડામાં જણાવાયું છે કે, આ ગોળી કોવિડ-૧૯ના સંક્રમણને પગલે હોસ્પિટલમાં દાખલ થવા અથવા મૃત્યુના જોખમ સુધી પહોંચવાથી ત્રણ દિવસ પહેલાં જ લેવાય તો ૮૯ ટકા સુધી અસરકારક સાબિત થઇ શકે છે. એટલે સંક્રમણ પહેલાં સંકેત અથવા કોવિડ-૧૯ના સંપર્કમાં આવતા તરત આ ગોળી લેવામાં આવે તો ગંભીરબીમારીથી બચવામાં મદદરૂપ સાબિત થઇ શકે છે જેનાથી હોસ્પિટલમાં દાખલ થવું પડશે નહીં અને મૃત્યુનું જોખમ નહીંવત બનશે. જીનિવા ખાતેની એમપીપી એક સંયુક્ત રાષ્ટ્ર સમર્થિત આંતરરાષ્ટ્રીય સંગઠન છે જે ગરીબ તથા મધ્યમ આવકવાળા દેશો માટે દવાઓના વિકાસને સુવિધાજનક બનાવવા માટે કામ કરે છે.

રાકેશ ઝુનઝુનવાલાને એરલાઇનનો બોઇંગ ૭૩૭ માટે ૯ અબજ ડોલરનો ઓર્ડર

(એજન્સી) દુબઇ, તા.૧૬

અકાસા એરએ મંગળવારે ૭૨ બોઇંગ ૭૩૭ મેક્સ જેટ માટે ઓર્ડર આપ્યો જેની કિંમત લગભગ ૯ અબજ છે. એક એવો સોદો જે યુએસ પ્લેનમેકરને વિશ્વના સૌથી આશાસ્પદ બજારોમાંના એકમાં ખોવાયેલા ગ્રાઉન્ડ પાછા મેળવવામાં મદદ કરી શકે. અબજોપતિ રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલા-સમર્થિત એરલાઇન દ્વારા આ આદેશ એર સેફ્ટી રેગ્યુલેટરે દેશની એરલાઇન્સને મેક્સ જેટ ઉડાડવાની મંજૂરી આપ્યાના મહિનાઓ પછી આવ્યો છે, પાંચ મહિનામાં બે જીવલેણ અકસ્માતમાં ૩૪૬ લોકો માર્યા ગયા બાદ તેના લગભગ અઢી વર્ષના નિયમનકારી ગ્રાઉન્ડિંગનો અંત આવ્યો હતો. શ્રી ઝુનઝુનવાલાએ ભારતના વોરેન બફેટ તરીકે ઓળખાતા દેશની સૌથી મોટી કેરિયર ઈન્ડિગોના ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ્સ અને જેટ એરવેઝ સાથે સ્થાનિક હવાઇ મુસાફરીની માંગને ટેપ કરવા માટે જોડાણ કર્યું છે, જે પૂર્વ રોગચાળાના સ્તરની નજીક છે કારણ કે, આ વર્ષની શરૂઆતમાં વિનાશક સ્થિતિ ફાટી નીકળ્યા બાદ દેશ પુનઃ સક્રિય થઇ રહ્યો છે. ઓછી કિંમતની એરલાઇનને ઓક્ટોબરમાં કામગીરી શરૂ કરવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય તરફથી પ્રારંભિક મંજૂરી મળી હતી અને તે આવતા વર્ષે ઉડાન શરૂ કરે તેવી અપેક્ષા છે. અમે પહેલેથી જ હવાઇ મુસાફરીમાં મજબૂત પુનઃ પ્રાપ્તિના સાક્ષી છીએ અને અમે અમારી આગળ દાયકાઓની વૃદ્ધિ જોઇ રહ્યા છીએ, અકાસા એરના ચીફ એક્ઝિક્યુટિવ વિનય દુબેએ દુબઇ એર શૉમાં જણાવ્યું હતું જ્યાં ઓર્ડરની જાહેરાત કરવામાં આવી હતી. અકાસા એર દ્વારા ઓર્ડરમાં બે વેરિઅન્ટ્સનો સમાવેશ થાય છે ૭૩૭-૮ અને ઉચ્ચ-ક્ષમતા ૭૩૭-૮-૨૦૦ નો સમાવેશ થતો હોવાનું કંપનીઓએ જણાવ્યું. રોઇટર્સે સપ્ટેમ્બરમાં અહેવાલ આપ્યો હતો કે, બોઇંગ ૭૦થી ૧૦૦ ૭૩૭ મેક્સ જેટ અકાસાથી કેટલાક જેટનો ઓર્ડર જીતવાની નજીક છે, પરંતુ લાંબા ગાળાની એન્જિન સેવા સોદા પર વાટાઘાટો બાકી હોવાનું જણાવે છે. બોઇંગ ભારતના ૫૧ વિમાનોના વાઇડ-બોડી માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે પરંતુ ભાડા યુદ્ધ અને ઊંચા ખર્ચના કારણે ૨૦૧૨માં કિંગફિશર એરલાઇન્સ અને ૨૦૧૯માં જેટ એરવેઝ સહિત સંપૂર્ણ સેવા કેરિયર્સમાં જાનહાનિ થઇ છે, જે ઓછી કિંમતના કેરિયર્સ અને એરબસને વધુ અસર કરે છે. કન્સલ્ટન્સી સીએપીએ ઇન્ડિયાના ડેટા દર્શાવે છે કે, હાલમાં સ્પાઇસજેટ દેશમાં મેક્સ વિમાનો માટે એકમાત્ર ગ્રાહક છે.

સ્વયં નૈતિક રક્ષકો : મુસ્લિમ વિદ્યાર્થી અને તેની સ્ત્રી મિત્ર પર હુમલો; ૬ની ધરપકડ

(એજન્સી) દક્ષિણ કન્નડ, તા.૧૬

દક્ષિણ કન્નડ જિલ્લા પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, અહીંના સૂરથકલ શહેરમાં નૈતિક પોલીસિંગ કેસના સંબંધમાં છ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. સુરથકલ પોલીસે જણાવ્યું કે, આ ઘટના સોમવારે મોડી રાત્રે બની હતી. ધરપકડ કરાયેલા લોકોની ઓળખ પ્રહલાદ, પ્રશાંત, ગુરૂપ્રસાદ, પ્રતિશ, ભરત અને સુકેશ તરીકે થઈ છે. મુક્કા શ્રીનિવાસ કોલેજના બીએસસીના વિદ્યાર્થી મોહમ્મદ યાસીન અને તેની સહાધ્યાયી, જે અન્ય ધર્મની યુવતી છે તેઓ બંને પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, યાસીન રાત્રે ૧૦ વાગે આ યુવતીને બાઇક પર લઇને તેના એપાર્ટમેન્ટમાં છોડવા જઈ રહ્યો હતો ત્યારે આ આરોપીઓ, જેમણે તેમને એપાર્ટમેન્ટની નજીક જોયા હતા, તેઓએ તેમને રોક્યા અને યુવકના નામ વિશે પૂછપરછ કરીને યુવતીને છોડી દેવાનું કહીને તેના પર હુમલો કર્યો હતો. યાસીન પર હુમલો કરતી વખતે તેઓએ યુવતીને ધમકી પણ આપી હતી અને તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. બાદમાં આ પીડિતાએ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યપ્રધાન બસવરાજ બોમાઇએ દક્ષિણ કન્નડમાં નૈતિક પોલીસિંગના વધતા જતા કિસ્સાઓ પરના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, આ માટે જવાબદારી બંને પક્ષોની છે અને જ્યારે ભાવનાઓને ઠેસ પહોંચશે ત્યારે કાર્યવાહી અને પ્રતિક્રિયાઓ થશે. તેમના આ નિવેદનની નિંદા કરવામાં આવી હતી અને વિવિધ સંસ્થાઓ અને વિચારકોએ કહ્યું હતું કે, બોમાઇની આવી ટિપ્પણીઓ સ્વયં બની બેઠેલા નૈતિક પોલીસમાં સામેલ લોકોને વધુ પ્રોત્સાહિત કરશે.

National Scholarship Portalની વેબસાઇટ : www.scholarships.gov.in પર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની ONLINE અરજી માટે (Date Extend) કર્યાની જાહેરાત

ધાર્મિક લઘુમતી કોમના વિદ્યાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા (FRESH) વિદ્યાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જૂના (RENEWAL) વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૧-૨૨માં ઉપરોક્ત ''પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના'', ''પોસ્ટ-મૅટ્રિક શિષ્યવૃત્તિ યોજના'' તેમજ ''મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના'' માટેની શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધિન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ વિદ્યાર્થીઓએ ONLINE રજૂ કરવાની હોય www.scholarships.gov.in વેબસાઈટ પર જઈ અરજી કરવાની રહેશે. જૂના (RENEWAL) વિદ્યાર્થીઓ પોતાની ગત વર્ષની અરજીનો IDનો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજૂર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૨૧-૨૨માં નવા (FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે.

વર્ષ ૨૦૨૧-૨૨માં NSP પોર્ટલ પર ફ્રેશ/રિન્યુઅલ ફોર્મ ભરતી વખતે ફોર્મમાં આપેલ લાભાર્થી/વિદ્યાર્થીના નામ, લિંગ અને જન્મ તારીખ આધારકાર્ડમાં દર્શાવ્યા મુજબ પ્રમાણિકરણ (Aadhaar Authentication)ની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જેથી તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીનું નામ, લિંગ અને જન્મ તારીખ ફરજિયાત આધારકાર્ડ મુજબ લખવાનું રહેશે.

યોજનાનું નામ	વિદ્યાર્થીઓએ નવી (FRESH)/જૂની(RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ	શાળા/કોલેજ/સંસ્થાઓએ નવી (FRESH)/જૂની(RENEWAL) અરજીઓ અને Defect થયેલી અરજીઓને ONLINE Verification કરવાની છેલ્લી તારીખ
પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના	૩૦/૧૧/૨૦૨૧	૧૫/૧૨/૨૦૨૧
પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના	૩૦/૧૧/૨૦૨૧	૧૫/૧૨/૨૦૨૧
મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના	૩૦/૧૧/૨૦૨૧	૧૫/૧૨/૨૦૨૧

શાળા/કોલેજ/સંસ્થાઓએ કરવાની પ્રક્રિયા :-

નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં વિદ્યાર્થીઓ દ્વારા અરજી કર્યા બાદ શાળા/કોલેજ/ સંસ્થાઓએ કરવાની થતી Verificationની પ્રક્રિયા માટે Aadhaar based demographic authentication જરૂરી છે. શાળા/કોલેજ/સંસ્થાઓને Aadhaar based demographic authentication કરી પોતાની Profile Update કરવી ફરજિયાત છે. પરંતુ ઘણી શાળા/કોલેજ/સંસ્થાઓએ હજી સુધી Aadhaar based demographic authentication કરેલ નથી. તેથી નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં વિદ્યાર્થીઓ દ્વારા અરજી કર્યા બાદ પણ તે વિદ્યાર્થીઓની અરજીનું Verification થઈ શકતું નથી. જેથી પોર્ટલમાં આ અરજીઓ Institute Levelએ Pending બતાવે છે. શાળા/કોલેજ/સંસ્થાઓના Loginમાં આવેલ Final Submit થયેલી અરજીઓની શાળા/કોલેજ/સંસ્થાઓએ Verification કરવાની પ્રક્રિયા પ્રિ-મેટ્રિક તેમજ પોસ્ટ મેટ્રિક અને મેરીટ કમ મીન્સ માટે તા.૧૫-૧૨-૨૦૨૧ સુધીમાં એકપણ અરજી Pending ન રહે તેમ પૂરી કરવાની રહેશે. તેમજ Institute Nodal Officer દ્વારા અંતિમ તારીખ પહેલા જો કોઈ વિદ્યાર્થીઓની અરજીઓ ઓનલાઈન Verify કરવાની બાકી રહી જશે અને જો તેવા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે. તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાઓના Institute Nodal Officer અને આચાર્યશ્રીની રહેશે.

નેશનલ સ્કોલરશીપ પોર્ટલમાં શાળા/કોલેજ/સંસ્થાઓને ઉપરોક્ત ''પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના'', ''પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના'' તેમજ ''મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના''ના ઉદ્‌ભવતા પ્રશ્નો માટે આપેલ કચેરીના ફોન નં.૦૭૯-૨૩૨-૫૩૨૬૫ અને E-mail ID : ddew-minority@gujarat.gov.in પર સંપર્ક કરવાનો રહેશે.

ONLINE અરજીમાં UPLOAD કરવાના થતા આધારા-પુરાવા :-

- ગુજરાત રાજ્યના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટિફિકેટ/રેશનકાર્ડ/લાઈટબિલ)
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો/સ્વપ્રમાણિત નકલ (ફરજિયાત) (ઉપરોક્ત WEBSITE નં.૨માં આપેલ નમૂના પ્રમાણે)
- નવા (FRESH) અને જૂના (RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ (ફરજિયાત)
- વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફીની પહોંચની ખરી નકલ (ફરજિયાત)
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (ફરજિયાત)
- વિદ્યાર્થીની બેંક પાસબૂકની નકલ (ફરજિયાત)
- આધારકાર્ડ/Enrolment ID (ફરજિયાત) (Mandatory)
- શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા મેળવેલ Bonafide Certificate

બી.પી.ચૌહાણ
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૫૧૭/૨૧-૨૨

સાબરકાંઠા જિલ્લાના સ્નેહમિલન સંમેલનમાં કોંગ્રેસ આગેવાનોના પ્રહારો

ભાજપ સરકાર ડ્રગ્સની હેરાફેરીના છીંડા બંધ કરાવી શકતી નથી ને ઈંડાં બંધ કરાવે છે

ગુજરાતની ૨૦૨૨ની ચૂંટણીથી ભાજપ સરકારના પતનની શરૂઆત થશે

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જન-જાગરણ અભિયાન અને સ્નેહમિલન સંમેલન યોજાઈ રહ્યા છે. તે અંતર્ગત આજરોજ ગુજરાત પ્રદેશ પ્રભારી ડો.રઘુ શર્માના અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા જિલ્લામાં ગઢડા ગામે તથા હિંમતનગર ખાતે કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ઉપસ્થિત આગેવાનોએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ખાસ કરીને વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ ઈંડા અને નોનવેજ બંધ કરાવવાના મુદ્દે સરકાર પર પ્રહાર કરતા ગુજરાતના દરિયા કિનારે ડ્રગ્સના છિંડા બંધ કરાવવાના બદલે સરકાર ઈંડા બંધ કરાવી પ્રજાનું ધ્યાન બીજે ભટકાવવાનું કામ કરી રહી છે તેમ જણાવ્યું હતું.

હિંમતનગરના ગાંધી હોલ ખાતે રાજસ્થાનનાં સ્વાસ્થ્ય મંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી ડો. રઘુ શર્માનાં અધ્યક્ષ સ્થાને જનજાગરણ અભિયાન અને સ્નેહ મિલન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન જિલ્લા પ્રમુખ કમલેશ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું ત્યારબાદ પ્રદેશ કોંગ્રેસ સમિતિના

(તસવીર : એફ.કે. મનસુરી હિંમતનગર)

કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે ગુજરાતની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ભાજપનાં રાજમાં ભય ભૂખ અને ભ્રષ્ટાચાર સિવાય બીજો કોઇ વિકાસ થયો નથી. મધુસૂદન મિસ્ત્રીએ દરેક કાર્યકરોએ તન મન ધનથી મહેનત કરી મતદારો સુધી પહોંચવા હાકલ કરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપનાં રાજમાં મોંઘવારીએ માઝા મુકી છે. ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. તેલ, ગેસ, શાકભાજી ખાણી પીણીની વસ્તુઓનાં ભાવ આસમાને છે. ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે.

૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં જો કોંગ્રેસની સરકાર બનશે તો પ્રથમ કેબિનેટની મિટીંગમાં કોરોનાકાળમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારોને રૂપિયા ચાર લાખનું વળતર મળે તેવું બીલ પાસ કરી સહાય ચૂકવવામાં આવશે.

ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે એક સમયે ભાજપ શાસિત પંજાબ રાજ્ય ઉડતા પંજાબ તરીકે વખણાતું હતું. આજે ગુજરાતમાં ડ્રગ માફિયાઓ ગુજરાતના બંદરગાહો પર હજારો કિલો ડ્રગની હેરાફેરી કરી રહ્યા છે. ૧૬૦૦ કિલો મીટરનાં ગુજરાતના દરિયા કિનારે ડ્રગ્સનાં છીન્ડા બંધ કરાવવાને બદલે સરકાર ઈંડા બંધ કરાવી રહી છે અને પ્રજાનું ધ્યાન ડ્રગનાં બદલે બીજે ભડકાવવાનું કરી રહી છે.

સમારંભનાં અધ્યક્ષ ડૉ.રઘુ શર્માએ જણાવ્યું હતું કે કેન્દ્રની સરકાર ૨૦૧૪માં બહોત હુઇ મહેંગાઈ કી મારનાં નારા સાથે આવી હતી. શું છેલ્લા સાત વરસમાં મોંઘવારી ઓછી થઈ યુવાનોને દર વરસે બે લાખ નોકરી આપવાની વાતો કરી હતી શું યુવાનોને નોકરી રોજગાર મળ્યાં ?

ભાજપના શાસનમાં લૂંટ, અપહરણ, બળાત્કાર, આતંકવાદ, જૂથવાદ, કોમવાદમાં અસંખ્ય વધારો થયો છે ત્યારે આ સરકાર સદંતર નિષ્ફળ ગયેલ છે. ભાજપનું પતન ૨૦૨૨ની ગુજરાતની ચૂંટણીથી થશે તેવી આશા વ્યક્ત કરી હતી. સ્નેહ મિલન સંમેલન આ કાર્યક્રમમાં જીતેન્દ્ર બઘેલ, હાર્દિક પટેલ, ગોવાભાઈ રબારી, જીલ્લા પ્રમુખ કમલેશ પટેલ, પાટણ પ્રભારી ગજેન્દ્ર સિંહ રેહવર, પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મણિભાઈ પટેલ, બાબુજી ઠાકોર, રામભાઈ સોલંકી, રાજેન્દ્ર સિંહ કુંપવત, ખાદીમ લાલપુરી, રતનબેન સુતરીયા, જિલ્લા મહિલા પ્રમુખ જ્યોતી બેન દવે, લાલસિંહ પરમાર, ઉપપ્રમુખ સાજીદ રેવાસિયા, પ્રિયવદન પટેલ, બલવંત સિંહ દેવડા, મહેન્દ્ર સિંહ બારૈયા, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત નગર પાલિકાનાં તમામ તાલુકા શહેર કોંગ્રેસનાં પ્રમુખો મીડિયા કન્વીનર યુસુફભાઇ બચ્ચા તથા કોંગ્રેસનાં હોદ્દેદારો અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૨૨ નવેમ્બરથી ઓનલાઈન ફોર્મ ભરાશે

- વિદ્યાર્થીઓ ૨૧ ડિસેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા
- ધોરણ-૧૦ બાદ ધોરણ-૧૨ના ફોર્મ ભરવા અંગે સત્તાવાર જાહેરાત કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૨માં લેવાનારી ધોરણ-૧૦ની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી હોવાનું સામે આવ્યું છે. બોર્ડ દ્વારા દિવાળી વેકેશન પૂર્ણ થયાના બીજા જ દિવસ એટલે કે ૨૨ નવેમ્બરથી ધોરણ-૧૦ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ૨૧ ડિસેમ્બર સુધી ફી ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ધોરણ-૧૦ના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થયા બાદ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કામગીરી પણ શરૂ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચમાં લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને દિવાળી વેકેશનમાં કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ૯ નવેમ્બરથી સ્કૂલ રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવ્યા બાદ ૧૦ નવેમ્બરથી શિક્ષકોના રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ પર લીધી હતી. આ કાર્યવાહી શરૂ કરાયા બાદ પરીક્ષા માટેના વિદ્યાર્થીઓના ફોર્મ દિવાળી વેકેશન બાદ ભરાવવામાં આવશે તેવી પણ જાહેરાત કરી હતી.

દરમિયાન શિક્ષણ બોર્ડ દ્વારા હવે ધોરણ-૧૦ના ફોર્મ ભરાવવાની કાર્યવાહી અંગેની સત્તાવાર જાહેરાત કરી છે. જે મુજબ ધોરણ-૧૦ની પરીક્ષા માટેના ફોર્મ ૨૨ નવેમ્બરના રોજથી ભરાવવામાં આવશે. રાજ્યમાં ૨૧ નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે અને ૨૨ નવેમ્બરથી સ્કૂલોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે ત્યારે બીજા સત્રના પ્રારંભ સાથે જ ધોરણ-૧૦ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરાવવાની કામગીરી શરૂ કરાશે. આ કામગીરી એક માસ જેટલો સમય ચાલશે. વિદ્યાર્થીઓ ૨૧ ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરી શકશે.

ધોરણ-૧૦ના ફોર્મ ભરાવવાની કાર્યવાહી બાદ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરાવવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવે તેમ હાલના તબક્કે લાગી રહ્યું છે. જો કે, બોર્ડ દ્વારા હાલમાં તો માત્ર ધોરણ-૧૦ના ફોર્મ ભરવાની સત્તાવાર તારીખ જાહેર કરી છે. પરંતુ આગામી દિવસોમાં અન્ય ધોરણના ફોર્મ માટેની સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટે રૂા.૩૫૫ ફી ભરવી પડશે

શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે પરીક્ષા ફીમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૦માં રેગ્યુલર વિદ્યાર્થીઓની ફી રૂા. ૩૫૫ રાખવામાં આવી છે. જ્યારે નિયમિત રિપીટરની એક વિષયની ફી રૂા. ૧૩૦, બે વિષયની રૂા. ૧૮૫, ત્રણ વિષયની રૂા. ૨૪૦ અને ત્રણ કરતા વધુ વિષયની રૂા. ૩૪૫ ફી છે. ખાનગી રિપીટર વિદ્યાર્થીઓની પણ ત્રણ વિષય કરતા વધુની ફી રૂા. ૩૪૫ રાખવામાં આવી છે. સરકાર દ્વારા વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

ધોરણ-૧૨ની પરીક્ષા માટેની ફી પણ નક્કી કરાઈ

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ સાથે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ફી પણ નક્કી કરી છે. જેમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થીઓ માટેની ફી રૂા. ૪૯૦ રાખવામાં આવી છે. જ્યારે નિયમિત રિપીટરની એક વિષયની ફી રૂા. ૧૪૦, બે વિષયની રૂા. ૨૨૦, ત્રણ વિષયની રૂા. ૨૮૫ અને ત્રણ કરતા વધુ વિષયની રૂા. ૪૯૦ ફી રહેશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં નિયમિત વિદ્યાર્થીઓની રૂા. ૬૦૫ ફી રહેશે. જ્યારે નિયમિત રિપીટરની એક વિષયની રૂા. ૧૮૦, બે વિષયની રૂા. ૩૦૦, ત્રણ વિષયની રૂા. ૪૨૦ અને ત્રણ કરતા વધુ વિષયની રૂા. ૬૦૫ ફી રાખવામાં આવી છે.

હાઈટેક ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ અમદાવાદના બે યુવકો પકડાયા

- ડાર્ક વેબના માધ્યમથી ઈન્ટરનેશનલ ડ્રગ્સ ડીલરોનો સંપર્ક કરી, હવાલા સિસ્ટમથી ક્રિપ્ટો કરન્સી મારફતે પેમેન્ટ કરી એર કુરિયર મારફતે ડ્રગ્સ લાવ્યા હતા
- યુવકો પાસેથી અમેરિકન હાઈબ્રિડ ગાંજો, અમેરિકન ચરસ, લોકલ ચરસ, મેઝિક મશરૂમ તથા શટર જેવા ડ્રગ્સ પકડાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ ગ્રામ્ય પોલીસે હાઈટેક ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. અમદાવાદના બે યુવકોએ ડાર્ક વેબના માધ્યમથી અમેરીકાના ઈન્ટરનેશનલ ડ્રગ્સ ડીલરોનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ હવાલા સિસ્ટમથી ક્રિપ્ટો કરન્સી મારફતે પેમેન્ટ કરી બાય કાર્ગો એર કુરીયર મારફતે પ્રતિબંધિત નશાકારક પદાર્થો મંગાવી સમગ્ર રાજ્યમાં ગેરકાયેદસર વેપાર કરતા હોઈ તેમને પકડી પાડ્યા છે. તેમની પાસેથી અમેરિકન હાઈબ્રિડ ગાંજો, અમેરિકન ચરસ, લોકલ ચરસ, મેઝિક મશરૂમ તથા શેટર જેવા ડ્રગ્સ પકડાયા છે. પોલીસે તેમની પાસેથી રૂા. ૩.૫૨ લાખનો ૧.૨૯૯ કિ.ગ્રા. ડ્રગ્સનો જથ્થો પકડ્યો

પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લામાં નશીલા પદાર્થની હેરાફેરી અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે એસઓજી, એલસીબી તથા તમામ પોલીસ મથકના અધિકારીઓને ખાસ એક્શન પ્લાન બનાવી અસરકારક કામગીરી માટે માર્ગદર્શન આપ્યું હતું. જેના પગલે અમદાવાદ ગ્રામ્ય એસઓજી દ્વારા જુદીજુદી ટીમો બનાવી ખાસ એક્શન પ્લાન અંતર્ગત કામગીરી શરૂ કરી હતી.

દરમિયાન એસઓજીની ટીમને બાતમી મળી હતી કે, બોપલ પોલીસ મથક વિસ્તારમાં વંદિત પટેલ (રહે. સેટેલાઈટ) તથા પાર્થ શર્મા (રહે. વેજલપુર) પોતાની કારમાં નશાકારક માદક પદાર્થનો જથ્થો સાથે રાખી વેચાણ કરવા માટે બોપલ કબીર એક્લેવ ચોકડી તરફથી ઈસ્કોન ફ્લોરા ચોકડી થઈ ઘુમા ચોકડી તરફ રાતના એક વાગ્યાથી પાંચ વાગ્યા દરમિયાન જવાના છે. જેથી એલસીબીના પીઆઈ એચ.બી. ગોહીલની

આગેવાનીમાં એસઓજી શાખાની અલગ અલગ ટીમો બનાવી રેઈડનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરમિયાન ટીમને ટીમે બાતમીના આધારે બે શખ્સોને પ્રતિબંધિત ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા હતા. પકડાયેલા શખ્સોમાં વંદિત પટેલ (ઉ.વ.૨૭) અને પાર્થ શર્મા (ઉ.વ.૩૨)નો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓ પાસેથી નશાકારક પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં હાઈબ્રિડ ગાંજો ૩૦૦ ગ્રામ કિ.રૂા. ૩ હજાર, અમેરિકન ચરસ ૫૦૧ ગ્રામ કિ.રૂા. ૭૫૧૫૦, ચરસના લાડુ ૨૨૧ ગ્રામ કિ.રૂા. ૩૩૧૫૦, સાયકોટ્રોપીક સબસ્ટેન્સ ધરાવતું મેજિક મશરૂમ ૨૨૪ ગ્રામ કિ.રૂા. ૧.૧૨ લાખ, નશાકારક પદાર્થ શેટર ૪૩ ગ્રામ કિ.રૂા. ૧.૨૯ લાખ મળી આવ્યું હતું. આમ, કુલ ૧ .૨૯૯ કિ.ગ્રા. નશાકારક પદાર્થ કિ.રૂા. ૩.૫૨ લાખ તથા રોકડા રૂા. ૧૫,૩૫૦, ચાર મોબાઈલ ફોન રૂા. ૧૧ હજાર, લેપટોપ, વજન કાંટો સહિત કુલ રૂા. ૮.૮૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરતા પ્રાથમિક રીતે જાણવા મળ્યું હતું કે, વંદિત પોતે એજ્યુકેટેડ અને ઈન્ટરનેટ, ડાર્ક વેબ, ઈન્ટરનેશનલ ડ્રગ્સ ચેઈન, ક્રીપ્ટોકરન્સી જેવી બાબતોનો સારો જાણકાર હોવાથી ડાર્ક વેબ મારફતે ઈન્ટરનેશન ડ્રગ્સ ડીલરોનો ઓનલાઈન સંપર્ક કરી હવાલા સિસ્ટમ મારફતે વિદેશોમાં ક્રીપ્ટોકરન્સીથી ડ્રગ્સની સપ્લાય મંગાવી સમગ્ર ગુજરાતમાં ડ્રગ્સનો ગેરકાયેદસર વેપાર કરતો હોવાનું સામે આવ્યું હતું. વધુમાં પકડાયેલા લોકલ ચરસ તેઓ હિમાચલ પ્રદેશ ખાતેથી લાવ્યા હોવાની પણ કબુલાત કરી હતી.

પકડાયેલા બંને શખ્સો સાથે નશાકારક ડ્રગ્સના ગેરકાયેદસર વેપાર સાથે સંકળાયેલા અન્ય શખ્સો હિમાચલ પ્રદેશના કુલુ જિલ્લાના ભુન્તર તાલુકાના રસોલ ગામે રહેતા ગુડુ તથા કેનીલ (રહે. સુરત), નીલ પટેલ (રહે. બોપલ), વિપુલ ગોસ્વામી (રહે. શ્યામલ), જીલ પરાઠે (રહે. થલતેજ), આકિબ સિદ્દીકી (રહે. વાપી)ના નામ પણ ખુલવા પામ્યા છે. હાલમાં પોલીસે પકડાયેલા બંને શખ્સોની અટક કરી સમગ્ર ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ગાંધીજીના હત્યારા ગોડસેની હિંદુ સેનાએ સ્થાપેલી પ્રતિમા કોંગ્રેસે ભોંય ભેગી કરી

જામનગર શહેર કોંગ્રેસે રાષ્ટ્રદ્રોહની સાથે ધાર્મિક લાગણી દુભાવવાની ફરિયાદ કરી

જામનગર, તા.૧૬

જામનગરમાં ગાંધી અને ગોડસેની માફક કોંગ્રેસ અને હિન્દુ સેના વચ્ચે ગજગ્રાહ ઉભો થયો છે. ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેની પ્રતિમાના મામલે ઊભો થયેલો વિવાદ અટકવાનું નામ લેતો નથી. જામનગરમાં ગઈકાલે જ ગુજરાત હિન્દુ સેના દ્વારા ઊભી કરાયેલી નથુરામ ગોડસેની પ્રતિમાને આજે સવારે કોંગ્રેસ દ્વારા તોડી પાડવામાં આવી હતી. જો કે, હિન્દુ સેના દ્વારા પ્રતિમા સ્થાપનાની જાહેરાત કરાઇ હતી ત્યારે જ કોંગ્રેસે તેનો વિરોધ કરી જો પ્રતિમા ઊભી કરાશે તો તોડી પાડવાની ધમકી આપી હતી. કોંગ્રેસે આજે પ્રતિમા તોડી પાડતા હિન્દુ સેનાએ આ કૃત્ય બદલ પોલીસ ફરિયાદ કરી હતી સામ પક્ષે કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રદ્રોહની સાથે ધાર્મિક લાગણી દુભાવવા અંગેની ફરિયાદ કરવામાં આવી હતી.

જામનગરમાં હિન્દુ સેના દ્વારા નથુરામ ગોડસેની પુણ્યતિથિ નિમિત્તે નથુરામ ગોડસેની પ્રતિમા સ્થાપિત કરવા આયોજન કર્યું હતું. તંત્ર પાસે પ્રતિમા માટે જગ્યાની માંગણી પણ કરેલ હતી પરંતુ આજ દિવસ સુધી કોઈ જગ્યા ન ફાળવાતા અને લેખિતમાં કોઈ જવાબ ન મળતાં ગુજરાત હિન્દુ સેનાએ સોમવારે ગોડસેની પ્રતિમા કાલાવડ નાકા બહાર આવેલ દુધિયા હનુમાન આશ્રમ વાડી ખાનગી જગ્યામાં ઊભી કરી હતી. આ કાર્યક્રમમાં હિન્દુ સેના ગુજરાત અધ્યક્ષ પ્રતીક ભટ્ટ તેમજ મંદિરના મહંત સંપત બાપુની હાજરીમાં હિન્દુ સેના સૌરાષ્ટ્રના યુવા અધ્યક્ષ મયુર પટેલના માર્ગદર્શનથી શહેરના હિન્દુ સેના પ્રમુખ દીપક પિલ્લાઈ તેમજ દેવ આંબલીયા, ભાવેશ ઠુંમર, મયુર ચંદન, ધીરેન નંદા, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉ પ્રતિમાની સ્થાપનાની જાહેરાત સમયે જ જામનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિગુભા જાડેજાએ પ્રશાસનનું ધ્યાન દોર્યું હતું અને માંગ કરી હતી કે આ લોકો નથુરામ ગોડસેની પ્રતિમાનું સ્થાપન ન કરવા જોઈએ અને જો સ્થાપન કરે તો તેની સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરવો જોઈએ આ પ્રતિમાની યોજનાનો વિરોધ કર્યો હતો અને કાનૂની કાર્યવાહી કરવા તેમજ પ્રતિમા તોડી પાડવાની ચિમકી પણ

ઉચ્ચારી હતી. કોંગ્રેસે અગાઉ કરેલી જાહેરાત મુજબ આજે વહેલી સવારે ખાનગી જગ્યામાં સ્થાપાયેલી નથુરામ ગોડસેની પ્રતિમાને તોડવા માટે શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને કોંગી કોર્પોરેટર ધવલ નંદા અચાનક ધસી ગયા હતા અને પથ્થરો મારી ગોડસેની પ્રતિમાને તોડી પાડી હતી.

આ અંગેની જાણ થતા હિન્દુ સેનાએ પોલીસમાં જાણ કરતાં સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.જે.જલુ અને સ્ટાફ બનાવ સ્થળે દોડી ગયો હતો અને પંચનામું કરી હિન્દુ સેનાના આગેવાનોના નિવેદન નોંધ્યા હતાં. ડી.વાય.એસ.પી જીજ્ઞેશ ચાવડાએ પણ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આજે સાંજે હિન્દુ સેના દ્વારા નથુરામ ગોડસેની પ્રતિમા તોડી પાડી અપમાન અને નુકસાન કરવા અંગે ફરિયાદ નોંધાવામાં આવી છે જયારે સામ પક્ષે દિગુભા જાડેજાએ નથુરામ ગોડસેની પ્રતિમા ઉપર રામનામનો ખેસ મૂકી રાષ્ટ્રદ્રોહની સાથે ધાર્મિક લાગણી દૂભાવવા અંગે પ્રતીક ભટ્ટ અને ભાવેશ હુમ્મર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

શિક્ષક જોઇએ છે

મરકઝે ઇસ્લામી માધ્યમિક શાળા (નોન ગ્રાન્ટેડ), ગોયાબજાર, અંકલેશ્વર. (મુખ્ય વિષય : હિન્દી)
લાયકાત : B.A./ M.A./ B.Ed. (હિન્દી/ગુજરાતી)
રસ ધરાવતા ઉમેદવારો એ દિન-૨ માં આપેલ વોટસએપ નંબર પર અરજી મોકલવી.
વોટસએપ નંબર : 99984 92920
કોન્ટેક નંબર : 95749 52307

સારે આલમ મેં ફૈલા હુવા કાદરી સિલસિલા ઝિંદાબાદ
★ મિલી કાદરીયોં કો અલ્લાહો અકબર - ખુશી ઈદ સી ગ્યારહવી ગૌષે આઝમ ★
૮૦ વાં ઈદે ગૌષિયા કી મુબારક બાદ ખાનકાહે એહલે સુન્નત, જામા મસ્જીદ બિલ્ડીંગ, બળોદા.
ખાનકાહે એહલે સુન્નત બળોદા કી ખિદમાત
With best compliments from on the Auspicious Occasion of Eid-E-Gausiya
યાદગારે સૈયદ અઝીમે મિલ્લત + કાદરી દવાખાનું + બાવામાનપુરા, બળોદા.
યાદગારે સૈયદ અઝીઝે મિલ્લત + ચિશ્તીયા દવાખાનું + નવાચાર્ડ, બસ સ્ટેન્ડ, બળોદા.
યાદગારે મુફ્તી સૈયદ અમીરે મિલ્લત + રિફાઇ દવાખાનું + આર.વી.દેસાઈ રોડ, બળોદા.
★ ચિશ્તીયા ખિદમત કમિટી ★
આસ્તાન-એ-અઝીમે મિલ્લત, મેમણ કોલોની, બળોદા.
હર ઈસ્લામી મહીને કી ૧૨ તારીખ કો બેવા ઔરતોં કો ફીસબીલીલ્લાહ અનાજ વગૈરાહ દીયા જાતા હય
સોશીયલ મિડીયા કી દુનિયા મેં ધુમ મચાને વાલી ખાનકાહે એહલે સુન્નત કી અઝીમી ઓડીયો ચેનલ કો સબસ્કાઈબ કરેં ઔર બેલ આઈકન કો ક્લીક કરેં તા'કિ હમારી અપડેટ વક્ત પર પાએં. YouTube AZIMI AUDIO CHANNEL
પીર અઝીમ રેસીડન્સી
મોહંમદ આરીફ મેમણ Mo. : 9998800875
ટૂંક સમયમાં શરૂ થાય છે. (રો-હાઉસ ટ્રીપ્લેક્ષ)
રીદા પાર્ક, બાદશાહ બાવાની દરગાહ પાસે, હાલોલ
K. GARIB TIN SUPPLY
All kind of H.D.P.E. Grinding / H.D.P.E. Karbos & All Type of H.D.P.E. Scrap.
SALIMBHAI MEMON : 9824408754
Nr. Kata, Virat Estate, NH. No. 8, Nr. Waghodia Chokdi, Vadodara.
Hafsa Juned Memon M. 7801946889 | Mohammed Juned Memon M. 9825088362
MAK Designer Studio
Exclusive Collection of Indian & Karachi Dresses, Stiched Kurties, Plazzo Suits, Designer Tunics, Inaaya Original, Pants & Many More
SHIPPING ALLOVER INDIA AVAILABLE CONTACT FOR ONLINE
G-5, Faeza Complex Opp. Mariyam Complex, Tandalja, Vadodara.
ઓનેરટી હોઝીયરી માર્ટ
બનીયાન, અન્ડરવેર, ટોવેલ, લુંગી, બ્રા, પેન્ટી, સ્લીપ, સોક્સ, હેન્ડી વગેરે
(શુક્રવારે રજા)
ખજુરી મસ્જીદની સામે, લહેરીપુરા, વડોદરા.
Remu Travels
DOMESTIC AIR BOOKING
RAILWAY BOOKING
REHMATULLAH MEMON: 9812278692
18-The Emperor Building, Fatehgunj Main Road, Vadodara.
YASIN M.: 98986 32199, 83207 28530
Optic Lens
Supplier Wholesale Ophthalmic Lenses & Kryptok Lenses
B/h.Jamnabai Hospital, Memon Jamat-Khana Building, Ladwada, Baroda.
Faruk Memon 9898060733 | Atahussain Memon 9904130066
SANJARI Collection
ALL KIND OF READY-MADE GARMENT
D/11, Memon Shopping Centre, Ajwa Road, Vadodara.
ઈદે ગૌષિયા કી મુબારક બાદ
સૈયદના અમીરે મોઆવીયા ફેન્ડ સર્કલ
ખાટકીવાડા, મોગલવાડા, બળોદા.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS